
વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫-૬. ૨૦૬૬



।। श्रीगोकुलेशो जयति ।।

શ્રીગોકુલેશ પાઠશાળા – વિશેષ અંક

શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ – કલ્લોલ ૭



श्रीगोकुलनाथ बड़े महाराज,

तिलक मालकी राखी लाज ।

दिल्लीपतिकौ परचौ दियौ,

भक्त मनोरथ पूरण कियौ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીમાલોદ્ધાર પ્રસંગ

નિવેદન

શ્રીગોકુલ કેરો રાય, શ્રીવ્રજમાં કરે વિહાર;
નિજ-જનના વરણના કારણ, લિધો ભૂતલ પ્રાગટ્ય ઉપહાર. ૧
જે શોભા શ્રીમુખ માધુરી ઝલકે, જે મુખ કમલ શ્રીતિલક બિરાજે;
ઉર પ્રદેશ સુંદર સુખ રાજે, ત્યાં બિરાજે શ્રીમાલા સુખ કાજે. ૨
શ્રીમાલા-તિલકની શોભા, નિત્ય છે દિન રાત;
ઉર-લલાટ નિત્ય બિરાજે, સંગે અખિલ ભુવનના નાથ. ૩

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક વૈષ્ણવોને જૈ જૈ શ્રીગોકુલેશ.

આજના આ અતિ શુભ-પાવનકારી ઉત્સવની આપણે સૌને અનેકાનેક વધાઇ. આપણે આજે જે પ્રસંગ માણવાના છીએ, તે આપણા સંપ્રદાય માટે એક અવિસ્મર્ણિય પ્રસંગ છે. કેવળ આપણા શ્રીચતુર્થપીઠનાજ નહિં, પરંતુ સમગ્ર પુષ્ટિમાર્ગનું જેણે રક્ષણ કર્યું છે, એવા આપણા પ્રાણપ્યારા સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણનો આ અઘાધ પરિશ્રમનું પરિણામ આપણે આ પ્રસંગમાં માણીશું. આજના આ શુભ દિવસે આપણે ગોપાલદાસભાઇ વ્યારાવાળા પ્રકટિત શ્રીમાલા-તિલકનો ઉદ્ધાર પ્રસંગ આપણે અત્રે માણીશું. શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણ સર્વજ્ઞ છે, આપશ્રી સર્વકાંઇ જાણે છે, અને સર્વ કરવામાં સમર્થ છે. છતાં આપશ્રીએ કોઇપણ એવા ચમત્કારો પ્રકટ ન કરતાં, સન્માર્ગીય ભક્તસમાજને ધીરજ પ્રદાન કરી અને અનન્યમાર્ગમાં અડગ રાખી જે આજની તુચ્છ ભાષામાં આપણે કહીએ તો ગાંધી ગીરી ધ્વારા આ માર્ગનું રક્ષણ કર્યું છે.

આપશ્રી એ શાસ્ત્રને પોતાનું શસ્ત્ર બનાવ્યું છે, તેથી કેવળ શ્રીમાલા-તિલકજ નહિં, પરંતુ સનાતન શાસ્ત્રને પણ જીવંત કરી દીધું છે. શાસ્ત્રોના અનેક પ્રમાણો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું કે સાચો માર્ગ કયો. અન્ય વૈષ્ણવમાર્ગીયોએ તો ડરના મારે પોતાનું ધર્મ છોડી દીધું, પરંતું આપશ્રી સાચા પથદર્શક છો, પ્રભો છો, તેથી અસત્ય સામે કેવી રીતે નમી જાય? સત્યનો માર્ગ પકડી અસત્યને ઠોકર મારી છે. ગોપાલદાસભાઇ વ્યારાવાળા આ પ્રસંગને આબેહુબ વર્ણન પ્રકટ કરે છે, જેનું આપણે આંશિક નિદર્શન કરવાની કૃપા પ્રાપ્ત થઇ છે. આ પ્રસંગને પૂરા ત્રણ કલ્લોલમાં પ્રકટ કર્યો છે જે ૭,૮,૯ પ્રમાણે છે. પણ અમારી આલસ્યને કારણે અત્રે કેવળ અમે પ્રથમ એટલે કે માલોદ્ધાર પ્રસંગનો ૭મો કલ્લોલ પ્રકટ કરી રહ્યાં છીએ. પછી ક્રમશ, અમે અમારી સમયાનુસાર પ્રકટ કરીશું. અમને તે બદલ ક્ષમા કરશો.

આ સાતમાં કલ્લોલમાં આપણે ૨૬ તરંગોમાં આ પ્રસંગને અત્રે ગદ્યાત્મક સ્વરૂપે પ્રકટ કરેલ છે. તેમાં એક એક તરંગમાં શું આવે છે, તેનો આપણે સારાંશમાં પરિચય પ્રાપ્ત કરીએ. પ્રથમ તરંગમાં ચિદ્રુપ નામના સંન્યાસીનો ક્રમશઃ વામમાર્ગ દ્વારા વિકાસ અને તેની દુષ્ટતા, મ્લેચ્છ સમ્રાટ જહાંગીર સાથે તેનો સંસર્ગ, સમ્રાટનું વશીકરણ અને તે દ્વારા અનેક વૈષ્ણવોનું દુષ્ટ વચન દ્વારા પાપ આચરણ.

દ્વિતીય તરંગમાં તે પાપી સંન્યાસી (યતિ)એ વૈષ્ણવ ધર્મનો વ્યાપક નિરાદર કર્યું, તેમાં આ યતિનું દેવાભાઇ સાથે સંવાદ, મહંમદ તકીનો દેવાભાઇ સાથે સંવાદ, દેવાભાઇને હાથી નીચે ચગદવાનો પ્રયાસ, તેમાં તે દેવાભાઇનો જય, તે દ્વારા મહંમદ તકીનું ભયભીત થવું અને દેવાભાઇ તરફ આદર, સાથેજ યતિનું ત્રિકમભટ્ટ તરફ દ્રોહ, વૈષ્ણવ સદ્ધર્મના ખંડનની પ્રતિજ્ઞા.

ત્રીજા તરંગમાં દુર્ગાદાસના નોકરે સંન્યાસીને જૂતાં મારવા માંડ્યાં, તેમાંથી ત્રિકમભટ્ટે તેને બચાવ્યો તે પ્રસંગ, પછી આગ્રામાં જહાંગીર સાથે આપણા પ્રાણ-પ્યારા સર્વદા સેવ્ય શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણને મળવું, તે બન્નેનો સંવાદ, પછી જહાંગીરનું કાશ્મીર પ્રતિ પ્રયાણ અને અસુરનો દુષ્ટ વિચાર.

ચોથા તરંગમાં સંન્યાસીનું વાદા ગામમાં જવું, શ્રીગોકુલેશ પ્રભુનું મળવું, તેમની વાતચીત થવી, પછી સંન્યાસીનું મથુરા જવું, પ્રાણેશ શ્રીગોકુલેશ પ્રભુનું પાછું શ્રીમદ્ ગોકુલ પધારવું. આસો વદ ૧૦ના દિવસે મહોત્સવ તથા વિજયતિલક, મથુરા તથા વૃંદાવનના લોકોનું સંન્યાસીનું અનુકરણ કરવું.

પાંચમા તરંગમાં તે મૂર્ખ સંન્યાસીનો ભગવાન શ્રીગોકુલનાથજી સાથે સંવાદ, કર્ણાવલી ગામમાં યવનપતિ જહાંગીરને શ્રીગોકુલેશ પ્રભુ મળ્યા અને તેમની સાથે વાતચીત, તેમની પાસે સંન્યાસીએ કહેલી માલા-ત્યાગની વાતનું નિરસન કરવું.

છઠ્ઠા તરંગમાં પ્રિય શ્રીપ્રભુનું મથુરા પધારવું, મ્લેચ્છપતિ જહાંગીર અને સંન્યાસીની વાતચીત અને જહાંગીરનો શ્રીગોકુલેશ પ્રભુ માટે ભક્તિભાવનો મિશ્રિત વિચાર.

સાતમા તરંગમાં અનુકૂળતા પૂર્વકનું જહાંગીરનું વચન, જહાંગીર પ્રતિ શ્રીગોકુલેશ પ્રભુની ધર્મની આજ્ઞા અને સંન્યાસીનું માયાબલ જે પહેલાં અનુભવેલું, પછી શ્રીગોકુલેશ પ્રભુનું સંન્યાસી પ્રતિ વચન, સંન્યાસીનું કપટવચન, આસફખાન દ્વારા જહાંગીરનો શ્રીગોકુલેશ પ્રભુને સંદેશ, શ્રીગોકુલેશ પ્રભુએ ચતુરાઇથી પત્ર લખી આપ્યો કે સંન્યાસીની વેદશાસ્ત્ર અનુકૂલ વાત અમે માનીશું, મ્લેચ્છપતિની આજ્ઞાથી બધા લોકોએ સંન્યાસીને નમન કર્યું. સંન્યાસીના કહેવાથી ખુશરૂને છોડ્યો તથા બાદશાહનું કાશ્મીર જવું.

આઠમાં તરંગમાં સંન્યાસીએ સર્વધર્મોનો દ્રોહ કર્યો, આપણા ભૂષણ સમા માલા-તિલક કરનાર પુરુષ-સ્ત્રીને દંડ દીધો, તથા હાકિમબેગને જૂતાંથી માર્યો તે વાત કહી છે.

નવમાં તરંગમાં દુષ્ટ બ્રાહ્મણોને શ્રીપ્રભુ પાસે સંન્યાસીએ મોકલ્યા, શ્રીપ્રભુએ તે સંદેશનું નિરસન કર્યું તે, પુરૂષોત્તમ મેહરા સાથે મંત્રણા કરી તે, પોતાના ધર્મની રક્ષા માટે લલ્લુ જગધરે જે કર્યું તે પ્રસંગ.

દશમાં તરંગમાં સંબંધીની કાયરતા અને શ્રીપ્રભુની નિર્ભયતા, ત્રણે લોકમાં શ્રીમાલા કોઇ પહેરી શકશે નહિં એવું સંન્યાસીનું ગર્વ-વચન, વંશગોપાલની શ્રીગોકુલેશ પ્રભુનું અનુસરણ કરી ખરાબ ઉદ્યમમાંથી નિવૃત્તિ થવી, સંન્યાસીનો તેમના પર કોપ, શ્રીપ્રભુ પાસે આવી મથુરા આવવા તેમણે શ્રીપ્રભુને વિનંતી કરી, શ્રીપ્રભુ તે વાતનો નિરાદર કરી ભક્તોના ભયનું સમાધાન કર્યું, અને લશ્કરખાનના પત્રથી વંશગોપાલ આગ્રા ગયા.

એકાદશમાં તરંગમાં સેવકો વગેરે સહિત સંબંધીઓએ માલા-ત્યાગ કર્યો, શ્રીગોકુલેશ પ્રભુને તેમ કરવા કહેવું, શ્રીપ્રભુએ તે વાત ન માની, કુપિત સંન્યાસીએ મ્લેચ્છ સરદારોને શ્રીપ્રભુની માલા ઉતરાવવા મોકલ્યાં તે, તેમની પ્રાર્થનાનું શ્રીગોકુલેશ પ્રભુએ મધુરતા પૂર્વક ખંડન કર્યું.

બારમાં તરંગમાં જેટલા સ્વામી કહેવડાવતા હતા તેમણે માલાદિનો ત્યાગ કર્યો, સંન્યાસી વંચના અને સદ્ધર્મનો તેમણે ત્યાગ કર્યો, સંન્યાસીની દુ:સંગપ્રીતિ, પરસ્ત્રીઓની પ્રીતિ માટે વણકરોને પીડા પહોંચાડી, તે તે ભક્તોનો સંન્યાસીના વધનો વિચાર કરવો, કૃપાસાગર શ્રીપ્રભુએ તેમણે તે વિચારથી નિવૃત્ત કર્યા.

તેરમાં તરંગમાં શ્રીપ્રભુની માલા તોડવા માટે સંન્યાસી યવન સૈનિકો અને ફોજદારોને મોકલ્યાં, દામોદર વૈદ્ય અને કોટવાલની દુષ્ટતા, શ્રીગોકુલેશ પ્રભુ સાથે વાતચીત, શ્રીપ્રભુનું પડોશીને ઘેર જવું, કર્તદીને શ્રીમાલાત્યાગ કરવા વિનંતી કરી, તેનું શ્રીપ્રભુએ ખંડન કર્યું, અધિકારી કર્તદીએ પાસે બેઠેલાને આંખની સેનથી શ્રીપ્રભુની માલા તોડવા કહ્યું, શ્રીપ્રભુના તેજથી તે દુષ્ટ કશું ન કરી શક્યો, કર્તદીની માલા-ત્યાગની વાતનો શ્રીપ્રભુએ નિરાદર કર્યો. તે લોકોની પીડા, અનિષ્ટ દૂર કરવા શ્રીગોકુલેશ પ્રભુ મથુરા પધાર્યા.

ચૌદમાં તરંગમાં તે ફોજદારના ભયને દૂર કરવા શ્રીગોકુલેશ પ્રભુ ઘરે ન પધાર્યા, પોતાના ઘોડાની પણ પ્રતિક્ષા ન કરી, ભક્તજનોને ક્લેશ થયો, મ્લેચ્છોને હાંકી કાઢવા મહાવનથી રાય ગદાધર આવ્યાં અને શ્રીપ્રભુએ તેમને તેમ ન કરવા અનુરોધ કર્યો, મથુરામાં સૂર્યકુંડ પાસે શ્રીપ્રભુજી બિરાજ્યાં અને શ્રીગોકુલ-મથુરાના ભક્તો ત્યાં આવ્યાં.

હવે પંદરમાં તરંગમાં લોકો પર કૃપા કરવા માટે તેઓ દ્વારા કરેલ પ્રશ્નથી ભગવદ્ધર્મ વિષે કહ્યું, તે પંદર, સોલ, સત્તરમાં તરંગમાં કહ્યું છે. તેમાં વળી સત્તરમામાં તો લોકોએ ભગવદ્ધર્મનો મહિમા સાંભળી, ભક્તોએ સરાહના કરી અને જેમણે સંન્યાસીના ભયથી માલાત્યાગ કર્યો હતો, તેમણે પ્રિયતમ શ્રીગોકુલેશ પ્રભુએ માલા પહેરાવી.

સુંદર અઢારમા તરંગમાં ઝાંખા પડી ગયેલા સંન્યાસીનો કર્તદી વગેરે પર ક્રોધ, તેમની વિચારણા, તે અસુરના જે પાપી મૂર્ખ દુષ્ટ બ્રાહ્મણો હતા તેમની દ્વારા શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરાવવી, શ્રીપ્રભુએ તેનું ખંડન કર્યું, તેથી સંન્યાસીનો ખેદ, તે ચિંતામાં પડી ગયો, કમ્બો યાદવરાયનો શ્રીપ્રભુએ નિરાદર કર્યો, શ્રીપ્રભુએ ચતુર્ભુજને ઘેર રાત્રી મુકામ કર્યો.

ઓગણીશમાં તરંગમાં શ્રીપ્રભુ પોતાના સેવક દ્વારા ગોકુલેસ્થ જનોનું સમાધાન કર્યું છે, તેનું પ્રત્યાગમન, સંન્યાસીનો સંતાપ અને તેણે પોતાના મિત્રોએ શ્રીપ્રભુ પાસે જવા પ્રેરણા કરી.

વીસમા તરંગમાં તે દુષ્ટ બ્રાહ્મણોએ સંન્યાસીને ધીરજ આપી, સંન્યાસીએ બહુ પ્રકારે એમનું સમાધાન કર્યું અને શ્રીગોકુલેશ પ્રભુ પાસે મોકલ્યા, અને તેમણે શ્રીપ્રભુ પાસે જે સામવચન કહ્યાં તે વર્ણવ્યું છે.

એકવીસમા તરંગમાં તે બ્રાહ્મણોનાં દામવચન કહ્યાં છે, બાવીશમાં તરંગમાં તેમનાં ભેદવચન કહ્યાં છે, અને તેવીસમાં તરંગમાં દંડવચન તથા શ્રીગોકુલેશપ્રભુ દ્વારા તેમનો નિરાદર વર્ણવ્યો છે.

ત્યારબાદ ચોવીસમાં તરંગમાં તે બ્રાહ્મણોનું મોઢું કાળું પડી ગયું, તેમનું સંન્યાસી પાસે જવું અને ઉદાસીનતાથી બધી વાત કહી, કાયર શ્યામદાસ જેટલીનું શ્રીપ્રભુની સભામાં આવવું, ભક્તોએ તેમના પર ક્રોધ કર્યો, તેમનું સમાધાન,

શ્યામદાસે શ્રીપ્રભુને કાયરતાને લીધે જે વચન કહ્યાં, તેમનો અભિપ્રાય જાણવો, ભક્તો તથા શ્રીપ્રભુનું વચન, તેમનું સમાધાન, શ્યામદાનો પરિવારના ભટ્ટો સાથે સંવાદ, શ્યામદાસ શ્રીગોકુલ જઇને ભયભીત કરે છે, તે, મીતનમિશ્ર વગેરેએ સંન્યાસી પાસે જઇ શ્રીગોકુલેશ પ્રભુના નિશ્ચયની વાત કરી અને તેમનો ઉપદેશ.

પચ્ચીસમા તરંગમાં સંન્યાસીનો દુષ્ટ વિચાર કરવો કે શ્રીગોકુલેશ પ્રભુને ગુફામાં લઇ આવો, મીતનમિશ્રા વગેરેએ શ્રીપ્રભુને તે માટે વિનંતી કરી, ચતુર્ભુજનું સ્નેહગર્ભિત વચન, લોકસમૂહ સાથે શ્રીપ્રભુનું સંન્યાસીના સ્થાન પ્રતિ જવું, શ્રીપ્રભુના અનેકો સેવકોએ સંન્યાસીના લોકોને માર્યા તે પ્રસંગ. તેઓ દ્વારા બગીચાના વ્રક્ષાદિ તોડી નાખ્યાં, મહા અસુર સંન્યાસીએ માયા યંત્ર વગેરે દ્વારા પ્રયોગ કર્યો, તે નિષ્ફલ રહ્યો અને તેનાથી તે ડરી ગયો.

છવ્વીસમાં તરંગમાં પરમપ્રભુએ ગુફાને પાવન કરી, તેઓ શ્રીગોકુલ પધાર્યા, ત્યાં ઉત્સવ થયો, સ્નાન કર્યું, તથા આગ્રાથી જયદેવજીનું આગમન, મહાબુદ્ધિશાળી લશ્કરખાનના પત્ર વડે યવનોનો નિરાદર કરવો, સદ્‌ભાગ્યવાન જયદેવ પર શ્રીપ્રભુની કૃપાદષ્ટિ.

હે સર્વ ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુ અનુરાગી, રસિક ભક્તો, શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ્વરની રુચિરફલનું સાધક, સર્વ ઇષ્ટની પ્રાપ્તિ કરાવનાર અને સર્વ અનિષ્ટોનો નાશ કરનાર આપણા સર્વદા સેવ્ય શ્રીમદ્ ગોકુલેશ પ્રભુનું આ ચરિત્ર ભાવથી પ્રકાશિત ચિત્તમાં ધારણ આપણે સૌએ કરવું જોઇએ. શ્રીઆચાર્ય કુલભૂષણ, શ્રીવિઠ્ઠલેશકુમાર, શ્રીરુક્મિણીલાલ શ્રીગોકુલેશજીનો જય થાય છે, તેથી આપણે સૌ સેવકો આદર સાથે શ્રીમાલા-તિલકને ધારણ કરીએ અને ગર્વ ભેર ગગન-ભેદી નાદ કરીએ જૈ જૈ શ્રીગોકુલેશ, મારો ધણી ગોકુલેશ, જૈ જૈ શ્રીગોકુલેશ, રહે નહિં અબ કોઇ ક્લેશ, જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ.

જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ.

જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ. જૈ જૈ શ્રીગોકુલેશ.

શ્રીનાથજીસો પ્રીત રાખી, આચાર્ય રીત રાખી હૈ
ધર્મકી પ્રતીત રાખી, રાજ રીત રાખી હૈ
કુલકી મરજાદ રાખી, ભક્તનકી લાજ રાખી,
ભક્તિ સિંધુપેં પાજ બાંધી, ટેક દઢ રાખી હૈ
કહત ગહર ગોપાલ ખાખી, મુખ ધૂર નાખી,
આખી ભૂમિ જાકી, વાહ વાહ ભાખી,
ચારોં વેદ સાખી, શુક પુરાનન ભાખી,
તુલસીકી માલા, શ્રી ગોકુલેશને રાખી હૈ.

ભાવત્ક :- દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

શ્રીમાલા-તિલક-ચરણામૃત

ચરણામૃત :- શ્રીગોકુલ-યમુનામૃત્તિકા: સેવાનું રૂપ શુદ્ધિ માટે શ્રીચરણામૃત ગ્રહણ :

સ્નાન બાદ શરીર સ્વચ્છ કરી, ધોયેલું સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી શ્રીચરણામૃત મુખમાં અધ્ધરથી (ઉપરથી) મૂકી આંખે લગાડવું. શ્રીચરણામૃત લેવા માટે એક પવિત્ર આસને બેસીને લેવું, થોડું મુખમાં મૂકીને, આંખે, મસ્તકે, અને હૃદયને લગાડવું અને નીચેનો શ્લોક બોલવો.

ગૃહાસ્મિ ગોકુલાધીશ ચરણામૃતમાદરાત્ ।

અતસ્ત્વત્સેવનાસિદ્ધયૈ મયિ દીને કૃપાં કુરુ ।।

અર્થ :- હે શ્રીગોકુલાધીશ! હું આદરપૂર્વક શ્રીચરણામૃત લઉ છું, આથી આપની સેવા-સિદ્ધિ માટે મુજ-દીન પર દયા કરો! ભગવાનના શ્રીચરણામૃત ગ્રહણથી હૃદય-બુદ્ધિની શુદ્ધિ અને ભાવની વૃદ્ધિ થાય છે. ભગવાનની શ્રીચરણરજ સેવોપયોગિ-દેહ સિદ્ધ કરે છે.

આંખે લગાડવાથી દર્શન-અધિકાર, મુખમાં મુકવાથી સેવા-સ્મરણનો અધિકાર મળે છે. આવો એક ભાવ છે, આમ શ્રીકૃષ્ણસ્મરણ કરાવનારી શ્રીયમુનાજીની રેણુ દ્વારા જીવ ઉપર કૃપા થાય છે, જેમ વ્રજની અહીરણો જ્યારે આ શ્રીયમુના રેણુ-રજ ધારણ કરતાં, ત્યારે તેઓએ ભગવાનને ઓળખ્યા છે. (શ્રીમદ્ ભાગવત ૧૦.૨૧. વેણુગીત પ્રસંગ)

તિલક-ધારણ (પદાર્થ) દ્રવ્ય અને મહિમા :-

ભગવત્પ્રસાદી કંકુ-કેસર-ચંદન વગેરેથી બાર અંગોમાં બાર તિલક કરવા, કંકુમાં પ્રસાદી ચંદન કે શ્રીચરણામૃત કે શ્રીગોપીચંદન મેળવીને પ્રસાદીને કરીને તિલક થાય છે.

(ગોપીચંદન ગોમતી નદીના તીરે ગોપીદેહમાંથી થયેલું માટીરૂપ છે, સર્વ પાપ-નિવારક છે; અભ્યંગ, વિવાહ, પુત્રજન્મ, માંગલ્ય વગેરેમાં તેને ધારણ કરવાનો નિષેધ પણ છે.)

બ્રહ્મન્ દ્વાદશ-પુંડ્રાણિ વૈષ્ણવ: સતતં ધરેત્ ।

મૂર્દિન મૂલમંત્રેણ્ શેષં દ્વાદશ-નામભિ: ।। (સ્કંધ પુરાણ)

અર્થ :- હે બ્રહ્મન્! વૈષ્ણવ બાર પુંડ્રોને (તિલકોને) સતત ધારણ કરે-બાર કેશવાદિ ભગવાન્નામથી; વધેલું હથેળી ધોઇને વાસુદેવાય નમ: બોલીને માથે ધારણ કરે;

બ્રહ્મન્ દ્વાદશ-પુંડ્રાણિ બ્રાહ્મણ: સતતં ધરેત્ ।

ચત્વારિ ભૂભુજં પુત્ર: પુંડ્રાણિ દ્વે વિશાં સ્મૃતે ।।

એકં પુંડ્ર તુ નારીણાં શુદ્રાણાં ચ વિધીયતે ।। (સ્કંધ પુરાણ)

ઊર્ધ્વપુંડ્ર તુ સર્વેષાં ન નિષિદ્ધં કદાચન ।

ધારયેષુ: ક્ષત્રિયાદ્યા વિષ્ણુભક્તા ભવન્તિ યે ।। (પદ્મપુરાણ)

હે બ્રાહ્મન્! બ્રાહ્મણ બાર પુંડ્રો (તિલકો)ને સતત ધારણ કરે; ક્ષત્રિયો ચાર તિલક ધારણ કરે (લલાટે, હૃદયે, બે હાથે); વૈશ્યો બે તિલક ધારણ કરે (લલાટે, હૃદયે); સ્ત્રી અને શુદ્રો એક તિલક ધારણ કરે (લલાટે)

ઊર્ધ્વપુંડ્ર તિલક બ્રાહ્મણ, અને સર્વે વર્ણો ધઅરણ કરે છે, તે ક્યારેય નિષિદ્ધ નથી. વિષ્ણુભક્તો-વૈષ્ણવો-દીક્ષાવાળા-ક્ષત્રિય-વગેરે પણ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે છે. સ્ત્રીઓ પ્રસાદી કંકુથી સોભાગ્ય તિલક (ચાલ્લો, બિંદુ) કરે છે.

તિલક કુંકુમનું જળથી ભીંજવી છૂટુ તિલક કરે તે દંડાકાર કહેવાય, તે આપણે શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીના ઘરના સેવકો કરીએ છીએ, અને શ્રીહરિચરણાકાર (ઊર્ધ્વપુંડ્ર) તિલક અન્ય સર્વ વૈષ્ણવો ધારણ કરે છે. આ બન્ને તિલક શાસ્ત્ર સમ્મત

છે. શ્રીગોકુલનાથજી ન હોત તો સમ્પ્રદાયમાં શ્રીમાલા-તિલક ન રહેત. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનથજી, શ્રીગુસાંઇજી, શ્રીગોકુલનાથજી સંપ્રદાયની ઉન્નતિનું કારણ છે. જહાંગીર જેવા જોહુકમી બાદશાહને નમાવનાર મહાપ્રતાપી શ્રીગોકુલનાથજીથી ભિન્નતા કરે છે, એ કલ્પિત વાત છે, કારણ :-

નાસિકામૂલમારમ્ય દ્વા દ્વણ્ડૌ કેશગામિનૌ ।

દણ્ડાકાર તદેવોક્તામન્યદ્વરિપદાકૃત્તિ ।।

અર્થ :- નાસિકાના મૂળથી આરંભી બે દંડ કેશ પર્યન્ત કરવા આ દંડાકાર તિલક, બીજુ ચરણાકાર તિલક છે. આ બન્નેના પ્રાકટ્ય માટે શ્રીવલ્લભ શ્રીમહાપ્રભુજી રૂપે અને શ્રીગોકુલનાથજી રૂપે બે વખત પ્રકટ થયા તેવી માન્યતા છે. ચરણાકારમાં ભગવાનનું ચરણ પોતાના લલાટમાં ધારણ કરવું, એ ભાવના છે. દંડાકારમાં શ્રીભગવાનના મંદિરની-શ્રીયમુનાજીના બન્ને તટ વચ્ચે શ્રીપ્રભુની ક્રીડાસ્થલીની ભાવના છે.

‘સકલગોપગોપીવૃતે કૃપાજલધિસંશ્રિતે’

આ શ્રીયમુનાષ્ટકના શ્લોક પ્રમાણે તેમજ ૮૪ વૈષ્ણવોની વાર્તા પ્રમાણે શ્રીયમુનાજીના મધ્યમાં શ્રીપ્રભુની રાસલીલા છે. આવા દર્શન પણ ભગવદીયોને થયાં છે, તેવી વાર્તા છે.

કામગૃહમારક્તં વર્તતે તસ્માત્તિભક્તમારક્ત વલ્લજાત્વા-

લલાટે દ્વિરેખમિત્યનેન સદાહં દ્વિરુપં ઇતિ દર્શિતમ્ ।।

પ્રેમસ્વરૂપ લાલ રંગનું હોવાથી કુંકુમનું તિલક પ્રિયપણાના ભાવે બે રેખાઓથી લલાટમેં ધારણ કરવું. શ્રીપ્રભુ આજ્ઞા કરે છે : હું સદા યુગલસ્વરૂપે જ છું, આ પ્રમાણે આપણે શ્રીગોકુલનાથજીના ઘરના સેવકોએ દંડાકાર તિલક કરવું અને બીજા સર્વ વૈષ્ણવોએ બાંધ્યું પ્રભુચરણાકાર તિલક કરવું. આ બે માન્યતા દૃઢ સશાસ્ત્ર હોવાથી ન્યૂનાધિકતા ન માનતાં બન્ને શ્રીવલ્લભની આજ્ઞા છે, તેમ માનવું.

શ્રીમહાપ્રભુજીએ તિલકના આકાર અને સ્થાનનો નિર્દેશ કર્યો છે :

દંડાકારં લલાટે સ્યાત્ પદ્માકારં તુ વક્ષસિ ।

વેણુપત્રનાભિં બાહવોરન્યદ્રીપોકૃતિર્ભવેત્ ।। (સર્વનિર્ણય નિબંધ)

લલાટ (કપાળ)માં દંડાકૃતિ-ભગવાનના શ્રીચરણના આકારનું તિલક કરવું, છાતીમાં (હૃદયમાં) કમલાકાર તિલક કરવું, બન્ને બાહુઓમાં (હાથમાં) વંશપત્રાકાર (વાંસના પાનના આકારનું), બીજા અંગોમાં (સ્થાનમાં) દીપાકૃતિ (દીપજ્યોતિ, દીવાની જ્યોતિ)ના આકારનું તિલક કરવું. આ તિલકને આરસી (અરીસા)માં કે જલમાં જોઇને સુંદર રીતે કરવા.

અગ્નિ-હોમ પછી લલાટમાં યજ્ઞભસ્મનું બિંદુ જ થાય. ભાલમાં કરેલા ઊર્ધ્વપુંડ્ર તિલકને બીજા કોઇ તિલકથી છેદવું નહિં, તેમ કરવાથી દોષ લાગે. પિતૃકર્મમાં પણ ઊર્ધ્વપુંડ્ર તિલકને બીજા કોઇ તિલકથી છેદવું નહિ, રાત્રે પ્રસ્વેદાદિથી તિલક નિવૃત્ત થઇ જાય ત્યારે ભગવદ્ કર્મ ન હોવાથી પુનઠ તિલક કરવાનો આગ્રહ નથી; સાયં-પ્રાતઃ તો અવશ્ય કરવું; આવો શિષ્ટાચાર છે. રક્ષાદિ તો ભગવત્સ્મરણથી થઇ જાય છે.

શાસ્ત્રાનુમતાનુસાર તિલક કરવાનો ક્રમ અને મન્ત્ર :

લલાટે કેશવં વિદ્યાન્નારાયણમથો હરે ।

માધવં હૃદિ વિન્યસ્ય ગોવિન્દે કંઠકૂપકે ।।

ઉદરે દક્ષિણે પાર્શ્વે વિષ્ણુરિત્યભિધીયતે ।

તત્પાર્શ્વે બાહુમધ્યે તુ મધુસૂદનમનુસ્મરેત્ ।।

ત્રિવિક્રમં કન્ધરે તુ વામનં વામવાશ્યર્કે ।
શ્રીધરં બાહુકે વામે હૃષિકેશં તુ કર્ણયોઃ ।।
પૃષ્ઠે તુ પદ્મનાભં ચ કંકુદ્દામોદરં સ્મરેત્ ।
તત્પ્રક્ષાલનતોયેન વાસુદેવેતિ મૂર્ધનિ ।।

૧. લલાટમાં તિલક કરતાં	-	કેશવાય નમઃ
૨. ઉદર (નાભિ-ડૂંટી)માં	-	નારાયણ નમઃ
૩. હૃદયે	-	માધવાય નમઃ
૪. કંઠમાં	-	ગોવિન્દાય નમઃ
૫. જમણી કેડે	-	વિષ્ણવે નમઃ
૬. જમણા બાહુએ (હાથામાં)	-	મધુસૂદનાય નમઃ
૭. બન્ને કર્ણના (કાન) મૂલમાં	-	હૃષિકેશાય નમઃ
૮. ગળે	-	ત્રિવિક્રમાય નમઃ
૯. ડાબી કેડે	-	વામનાય નમઃ
૧૦.ડાબા બાહુમાં (હાથમાં)	-	શ્રીધરાય નમઃ
૧૧.પીઠે	-	પદ્મનાભાય નમઃ
૧૨.કાંધ (બોચી)એ	-	દામોદરાય નમઃ

આમ બાર અંગો ઉપર જણાવેલ શ્રીપ્રભુના બાર નામના ઉચ્ચારણ સાથે તિલક કરવા, છેવટે બાકીના હાથમાં લાગેલા કંકુ વગેરેને ધોઈને તે જલ-મસ્તકે ચઢાવતાં - વાસુદેવાય નમઃ

તિલકનાં શાસ્ત્રીય પ્રમાણો :-

૧. દેવી ભાગવતના ૧૧માં સ્કન્ધના ૧૫માં અધ્યાયમાં :

એકાન્તિનાં પ્રપન્નાનાં પરમૈકાન્તિનામપિ ।
અચ્છિદ્રપુણ્યકરણે પ્રત્યવાયો મહાનયમ્ ।। ૯૮ ।।
ઊર્ધ્વપુંડ્ર તુ યઃ કુર્યા દંડાકારે સુશોભનમ્ ।
મધ્યે છિદ્રં વૈષ્ણવશ્ચ નમોયન્તે કેશવાદિભિઃ ।। ૯૯ ।।
વિમલાન્યૂર્ધ્વપુંડ્રાણિ સાન્તરાલાનિયો નરઃ ।
કરોતિ વિપુલં તત્ર મંદિરમ્ મે કરોતિ ચ ।। ૧૦૦ ।।

એકાન્ત ભક્ત અને દઢાસક્તિવાળા શ્રીપ્રભુશરણસ્થ જીવોએ છુટૂ (દંડાકાર) તિલક કરવું. છિદ્ર વિના તિલક કરવાથી મહાન દોષ છે. દંડાકાર શોભિતુ તિલક જે મધ્યમાં છિદ્રવાળું કરે છે, તે મારું સુંદર મંદિર લલાટમાં કરે છે. આ પ્રમાણે મંદિરભાવવાળું છૂટું બે દંડાકાર તિલક છે.

૨. સંધ્યાહીનઃ શુચિર્નિત્યમનર્હઃ સર્વકર્મસુ ।

સંધ્યાહીન સર્વ કર્મમાં અયોગ્ય અને અપવિત્ર છે, માટે સંધ્યા જરૂર કરવી. બ્રાહ્મણોએ તિલક કર્યા બાદ આચમન લઇ પ્રાતઃ સંધ્યા પોતાની શાખા પ્રમાણે કરવી. બાકી ત્રિવર્ણો એ ષોડશગ્રંથ અગર શ્રીકૃષ્ણાશ્રય, નવરત્ન વગેરેનો પાઠ કરવો.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તમામ વૈષ્ણવોએ તિલક કરી તુરત શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીયમુનાષ્ટક તો અવશ્ય કરવાં. સંધ્યા ષટ્કર્માદિક ભગવત્સેવાની અનુકૂલતાએ કરવા. જેમકે મંગળભોગ ધરી પ્રાતઃસંધ્યા વગેરે, રાજભોગ ધરી બાકીની સંધ્યા સ્તોત્ર જપ વગેરે; પણ સંધ્યાદિક માટે પ્રભુસેવામાં વિલંબ કરવો નહિં.

લૌકિકી વૈદિકી વાઽપિ ક્રિયા યા ક્રિયતે મુને ।

હરિસેવાનુકૂલૈવ સા કાર્યા ભક્તિમિચ્છતા ।। (નારદપંચરાત્ર)

લૌકિક, વૈદિક તમામ ક્રિયાઓ શ્રીહરિસેવાની અનુકૂલતા એ કરવી. અને કદાચ સેવાથી કર્મલોપ થાય તો એનો વૈષઆણવોને પ્રત્યવાય નથી.

માલાજી:-

વૈષ્ણવમાર્ગમાં જેમાં વેદમાર્ગ વિરોદ્ધ હોય તે જો અનિત્ય(કામ્ય) ધર્મ હોય, તો તે ન કરવું, નિત્યધર્મમાં વેદ-વિરોધ પણ ચલાવી લેવો.

શંખચક્રાદિકં ધાર્યં મૃદા પૂજાંગમેવ તત્ ।

તુલસી કાષ્ઠમાલા તિલકં લિંગમેવ તત્ ।। (સર્વનિર્ણય ૨૪૪)

તપાવેલા લોખંડથી કરેલી શંખ-ચક્રાદિ-મુદ્રા (તપ્તમુદ્રા) ધારણ કામ્ય છે. માટીથી કે તપ્ત-મુદ્રા કરનારનો બહિષ્કાર બધાં દ્વિજ કર્માદિ કરવાં. તુલસીજીનાં કાષ્ઠમાંથિ થયેલી માલા પણ (કંઠમાં) ધારણ કરવું. જો કે તેનું નિત્યત્વ નથી, છતાં પણ તે વૈષ્ણવત્વને જણાવનારી છે, પરંપરાથી સિદ્ધ છે, તિલકની જેમ વૈષ્ણવ ચિહ્ન છે. તેના ઉલ્લંઘનથી પરંપરા ન રહે, તેથી નિત્ય તુલ્યા આ માલા છે.

ધારયન્તિ ન યે માલાં હૈતુકાઃ પાપ બુદ્ધયઃ ।

નરકાન્ત નિવર્તન્તે દગ્ધાઃ ક્રોધાગ્નિના હરેઃ ।। (સ્કન્ધ પુરાણ)

જે જે પાપબુદ્ધિવાળા (સ્વાર્થ-અપ્રમાણિક) હેતુવાળાઓ (તુલસીજીની) માલાને (કંઠમાં) ધારણ કરતાં નથી, શ્રીહરિના ક્રોધાગ્નિથી બળેલા તેઓ નરકમાંથી પણ ફરતાં નથી; આ વાક્યથી (માલા-ધારણનું) નિત્યત્વ પણ છે. ભગવત્પ્રાપ્તિનો ઉપાય-વૈષ્ણવચિહ્ન-પુણ્યજનિકા-તુલસીમાલા નિત્ય ધારણ કરવી જરૂરી છે.

તુલસીકાષ્ઠજં માલાં કંઠસ્થાં વહતે તુ યઃ ।

અપ્યશૌચોજપ્યનાચારો મામેવૈતિ ન સંશયઃ ।। (સ્કન્ધ પુરાણ)

કંઠમાં રહેલી તુલસીજીના કાષ્ઠમાંથી થયેલી માલાને જે વહન (પ્રાપ્તિ-ધારણ) કરે છે, તે અપવિત્ર પણ, અનાચારવાળો પણ હોવા છતાં, મને (ભગવાનને) જ પ્રાપ્ત થાય છે; (આમાં) સંશય નથી. વૈષ્ણવે તો તુલસીજીના કાષ્ઠમાંથી બનાવેલી માલા હંમેશા કંઠમાં ધારણ કરવી; ન ધારણ કરવામાં દોષ છે. તુલસીજીની માલા ન જ મળે તો ધાત્રીફલ (આંબળાં)ની માલા ધારણ કરવી આવશ્યક છે.

રુદ્રાક્ષ-માલા-ધારણ, ત્રિપુંડ્ર વગેરે શૈવો માટે છે, વૈષ્ણવો માટે નહિં. વૈષ્ણવ માટે રુદ્રાક્ષ, મોતી-હીરા વગેરેની માલા-ધારણ કરવાનું વિહિત નથી. (શાસ્ત્રોગત નથી)

જ્ઞાનનું ફલતો મોક્ષ છે. 'મોક્ષમિચ્છેજ્જનાર્દનાત્' વાક્યથી તે મોક્ષ તો ભગવાન્ જનાર્દન (શ્રીકૃષ્ણ)ને વશ છે, તેથી ભગવત્પ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિ ઇચ્છનારે તુલસીજીને માલા-ધારણ કરવી આવશ્યક છે. તુલસીમાલા ધારણ કરનાર ગમે તેવો હોય છતાં પણ પ્રભુને પ્રાપ્ત થાય છે. જ્ઞાન કરતાં તો ભક્તિ ઉત્તમ છે; તેથી ભગવદીયોએ તો તુલસીકાષ્ઠની માલા ધારણ કરવી ઉચિત છે.

તુલસીજી પ્રભુને પ્રિય છે, ભગવદીય છે. તે તો નિત્ય પ્રભુચરણમાં બિરાજે છે. પ્રભુનાં પ્રિય હોવાથી પ્રભુને તે પ્રાપ્ત કરાવે છે. શરણ-ભક્તિ-રૂપ ચરણમાં બિરાજતાં હોવાથી તેનાથી શરણ-ભક્તિ-સુલભ થાય છે. જપ પણ તુલસીકાષ્ઠના મણકાની માળાથી કરવો યોગ્ય છે.

તુલસીકાષ્ઠઘટિતૈ-ર્મણિભિર્જપમાલિકા ।
સર્વકર્મણિ સર્વેષામિપ્સિતાર્થ ફલપ્રદા ।। (રામાર્ચનચન્દ્રિકા)

તુલસીજીના કાષ્ઠથી બનેલા મણિકાની જપમાલા બધાં કર્મનાં સૌને ઈચ્છિત ફલપ્રદા છે. ૧૦૮ મણકાની જપમાલા ઉત્તમ, ૫૪ મણકાની જપમાલા મધ્યમ, ૨૭ મણકાની જપમાલા અધમ છે.

યજ્ઞોપવિત (જનેઉ, જનોઇ)થી દ્વિજ ઓળખાય છે, તેમ તુલસીકાષ્ઠથી બનાવેલી માલા-અને પ્રસાદી ભીના-કંકુથી તિલકથી વૈષ્ણવતા ઓળખાય છે.

પાંચ ભૌતિક દેહ છે. તેમાં ચરણામૃતથી પૃથ્વી-અંશની શુદ્ધિ

- ચરણામૃત-જલથી જલાંશની શુદ્ધિ
- પ્રસાદી તુલસીજીથી તેજોંશની શુદ્ધિ
- ભગવદીયોનાં સંગથી સંગથી વાયુંના અંશની શુદ્ધિ
- ભગવદ્દર્શન-શ્રીગુરુદર્શનથી આકાશાંશની શુદ્ધિ થાય છે.
- પદ્મ-ચિહ્ન ધારણથી પૃથ્વી-અંશની શુદ્ધિ
- શંખથી જલતત્વની શુદ્ધિ
- ચક્રથી તેજઃ શુદ્ધિ
- ગદાથી વાયુ શુદ્ધિ
- નામમુદ્રાથી આકાસ શુદ્ધિ
- સંપ્રદાય મુદ્રાથી ભક્તિ શુદ્ધિ થાય છે.

राग भैरव :- श्रीगोकुलके नाथ फिर गोकुल बसायौ ।। प्रगट प्रताप भक्तन मन भायौ ।। १ ।। साची तेरी टेक जेसै निगमन भाखी ।। भाल तिलक माल मरजादा राखी ।। २ ।। जब प्रभु रीझे आप अपनपो दियौ ।। तब तिहारै हृदयकौ सुप्रेम नाम लीयौ ।। ३ ।। श्रीविट्ठलकुलभान सकल कला गुणनिधान ।। श्रीगोकुलनाथ गुसांइ कलिमें कल्पतरु ।। ४ ।। इतनों मांगत हों दीजिये दरशन ।। अब तिजोपन आयौ, यौं कहत है गिरधर ।। ५ ।।

राग सारंग :- जयति श्रीगोकुलनाथ प्रानपति, जननके मालमुद्रा धर्म सबन दीने ।। वे शंका खाय संन्यास दंडियको, भूप दिल्लीश घर दंड़ कीने ।। १ ।। सकल भुवन-मंड़लाधीशचूड़ा नम्यौ, जान माहात्म्य गुन शरन आयो ।। जान अपवाद जीय मूढ़ निज वेशको, आत्मवंचक कपटि दूर धायो ।। २ ।। जयति जय देव तिहुंलोकमें धुन भइ कीरति विख्यात जगमें ज छाई ।। सरस रंगी प्रभु ईशके ईशकी, शरण कीये महासिद्धि पाई ।। ३ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ લીલા સાર સંગ્રહ

શ્રીગોકુલેશ પ્રભુએ પ્રકટ કરેલું શ્રીમાલા-તિલકનું માહાત્મ્ય :-

શ્રીગોકુલેશજી જ્યારે શ્રીઘનશ્યામજી સાથે કોટવાલના ઘોડા ઉપર સવાર થઇ દુષ્ટ સન્યાસી પાસે આવ્યાં ત્યારે આપ ગુફા પાસેના બાગમાં બિરાજ્યાં તે વેળા, પ્રભુ પ્રેરણાએ એક બુદ્ધિશાળી વૈષ્ણવે શ્રીમાલા-તિલકનો મહિમા, ભગવદ્ધર્મ પ્રસિદ્ધ કરવા પ્રશ્ન કર્યો.

શ્રીમાલા-તિલકના તારણહારે સર્વેને પ્રેમથી વિસ્તાર પૂર્વક સમજાવ્યું અને કહે છે, આ મૂર્ખ સન્યાસી વૈષ્ણવોને આ શ્રેષ્ઠ પુષ્ટિમાર્ગથી વિમુખ કરવાં માંગે છે. બહુ જન્મનાં અંતરાય પછી આ ભગવદ્ ધર્મ જીવને પ્રાપ્ત થાય છે. જે સંસારરૂપી સમુદ્ર તરવાનું ધર્મરૂપી જહાજ જીવને મળ્યું છે. હવે પ્રભુ તિલક વિશે વૈષ્ણવોને શિક્ષણ આપે છે.

૧. તિલકનું માહાત્મ્ય :- મારી (શ્રીપ્રભુની) પ્રસન્નતા માટે તેમજ શુભ મંગળ માટે અને રક્ષા માટે મારો ભક્ત સવારમાં તિલક કરી મારી સેવા, સ્મરણ કરે છે. તિલક વગર જે કોઇ ભક્ત શુભકાર્ય કરે તો તે અશુભ કાર્ય ગણાય છે (થાય છે), તિલક વગર સંધ્યા, હોમ કરે તો તે રાક્ષસી ધર્મ કહેવાય છે. અને તે નર્કનો અધિકારી બને છે.

જે મનુષ્ય તિલક ધારણ કરે છે, પછી ભલે તે ચાંડાલ હોય, પરંતુ સેવાને યોગ્ય બની રહે છે (થાય છે). તિલક દર્પણ અથવા શાંત જળમાં મુખ જોઇને કરવું. કુંભનદાસજી ગરીબ અવસ્થામાં જીવતા હતાં, હંમેશા દુનામાં જળ રાખી શાંત જળમાં જોઇ તિલક કરતાં હતા, વાંકુ તિલક ક્યારે પણ ન કરવું.

૨. તુલસીમાળાનું માહત્મ્ય :- જે વ્યક્તિ તુલસીમાળા પ્રભુને ધરાવી ધારણ કરે છે, તે વૈષ્ણવ કહેવાય છે, અને ઉત્તમ ભગવદી તિલક તેમજ તુલસીમાળા ભક્તિરૂપ છે. જે તેને ધારણ કરે છે તે વ્યક્તિ (જીવ) શ્રેષ્ઠ છે, અને તે આ ચિહ્નો કદાપિ ત્યજતો નથી.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપવાવાળી આ શ્રેષ્ઠ તુલસી-માલાનો વૈષ્ણવ ક્યારેય પણ ત્યાગ કરતાં નથી. જે શુદ્ર હોય પરંતુ ભક્તિથી તુલસીની માળા ધઅરણ કરે છે, તે વૈષ્ણવ પ્રભુને પ્રિય થાય છે, અને યમદૂતો તેનાથી દૂર રહે છે, તેને દુષ્ટ વિચાર સ્વપ્નમાં પણ આવતા નથી, તે જીવ શ્રેષ્ઠ છે.

આમ પ્રભુએ પોતે શ્રીમુખે માલા-તિલકનું માહાત્મ્ય સમજાવ્યું અને પોતે પાછલી અવસ્થામાં કાશ્મીર પધારી ધર્મ તેમ માલા-તિલકનો વિજય કરી મ્લેચ્છ રાજા તથા અસુર સન્યાસીને પરાસ્ત કરી રાખ્યો.

શ્રીગોકુલેશ પ્રભુ માલોદ્ધાર અંગે કાશ્મીર પધાર્યા, જહાંગીર બાદશાહ પાસે કાશ્મીર જતાં એક્કાણું (૯૧) દિવસ થયાં, આમાં સડસઠ (૬૭) મજલ અને બાવીસ (૨૨) મુકામ થયા, પધારવામાં ૨ પ્રસ્થાન થયાં છે. કાશ્મીર જતી વખતે ઓગણચાલીસ (૩૯) મજલ, નવ (૦૯) મુકામ, અને એક (૦૧) પ્રસ્થાન થયું. કુલ ૪૯.

આમ શ્રીગોકુલેશ પ્રભુ ઓગણપચાસ (૪૯) દિવસે કાશ્મીર પધઅર્યા. પછી અગિયાર (૧૧) દિવસે કાશ્મીર બિરાજ્યાં. ફરી પાછી શ્રીગોકુલ પધારતાં અઠ્ઠાવીસ (૨૮) દિવસો અને બે (૨) મુકામ અને એક (૧) પ્રસ્થાન, એટલે કે ૨૮-૨-૧ એટલે ૩૧ આમ ૩૧ દિવસ શ્રીગોકુલ પધારતાં થયા. એટલે કુલ ૪૯-૧૧-૩૧ એટલે મળીને ૯૧ દિવસ નો આખો પ્રવાસ થાય છે. આ વિષયને સમજાવતા ગોપાલદાસભાઇ વ્યારાવાળા લખે છે :

દસ (૧૦) પ્રકારના ભક્તો અને એક્યાસી (૮૧) પ્રકારના ભાવને ભક્તને પ્રબલ પ્રવાસ દેખાડીને વિલંબ કરીને તેઓના મનોરથ પૂર્ણ કર્યાં. વિરહનો અનુભવ કરાવીને સંયોગ કરાવી તાપ-ક્લેશ દૂર કર્યો. આમ એક્કાણુ (૯૧) દિવસનો ભાવ જાણવો. શ્રીગોકુલેશ પ્રભુ આમ (૪૩૯) ચારસો ઓગણચાલીસ કોસ પધાર્યા.

પ્રશ્ન :- શ્રીગોકુલેશ પ્રભુને કાશ્મીર પધારવાનું કારણ શું ? :-

મહાદુષ્ટ, દંડધારી, પાખંડી, અસુર ચિદ્રુપે માલાનો દ્રોહ કરી વૈષ્ણવોને દુઃખી કર્યા. શ્રીપ્રભુને આ કારણથી ખૂબજ શ્રમ પડ્યો.

પ્રશ્ન :- તો શું પ્રભુએ પોતાના સ્વરૂપ બળે આ દુષ્ટનું માન ભંગ કેમ ના કર્યા ?:-

માલા-તિલક માટે શ્રમ વેઠી કાશ્મીર સુધી પધાર્ય તો સહેજ ઇચ્છાબલે શું આ સિદ્ધ કરી શક્તા ન'હોતા? પોતાના અનેક અવતારો તેમજ અનેક સમુદાયોમાંથી કોઇ એક પાસે પણ આ કાર્ય કેમ ના કરાવ્યું? અને સ્વયમ્ આ કાર્ય કેમ કર્યું ?

ગોપાલદાસભાઇ વ્યારાવાળા આ પ્રશ્નોનો ભાવ સમજાવતાં જણાવે છે કે પ્રભુ આગ્રા કે મથુરામાં પણ દેશાધિપતિ સાથે વાદ કરી આ માલા-તિલકનો વિજય સ્થાપન કરી શક્તા. પણ કાશ્મીર કેમ પધાર્યા? આના આપશ્રી સાત કારણો દ્વારા ભાવ પ્રગટ કરે છે.

કારણ ૧ :- પ્રભુના અવતારાદિકથી પણ આ કાર્યતો સિદ્ધ થાય. પણ રસમાર્ગી ભક્ત અને માર્ગની રક્ષા આ અસાધારણ કાર્ય કોઇ અવતારથી થાય નહિં. પોતાના ભક્ત વિષયક કાર્ય પ્રભુની ઇચ્છા વગર થાય નહિં. કારણકે પ્રભુ સ્વયં શુદ્ધ રસાત્મિક સ્વરૂપ છે, એટલે ભક્તનું રક્ષાદિક કાર્ય હોય તે સ્વસ્વરૂપ બળે જ કરે છે, આવા રસિક શિરોમણી શ્રીગોકુલેશ પ્રભુ જ છે. કારણ માલા-તિલકએ ભક્તનો સૌભાગ્ય શ્રૃંગાર છે. આ સૌભાગ્યનું પણ સૌભાગ્ય એવાં આપણા પ્રાણ પતિ શ્રીસર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુ છે. માટે પોતાના સામર્થ્યથી શ્રીમાલા-તિલક ધર્મની પોતે રક્ષા કરી છે. શ્રીપ્રભુ પોતે શ્રીકંઠમાં તુલસીની માળા ધારણ કરે છે, જેના માટે અસુર સન્યાસી સાથે વાક્ બાથ ભીડી સદા સર્વદા પોતે ધારણ કરવા, તેમજ પોતાના ભક્તોને કરાવવા કાશ્મીર બાદશાહ પાસે શ્રમ વેઠી પધારી દિગ્વિજય કર્યો અને માલા ધર્મનો ટેક રાખ્યો.

કારણ વધુ એક એ પણ છે કે તુલસી તે શ્રીપ્રભુના ભક્ત છે, પતિવ્રતા છે. તેથી પ્રભુને અતિશય પ્રિય છે, અને અતિશય પ્રિય હોવાથી શ્રીકંઠે ધારણ કરે છે, શોભા છે. તેમજ સમસ્ત વૈષ્ણવોનું આધિદૈવિક સ્વરૂપ છે.

તેમજ પોતાના ભક્તોને અનન્ય પતિવ્રતા ધર્મના આચરણ કરવાં હંમેશા તુલસીમાલા ધારણ કરે છે. તેથી સ્વતઃરૂપે (સ્વરૂપ બળે) તેની રક્ષા કરી જતાવ્યું છે.

દેવાભાઇ સરાણીયાનો પ્રસંગ :-

અનન્ય પતિવ્રતા ધર્મ આચરનારની હું હંમેશા રક્ષા કરું છું. તેનો ધર્મ અખંડિત રાખું છું. અને જીવ, ધર્મ અને અનન્ય ભક્તની રક્ષા સ્વયં સ્વરૂપબળથી કરે છે. શ્રીગોકુલેશ પ્રભુ અને તુલસીમાલા તે પતિવ્રતા ધર્મનું સ્વરૂપ છે, તેને અનન્ય ભક્તના સ્વરૂપથી પ્રભુ સ્વયં ધારણ કરે છે.

વિષ્ણુપુરાણમાં તુલસીનું પૂર્વ જીવન દર્શન કરવામાં આવે છે, તે આ પ્રમાણે છે :-

પૂર્વે તુલસી જલંધર નામના અસુરની વૃંદા નામે સ્ત્રી હતી. તે ખૂબજ પતિવ્રતા, તેમજ પોતાના પતિ પર પ્રિય ભાવ રાખવાવાળી હતી. જલંધરને તપ કરતાં બ્રહ્માજીએ વરદાન આપ્યું કે તારુ દેવ, દાનવ કે અસુરના હાથે ક્યારે પણ મૃત્યું નહિં થાય. તારી પત્ની અનન્ય પતિવ્રતા છે. અને તેનાજ બળથી તુ કોઇના હાથે મરીશ નહીં, પરંતુ કોઇ દેવ, દાનવ કે અસુર છળ કપટ કરી તારી પત્ની સાથે અંગસંગ કરશે તો તેના પતિવ્રતા ધર્મનું ખંડન થતાં તુ મૃત્યુને વરીશ.

હવે વરદાન પ્રાપ્ત થતાં અસુર અહંકારી બની ત્રણે લોકમાં હાહાકાર મચાવ્યો, ભગવાને વિચાર્યું કે હવે તેના પાપનો ઘડો ભરાયો એટલે તેનો નાશ કરવો ઉત્તમ છે, એટલે શ્રીપ્રભુ ઇચ્છા કરી દેવ-દાનવ વચ્ચે યુદ્ધ કરાવ્યું. આની ચિન્ગારી શ્રીપ્રભુની ઇચ્છાથી નારદજીએ લગાડી (સળગાવી) કારણકે નારદજીને ટેવ છે કે હંમેશા બીજાને ત્યાં સળગાવી તાપણું કરવું અને દૂર રહ્યાં જોઇ આનંદ પામવો. અને ભગવાન વિષ્નુ હંમેશા છળ કપટમાં નિષ્ણાંત. (*આ વિષયને લૌકિક દ્રષ્ટિ રાખવી નહિં*)

આમ જ્યારે જલંધર યુદ્ધમાં હતો ત્યારે ભગવાન વિષ્નુ એ તેનું રૂપ ધારણ કરી તેની પત્નિ વૃંદા પાસે આવ્યા. પતિવ્રતા સ્ત્રી સમજે મારો પતિ યુદ્ધમાં વિજય કરીને આવ્યો, ઉઠીને સન્માન કર્યું, પતિની ઇચ્છાથી અંગસંગનું સુખ આપ્યું, આમ પર પુરુષને અંગસંગ આપવાથી શિયળભંગ થયા. જલંધર યુદ્ધમાં મરાયો, જે આ વૃત્તાંત તરતજ પતિવ્રતા સ્ત્રીએ જાણ્યું. આથી ક્રોધે ભરાઇ શ્રાપ આપવા

લાગી. ત્યાં ભગવાન વિષ્ણુએ પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી દર્શન આપ્યાં. સર્વ હકિકત પતિવ્રતા સ્ત્રી જાણિ ગઇ, આથી પોતે વિષ્ણુને શ્રાપ આપ્યો કે આપ પૃથ્વી ઉપર શાલિગ્રામ સ્વરૂપે પૃથ્વી ઉપર અવતર્યા.

તે સમયે ભગવાન વિષ્ણુએ વૃંદાને કહ્યું કે ''તુ વ્રજમાં વૃંદાવનમાં તુલસીની છોડ થઇશ અને મને અત્યંત પ્રિય થઇશ, તારી માળા સ્વરૂપે જે તુલસી માળા અતિ શુદ્ધ અને પતિવ્રતા ભક્તના સ્વરૂપે થશે, તેને હું હંમેશા મારા શ્રીકંઠમાં ધારણ કરીશ અને સર્વદા તારું રક્ષણ કરીશ, કારણકે તું અનન્ય પતિવ્રતા છે.'' તારા પાન મારા ભોગ સામગ્રીમાં ધરાશે, અને હું તે સામગ્રી પવિત્ર, શુદ્ધ, સત્વ ગણી આરોગીશ. (વિષ્ણુ પુરાણ)

આમ તુલસીજી પતિવ્રતાના ધર્મથી પ્રભુને ઘણી પ્રિય છે. અને પોતે કાયમ શ્રીકંઠમાં તેને ધારણ કરે છે, અને તેની રક્ષા કરવા પોતે આપેલું વચન સિદ્ધ કરવા કાશ્મીર સુધી શ્રમ કરી સકલ વૈભવ તેમજ શ્રીગોકુલ તેમજ શ્રીગોકુલની સંપત્તિનો ત્યાગ કરી ધર્મની ટેક રાખવા સોમજી વાસ કર્યો હતો.

કારણ ૨ :-

શ્રીપ્રભુ પોતે દ્વિજ સ્વરૂપે પ્રગટ્યા (પ્રાગટ્ય લીધું), દ્વિજ સ્વરૂપ (બ્રાહ્મણ દેહ સાથે જે ગુરુત્વ સંસ્કાર પ્રાપ્ત થાય), મર્યાદા રક્ષક હોવાથી વર્ણાશ્રમ કાર્ય ના થાય, તેથી કરી બ્રાહ્મણને સરસ્વતીનું ઉલ્લંઘન (સરસ્વતી નદી ઓળંગવું) શાસ્ત્રની મર્યાદાનુસાર ન થાય, માટે સરસ્વતીની સામે પારની દૈવી સેવક-સૃષ્ટિને ભક્તિનું દાન પ્રદાન કરવા પોતે શ્રીમાલાનો પ્રસંગ કરી (શ્રીમાલા-તિલકનું રક્ષણ કરવાનું એક પ્રસંગ ઉદ્ભવ્યો), આમ જે અનારજ દેશમાં શ્રીમહપ્રભુજી કે શ્રીગુસાંઈજીએ પોતાના શ્રીચરણનો સ્પર્શ કરાવ્યો નો'તો, ત્યાં શ્રીગોકુલેશ પ્રભુએ કૃપા કરી પોતાના શ્રીચરણ પધરાવ્યાં.

સ્વયં શ્રીગોકુલેશ પ્રભુએ પણ અસાધારણ નિમિત્ત વગર સરસ્વતી ઓળંગી ન હતી. આમ શ્રીગોકુલેશજીએ અસાધારણ ધર્મની રક્ષા કરવા માટે તેમજ શ્રીમાલા-તિલકનો ધર્મ દઢ કરવા અર્થે અલૌકિક કારણ સમજીને પોતે સરસ્વતી ઓળંગી જે સાધારણ બ્રાહ્મણથી ઓળંગાય નહિં. આમ શ્રીગોકુલેશ પ્રભુ પોતે સરસ્વતી ઓળંગી કાશ્મીર સુધી અનારદ દેશમાં પધાર્યા, અને ત્યાં દૈવીજીવોને લીલા રસનું દાન સ્વરૂપનું પાન (રૂપમાધુરીનું) કરાવી, જે આસુરી પ્રવાહમાં કેટલાક દૈવીજીવો ભળ્યાં હતાં અને તેમનો સ્વરૂપ બળે અંગીકાર કર્યો.

આમ શ્રીગોકુલની સામગ્રી જે રસ ભક્તને નિરંતર અનુકૂળ થઇને અનુભવ કરે પણ વિપ્રયોગનો અનુભવ કરાવ્યો, અને દાન કરવા, અધિક રસનો સંજોગ કરવા વિપ્રયોગ કરાવવા શ્રીમાલાને બહાને કરી પુરણતા કરવા, રસસિદ્ધ કરવા, તેમજ તાપ ઉપજાવવા પ્રવાસ કરી પોતે રક્ષા કરી.

કારણ ૩ :-

હવે લીલામાં જે સ્નેહભાવ સમા જે ભક્તો છે, તેઓનું અનુસરણ જોઇ શ્રીપ્રભુ ભક્ત ઉપર આસક્ત થયા, ભક્તોના ભાવને આધિન થઇને પોતે ભક્ત વત્સલ દયાળુ પ્રભુએ વિચાર્યુ અને મનમાં વિચાર કર્યો (સંકલ્પ કર્યો) કે એ ભક્તોને પોતાના શ્રીચરણારવિંદ પ્રાપ્ત કરાવી કોઇ રીતે કોઇ પ્રકારે કરીને ભવની સંભાવના હોય તે દૂર કરવા પોતે માલા રક્ષા કરીને પ્રતિબંધ રાખ્યો અને સર્વ ભક્ત સમુદાય તેમજ સમાજને દર્શાવ્યું કે જે કોઇ શ્રીગોકુલેશજીના શ્રીચરણકમલનો દઢાશ્રય કરશે, શ્રીગોકુલેશજી ઉપર સર્વાત્મા ભાવે દઢ વિશ્વાસ રાખી અનુસરસે તેને કોઇ લૌકિક અંતરાય નહિં પડે. આમ શ્રીતુલસીની માલા દ્વારા દરેક જીવને જ્ઞાન કર્યું.

જે સર્વ ભક્તને સ્વરૂપ બળે આશ્રય કર્યો છે તે સર્વ ભક્તની પ્રભુએ સ્વરૂપ બળે સર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુએ રક્ષા કરી છે. આમ આ કારણ ઉપજાવી સ્વયંએ શ્રીમાલાજીની લીલા કરી.

કારણ ૪ :-

આ ભૂતલમાં શ્રીમાલાજી જેવી મોટી વસ્તુ જે સાધારણ સૂક્ષ્મ પ્રકારે રહેતી (અર્થાત્ જે જીવ શ્રીમાલાજી જેવી વસ્તુનો ભાવ અને સ્વરૂપથી અજ્ઞાત હતો) હતી તે શ્રીપ્રભુએ શ્રમ કરી (ઘણો શ્રમ લાવી) તુલસી માલાને પ્રસિદ્ધ કરી (શ્રીતુલસીની માલાનો ભાવ અને

સ્વરૂપનું જીવોને જ્ઞાન કરાવી) સર્વ જગતમાં તેનો ઉદ્યોત કર્યો, અને શ્રીમાલાજીનો જશ (યશ) પ્રગટાવ્યો, ને જશ સ્વયં શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુએ પ્રગટ કર્યો.

આમ કરી શ્રીગોકુલેશ પ્રભુએ સ્વયં તુલસીની માળાને પોતાના શ્રીકંઠમાં ધારણ કરી તેનું કારણ તુલસી (વૃંદા) પતિવ્રતા છે, આમ કરી એવો ભાવ પ્રગટ કર્યો કે જીવો તુલસીની માફક પતિવ્રતા ધર્મને અનુસરવું, કારણ શ્રીપ્રભુ-શ્રીવલ્લભ-શ્રીગોકુલેશ પ્રભુ આપણા સ્વામી છે.

<u>કારણ ૫</u> :-

શ્રીગોકુલેશ પ્રભુ પોતાના બંધુ વર્ગમાં પ્રવિષ્ટ છે. શ્રીઆચાર્યજીનું કાર્ય સમાન થઇને મિષ્ટ થઇને પોતે કરે. ગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં શ્રીગોકુલેશ પ્રભુ માટે વિનવે છે, ''*તાત્ તણો પ્રતિબિંબ રે રસના*''. શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુ શ્રીમહાપ્રભુ શ્રીઆચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજી સમાજ છે.

આમ આપણા પુષ્ટિભક્તિમાર્ગના મુખ્ય આચાર્યો તો શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીગોપીનાથ પ્રભુચરણ, શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ અને શ્રીવિઠ્ઠલનાથ-શ્રીગુસાંઈજીના સપ્ત ભગવદાત્મજ એટલે કે શ્રીસપ્તાચાર્યજી છે, જેમના શ્રીચતુર્થાત્મજ શ્રીગોકુલેશ પ્રભુચરણ છે. અને આજે આપણા શ્રીગુરુદેવના સ્વરૂપે તે શ્રીવલ્લભાચાર્ય, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી, શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુની આડી (કા'ની) પામવા માટેનો આ શ્રીચતુર્થદ્વાર છે. એમ પણ કથન અને મહાનુભાવો ભક્તોના વચન જોવા મળે છે કે શ્રીઆચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ ''શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગ''ની સ્થાપના કરી, શ્રીગુસાંઈજી પ્રભુચરણે આ માર્ગનો વિસ્તાર કર્યો અને શ્રીચતુર્થકુમાર સર્વદા સેવ્ય શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણે આ માર્ગની રક્ષા કરી, પોષણ પ્રદાન કરી.

આમ શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણે પોતાનું પૂર્ણ પુરુષોત્તમરૂપ પ્રગટ કરી આપણને આજે આપણા સૌભાગ્યના પ્રતિક સ્વરૂપ શ્રીમાલા-તિલકનું પ્રસાદી રૂપ પ્રદાન કર્યું.

શ્રીગોકુલેશ પ્રભુ સ્વયં શ્રીમહાપ્રભુજીનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેનું પ્રમાણ આપણને ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં ચાચા હરિવંશજીની વાર્તામાં પ્રાપ્ત થાય છે. ''ચાચાજીને શ્રીગોકુલેશ પ્રભુ પરદેશમાં જ છોડી આવ્યા હતા. પછી કેટલાક દિવસે ચાચાજી પરદેશથી શ્રીગોકુલ આવ્યાં, આવીને ભેંટ-દ્રવ્ય શ્રીગિરિધરજીને સોંપ્યું. પોતે શ્રીનાથજીના દર્શન માટે આવ્યા. ત્યાં પર્વત ઉપર ચાચા હરિવંશજીએ શ્રીનાથજીનાં દર્શન કર્યાં. પછી રામદાસ ભીતરીયાને પુછ્યું કે રામદાસજી હવે શા સમાચાર છે ? ત્યારે રામદાસજીએ <u>ચાચા હરિવંશજીને કહ્યું કે, 'ચાચાજી સમાચાર તો ત્યારે કહેવાય કે કશું બાકી છોડી આવ્યાં હોઇએ. પણ હવે તો એક બેટા શ્રીગોકુલનાથજી કરે છે'.''</u>

ચાચા હરિવંશજીએ શ્રીગોકુલનાથજી અને ઘનશ્યામજીને વિનંતી કરી કે બાબા, બીજી વાતો શી કરો છો, હવે તો આપની પોથી સંભળાવો. આ કથનને બન્ને બાળકોને ઉપદેશ રૂપ સ્વીકાર કરી માનવા લાગ્યા. બીજા દિવસે શ્રીગોકુલનાથજી અને શ્રીઘનશ્યામજી શ્રીભાગવતની ટીકા શ્રીસુબોધિનીજી, શ્રીગુસાંઈજીની કૃત ટિપ્પણી દરરોજ વાંચતા, આમ કરતાં જ્યાં કશું ન સમજાય ત્યાં શ્રીઘનશ્યામજીને શ્રીગિરિધરજી પાસે જઇ પૂછતાં, ત્યારે પહેલાં તો શ્રીઘનશ્યામજીને શ્રીગિરિધરજીએ પૂછ્યું કે બાબા આપ હવે આ જુઓ છો વિચારો છો ? આટલું કહી શ્રીગિરિધરજીની આંખોમાં આંસુ સરી પડ્યાં. પ્રભુનું સ્મરણ, હૃદયાવેશ થયો. એક મુહુર્ત સુધી દેહનું ભાન ન રહ્યું.

પછી શ્રીઘનશ્યામજીને ગોદમાં બેસાડી, મૂખ ચૂમિને કહ્યું કે તેમને જોતાં હતા, વિચારતા હતા. ત્યારે શ્રીઘનશ્યામજીએ શ્રીગિરિધરજીને કહ્યું કે શ્રીવલ્લભદાદા (શ્રીગોકુલનાથજી) જુએ છે, વિચારે છે. આમ શ્રીગિરિધરજી, શ્રીઘનશ્યામજીને તેમના પ્રશ્નોનો અભિપ્રાય આપતાં કહેતા કે અને આજ્ઞા કરતાં કે <u>શ્રીવલ્લભ</u> વિના (શ્રીગોકુલનાથજી વિના) કોણ જુએ-વિચારે ?

આમ શ્રીગોકુલનાથજી શ્રીગુસાંઈજીના સર્વ બાળકોમાં પણ યશસ્વી સ્વરૂપે ઉભરી આવતાં. એક દિવસ શ્રીગોકુલનાથજીને શ્રીબાલકૃષ્ણજીએ કહ્યું કે શ્રીવલ્લભ, તમે મને શ્રીસુબોધિનીજી સંભળાવો. શ્રીગોકુલનાથજીએ શ્રીબાલકૃષ્ણજીને કહ્યું દાદા, આપ મોટા

છો. આપ મોટાના આગળ હું કઇ રીતે કહું. શ્રીબાલકૃષ્ણજીએ શ્રીગોકુલનાથજીને કહ્યું કે એમાં તમને કશો વાંધો નહિં આવે, માટે તમે મને અવશ્ય કથા સંભળાવો. આમ શ્રીશોભાબેટીજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીઘનશ્યામજી એકાન્તમાં બેસી શ્રીગોકુલનાથજીના શ્રીમુખથી કથા સાંભળતા.

આવા શ્રીગોકુલેશજીના શ્રીહસ્તમાં શ્રીગુસાંઈજીએ પોતાની લીલામા પછાર્યા પછી ઘરનું સુકાન સોપ્યું. આમ ઘરના અને સર્વ પુષ્ટિસૃષ્ટિના સુકાની સ્વરૂપે પોતે પોતાની કર્તવ્ય સ્વરૂપે આ પુષ્ટિ-સૃષ્ટિના વૈષ્ણવો-જીવોના સુહાગનું પ્રસાદી રૂપ શ્રીમાલા-તિલકનું રક્ષણ કર્યું.

આજે પણ જે ભક્તો સ્વરૂપના લોભી, રસના ભમરા તથા જેઓ શ્રીગોકુલેશ પ્રભુને સાક્ષાત્ શ્રીકૃષ્ણચન્દ્ર તરીકે અથવા તો શ્રીગુસાંઈજીના શ્રીચતુર્થકુમાર કે શ્રીવલ્લભાધીશના પૌત્ર અને તેમનું જ સાક્ષાત્ સ્વરૂપે દર્શન કરે છે, તે સર્વ માટે સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી એક માત્ર માર્ગ રક્ષક તરીકે ઉભરી આવે છે. આપશ્રી આ લીલા સ્વતંત્રરૂપે કરી છે, અને માર્ગની રક્ષા કરી છે.

<u>કારણ ૬</u> :-

મહા ઉત્તમ ભાવોપન્ન ધર્મ માર્ગી અંગીકૃત જે કાંઇ ન્યારી સૃષ્ટિ છે, તેને સ્વરૂપ પ્રભાવના ઐશ્વર્યાદિક જે ધર્મને ધર્મ વડે પોતાના સ્વરૂપનું જ્ઞાપન કરાવ્યું. આ મર્મ છે.

આપ શ્રીગોકુલનાથજીએ પ્રતાપ અને પરાક્રમ તેમજ છ ધર્મોને માલોદ્ધાર (શ્રીમાલા ઉદ્ધાર)ની લીલા દ્વારા મૂર્તિવંત સ્વરૂપે પ્રગટ કર્યા જેવો જેનો ભાવ.

શ્રીપ્રભુ અને શ્રીગોકુલેશજીના સ્વરૂપ રસની અનુભૂતી જીવની યોગ્યતા અને તે જીવને પરમ અનુગ્રહી પાત્ર જાણી કૃપાના પ્રભાવથી કરીને યથાર્થ એ સ્વરૂપનો અનુભવ કરાવ્યો અને તે જીવોને પ્રભુની લીલા, નામ, ગુણ અને સ્વરૂપ સુધી ગમ્ય કરાવ્યા, પરંતુ બીજા જીવનો સ્વરૂપ લીલા સુધી પ્રવેશ નથી.

આમ લીલામાં અંતરંગ જીવ સિવાયના કોઇનો લવલેશ જરાપણ અધિકાર નથી. માટે માલા-ઉદ્ધાર અર્થે આ ભક્તિ માર્ગ દ્દઢ કર્યો, તે દિગ્વિજય કર્યો, આતો શ્રીમહાપ્રભુ શ્રીગોકુલેશ પ્રભુનું વચનામૃત છે.

'શ્રીઆચાર્યને માર્ગકી ધુની ગાઢી હતી, વે શીથલ ભઇ સો ફીર ધુની દ્દઢ કરી. સૌ ઐસી દ્દઢ બૈઠી જો અબકે કહબુ ડીગે નાહીં.'

તે માટે આ કારણ પરાક્રમ ધર્મ ચરિત્ર એકથી એક નિજ ધર્મ સહિત પ્રગટ કર્યુ. આમ આ પરાક્રમ કરીને જે કોઇ મહાભાગ્યવાન છે તે સર્વના અંતઃકરણમાં પોતાનું સ્વરૂપ સ્થિર કર્યું. અજ્ઞાની જીવોને આ સ્વરૂપ હ્દયમાં ન આવ્યું.

પરમકૃપાપાત્ર શ્રીગોપાલદાસભાઇ સમજાવે છે કે, હે મૂર્ખ અજ્ઞાની! તને કાંઇ જ્ઞાન કે સાન નથી તો સાંભળ, આ શ્રીમાલા-તિલકનો ઉત્કર્ષ જગવિદિત છે, જેને કોઇને જાણ્યું નથી, હું તેને કહું છું, તેનું ચિત્તમાં ધરી સાંભળો અને સમજો.

શ્રીઆચાર્યજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી પ્રગટિત જે આ પુષ્ટિમાર્ગ છે, જે આ પુષ્ટિમાર્ગ ધર્મ છે, તે ધર્મની આડે અધર્મ આચરી આ સંસાર-જગતમાં અસિત છે, તે જગતનો ઉદ્ધાર કર્યો. આમ ધર્મનો ઉદ્ધાર ધર્મીએ એટલે કે સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીવલ્લભજી (શ્રીગોકુલનાથજી)એ કર્યો. શ્રીઆચાર્યજીએ પ્રગટિત કરેલા માર્ગ તેની જગત કૃતકૃત થાય. પરંતુ તે ધર્મની ગ્લાની થવાના સમયે શ્રીગોકુલેશ પ્રભુએ સ્વતઃ તે ધર્મના સહાય થયા. સ્વકીય સમાજના ધર્મના ધર્મી શ્રીવલ્લભને આરત હરીને તેનો પરિતાપ રાખ્યો. ઉદ્ધાર કર્તા (શ્રીગોકુલેશજી)એ તે ધર્મો અને એ ધર્મ રસાતાળમાં જતો હતો, તેનો ઉદ્ધાર સ્વયં કર્યો. આ અતુલ કાર્ય સ્વરૂપ વગર બીજા કોઇનાથી પણ થાય નહીં. આમ શ્રીગોકુલેશજીએ પોતાના બળ વડે પુષ્ટિ-ભક્તિમાર્ગને ચિદ્રુપરૂપી આસુરથી ડૂબતો બચાવ્યો, અને શ્રીમાલા-તિલકની રક્ષા કરી; માર્ગ દ્દઢ કરી રાખ્યો, માર્ગનો અનુકર્ણ રાખ્યાં, માર્ગને આશ્રિત ભક્તને રાખ્યા.

''પોતાનો સ્વધર્મ રાખવા ગ્રહ-સંપત્તિ, શ્રીગોકુલ સર્વનો ત્યાગ કરી સોરમજી બીરાજ્યાં અને અલૌકિક અર્થે લૌકિક સંપત્તિ, ગૃહ વગેરે મનમાં ધર્યુ નહિ, અને તેનો ત્યાગ કરી જણાવ્યું. અલૌકિક સર્વસ્વ હશે, તો જ લૌકિક સર્વસ્વ આવી મળશે. અને એતનમાર્ગી વૈષ્ણવોને શિક્ષા આપી અલૌકિક માટે લૌકિકનો ત્યાગ કરતાં ખચકાવું (ખમચાવું) નહિં.''

આવું શ્રીગોકુલેશ પ્રભુએ અસાધારણ પરાક્રમ કરી અસાધારણ યશ જગત્ હિત માટે પ્રગટ કર્યો, તેનો દસે દિશાઓમાં વિસ્તાર થયો.

<u>કારણ ૭</u> :-

જે કોઇ ભગવદી જીવો ભોગવશથી આસુરી યોનિમાં ઉત્પન્ન થયા, અને દૈવી જીવો જે કાશ્મીર બાજુ હતાં, તેમને નામ-નિવેદનનો અધિકાર હજુ સુધી મળ્યો નહિં, તેથી તે જીવોનો અંગીકાર કરવા માટે સ્વતઃ શ્રીપ્રભુએ લીલા પ્રગટ કરી અને આ લીલા દ્વારા તેમને સ્વરૂપનો અનુભવ થાય, તેવો વિચાર કર્યો.

જે જીવને શ્રીપ્રભુની સેવા અને સન્મુખતા સિવાય કોઇ બીજુ સાધન રૂચે નહિ, તેવા જીવનો પોતાની સન્મુખતા અને સેવા દ્વારા અંગીકાર કર્યો.

<u>સન્મુખતા એટલે</u> : જે જીવને માટે સહુમાં શ્રીપ્રભુનો યશ, કીર્તિ અને આચરણ તેમજ જેમને શ્રીગોકુલેશજીને આ જગતનું આભરણ જાણ્યું આવી રૂચી રાખી શ્રીગોકુલેશજીના શ્રીમુખના દર્શન કરી શ્રીચરણશરણમાં જાય તે સાચી સન્મુખતા.

આમ કાશ્મીરના જીવો સન્મુખ થયા, શરણાગત થયા. અને તેમનો શ્રીગોકુલેશજીએ અંગીકાર કર્યો, તેવાં હતા આસફખાન, ઇતબારખાન વગેરે મ્લેચ્છો.

આમ શ્રીગોકુલેશજીની કૃપા દ્વારા ત્યાંના (કાશ્મીર) જીવોનું મહેનત વગર જગત કૃત્ય થયું, દાસભાવે હતા તે આનંદ પામ્યા. આમ શ્રીગોકુલેશ પ્રભુએ પુષ્ટિમાર્ગીય માલા વિષયક યશ પ્રગટ કરીને ઉત્કર્ષ-નિરોધ કર્યો. આવા ગોપ્ય અને પ્રગટ ઘણાં કારણ કેમ કરીને કહેવાય! એ તો ફક્ત પ્રભુની કરૂણા-કૃપા થાય તો જ કાંઇ સમજાય. આમ માલોદ્ધાર લીલાએ કરીને ઉગ્રહ ચરિત્ર પોતે પ્રગટ કર્યો.

ત્યાં એક વૈષ્ણવ માલા પોતાના કંઠેથી ઉતારવા અંગે કહે છે, શ્રીગોકુલેશ રાજ તો ઇશ્વર છે, માળા પહેરી તો શું? અને ના પહેરી તો શું? પણ જો અમે પ્રથમએજ માલા (શ્રીતુલસીની માલા) પોતાના કંઠમાંથી ઉતારીશું તો પછી આ પાખંડી સંન્યાસીનો જોર-જુલમ વધી જશે અને જોર જુલમ કરતો રહેશે, તેની ઉપર અમો મરવા તૈયાર થયા છીએ. પણ જો રાજ (શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુ) માલા ઉતારશે, તો અમો બધાં રાજ પર હવે મરીશું. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુ બોલ્યા, આવું તમો વિચારો નહિં, હું ક્યારે પણ માલા નહિં ઉતારું. જેનો પોતાનો ટેક, ધૈર્ય, પ્રભુને સમર્પ્યો છે. શ્રીગોકુલેશ પ્રભુએ ધૈર્યનું પોષણ કર્યુ એવા એ ભાગ્યવાન શૂરવીર, ધીરજવાન ભગવદીઓ તે સમયે શ્રીગોકુલેશ પ્રભુ સાથે હતા. શ્રીગોકુલેશજીએ ઘનશ્યામજીને પુછ્યું <u>તમારો નિર્ણય શો છે? કર્તવ્ય શો છે?</u>

ત્યારે શ્રીઘનશ્યામજી કહે છે, દાદાની ઇચ્છા એજ અમારી ઇચ્છા, અમો બધા તમારી પાછી છીએ, તમો જે કરશો તે સત્ય છે. આમ પ્રભુએ સર્વના હૃદયનો ટેક અને ધર્મ જોયા.

ભાવત્ક :- રાજેન્દ્રભાઇ કડકીયા, યુ.એસ. એ

राग भैरव :- वल्लभकुलमें कलहंस कुल कलशा।। भक्त राखी चार्यौ वेद वंदे साखी तिलक अरू माल पहेरि सांचै तिलसा ।। १ ।। कलियुग कलिमें कीरति भइ तिहुं लोक जस गावै नारीनर घरघर सरसा ।। बालकृष्ण बलिहारी कहांलौ कहै तिहारौ गोकुलकै नाथ चिरंजीवौ कोटि वरीसा ।। २ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોપાલદાઈ ભાઈ વ્યારાવાળા કૃત માલોદ્ધાર ગ્રંથે વર્ણવેલી પૂર્વપીઠિકા સહિત

મઠપતિ કલ્યાણ ભટ્ટ

વિરચિત

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત

કલ્લોલ ૭, ૮, ૯ અર્થાત્ શ્રીમાલા પ્રસંગ.

-: પ્રસ્તાવના :-

શ્રીવિઠ્ઠલેશકુમાર, શ્રીમહારાજા રાજેશ્વર, રસિકરાય મુકુટમણિ, રસાનંદભર, સદા પ્રસન્ન, રસાવેશ, રસભાવ ભાવિત, રસાનંદ દાયક, મહાનાયક, વરવરેન્દ્ર, અગણિતાનંદ, મૂર્તિમાન, આનંદ વિગ્રહ, આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ, રસમય, રસાર્ણવ, ભક્તપ્રાણપ્રિય, ભક્તનું સર્વસ્વધન, રસિશિરોમણિ, ભક્તેચ્છાપૂરક, કરુણાસમુદ્ર એવા સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુનો માતા શ્રીરૂક્મિણીજીની સૌભાગ્ય કુખે સં. ૧૬૦૮ના માગસર સુદ ૭ને શુક્રવારે રાત્રિ ઘડી છપ્પન પલ વીતી ગયે પ્રાદુર્ભાવ થયો. બાલ અને પૌગંડ અવસ્થાનાં અગિયાર વર્ષ અડેલમાં આપશ્રીએ પોતાના પિતૃચરણ શ્રીગુસાંઈજી સાથે નિવાસ કર્યો.

શ્રીગુસાંઈજીએ અડેલ છોડી શ્રીવ્રજભુમિ શ્રીમદ્ ગોકુલમાં નિવાસ કરવાનો વિચાર કર્યો, ત્યારે માર્ગમાં ત્રણ વર્ષ ગઢામાં નિવાસ કર્યો, ત્યાં રાણી દુર્ગાવતીને અખૂટ રસનું દાન કર્યું. ત્યારબાદ બહુ ટુંક સમય શ્રીગોકુલ બિરાજી સંજોગોવશાત્ શ્રીગુસાંઈજીએ મધુપુરી (મથુરા)માં ૬ વર્ષ, ૩ માં, ૧૧ દિવસ નિવાસ કર્યો. ત્યાં શ્રીગોકુલેશજીનાં વેણાભટ્ટનાં દીકરી શ્રીપાર્વતી વહુજી સાથે બહુજ ધામધૂમથી લગ્ન થયાં; અને પછી સં. ૧૬૨૮ના ફાગણ વદ ૭ને શુભ દિને કાયમી નિવાસ માટે શ્રીગુસાંઈજી શ્રીમદ્ ગોકુલમાં પધાર્યા, અને પોતે સં. ૧૬૪૨ના પોષ વદ ૭ને પરોક્ષ દેખાડ્યું. (નિજધામ પધાર્યા). ત્યાં સુધી શ્રીગોકુલેશજીએ પિતાજીના વાત્સલ્ય ભાવનો અનુભવ કર્યો.

શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજી સેવ્યસ્વરૂપ જેમના માથે પધરાવી આપ્યું છે; એવાં શ્રીચતુરશિરોમણી શ્રીગોકુલેશજી પોતે સ્વતંત્રપણે શ્રીગોકુલમંદિરમાં ભક્ત સમાજ પરિવેષ્ટિત, શ્રીબેઠકમાં રાજધાનીએ બિરાજી ભક્તસમાજને અનેક વિધ સુખ આપ્યાં. અને અનેકવિધ લૌકિક અલૌકિક લીલાનો આદર કર્યો. એ રાજધાનીનું વર્ણન કરતાં વલ્લભદાસ ત્રીકમદાસે શ્રીભક્તરાજ વલ્લભરત્ન રસાલય ગ્રંથના પહેલાં મંગળમાં: ‘શ્રીગોકુલેશ વર મહાપ્રભુ।

પ્રાગટ્ય ભક્તને કાજ; પ્રભુની રાજધાનીએ'થી શરૂ કરી ૧૦૨ કડીમાં ગાયું છે. એ જોવાથી એ રાજધાનીનો તાદશ ચિતાર અનુભવી શકાશે.

જેમણે શ્રીમાલા-તિલકના રક્ષણ માટે ૬૮-૬૯ વર્ષની પાકટ ઉંમરે ચીદ્રુપ જેવા વામમાર્ગી પાખંડી સંન્યાસીની ઉશ્કેરણીથી તે વખતના બાદશાહ જહાંગીરના શ્રીમાલા-તિલક સામેના ધર્મ વિરૂદ્ધિ શાસનો સામે પડકાર ફેંકીને ધર્મને નિર્મૂળ થતો અટકાવવા માટે અથાગ પરિશ્રમ કર્યો, અને સં. ૧૬૭૭માં કાશ્મીરનો તે સમયનો વિકટ પ્રવાસ ખેડ્યો, ત્યાં જહાંગીર સાથે તત્ સંબંધી વાદ વિવાદ કર્યો. અને શ્રીમાલા-તિલકના રક્ષણ માટે શ્રીમદ્ ગોકુલ અને શ્રીમદ્ ગોકુલના વૈભવનો ત્યાગ કર્યો. અને સોરમજી નિવાસ કર્યો. ત્યારબાદ બાદશાહને પોતાના કૃત્ય માટે પસ્તાવો થતાં આદર સહિત શ્રીગોકુલેશ પ્રભુને શ્રીગોકુલ પાછા પધારવા આગ્રહ કર્યો અને શ્રીમાલા-તિલકના ધર્મને અવિચલ કરી ભક્તિમાર્ગ દૃઢ કરી પોતે શ્રીગોકુલ હંમેશાને માટે બિરાજ્યાં. શ્રીમાલા-તિલકનું મહત્ત્વ આજે સૃષ્ટિ બહુ ઓછુ સમજે છે.

લગભગ પોણા ચારસો વર્ષ પહેલાંની આ ઘટનાનું વર્ણન જે શ્રીગોકુલેશ પ્રભુના અંતરંગ એવા શ્રીકલ્યાણ ભટ્ટજીએ સંસ્કૃતમાં કર્યું છે તે ગુજરાતીમાં પ્રસિદ્ધ કરીએ તો આપણા જેવા અબોધને વાંચનથી પ્રેરણા મળે, રસ ઉત્પન્ન થાય અને માર્ગમાં પ્રવેશ થાય, શ્રીગોકુલેશ પ્રભુજ આ મનોરથ સફળ કરશે. આવા ઉદારરાય શિરોમણી શ્રીગોકુલેશજીનો અનેક અંગવદ્ ભક્તસમાજ છે. તે સમાજે શ્રીગોકુલેશજી દ્વારા અનેક રીતે અલૌકિક રસાનુભવ કર્યો. પોતે ૮૯વર્ષ સુધી ભૂતલ પર બિરાજી સં. ૧૬૯૭ના મહા વદ નોમ (વ્રજ ફાગણ વદ નોમ)ના દિને નિજધામ પધાર્યા, ત્યાં સુધી અંગવદ્ શ્રૃષ્ટિને ભૂતલ પર અનેક વિધ સુખો પ્રદાન કર્યા.

શ્રીગોકુલેશજી નિજધામ પધાર્યા પછી લગભગ એંસી જેટલા ભક્તોએ વિરહાવસ્થાથી પીડિત થઇ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણે લીલામાં અનુસર્યા હતા, અને એ સમાજ પૈકી કેટલાક અંગવદ્ ભગવદીઓએ શ્રીગોકુલેશ પ્રભુના સાનિધ્યમાં અને કેટલાકે વિરહદશામાં નિજેચ્છાથી ભૂતલપર રહી આપશ્રીના ગુણાનુવાદ ગાયા છે. તેમાંના કેટલાકનો પરિચય અહિં સંક્ષેપમાં આપીએ છીએ.

પરમ કૃપાપાત્ર શ્રીગોકુલભાઇજીએ શ્રીસ્વરૂપાનંદોચ્છવ રસલીલા (મોટો મહોચ્છવ)એ નામનો ૧૧૩ માંગલ્યનો ૮૫૦૦ કડીઓ રચીને એક ગ્રંથ લખ્યો છે, જેમાં શ્રીગોકુલેશ પ્રભુના પ્રાગટ્ય, મહોત્સવ ઉપરાંત વર્ષના સઘળા ઉત્સવોનું વર્ણન કર્યું છે, અને બીજાં અનેક ધોળ કર્યાં છે.

વ્યારાના ભક્તવત્સલ શ્રીગોપાલદાસભાઇએ શ્રીગોકુલેશ રસાબ્ધિ ક્રીડા કલ્લોલ ગ્રંથ રચ્યો છે, જેના પાંચ ભાવ છે. ૧. પ્રાગટ્ય સિદ્ધાંત, ૨. રંસિક રસગ્રંથ (ગુજરાત પ્રસંગ), ૩. તૃતીય તરંગ (શ્રીગોકુલેશ પ્રભુનો ગૃહસ્થાશ્રમ), ૪. ચતુર્થ તરંગ (માલોદ્ધાર), ૫. પંચમ તરંગ (નિત્ય ચરિત્ર), એમ લગભગ ૨૪૦૦૦ કડીઓથી પૂર્વજોના ઇતિહાસ સાથે શ્રીગોકુલેશ પ્રભુના જીવન ચરિત્ર લખ્યું છે; અને ૧૧૦૦૦ કડીઓમાં સ્વરૂપ રસાવલી ગ્રંથ લખી શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપ વર્ણન, આહ્નિક ક્રિયાઓ, દિન પરિચર્યા સહિત વર્ણવ્યું છે.

તદુપરાંત પાછળથી સૃષ્ટિને શ્રીગોકુલેશ પ્રભુમાં સન્મુખતા, નિરોધ કરાવવા અને સ્વરૂપનું દાન કરાવવા માટે તત્ત્વાર્થદોહન, મન પ્રબોધ, ભક્તભાવાર્થ ગ્રંથો અને અનેક ધોળ, પદ અને વિનંતીઓ ગાઇ છે. પરમ નૈષ્ઠિક

મહાવદાસજીએ રસસિંધુ, રસાલય, રસકોષ, રસાર્ણવ, તાત્પર્ય બોધ, વલ્લભગીત, સજ્જનખંડન, ગૂઢરસ, શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ, વગેરે ગ્રંથો સાથે અનેક ધોળપદ અને વિનંતીઓ કીધી છે. મૂલ ભરૂચ નિવાસી નાથભાઇના પુત્ર હરિદાસભાઇએ અનુભવાનંદ, ભક્ત સુખદ મંજરી, વિરહ ગીતા, વલ્લભશણગાર વગેરે ગ્રંથો અને અનેક ધોળ પદ રચ્યાં છે.

વડોદરાનાં ભગવદી ગોકુલદાસ નાગરે હુલ્લાસ રસગ્રંથ (પાલખીનાં સુખદ) પ્રાગટ્ય રસ ઉચ્છવ, ૨૧ ધોલ કરી નિત્ય ચરિત્ર આદી લખ્યાં છે. ગોકુલદાસ નાગરના નાના ભાઇ વેણીદાસ નાગરે ગોવર્ધન ગમન-આગમન નામનો ૬૨ મંગળોએ કરી ગ્રંથ લખી તેમાં ગ્રીષ્મ ઋતુની ગોવર્ધનલીલા વિસ્તારથી વર્ણવી છે. દાદા નારાયણજીના પુત્ર ત્રિકમદાસ જેમણે શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખે મહા ઉદાર કહ્યાં છે, તેમના પુત્ર પરમ નિષ્ઠાવાન ભગવદી વલ્લભદાસે વલ્લભ રસાલય (મહોત્સવના દિવસની લીલા), વલ્લભ ચરિત્ર, ભાગ્યરાસ ચરિત્ર, ઉચ્છવ સિદ્ધાંત નિર્ણય, નવરસ, ઠાકોરદ્વારનો પ્રસંગ વગેરે ગ્રંથો લખ્યાં છે. તદુપરાંત તેમણે સમય સમયનાં અનેક ધોળપદ લખ્યાં છે. હરિદાસ નાથભાઇના દીકરી, રસાનુભવી ગોમતીબેને ૫૬ મંગળોમાં ૧૧૦૦૦ કડીઓનું શ્રીગોકુલેશ પ્રભુનું નિત્ય ચરિત્ર લખ્યું છે.

ભગવદી સુરજી ભાર્ગવે ત્રીસ મંગલોમાં ભક્તરાજ વલ્લભ રત્ન રસાલય ગ્રંથ કીધો છે, તેમાં શ્રીગોકુલેશ પ્રભુના અનેક ભક્ત સમાજની નામાવલી સૂચનિકા માત્ર આપી છે. તેના શરૂઆતમાં બે ધોળ પ્રથમ ઉલ્લેખ કર્યા પ્રમાણે વલ્લભદાસભાઇએ લખ્યાં છે. અનન્ત કૃપાપાત્ર ગોકુલભાઇજીના પુત્ર નાગરદાસભાઇએ સેવા સિદ્ધાન્ત, જ્ઞાન પ્રબોધ, વલ્લભલીલા વગેરે ગ્રંથો અને ાનેક ધોળ, દોહા કવિત લખ્યાં છે.

એ પ્રમાણે કલ્યાણ ભટ્ટે સંસ્કૃતમાં શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ નામનો ગ્રંથ રચ્યો છે. જેના પંદર ભાગ છે. પ્રત્યેક ભાગને કલ્લોલ કહેવામાં ઓ છે. પ્રત્યેક કલ્લોલમાં દશાધિક તરંગો છે. આ ગ્રંથના લગભગ આશરે ચાલીશ હજાર શ્લોકો છે. આખો ગ્રંથ કલ્લોલજીના ટુંકા નામથી ઓળખાય છે. એ પૈકી ચૌદમા કલ્લોલમાં શ્રીગોકુલેશજીના વચનામૃતો છે, અને શ્રીગોકુલેશજીની દષ્ટિ સમજવા માટે અત્યન્ત ઉપયોગી છે. કલ્લોલ ૭, ૮, ૯ એમ ત્રણ ભાગ શ્રીગોકુલેશજીના ચિદ્રુપ સન્યાસી અને બાદશાહ જહાંગીર સાથેના સંઘર્ષનું નિરૂપણ કરે છે. અને તેમને માલા પ્રસંગ નામે ઓળખવામાં આવે છે. એ ગ્રંથના પ્રત્યેક કલ્લોલનું નામ આ પ્રમાણે ગ્રંથકારે આપ્યું છે.

શ્રીગોકુલેશ પ્રાદુર્ભાવ, શ્રીગોકુલ શુભ પ્રવેશ, શ્રીમથુરા ગોકુલ વિહાર, સિકંદરપુરાદિ વિહાર, સ્તંભપુરાદિ (ખંભાત) વિહાર, શ્રીગોકુલાનંદ, અસુર તિરસ્કાર, સાર્વભૌમવિજય, ભાગીરથી કૃતાર્થીકરણ, દિન વિશ્રામાવધિ વિનોદ, સાયાં અવધિ વિનોદ, રાત્ર મંગલવૃત્ત, નિભૃત રસવિહાર, શ્રીમુખ શ્રીમદુક્તિ મુક્તા, મહામહોત્સવ. આ કલ્લોલજીનો વ્રજભાષાનુવાદ હાલમાં ઉપલબ્ધ છે જેણે મથુરાવાલા શ્રીરમણલાલજી મહારાજના કૃપાપાત્ર શ્રીલોકનાથ પંડિતજીએ શ્રીરમણલાલજી મહારાજની આજ્ઞાએ કર્યો છે.

માલોદ્ધાર નામે શ્રીમાલા પ્રસંગ જે પરમ ભગવદીય ગોપાલદાસભાઇ વ્યારાવાળાએ ગુજરાતીમાં પદ્યમાં પ્રકટ કર્યો છે. તે ઘણાં સ્થળોએ વાંચવામાં આવશે. પણ આપણે બને એટલું સરલ સ્વરૂપ એટલે ગદ્ય સ્વરૂપે વાંચીશું.

પૂર્વ પીઠિકા

શ્રીગોપાલદાસભાઇ વ્યારાવાળા કૃત શ્રીગોકુલેશ રસાબ્ધિ ક્રીડા કલ્લોલ ગ્રંથ અન્તર્ગત ચતુર્થ તરંગે (શ્રીમાલોદ્ધાર પ્રસંગ) પ્રથમ માંગલ્યે વર્ણવેલી પૂર્વ પીઠિકા લખીએ છીએ ।। શ્રીગોકુલનાથ બડો મહારાજ । માલા તિલકકી રાખી લાજ ।। દિલ્લી પતિકો પડછો દીયો । ભક્ત મનોરથ પૂરન કીયૌ ।।

મહા ભગવદી ભાવે ભર્યા રસ ભર્યા અંતઃકર્ણ ।। નૈષ્ટિક રસિક વલલ્ભ તણા તેહના ઉપાસું ચર્ણ ।। ૧ ।।
નમન કરી નાના પ્રકારે વિનવું બહુવાર ।। કેવલ સ્વરૂપ અનુભવ તણું છે એહ મહારે દ્વાર ।। ૨ ।।
એહને પ્રાર્થિ પ્રેમ સહિત મનમાંહે કીધી હામ ।। તે એહોની પદરજ થકી સહુ થશે પૂરણ કામ ।। ૩ ।।
એહ લીલા જાણવા સાધન એહ સમાજ ।। થયું છે ને થશે સહુ એહથી મહારૂં કાજ ।। ૪ ।।
મનોરથ મનમાં ધર્યો એહોને બળે નિરધાર ।। લીલા મલોદ્ધારની કાંઇ એક કરૂં વિસ્તાર ।। ૫ ।।
જે માંહે પરાક્રમ પ્રબલને માંહે ભક્તનો ઉત્કર્ષ ।। કેવળ સ્વરૂપાધિક્ય અતિશે સ્વકીયનો જે હર્ષ ।। ૬ ।।
માર્ગની પ્રાબલ્યતા અને ધર્મ રક્ષક ટેક ।। અહંકારીઓના માન મરદી કર્યા વિષય અનેક ।। ૭ ।।
કીર્તિ જશ દશોદિશ પ્રગટ કરવાને પ્રગટ પ્રતાપ ।। જગતના ભક્તને વેશધારીનો હર્યો પરિતાપ ।। ૮ ।।
શ્રંગાર આદે નવે રસે સૂચન કર્યો છે જ્યાંહાં ।। ઐશ્વર્યાદિ ધર્મનું નિરૂપણ છે એ માંહાં ।। ૯ ।।
જ્ઞાતા અજ્ઞાતા સુર અસુર જેહને જે જશ પ્રિય ।। તે સર્વનો ઉદ્ધાર કરવા પુરૂષને જે સ્ત્રીય ।। ૧૦ ।।
વાદીના મુખ મર્દવા પાખંડ ખંડણ કાજ ।। એ અતુલ લીલા આદરી આચરી વલ્લભરાજ ।। ૧૧ ।।
તિલક માલા મુદ્રાએ કરી અભય કીધો ધર્મ ।। તે વિશદ કરી ક્યાંહાં લગી કહું છે અનેક એવા મર્મ ।। ૧૨ ।।
એણે કારણે કારણ સહિત કારજ કર્યા જે અનેક ।। તે સ્વરૂપ સહિત વિશદ કરીને કહું એહ વિવેક ।। ૧૩ ।।
શ્રીગોકુલેશ મહા ગુણનિધિ ગુણ ધર્મ જેહને શર્ણ ।। રસાશ્રય અતિ રસિકવર ધર્માશ્રિત લીલાકર્ણ ।। ૧૪ ।।
અખિલ ધર્મરક્ષક અને સ્વધર્મ સ્થાપન પર ।। ભક્તધર્મના વિવર્ધક સદ્‌ભક્ત વાછલ ભર ।। ૧૫ ।।
શોકને સંતાપ શોષક ભક્તોદ્ધાર પૂરણ ।। ભક્તના ચિંતામણિ અને જગત વ્યાળ હરણ ।। ૧૬ ।।
સકલ સંસારીયને દર્શન માત્રે કરીય ।। અમંગલનાશણ સદા શુભ ભક્ત ભાવે ભરીય ।। ૧૭ ।।
સંસાર સિંધુ નિમગ્ન તારણ અતિ અતુલ વરજવાન ।। મહા પ્રચંડ પ્રતાપ પૂરણ રસિકના રસદાન ।। ૧૮ ।।
અસત્ માર્ગાશ્રિતાંનેક વાદેન્દ્ર મુખ મરદીય ।। અજીત જીત લૌકિક અલૌકિક જગત માંહે વીરદીય ।। ૧૯ ।।
આચાર્ય પ્રગટિત માર્ગના રક્ષક પાલક નામ ।। વાંછીતાર્થ પૂરકને એ કલ્પલતા તરૂ કામ ।। ૨૦ ।।
કરૂણાએ પૂરીત પ્રગટ કલ્લોલ ભર્યા કટાક્ષ ।। વિમલ ઈક્ષણ અભિનવું તે ભક્ત ભાવ પ્રકાશ ।। ૨૧ ।।
જગતને આરાધ્ય પાદાંબુજ પરમ સકુમાર ।। મુનિગણ સુરાસુર મનુજ વિદિત જાવદીક નરનાર ।। ૨૨ ।।
કીર્તિવંત જશવંત ગુણવંત જશપ્રિય એહને ઘણું ।। કહેવાને એ મહાપ્રભુનો જશ સામર્થ નહિં કહેતણું ।। ૨૩ ।।
જેહના વિમલ જશસિંધુમહાં અખિલ બ્રહ્માંડ રૂપીપાત્ર ।। જેહ જાને નવાવત થૈ તરે સૌક્ષમ માત્ર ।। ૨૪ ।।
એહોની ઉજ્વલ પરમ સુંદર કીર્તિ કાંતિ જેહ ।। કપોલ તેહના વિશે સોહે એક અનુપમ એહ ।। ૨૫ ।।
આકાસ અવનિ એનીપેરે દીસે તે એહ પ્રકાર ।। જાણે કીર્તિ કર્તાયે તે નિર્મ્યા તિલ તણા આકાર ।। ૨૬ ।।

એહવી મોટી કીર્તિને એહવો જશ વિસ્તાર ॥ તેહનું વર્ણન કરવા હું ન પામું પાર ॥ ૨૭ ॥
એહવો એ મહાવિભો શ્રીવિઠ્ઠલેશકુમાર ॥ શ્રીવલ્લભજી કેવલ સ્વતંત્ર સારનું જે સાર ॥ ૨૮ ॥
શુદ્ધ રસ રસાત્મિક અને એ પરમ કાષ્ટા પન્ન ॥ અનાદિ પુરૂષોત્તમોત્તમ વ્રજ પ્રતિય આણી મન ॥ ૨૯ ॥
નિત્ય લીલા કરતાં મહાં એક સય થઇ કૃપાધીન ॥ મન કર્યું શ્રીપ્રભુજીએ મહાજાણ રસિક પ્રવીણ ॥ ૩૦ ॥
અખિલ મંડલધરાને વ્રજનાનંદનો ભોગ ॥ ભાવાનુભવ કરાવીયે પોતે કરી સંજોગ ॥ ૩૧ ॥
એહ અનુભવ ભોમીને તે હવો નથીય લગાર ॥ તેહનું કારણ કહું છું સહિત મૂળ પ્રકાર ॥ ૩૨ ॥
પૂર્વે પુરૂષોત્તમતણાં પ્રાગટ્ય હવાં અનેક ॥ તેણે વ્રજમધ્યે પ્રાગટ્ય કરીને કર્યો વિવેક ॥ ૩૩ ॥
શ્રંગારાત્મિક મુખ્ય ભજના નંદલીલા ધરિય ॥ પ્રાગટ્ય જેણે પ્રયોજને તેટલી તેશું કરીય ॥ ૩૪ ॥
પણ બીજા દેશ અનેકને વલી દેશાંતર છે જેહ ॥ એહ રસ વિના અમથા રહ્યાં તેહનું કારણ જેહ ॥ ૩૫ ॥
એ લોકોત્તર શ્રંગારાત્મિક પરમ કાષ્ટાપન્ન ॥ ભજનાનંદ મુખ્ય રસ વ્રજ વિના નહિં સંપન્ન ॥ ૩૬ ॥
તે વ્રજતો અનાદ્ય જે પુરૂષોત્તમ મુળરૂપ તે ભિન્ન ॥ જેહ શ્રીગોકુલપતિ તેહને છે આધીન ॥ ૩૭ ॥
એહોથી ક્યારે એહ વ્રજ અલગું તે થાયે નહિ ॥ અને આદ્ય પુરૂષોત્તમ તે વ્રજને આધીન છે અહીં ॥ ૩૮ ॥
તે વ્રજથકી અલગા રહે ત્યારે હોય એ ભિન્ન સ્વરૂપ ॥ યહાં વ્રજ સદા સાથૈ ફરે કારણ એહ અનુપ ॥ ૩૯ ॥
એણે અભિપ્રાયે પૂર્વે બીજે તે પ્રાગટ્ય ધરીય ॥ દેશાંતર વિશે લીલા શક્ય નહિ કો કરીય ॥ ૪૦ ॥
અને અનાદ્ય પુરૂષોત્તમ જે શ્રીગોકુલકેરો નાથ ॥ વ્રજતે સકલ શ્રંગાર કરીને સદા રહે એહો સાથ ॥ ૪૧ ॥
અનેક સામગ્રી સહિત ધરી આધિદૈવિક અંગ ॥ જ્યાંહાં શ્રીગોકુલપતિ પધારે ત્યાંહાં એ સંગ ॥ ૪૨ ॥
એ શ્રીજીયે શ્રીમુખ થકી કહ્યું છે અતિ રસ માંહે ॥ જ્યાં હાં હમ ત્યાંહાં ગોકુલ રહે હમ કહબુ છાંડે નાહે ॥ ૪૩ ॥
ન છાંડે હમ ગોકુલકું ન ગોકુલ છાંડે હમે ॥ એહવાં વચન પોતે કહ્યાં છે પ્રગટ કરી મહાતમે ॥ ૪૪ ॥
માટે જ્યાંહાં એ મહાપ્રભુ ત્યાંહાં લીલા રસ ઉપયોગણી ॥ સામગ્રી સહુ સિદ્ધને સાંપ્રત્ય છે અતિ ઘણી ॥ ૪૫ ॥
એ સ્વરૂપ સર્વદા એક રૂપે સદા પૂરણ કામ ॥ પ્રદેશે પ્રેમાભિસરણ જગતનો અધિક રસ અભિરામ ॥ ૪૬ ॥
કલા અધિકને અધિક શોભા અધિક રસનો ભોગ ॥ અધિક અધિક પ્રગાપ પ્રગટે અધિક સુખ સંજોગ ॥ ૪૭ ॥
એ સુખ તણો અનુભવ કરવા લીલામાંહેથી આપ ॥ પ્રથમ ભક્ત પ્રગટ કર્યા તેહનો લહી પરિતાપ ॥ ૪૮ ॥
અને વલી મહાપ્રભુજીએ શ્રીગોસાંઈજીનો લહી ભાવ ॥ નિજ અનુરાગ પોષક કૃપાની વિનતિ માની ચાવ ॥ ૪૯ ॥
ભૂતલ મધ્યે પ્રેમ પૂર્વક કૃપા લીધાં સાથ ॥ મહા વિચિત્ર પ્રગટ કીધું સ્વતહથી નિજ નાથ ॥ ૫૦ ॥
ધરા મંડળને કરે વ્રજનંદ રસ મહાદાન ॥ સદ્‌પાત્ર અતિ પ્રેમે ભર્યા તે કરે છે રસપાન ॥ ૫૧ ॥
લીલા સહુ ઈચ્છા સામર્થે પ્રથમ સૂચન માત્ર ॥ કહી આવ્યા આદિથી જાણે તે એ રસપાત્ર ॥ ૫૨ ॥
તે સ્થલતણી ગણના કરૂં જ્યાંહાં અનુસર્યા ગોકુલભૂપ ॥ વિરંચિ વેદ ન ભેદ જાણે કારણ પરમ અનુપ ॥ ૫૩ ॥
જે પ્રયાગમાંહાં પ્રાગટ્ય કરીને ગઢે પધાર્યા રાજ ॥ ફરી શ્રીગોકુલ દઢવાસ કરી ભક્તનાં સરીયાં કાજ ॥ ૫૪ ॥
પછે પ્રથમ રસદાનાર્થ મહાકારૂણિક પરમકૃપાલ ॥ કૃપા આરત સહિત સ્વતહ થકી તે કરી સંભાલ ॥ ૫૫ ॥
દ્વારિકાને મિસે જઇ સૌભાગ્યવતી ગુજરાત ॥ પોધારિયા પ્રેમે સહિત ભાવાતુર બહુ ભાંત ॥ ૫૬ ॥

ભક્તના ભાગ્ય વિસ્તારીયાં પોતે થકી મહારાજ || મનોરથ થકી તે અધિક કરી પૂરણ કર્યો એ સમાજ || ૫૭ ||

દ્વારિકામાંહા દ્વિજનારને રસ ઢલ્યા આનંદ કંદ || અનુભવ કરાવ્યો તેહને મહારસિક ભજનાનંદ || ૫૮ ||

ક્ષેત્રને સામર્થે ભક્તિનું દ્દઢ કર્યું તેણીવાર || સંતોષ સહિત રણછોડજીના કર્યા પ્રકાર || ૫૯ ||

વલતું સંપૂરણ દેશ દેશાંતરે ઠામ ઠામ || વિજય કરી રસરૂપ ક્યાંહાં લગી કહું નામ || ૬૦ ||

જથાજોગ્ય અધિકાર ભેદે સ્થાવર જંગમ જેહ || રસવૃષ્ટિ સિંચન કર્યું સનમુખ થયું સહુ જેહ || ૬૧ ||

પછી પોધારીયા જ્યાંહાં કુરૂક્ષેત્ર ને હરિદ્વાર || એ પાસના સહુ ભક્તને કૃતકૃત્ય કર્યા તેણીવાર || ૬૨ ||

નિમિત્યાનિમિત્તે અનુષંગીકૃત તીર્થના મહાતમ્ય || વિસ્તાર્યા વિદ્યોગતિ સહિત જ્યાંહાં ઇતરનો નહિ ગમ્ય || ૬૩ ||

ધર્મ નેમ ને દાનની નિત્યતા કીધી સિદ્ધ || સહુ પરમાનંદિત હવા અવિલોકીયા મહાનિદ્ધ || ૬૪ ||

વળતાં તે શ્રીગોપાલના વિવાહને ઉદ્દેશ || સાહાજાદાપુર થઇ પધાર્યા પ્રયાગ તીર્થવરેશ || ૬૫ ||

પોતાના પ્રાગટ્ય સ્થલની હરિ અતિ આરત || બાલ લીલા સુખાનુભવ અનુભવ તણી કરી સુરત || ૬૬ ||

ત્રિવેણિને દુષ્ટ સંગનું નિવારી દુઃખ || ત્યાંહાં અનેક દૈવીને અંગીકરી આપીયું અતિ સુખ || ૬૭ ||

પૂર્વ ત્યાગ દીશે પોધાર્યા પશ્ચિમે ગુર્જર દેશ || દક્ષણ તાપીપુર લગી હવે ઉત્તર કરે પ્રવેશ || ૬૮ ||

એમ દિશાને વિદિશા અંગીક્રત કર્યા આણી મન || જ્યાંહાં જ્યાંહાં પદ કમલ ધર્યા હવો રસ સંપન્ન || ૬૯ ||

આચાર્યજી ગુંસાઇજી પોધાર્યા નહિ ઉત્તર અનારજ દેશ || ત્યાંહાં આપુ જઇ અને સ્વરૂફ બલથી કર્યો તેહ વરેશ || ૭૦ ||

એમ ભૂતલ મધ્યે સર્વત્રએ સ્વરૂપ પ્રાબલ્યે કરીય || સ્વરૂપાનંદ સુખ આપણે શ્રીગોકુલ આવ્યા ફરીય || ૭૧ ||

આકર્ષ્યા એક રૂફ ગુણથી સહિત રસને સાજ || સ્વરૂપમારગી અતિ સુખદ આવ્યો તે સર્વ સમાજ || ૭૨ ||

શ્રીગોકુલમાંહાં ગૃહસ્થાશ્રમે સંવલિત પરમાનંદ || અનિર્વચનીય સ્વતંત્ર કરે લીલા ભજનાનંદ || ૭૩ ||

તે સ્વરૂપ મારગી પાત્ર રસના પરમ અંગતંગ ભક્ત || એ સ્વરૂપશું સમ્યક પ્રકારે થૈય અનુરક્ત || ૭૪ ||

જથારથ રસ અનુભવી અનુભવ કરાવે જેહ || અતિ અનિર્વચનીય કેમ કહું વચને ન આવે તેહ || ૭૫ ||

વર્ણાશ્રમે વેષ્ટિત લોકરીતે લીલા જે પુષ્ટ પુષ્ટ || કરતા મહાપ્રભુજી મનમાંહાં થઇ સંતુષ્ટ || ૭૬ ||

સર્વાત્મના એમ ઉપન્યું કેવલ સ્વરૂપ સામર્થ || જગતીતલે સહુ જગતના ઉદ્ધાર કેરે અર્થ || ૭૭ ||

પ્રતાપ સામર્થ સહિત એક અસાધારણ જશ || પ્રગટ કરીય પોહોમીતલ મન વસ્યું કૃપાવશ || ૭૮ ||

તો જ્યારે ભગવદ્ પ્રાગટ્યે જશ પ્રગટ થયો છે નિત્ય || ત્યારે ત્યારે ભક્તદ્વારા પામી કાંઇ નિમિત્ત || ૭૯ ||

તે માટે પ્રભુજીયે કીધો તે મન વિચાર || વૈષ્ણવનું રહસ્ય જે આધિદૈવિક માલાને મહાસાર || ૮૦ ||

તે માલા દ્વારાએ મહાજશ પ્રગટ કર્યા એ સાજ || સંસાર સાગર પાર કરવા પ્રગટ બાંધી પાજ || ૮૧ ||

જુગ જુગ વિષે જ્યારે સાધુને દુષ્ટે તે દીધું દુઃખ || પોતાને અંશ કલા અવતારે રક્ષા કીધી મુખ્ય || ૮૨ ||

ત્યારે તે જશ અતિ પ્રગટ થયો છે જગતમાંહાં વિસ્તાર || તે પ્રમાણ ગ્રંથે વિશદ છે કહેતા ન આવે પાર || ૮૩ ||

તે આંહી લીલા વિરૂદ્ધ દુઃખદ દુષ્ટ સમૂલ || દંડધારી પાખંડી સમજે તે નહિ નિર્મૂલ || ૮૪ ||

તેણે તે આવી દ્રોહ કીધો માલા તણો નિદાન || ત્યારે સ્વરૂપ બલે દુષ્ટનું મોડ્યું તે અતિશે માન || ૮૫ ||

નિરાકરણ કર્યો તે પોતે સ્વતહ બલ આચરીય || પ્રબલ બલ દેશાધિપતિશું પરાક્રમ પણ કરીય || ૮૬ ||

દેશાંતરે પોધારીયા માલા તિલકને કાજ ।। એહોની રક્ષા કરી પોતે થકી મહારાજ ।। ૮૭ ।।

ત્યાંહાં પૂર્વપક્ષ એક ઉપન્યો મહાપ્રભુ રસાત્મિક રૂપ ।। પરમ પુરૂષોત્તમોત્તમ જે લીલાવિષ્ટ સ્વરૂપ ।। ૮૮ ।।

એહોને માલા તિલકની રક્ષા તે કેરે મર્મ ।। કાશ્મીર લગી પધારીયા એવડો સાધ્યો શ્રમ ।। ૮૯ ।।

એ કારજ તો એ પ્રભુની ઇચ્છાએ સિદ્ધ થાય ।। કે પ્રભુના અવતાર ભગવદ્ અનેક છે સમુદાયે ।। ૯૦ ।।

સમાધાન એહનું જે કહું તે સાંભળો સમુદાય ।। પ્રાગટ્ય અવતારાદિકે બીજાં સર્વ કારજ થાય ।। ૯૧ ।।

તે માંહે એક કને એ કાર્ય કરાવ્યું નહીંય ।। અને કાર્ય એ પોતે કર્યું શું છે અહીંય ।। ૯૨ ।।

પણ ભક્ત રસ માર્ગી અને માર્ગની રક્ષાયે ।। એ અસાધઅરણ કાર્ય અવતારાદિકે નહિં થાયે ।। ૯૩ ।।

અને ભક્ત વિષયીક કાર્ય પણ પ્રભુ ઇચ્છાએ કરે નહીંય ।। પુરૂષોત્તમોત્તમ શુદ્ધ રસાત્મિક સ્વરૂપ છે અહીંય ।। ૯૪ ।।

તે માટે એ ભક્તનું જે રક્ષાદિક હોયે કાજ ।। તે સર્વ સ્વરૂપબળે કરે એહવા રસિક મહારાજ ।। ૯૫ ।।

માટે માલા તિલક એ ભક્તના સૌભાગ્યનો શ્રૃંગાર ।। એ સૌભાગ્યના સૌભાગ્ય પોતે રસિકવર મહાસાર ।। ૯૬ ।।

વિવર્ધન સૌભાગ્યને સૌભાગ્ય રક્ષક અર્થે ।। રક્ષા કરી શણગારની પોતાને સામર્થ ।। ૯૭ ।।

તે તુલસી પોતે પણ ભક્ત છે પ્રભુને અતિશય પ્રિય ।। સમસ્ત ભક્તનું આધિદૈવિક સ્વરૂપ કરી ધરીય ।। ૯૮ ।।

સ્વતહ સ્વરૂફ બલે તે રક્ષા કરી થઇ અનુરક્ત ।। માલાની રક્ષાએ રક્ષા સૂચવી સહુ ભક્ત ।। ૯૯ ।।

દેશાંતરે પધારી રક્ષા કરી કારણ જેહ ।। મર્યાદા રક્ષક મહાપ્રભુ દ્વિજરાજરૂપે એહ ।। ૧૦૦ ।।

એ વર્ણાશ્રમે વિરૂદ્ધ કાર્ય કરે નહિ ચિત્ત ધરીય ।। બ્રાહ્મણને સરસ્વતી ઉલંઘન વિહિત નથી તેણે કરીય ।। ૧૦૧ ।।

એ દેશને પોતાના પદ તણો તે સ્પર્શ થયો હતો નહીંય ।। તે અસાધારણ ધર્મની રક્ષાને કાજે અહીંય ।। ૧૦૨ ।।

અસાધારણ કાર્ય વિના પ્રથમ ઉલંઘી ન તેહ ।। અલૌકીક કારણ લહીને અલંઘી પછી એહ ।। ૧૦૩ ।।

તેણે સાધારણ જે ધર્મ તેહનું કરી અલંઘન શેષ ।। કાશ્મીર લગી પોધારીયા જ્યાંહાં મહા અનારજ દેશ ।। ૧૦૪ ।।

તેહને પોતાને પદ કમળે તે સ્પર્શ કરાવીય ।। પાવન કરીયને લીલા રસનું દાન કર્યું ભાવીય ।। ૧૦૫ ।।

સૂતા હતા જે જીવ દૈવી તેહ માર્ગમાંહે ।। તેહની સાર સ્વરૂપબલે કરીને કાઢ્યાં પોતે ત્યાંહે ।। ૧૦૬ ।।

અને વળી શ્રીગોકુલતણી સામગ્રી જે રસ ભક્ત ।। રસતણો અનુભવ કરે છે નિરંતર અનુરક્ત ।। ૧૦૭ ।।

પણ વિયોગ વિના તે પૂરણ રસતણો નહિ સ્વાદ ।। તેહ હિ જાણીને પ્રભુએ કર્યો એ રસ આદ ।। ૧૦૮ ।।

દેશાંતરે પોધારી અનુભવ કરાવ્યો વિપ્રયોગ ।। વિપ્રયોગ કીધો દાન કરવા અધિક રસ સંજોગ ।। ૧૦૯ ।।

માલાને વ્યાજે કરીને પૂરણ કરવા આપ ।। રસ સિંધુ થાયે સર્વનો તે પ્રવાસ કેરે તાપ ।। ૧૧૦ ।।

એ દ્વૈ અનંત અભિપ્રાય જુત પરદેશ કીધો તેહ ।। પોધારીને રક્ષા કરી કહ્યાં કારણ એહ ।। ૧૧૧ ।।

અને ત્રીજું કારણ લીલા માંહાં જે સ્નેહ ભાવાપન્ન ભક્ત ।। તેહનું અનુસરણ અભિનવ જોઇ અતિ આશક્ત ।। ૧૧૨ ।।

દયાલુ ભાવાધીન અતિ વાછલ્ય વલછે ત્યાંહાં ।। ભક્તભય હરણે વિચાર્યું પોતાના મન માંહાં ।। ૧૧૩ ।।

એ ભક્તને એ ચરણ પામી કોઉ ભાંતે તે કોય ।। કોઉ પ્રકારે ભય તણી સંભાવના રખે હોય ।। ૧૧૪ ।।

જે ભયતણી વાસના કેરી દૂર કરાવી ગંધ ।। માલાની રક્ષા કરીને ટાલીઓ પ્રતિબંધ ।। ૧૧૫ ।।

એ માલાની રક્ષા કરીને સૂચવ્યું સમુદાયે ।। તમને તે મહારા પદકમલનો થયો નહિ અંતરાય ।। ૧૧૬ ।।

અને જે કો ભાવિ એહ ચરણે વિગાઢ ભાવે કરીય ।। સર્વાત્મના જે અનુસરે અંતરાય નહિ તેહ ન ફરીય ।।૧૧૭ ।।
એ તુલસી દ્વારા સર્વ દૈવીને કર્યુંય જ્ઞાપન ।। જે જેકો કેવલ સ્વરૂપ આશ્રિત કર્યા છે સંપન્ન ।।૧૧૮ ।।
તેહની સ્વરૂપબલેજ રક્ષા કરે શ્રીમહારાજ ।। એમ લહીને એણી પેરે લીલા આચરી એણે કાજ ।।૧૧૯ ।।
ચોથું માલા સરખી મોટી વસ્તુ ભૂતલ માંહે ।। સાધારણ સુક્ષ્મ પ્રકારે રહેતી દુતી આંહે ।।૧૨૦ ।।
પ્રભુએ તે પ્રસિદ્ધ કીધો પ્રેમ આણ્યો ઘણોય ।। જગતમાંહ ઉદ્યોત થઇ જશ પ્રગટ કર્યો એ તણોય ।।૧૨૧ ।।
અને પાંચમું કારણ એહ જે પ્રભુ બંધુ વર્ગે પ્રવિષ્ટ ।। આચાર્ય કારણ સમાન રીતે કરે છે થઇ મિષ્ટ ।।૧૨૨ ।।
તેણે કરી જેકો સાધારણ તે જાણે એહ નિદાન ।। અગ્નિકુમાર પૌત્ર પૌત્રાદિક સર્વ સમાન ।।૧૨૩ ।।
તેહોના ભ્રમ ભાંજવા તે અસાધઅરણ ટેક ।। પરાક્રમ જુત ધર્મ પોતાનો તે કરીય વિવેક ।।૧૨૪ ।।
સર્વના સેવક પોતાના સ્વામીને તેણીવાર ।। માર્ગરક્ષક જાણતા તેણે રહેતો તે અહંકાર ।।૧૨૫ ।।
સર્વતોધીક સ્વતંત્રતા પ્રગટ કરવા કાજ ।। તારતમ્ય થઇ ઐશ્વર્યનું તે વિશદ કીધું રાજ ।।૧૨૬ ।।
પછે માર્ગના રક્ષક પ્રભુનો જોઇ પ્રગટ પ્રતાપ ।। ઉત્કર્ષથી સ્વામી સહિત લાજી રહ્યાં તે આપ ।।૧૨૭ ।।
અને છઠ્ઠું કારણ એહ જે કો મહાત્મ્ય ભાવાપન્ન ।। ધર્મમારગી અંગીકૃત શ્રષ્ટિ છે જે કો ભિન્ન ।।૧૨૮ ।।
તેહને સ્વરૂપ પ્રભાવના ઐશ્વર્યાદિક જે ધર્મ ।। એણે કરી પોતાનું સ્વરૂપ જ્ઞાપન કરવું એહવો મર્મ ।।૧૨૯ ।।
માટે પ્રતાપને પરાક્રમ આદે વૈરાગ્ય પરજંત ।। છએ ધર્મએ લીલાએ પ્રગટાવ્યા મુરતવંત ।।૧૩૦ ।।
જેહનો જેવો ભાવ ને જેહ છે જેહવા પાત્ર ।। તેહ ને લીલાએ કરી પૂરણ કર્યા જન માત્ર ।।૧૩૧ ।।
તેહ માટે ધર્મમારગીને તે કાજ સુદ્દેશ ।। પ્રતાપાદિક પ્રગટ કીધાનો કર્યો ઉદ્દેશ ।।૧૩૨ ।।
અને સાધારણને સ્વરૂપ રસનો નથી કાંઇ અધિકાર ।। એ સ્વરૂપરસની જોગ્યતા જેકો એ છે મહાસાર ।।૧૩૩ ।।
પરમ અનુગ્રહી પાત્રને છે કૃપા પ્રભાવે કરીય ।। જથારથ એ સ્વરૂપનો કરે અનુભવ ભરીય ।।૧૩૪ ।।
અન્યને એ પ્રભુજીની નામ લીલા રમ્ય ।। ગુણ તણી લીલા લગી છે સર્વ કેહનો ગમ્ય ।।૧૩૫ ।।
પણ સ્વરૂપ લીલા લગી બીજાનો તે નહીય પ્રવેશ ।। ગમ્ય નહિ અંતરંગ વિન કેહનો તે અહીં લવલેશ ।।૧૩૬ ।।
માટે જગતના ઉદ્ધાર અર્થે જગતીતલ સુખ ભરીય ।। ભક્તિ માર્ગ દ્રઢ કર્યો કહ્યું શ્રીમુખ કરીય ।।૧૩૭ ।।
શ્રીઆચાર્યજીને માર્ગકી ગાઢી હુતી થુનીય ।। વે શિથિલ ભઇ સો ફેરિ કરીકે દ્રઢ કરી દુનીય ।।૧૩૮ ।।
એસી દ્રઢ બેઠી જો અબકો ડીગે કબહુ નાહે ।। દિગ્વિજય ઉપરાંગ વચન એ કહ્યાં અતિ રસ માંહે ।।૧૩૯ ।।
તે માટે એણે પરાક્રમ ધર્મ ચરિત્ર ।। નિજ ગુણ સહિત પ્રગટ કર્યું એકથી એક વિચિત્ર ।।૧૪૦ ।।
એ પરાક્રમે કરીયને જે કો મહાભાગ્યવાન ।। તેહને સ્વરૂપ અંતઃસ્થિત હવું ન હવું જેહ અજ્ઞાન ।।૧૪૧ ।।
એણે ચરિત્ર કરીય સહેજે જાવાદિક નરનાર ।। એ પ્રાગટ્ય પ્રગટ સ્વરૂપ તેથી થાય છે ઉદ્ધાર ।।૧૪૨ ।।
ત્યાંહાં પૂર્વ પક્ષ જે માર્ગ કર્તા ગુસાંઈજી આચાર્જ ।। તે માર્ગ બલે ઉદ્ધાર કરીને કરે સહુંનાં કાજ ।।૧૪૩ ।।
ઉદ્ધાર સહુનો થયો અને વલી થાય છે તે નિત્ય ।। તો આધિક્ય વલ્લભજી તણું શું કહી તેહ નિમિત્ત ।।૧૪૪ ।।
એણેજ ચરિત્રે જગતનાં કેમ હશે ભાગ્ય વિસ્તાર ।। એવડો એ ઉત્કર્ષ શો જે થશે અહીં ઉદ્ધાર ।।૧૪૫ ।।
ત્યાંહાં કહું છું મૂઢ મૂર્ખ સાંભળે અજ્ઞાન ।। ઉત્કર્ષ એહનો જગવિદિત તુહને નહિ કાંઇ શાન ।।૧૪૬ ।।

તેં કાંઇ જાણ્યું નથી સાંભળ જે હું કહું તેહ ।। શ્રીઆચાર્ય પ્રગટિત ધર્મે કરી સંસાર ગ્રસિત છે જેહ ।। ૧૪૭ ।।
એહવા જગતનો ઉદ્ધાર કીધો જેહ ધર્મે કરીય ।। તે ધર્મનો ઉદ્ધાર ધર્મીયે કર્યો કરૂણા ભરીય ।। ૧૪૮ ।।
આચાર્ય માર્ગ પ્રણીત ધર્મે જગત કૃતકૃત્ય થાય ।। તે ધર્મ ગ્લાન થવા સમે પ્રભુ સ્વતહ કરી સહાય ।। ૧૪૯ ।।
સ્વકીયનું સાધન ધર્મ તે ધર્મના ધર્મી આપ ।। તે ધર્મની આરત હરી ટાલીયો સહુ પરિતાપ ।। ૧૫૦ ।।
ઉદ્ધારનો કરતા તણો ઉદ્ધાર કર્યો સુખદાય ।। એ સ્વરૂપ વિન એ અતુલ કાર્ય કોયેથી નવિ થાય ।। ૧૫૧ ।।
તેહનો એ પ્રકાર જે સંસાર સાગર માંહ ।। શ્રીગોકુલપતિયે ઈચ્છાએ આજ્ઞા કરીને ત્યાંહ ।। ૧૫૨ ।।
શ્રીઆચાર્ય દ્વારા માર્ગરૂપી નાવ કીધું સાજ ।। તેણે નાવે એતન મારગી બેઠો તે સર્વ સમાજ ।। ૧૫૩ ।।
ત્યાંહાં દુષ્ટમણિ ચિદ્રુપરૂપી ઉત્પાત પ્રખર વયાર ।। તેહ વશ જહાંગીર નૃપતિ વરેન્દ્ર તેણીવાર ।। ૧૫૪ ।।
તોફાન મોટું એહ રૂપી આવી લાગ્યું અંત ।। તે થકી આદૂલમાન થયું તે બૂડવા પર્યંત ।। ૧૫૫ ।।
ત્યાંહાં પોતાના ઉદ્યમ વિના સામર્થ કહેનું નહીંય ।। કેવળ સ્વરૂપ બળે કરી બૂડતું રાખ્યું અહીંય ।। ૧૫૬ ।।
માલા-તિલક રક્ષામાંહાં માર્ગ રાખ્યો વ્યક્ત ।। માર્ગના અનુકરણ રાખ્યા માર્ગાશ્રિત રાખ્યા ભક્ત ।। ૧૫૭ ।।
જે પોતાના સ્વધર્મ સર્વસ્વ રાખવાને કાજ ।। ગ્રહાદિક સર્વસ્વ રિદ્ધિ સર્વનો કીધો ત્યાગ ।। ૧૫૮ ।।
એ ચરિત્રે એતન માર્ગીને શિક્ષા કરીય ।। જે અલૌકિક સર્વસ્વ અર્થે લૌકિક નહિ મન ધરીય ।। ૧૫૯ ।।
ત્યાગ કરવો અલૌકિક હિત લૌકિક કેરો સદ્ય ।। સર્વસ્વ વડે સર્વસ્વ રહે એ જણાવ્યું ગદ્ય ।। ૧૬૦ ।।
તો એ થકી મહા અસાધારણ અધિક ચરિત્ર તે શુંઅ ।। જેનો ઉત્કર્ષ અમને પૂછે છે તે તુયં ।। ૧૬૧ ।।
હે બાલ બુદ્ધિના અધિપતિ સંદેહના સમુદાય ।। તું વિચારી જો એહ કાજ કોયેથી સિદ્ધ થાય ।। ૧૬૨ ।।
એ અસાધારણ પરાક્રમે કરી અસાધારન જશ ।। જગતને હિત પ્રગટ કીધો વિસ્તર્યો દશોદિશ ।। ૧૬૩ ।।
છ કારણ એણે નિમિત્યે કહ્યાં વિશદ કરીય ।। હવે કહું છું સાતમું તે સાંભળો ચિત્ત ધરીય ।। ૧૬૪ ।।
જે કો ભાગ્યવશથી અસુર યોનિ જીવ દૈવિય અહીંય ।। નામ નિવેદન તણો અધિકાર જેહને નહીંય ।। ૧૬૫ ।।
તેહને એ લીલાએ અંગીકારવા કાજ ।। એહ લીલા પ્રગટ કીધી સ્વતહથી મહારાજ ।। ૧૬૬ ।।
જેહ લીલા એ થકી હોયે સ્વરૂપ અનુસંધાન ।। કેવલ સ્વરૂપ અનુભવ હોયે સાધન રુચે નહિ આન ।। ૧૬૭ ।।
સેવા અને સનમુખ થયા વિન અંગીકાર ન હોયે ।। અહીંયે સનમુખતા એજ સહેજ માંહાં હોયે ।। ૧૬૮ ।।
જેહને એ પ્રભુનો જશ કીર્તિને આચર્ણ ।। રુચ્યું અતિશે રુચિ સહિત જાણી જગત આભર્ણ ।। ૧૬૯ ।।
સહરાણા કીધી સ્ફુર્યો માર્ગ તણો ઉત્કર્ષ ।। એહ સનમુખતાએ અંગીકૃત કર્યા કરી હર્ષ ।। ૧૭૦ ।।
સેવા તે આસફખાન આદે અનંત એહવા જેહ ।। લીલા વિશે તદાવિષ્ટ થઇને કરી છે ત્યાંહાં તેહ ।। ૧૭૧ ।।
તે પ્રસિદ્ધ અંગીકૃત કર્યા સેવામાંહાં આવ્યાં જેહ ।। તેહના અંગીકાર માંહે નથી કાંઇ સંદેહ ।। ૧૭૨ ।।
માટે એ ચરિત્ર કરીયને સહેજ અણ આયાસ ।। જગત સહુ કૃતકૃત્ય થયું આનંદ પામ્યા દાસ ।। ૧૭૩ ।।
પુષ્ટ પ્રભુએ પુષ્ટિમારગી માલા વિષયીક જશ ।। પ્રગટ કરીયને નિરોધ કીધો સર્વનો ઉત્કર્ષ ।। ૧૭૪ ।।
એહવાં ગોપ્ય અનંત કારણ કેમ કરી કહેવાયે ।। પ્રભુની કરૂણા હોયતો એ'તો કાંઇ એકતે સમજાયે ।। ૧૭૫ ।।
હવે શ્રીમહાપ્રભુજીએ પોતાના અસાધઅરણ ।। લોક વેદાતીત પ્રાગટ્ય અતુલતા પૂરણ ।। ૧૭૬ ।।

તે ઐશ્વર્યતાને અંશે જે જશ પ્રગટ કીધો સાર	।।	તે પરાક્રમ એ સ્વરૂપનું એ સહેજ ચરિત્ર અપાર	।। ૧૭૭ ।।
પેજ સહિત જે માલોદ્ધાર લીલા કરી મહા ઉગ્ર	।।	તે લીલા સિંધુની એક કણિકા કહી શકું ન સમગ્ર	।। ૧૭૮ ।।
વલ્લભ જે વલ્લભજીયના રસ ઉભય કેરો પાત્ર	।।	તેહને ચરણે નમીયને કાંઈ કહું અણું એક માત્ર	।। ૧૭૯ ।।
મહાત્તમ અને સ્નેહ ભેદે જુત કહું અનુસરી	।।	ભગવદીય એતન મારગી તમો સાંભળો ચિત્ત ધરી	।। ૧૮૦ ।।
એક મહાદુષ્ટ દુષ્ટાધિપતિ અને દંડધારી વેશ	।।	કલિયુગમાંહાં બ્રાહ્મણને રૂપે દુષ્ટ માંહે વરેશ	।। ૧૮૧ ।।
અખિલ અસુરનું આધિદૈવિક રૂપનું એ ધામ	।।	ભક્તનો દ્રોહી સદા ચિદ્રૂપ એહવું નામ	।। ૧૮૨ ।।
પ્રચંડ પાખંડી વિરૂદ્ધિ ધર્મનો દ્વેષી	।।	જુગ સમો ધર્મ પ્રવર્તવા કલી અંતર માંહાં પ્રવેશી	।। ૧૮૩ ।।
પરવર્યો તે પ્રસિદ્ધ કરી પાખંડ કેરે કાજ	।।	તે અવંતીમાંહાં ઉદય થયો જહાંગીર કેરે રાજ	।। ૧૮૪ ।।
ગુજરાતે વેહી ભામ પ્રગણે હીલ્લવવાસણે થઈય	।।	મોઢ જાતે ત્યાંહાંથી આવી રહ્યો અવંતીય	।। ૧૮૫ ।।
પ્રથમ ઉપજ્યો તિલક-માલા તણો તે ક્લેશ	।।	ક્લેશનું બીજુ પ્રગટ કર્યું જે માંહે ધર્મનો નહિ લેશ	।। ૧૮૬ ।।

પૂર્વ પીઠિકા સંપૂર્ણ

कवित १ :- शाह कही सो तें न करी, करी सो वेद पुरानन भाखी ।। माल तिलक जनेउ के कारन, ऐंड़न पेंड़न नाखी ।। श्रीपात कहे जहांगीरके खांन, जेते उमराव तेते सब सावे ।। श्रीविट्ठलनाथजुं के श्रीगोकुलनाथजु सब हीन्दुकी पात राखी ।। २ ।।

कवित २ :- जब विलन्ब नहि कीयो, जीव जब महाकाल वस ।। जब विलंब नहि कीयो, वाद वादी आये धस ।। १ ।। जब विलंब नहि कीयो, आगरा द्वन्द मचायो ।। जब विलंब नहि कीयो, माल रख धर्म बढ़ायो ।। कृपानाथ अशरणशरण, विरहे विकल पर्यो. सो विलंब कारण कवन ?

कवित ३ :- काहु कहे दिनेश इश, काहु कहे गनेश शेष ।। काहु कहे गया प्रयाग, काहु कहे गोदावरी ।। काहु कहे जोग जाग, काहु कहे विराग त्याग ।। चंड़का प्रचंड़ पुंज, बांटत न्योछावरी ।। कहे नारायण एतेनमें, काहु सों नेह नांही ।। नंदक जन भले कहो, मेरी मत बावरी ।। श्रीगोकुलेश भूषण मन मेरे, शीर सदा रहो राव रीझे पावरी ।।

कवित ४ :- औरन स्वांग धरे सब पेटके, एक हकुमत जीद रहाला, तें कुल जगत धर्म तज्यो, सीध साधक भूल गयो मतवाला ।। खेदतहुं धनि धनि कहे, प्रेम पतलसों भक्त रसाला ।। श्रीविट्ठलनाथके श्रीगोकुलनाथजुं, तुमने पहरी जगमें जशमाला ।।

कवित ५ :- मतजानो ख्याल श्रीगोकुलनाथजीकी माला है ।। वखानी हु वेद मरजादहु वखानी है ।। ड़ारे गुदी बीच माला अमृत रसाला है ।। बुलायै जहांगीरने जायके जुवाब दीयो, हीन्दुकी हद राखी श्रीगोकुलनाथ प्रतिपाला है ।। प्राननाथ कहे बात सुनो सब कान दे ।। मत जाने ख्याल श्रीगोकुलनाथजुकी माला है ।।

कवित ६ :- गोकुलका फकीर देखो आये कोन भावसे ।। ते ड़ारे गुदी बीच गुंज ओर वनमाला है ।। मांगतहुं माला वे देता हे जीवकुं, करे याद साँइकु संग नंदलालाहै, हुआए निड़र, में तो देताहुं दुसाला मेरे माला बंध औरगे रहे साला है ।। प्राणनाथ वात कहे सुनो सब कान दे, मतजानो ख्याल श्रीगोकुलनाथजु माला है ।।

कवित ७ :- टेकको टेकको टेक टरे, गिरि टेक टरे तो टरे ध्रुव तारो ।। श्रीगोकुलनाथजु माला तजे तो, शेष न शीष धरे भूभारो ।। पोन थके तो थके, तो थके व्रजको पन कोन करे मही मेंरत न्यारो ।। श्रीवल्लभ वंश विहारी कहे, कवि जागतहैं जगमें जश थारो ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

મઠપતિ કલ્યાણ ભટ્ટ

વિરચિત

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત

કલ્લોલ ૭

તરંગ ૧

અવન્તીમાં (ઉજ્જૈનમાં)ચિદ્રુપ નામનો એક મહા દુષ્ટ-અસુર રહેતો હતો. બ્રાહ્મણ સંન્યાસીના રૂપે રહેલો તે આ જગતમાં ઝઘડાં કરાવતો હતો. સનાતન વેદમાર્ગમાં ભક્તિમાર્ગ તેજસ્વી છે. તેનો સાર પૂર્ણ પૂરૂષોત્તમની સેવા છે. નિષ્પ્રપંચ, પ્રેમમય, અખિલ જગતને માટે ઉદ્ધારક તે પરમ મહાન ભગવત્સેવાનો ઉચ્છેદ કરવાને અને તુચ્છ કર્મમય પાખંડ મતનો ફેલાવો કરવા માટે તે તૈયાર થયો હતો. તુચ્છ (ક્ષુદ્ર) દવોની ઉપાસના કરવાથી તેની નિંદા થતી હતી.

વિનાશક, તુચ્છ ફલ આપનારો અને અંતે નરકમાં નાખનાર એવો ભક્તજનોનો દ્રોહ તે નિરંતર કરતો હતો. ભગવદ્ભક્તોથી તે બાહ્ય કરાયેલો હતો. અને તેને તેઓ અત્યંત ચાંડાળ, પાપી, નાસ્તિક અને મૂર્ખ પણ કહેતા. કુટિલ આશયવાળો શઠ અવન્તીની બહાર ક્ષિપ્રા નદીની પાસે આવેલી ભર્તૃહરિ ગુફામાં રહેતો હતો. વીસલનગતથી સેવા દષ્ટિથી આવેલા શાઊપુત્ર મછિયા વ્યાસજે તેમજ ગોપાલ પંડ્યાંને તેણે જોયા. તે મહાન વૈષ્ણવોના કંઠ તુલસીમાલાથી શોભતાં હતાં.

તેમને જોઇને અત્યન્ત ક્રોધાનલથી તેનું મન બળવા લાગ્યું. તેણે કહ્યું, 'કંઠમાં તુલસીની માળા ધઅરણ કરનાર તમે કોણ છો ? ગર્ગીલા એવા તમે શ્રેષ્ઠ અંત્યજ જેવા લાગો છો. જ્યાં તમે વસો છો એવા વીસલનગરને બહાદુરે (બહાદુરશાહ ?) બાળી નાખ્યું, તે ઉચિત જ કર્યું હતું. ત્યાં એક કર્માસક્ત ત્રિપુંડધારી, ભસ્મથી શોભતો, અગ્નિહોત્રીય મહાત્મા છે, તે તુલસીમાલાધઅરી એવા તમારા લોકોમાં અનાદર પામ્યો છે. તેને મળવા માટે મારું મન જંખે છે, તેને ત્યાંથી હું ભિક્ષા લેવા ઇચ્છું છું.' એવાં તે પશુંનાં વચન સાંભળી અત્યંત વિદ્વાન ગોપાલ પંડ્યાએ તો તે દુર્બુદ્ધિ સાથે વાત ન કરી, પરંતુ કોપાયમાન થયેલા મછિયા વ્યાસે તેવાં વચન કહેનાર તે સંન્યાસીને કહ્યું, 'તુ પોતાને સંન્યાસી કહેવડાવે છે અને હે મહામૂઢ, તું વૈષ્ણવોની નિંદા કરે છે, જે ભગવાનની નિંદા કરવા સમાન છે, માટે તું ચાંડાળ છે.

શ્રીભાગવતમાં કહ્યું છે કે બારગુણવાળો બ્રાહ્મણ જો નાભિકમળ ભગવાનના શ્રીચરણારવિંદથી વિમુખ હોય તો તેના કરતાં ભગવાનમાં ચિત્તવાળો ચાંડાળ શ્રેષ્ઠ છે, એમ માનું છું. ભગવાનને મન, વચન, ઇચ્છા, અર્થ અને ઋણ જે અર્પણ કરે છે

તે બધાંને પાવન કરે છે; બહુ અભિમાની પાવન કરી શક્તો નથિ. અરે, આદિમૂર્ખ એવા તને શ્રીભાગવતનો શ્લોક પણ શું ભગવદ્‌વિમુખતા રૂપ મહાપાપમાંથી વારી શક્તો નથી?' એ પ્રમાણે તે પાપીનો અનાદર કરીએ વૈષ્ણવ શ્રેષ્ઠ અને વિદ્વાન મછિયા વ્યાસ અને ગોપાલ પંડ્યા પોતાના સ્થાને ગયા.

તે સંન્યાસી તે વૈષ્ણવોથી તિરસ્કૃત થતાં ઝાંખો પડી ગયો. પછી ક્રોધ કરીને પોતાના અનુયાયીઓને તેણે કહ્યું, 'જોઇ લેજો, હવે હું શું કરું છું તે.' એ સંન્યાસીની જે બે ભાણીઓ મહાભાગ્યવાન અને ભગવદ્‌ભક્ત હતી, તેઓ તેના અટકાવવા છતાં ત્રિકમ નામના બ્રાહ્મણને અનુસરીને દરેક પ્રકારે વૈષ્ણવની રીતે રહેતી હતી, પરંતુ તે સંન્યાસી તો વૈષ્ણવોનો દ્વેષ કરનાર હતો, વૈષ્ણવોના સંગનો પણ દ્વેષ કરતો હતો. તેથી તે દુષ્ટ પોતે તે બન્નેનો બહુ પ્રકારે અપકાર કરવા ઇચ્છતો હતો. પરંતુ ભગવાને તેમની રક્ષા કરવા માટે તેવા પ્રયગ્નોને નિષ્ફળ બનાવ્યા, અને કરુણાસિંધુએ તે વૈષ્ણવોની પણ સતત રક્ષા કરી. હવે એવું થયું કે બધા યવનોનો સાર્વભૌમ સમ્રાટ જહાંગીર સં.૧૬૭૪માં પોતાના નગરમાંથી નીકળી ગુર્જર દેસમાં જતો હતો.

ગોધરા નામના ગામ પાસેના દાહોદ-ઝાલોદના જંગલમાં વનહાથીઓને પકડવા મૃગયા કરવા નીકળ્યો. ત્યાં અલ્પ બુદ્ધિવાળા કેટલાક રાજપુત્રો કે જે ક્ષુદ્રદેવના ઉપાસક તે સંન્યાસી તરફ પ્રીતિ રાખતાં હતા, તેઓએ માથું નમાવી અને હાથ જોડીને જહાંગીરને કહ્યું: ''હે રાજાધિરાજ! ઉજ્જૈન પાસે અત્યંત પ્રભાવશાળી, વૈરાગી અને તપસ્વી, સંન્યાસીઓમાં શ્રેષ્ઠ એવો સંન્યાસી વિરાજે છે.'' એમનું એવું વચન સાંભળીને સાર્વભૌમ બાદશાહના મનમાં કૌતુક થયું; અને તે ઉજ્જૈન જઇ, પોતાના શિબિરમાંથી નીકળી, પોતાના થોડાક માણસો સાથે નાવમાં બેસી ક્ષિપ્રા નદી પાસે ગુફામાં રહેતા તે સંન્યાસી પાસે ગયો.

તે કૃશ હતો અને તેણે ફક્ત કૌપીન ધારણ કર્યું હતું. આ તો અપરિગ્રહી, વૈરાગી, સાધુ, પરમાર્થપરાયણ અને ધર્માત્મા છે, એમ સમજીને યવનોના તે સાર્વભૌમ રાજાએ તેને એકદમ દંડવત્ પ્રણામ કર્યા. તેવા તે અસુરના વેશથી તે રાજાધિરાજ છેતરાયો અને તેની સાથૈ બહુ પ્રકારે મનગમતી વાતો કરી. ક્ષુદ્ર દેવોની ઉપાસનાથી પ્રાપ્ત કરેલા અને વામાચાર કરીને મેળવેલા કેટલાક અનુભવો (પ્રભાવો) સંન્યાસીધર્મની વિડંબના કરનાર તે સંન્યાસીએ તેની સામે પ્રકટ કર્યા અને તે સમ્રાટને દુષ્ટ મંત્રો વડે વશ કર્યો. તે રાજાધિરાજ તેનાથી સંતુષ્ટ થયો અને પિતાને માટે વાપરવા યોગ્ય શબ્દ વડે એને બાબા એવા શબ્દથી સંબોધન કરી તે પાપીથી વશીભૂત તે રાજાએ તેની સાથે વાત કરવા માંડી.

તેણે એવા વિનયથી કહ્યું, 'હું પ્રસન્ન છુ. કહો, તમારે પ્રિય શું કરું? જેથી હું એકદમ કૃતકૃત્ય થાઉં'. પછી કપટના સાગર એવા તે સંન્યાસીએ પોતાનો વૈરાગ્ય ભાવ બતાવતામાં તેને કહ્યું: ''હે ભૂપેશ! અમારે કશું કરવા પણું રહેતું નથી. ચતુર્થ આશ્રમમાં રહેનારાએ પરબ્રહ્મનું જ સર્વદા ચિંતન કરવું જોઇએ. તેમ છતાં તારા પર પ્રસન્ન છું અને તારી વિશેષ ભક્તિ જોઇને અને તારી વિનંતિ અને આગ્રહ જોઇને એક ધર્મકાર્ય કરવાનું તને કહું છું, જેથી કરીને તારા રજ્યની એકદમ વૃદ્ધિ થાય, તારુ રાજ્ય નિષ્કંટક બને, તુ સદૈવ નિરોગી બને અને શરદ ઋતુના ચંદ્રની જેમ તારી વિજયકીર્તિ દિશાઓમાં ફેલાય. તેથી સંતુષ્ટ થયેલા પરમેશ્વર અમારી પ્રાર્થનાની તારી સકલ કામના પૂર્ણ કરશે, અને તું દીર્ઘાયુષી થઇશ''. એ પ્રમાણે ચિદ્રુપના વચન સાંભળીને તે મ્લેચ્છ સાર્વભૌમ સમ્રાટે વિનયપૂર્વક માથું નમાવીને કહ્યું, 'તે શું છે, તે કહો'.

સંતુષ્ટ થયેલા તે પાપી મહા અસુર સંન્યાસીએ તે સમ્રાટને કહ્યું : 'તારા મહાન રાજ્યમાં સર્વત્ર એક પાપ પ્રવર્તે છે. રે ઉર્ધ્વપુંડ્ર તિલક કરવારૂપ તે પાપનો તું એકદમ ઉચ્છેદ કર. તુલસીની માલા ધારણ કરવી, વિવિધ પ્રકારે કૃષ્ણની સેવા કરવી, દસમીના વેધ વિનાની એકદશીએ ઉપવાસ કરવો એ તથા બીજા વૈષ્ણવધર્મો અને એવા વેદના વિરોધી અને મૂર્ખાઓએ કલ્પી કાઢેલા અને તેથી તારા આયુષ્યનો નાશ કરનારા ધર્મોનો તું નાશ કર. અને ભસ્મ, ત્રિપુંડ, રુદ્રમાલા વગેરે સૌ કોઇ ધઅરણ કરે.

તેનો તથા દુર્ગા, ગણપતિ, રુદ્ર વગેરે દેવતાઓની પૂજાનો પ્રચાર કર. એવા ધર્મોના અભાવને લીધે તથા તેવા પાપની પ્રવૃત્તિને કારને દુકાળ, અનાવૃષ્ટિ, મહારોગ, પરિતાપ, મૃત્યુ વગેરે ભય તારા રાજ્યમાં વધે છે અને પ્રજા દુઃખ પામે છે. તો તું સાવધાન થા'.

એ પ્રમાણેના અસુરના વચનો સાંભળીને અને તે કુટિલ શુદ્ર દેવતાના ઉપાસક વડે યોજાયેલ દુષ્ટ મંત્રોથી આધીન બનેલા તે સમ્રાટે તેને અનુમોદન આપ્યું. અને તેની સામે પ્રતિજ્ઞા કરી કે જે જે તમે કહ્યું તે તે હું વિલંબ વિના કરીશ. તેમાં તમે સંદેહ કરશો નહીં.

તૂ જો અપરાધ અતિ ઓરનકો સહેગો, તો વાકો અપરાધ જગદીશ આપુ જાની હૈ;
અપરાધ જાની દોષ માની કહેગો તૂ, વાસો તેરો દુઃખ જગદીશ મનમેં ન આની હૈ.
તેરો દુઃખ તેરે મન જાનિ તૂ સહન કરિ, સહન કો દુઃખ પ્રભુ નીકે કરિ માનિ હૈ;
સહનમેં સુખ હૈ, હૈ સહનમેં તેરો કાજ, સહન સહન ઐસી વલ્લભકી બાની હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો પહેલો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ બીજો શરૂ થાય છે ।।

તરંગ ૨

પછી તે સંન્યાસીની રજા લઇ, અનેક વાર તેને દંડવત્ પ્રણામ કરી, યવનોનો તે સમ્રાટમાંથી ગુર્જરદેશમાં ગયો. પહેલેથી જ તે ભિક્ષુ દુષ્ટતાનું ઘર હતો. તેમાં વળી આ રાજાધિરાજનું બળ મેળવતાં, સમ્રાટના ગયા પછી, તેણે ખરેખર બહુ ઉપદ્રવ કરવા માંડ્યો. કારેલું મૂળથી કડવું તો હોય છે, તેમાં વળી લીમડાનો રસમાં તેને બોળીએ, તો જેમ તે કોઇને ગમે નહિં, તેમ તે સંન્યાસી સૌને મન નિંદાપાત્ર ઠર્યો. તે દુર્બુદ્ધિ ત્યાંના વૈષ્ણવજનોના કંઠમાંથી માલા બળાત્કારે (બળજબરીથી) લઇ લેતો હતો. જાણે કે તેમના પ્રાણ હરી લેતો હતો. તે પાપાત્મા અસુરે શ્રીહરિની સેવા અને કીર્તનનો નિષેધ કર્યો, અને એ દુષ્ટ કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક પણ કરવા દેતો નહિં.

ભટ્ટ ત્રિકમ નામે ઉદાર ચિત્તવાળા વૈષ્ણવે તેના (ચિદ્રુપ) કહેવાથી માળા ન ઉતારી અને દેવાભાઇ નામના સરાણિયાએ પણ માળા ન ઉતારી. દેવાભાઇતો શ્રેષ્ઠ વૈષ્ણવ હતા. તેઓ પોતાનાં કામ કરવા માટે તે દુષ્ટની ગુફા પાસેથી બહુવાર આવજા કરતા, પણ તેને નમન કરતા નહિ. હવે એક દિવસ દેવાભાઇને ત્યાંથી જતા જોઇને તેણે પોતાના સેવકોને કહ્યું કે જો તે મને નમસ્કાર કર્યા વિના જાય, તો તેને રાજદંડ વડે હેરાન કરવો અને તેનો પર્વત જેવો મોટો ગર્વ છે, તેના ચૂરેચૂરા કરવા જોઇએ.

પછી તે મહાદુષ્ટ અસુરે દેવાભાઇને બોલાવીને પૂછ્યું, ' તું કોણ છે' ? તેમણે કહ્યું, 'હું સરાણિયો છું'. પછી તેણે કહ્યું, 'તારા કંઠમાં તુલસી માલા છે, તું તો વૈષ્ણવ લાગે છે; તુ કોનો સેવક છે ? કોણે તને તુલસી માળા ધારણ કરવાનું કહ્યું છૈ ? તું કયો મંત્ર જપ કરે છે ? કોને ભજે છે, કોની સેવા કરે છે અને શા માટે કરે છે ?' દેવાભાઇએ કહ્યું, હું ભગવાન શ્રીવિઠ્ઠલનાથજીનો

સેવક છું; કૃપાળુ એવા તેમણે મને તુલસીમાળા ધારણ કરવાનો ઉપદેશ કર્યો છે. જે શ્રીહરિનું નામ જપું છું, તેમને પ્રેમપૂર્વક ભજું છું, તેમના શ્રીચરણકમળની સેવા કરું છું અને એજ મારું રોજનું કર્તવ્ય છે'.

એ સાંભળીને સંન્યાસી કોપાયમાન થઇ બધા લોકોને સંભળાવતો હોય તેમ બોલ્યો, 'જુઓ, જુઓ, વેદમાં કે પુરાણમાં ક્યાં કહ્યું છે કે સરાણિયા કે મોચી લોકોને ભગવાનના નામનો ઉપદેશ કરવો?' પછી ક્રોધિત તે અસુરે શ્રેષ્ઠ વૈષ્ણવ એવા દેવાભાઇને કહ્યું, 'તુલસીકાષ્ઠની માળા કંઠમાંથી કાઢી નાખ'. વૈષ્ણવ શ્રેષ્ઠ દેવાભાઇએ તે પાપીને કહ્યું, 'હે મંદાત્મા, તારા કહેવાથી ઉતારી નાખવા માટે મેં માલા પહેરી છે? જ્યાં સુધી મારો કંઠ છે, ત્યાં સુધી તે મારા ગળામાં બિરાજશે. મંગલ કરતી, શ્રીહરિનું અનુસંધાન કરાવતી અને શ્રીપ્રભુના ભક્તોનો દ્રોહ કરનારાઓનાં હૃદય અને ચક્ષુને બાળતી તે માળા ગળામાં બિરાજશે'.

પછી તે અસુર જાતે તેને કશુંય કહેવા અસમર્થ થયો, ત્યારે તેણે ખોજા કાસિમના પુત્ર મહંમદ તકીને બોલાવ્યો, કે જે સૈનિકોનો ઉપરી હતો, અને જેને બાદશાહે ઉજ્જૈન નગરીનાં સર્વ કાર્યો કરવા નીમ્યો હતો. તેને તે સંન્યાસીએ કહ્યું, 'યવનોના બાદશાહનો જગપ્રસિદ્ધ હુકમ છે કે મારો પુત્ર પણ તુલસીમાલા ધારણ કરે તો તેને પણ દંડવો; તો તું માળા-ધારણ કરનાર આ સરાણિયા તરફ કેમ બેદરકાર છો? ઉગ્રદંડ કરનાર તે સમ્રાટથી જરૂર તું બીતો નથી. તેના શબ્દોથી ડરી ગયેલા તે મહંમદ તકીએ સાધુ અને વૈષ્ણવશ્રેષ્ઠ પ્રસિદ્ધ દેવાભાઇને બોલાવીએ કહ્યું, 'કંઠમાંથી માળા કાઢી નાખો'.

એ સાંભળીને તે મહાત્મા દેવાભાઇએ કહ્યું, 'આ માલા તો શ્રીમહાપ્રભુ શ્રીવિઠ્ઠલનાથજીએ આપી છે; શ્રીગોકુલનાથજી પોતે કૃપા કરી પરંપરાપૂર્વક અમારા જેવાં પોતાનાં દાસને માળા આપે છે. તમારા કહેવાથી હું માળા ઉતારીશ નહિ. કામથી, ક્રોધથી, કોપથી કે લોભથી દુષ્ટ માનવો જે જે બકે છે, તેનો આ વૈષ્ણવદાસ આદર કરતો નથી. તેને તો ભગવાનનું વચન જ મહત્વનું અને પ્રાણથીએ પ્યારું છે; તે પ્રાણ છોડી દેશે, પણ શ્રીપ્રભુએ કહેલું કર્તવ્ય વચન તે છોડશે નહિ.' એમનું એ વચન સાંભળીને તેને ત્રાસ પમાડવા માટે મહંમદ તકીએ કહ્યું કે તું મારું કહ્યું નહિ માનું તો, 'આજ્ઞાવશ એવો હું ઉગ્રદંડ કરવાવાળા તે યવનેશ્વરના મોટા હાથીના પગ નીચે ચગદાવી દઇશ.' પછી દેવાભાઇએ કહ્યું, 'હાથીની નીચે ફેંકો કે અગ્નિમાં ફેંકો, કે ઊંડા પાણીમાં ફેકી દ્યો, પણ પ્રાણાધીશ ભગવાન શ્રીગોકુલેશ્વરના શ્રીચરણકમળનું નિત્ય સ્મરણ કરનાર હું ત્રાસ પામીશ નહિ.

તે પુરુષોત્તમ કૃપાસાગર સર્વથી બલિષ્ઠ છે અને વિપત્તિમાં પડેલા પોતાના સેવકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકદમ બચાવે છે.' એ સાંભળીને તે અસુરથી પ્રેરાયેલા તેણે દેવાભાઇને મારવા માટે મત્ત હાથીને ત્રણ વાર પ્રેર્યો, પણ વારંવાર અંકુશથી મારવા છતાં અને સેંકડોવાર ઠોકીને પ્રેરવા છતાં, શ્રીપ્રભુના ગાઢ પ્રભાવથી તે હાથી જરા પણ ડગ્યો નહિ. પછી તે કરતાંય બીજો વધુ બલવાન અને મોટો ક્રોધી હાથી લાવીને દેવાભાઇને કચડી નાખવા વારંવાર તેણે પ્રેર્યો, પણ શ્રેષ્ઠ વૈષ્ણવને દેખીને તે ભાગવા લાગ્યો. તેના ત્વરાથી ભાગવાથી તે અસુરના પક્ષના ઘણા દુષ્ટ લોકો હેરાન થયા, પડી ગયા અને મરી ગયા.

પછી તે મહંમદ તકી શ્રીમદ્ ગોકુલેશે કરેલી દેવાભાઇની રક્ષાના પ્રભાવથી મનમાં ડરી ગયો. અને સંન્યાસાશ્રમના ધર્મની વિડંબના કરનાર તે અસુરને નીંદવા લાગ્યો અને તેણે ઊંચે અવાજે કહ્યું : 'શ્રીપરમેશ્વર જ એના જેવાના કંઠમાં રહેલી માળાની અતિશય રક્ષા કરે છે, તો તણખલા જેવો હું શું કરી શકું?' પછી તેણે આદરપૂર્વક તે શ્રેષ્ઠ વૈષ્ણવને નમસ્કાર કરીને કહ્યું, 'મને ક્ષમા કરો. શ્રીગોકુલરત્ન ભગવાનના તમે દાસ છો, તે પાખંડીથી પ્રેરાઇને મેં જે અપરાધ કર્યો તે તો મેં સમ્રાટના ડરથી કર્યો હતો; તો મારો અપરાધ ક્ષમા કરો.' પછી કાશ્મીરના બહુ મોંઘા ભરત ભરેલી શાલ વડે દેવાભાઇનો સત્કાર કરી તેણે ભક્તિપૂર્વક તેમને બહુ પ્રકારે પ્રણામ કર્યા.

હેમંતના પ્રથમ માસમાં જે પ્રમાણે શ્રીમદ્ ભાગવતમા દશમસ્કંધમાં વ્રજસ્ત્રીઓના કાત્યાયન વ્રત રૂપી જે લીલા કહેવાઇ છે, તે જ પ્રમાણે શ્રીકૃષ્ણલીલા પણ જે વર્ણાવાઇ છે, તે લીલાનો અભિનય માગસર માસમાં ક્ષિપ્રા તટે બ્રાહ્મણ ત્રિકમ ભટ્ટ પોતાના સ્વજન ભક્તોના સાથમાં પ્રેમપૂર્વક કર્યો. તે પ્રમાણે શ્રીકૃષ્ણની મધુર રાસલીલા પણ અત્યંત પ્રેમથી અને હર્ષથી ઉચિત રીતે તે તે વખતે ભજવાતી. તેમના ઘરમાં ઘણુંખરું સંગીર, નૃત્ય અને સુંદર કીર્તન થતું, અને શ્રીગોકુલેશને પ્રસન્ન કરે તેવા ઓચ્છવ પણ થતાં. તે સંન્યાસીની ભાણીઓનું અંતર શ્રીપ્રભુભક્તિમાં જ આસક્ત હતું, તેથી તે બન્ને હંમેશા લોકમર્યાદાને તણખલા સમાન માનીને તેમને ત્યાં આવતી.

તેથી અતિ કોપાયમાન થઇને તે સંન્યાસી તેમને અટકાવતો, પણ બહુ સમજુ એવી તે બન્ને ભાણીઓ તે મૂઢના વચનોને ગણકારતી નહિ. તે બન્ને ભગવાન અને તેમના ભક્તોના ગુણમાં આસક્ત ચિત્તવાળી હતી; જ્યારે તે દુષ્ટનું ચિત્ત કપટી હતું, અને અન્ય દુષ્ટોના સંગથી તેનું અંતર દુષિત હતું, તેથી તે વિવિધ પ્રકારે તેમના દોષો જોતો અને તેથી બહુ ખેદ પામતો. ખેદથી તેનો ક્રોધ વધતાં, તે અસુરે ત્રિકમ ભટ્ટને બોલાવીને કહ્યું, ''અરે વિમૂઢ, મારા કહેવાથી માળા ઉતારતો નથી, પરંતુ હું હવે પ્રતિજ્ઞા કરું છું કે થોડાક જ દિવસોમાં બળાત્કારે (બળજબરીથી) તારા અને બધાં જ વૈષ્ણવોના કંઠમાંથી માળા ઉતરાવીશ. તુલસીમાળાને લોકોમાં ફેલાવનાર શ્રીવિઠ્ઠલનાથના પુત્ર અને તેમના સાથીદારો, ભક્ત અને નોકરો છે, તે સહુના કંઠમાંથી જબરદસ્તીથી માળા ઉતરાવીશ.

મારી એ પ્રતિજ્ઞાને સર્વ લોકો, વૈષ્ણવો અને તું પણ સાંભળ. પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલ પુત્ર શ્રીગોકુલનાથનો યશ ત્રણે લોકમાં વ્યાપેલો છે. તેમના જ કંઠમાંથી માળા ઉતરાવીશ. હું સઘળા જગતને એકદમ તુલસીમાળા વિનાનું કરી દઇશ. આ જગતમાંથી ઊર્ધ્વપુંડ્ર તિલકનો લોપ થઇ જશે. શંખચક્રાદિ મુદ્રા હવે કોઇ ધારણ કરશે નહિ. શ્રીકૃષ્ણની સેવાનો લોપ થઇ જશે. અને તેમના ઉત્સવો પણ નષ્ટ થઇ જશે. લોકો શ્રીભાગવતથી વિમુખ થઇ જશે અને તેની કથાનો સ્વાદ પણ નિર્મૂળ થઇ જશે. રાસલીલાનો અભિનય પણ નિર્મૂળ થઇ જશે. બધા લોકો ત્રિપુંડ ધારણ કરશે, દશમીના વેધવાળી એકાદશી કરશે, શુદ્ધ એકાદશીનું વ્રત માનશે જ નહિ. બધા લોકો સાતમના વેધવાળી જન્માષ્ટમીનું વ્રત કરશે.

માથે ભસ્મ લગાવશે. આ જગતમાં ભગવાનનું કીર્તન નહિ થઇ શકે. બધા લોકો ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિથી વિમુખ બનશે અને પંચાયતનની પૂજા કરશે. ભગવાનની અનન્ય ભક્તિનો લોકો દ્વેષ કરશે. આચાર્યજી શ્રીમહાપ્રભુજીના માર્ગથી બધા વિમુખ થઇ જશે. શ્રીવિઠ્ઠલનાથજીની બધા નિંદા કરશે. શ્રીગોકુલેશના શ્રીચરણકમળની સેવા કોઇ કરશે નહિ, તેમનાં ગુણગાન પણ કોઇ નહિ કરે અને તેમના ચરિત્રના ગુણાનુવાદનથી બધા વિમુખ થઇ જશે''. આ પ્રમાણે તે પાપીએ પ્રતિજ્ઞા કરી અને પોતે, પોતાનાં માણસો અને રાજદરબારીઓ વડે વૈષ્ણવજનોને અત્યંત દુઃખ દેવા લાગ્યો.

જા કલેશતેં કલેશ પ્રતિછિનુ બાઢત હે, સો કલેશ પાયે તેં કલેશ હાથ આવેગો;
સો કલેશ કરિ, જો કલેશ હરે આદિ હું તે, લેશ ન કલેશ ગોકુલેશ મન ભાવેગો;
વિપ્રયોગ રસ અનુભવકો કલેશ કરિ, યાહિ કલેશમાંઝ છિનુ છિનુ સુખ પાવેગો;
યા કલેશમાં જ કલેશ તેરો ન રહેગો કછુ, જો તૂ યહ કલેશ મન નીકે કરિ લાવેગો. ૨૫

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો બીજો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રીજો શરૂ થાય છે ।।

તરંગ ૩

દેવાભાઇ નામના વૈષ્ણવવર્યની તરફ ખરાબ વર્તાવ કરવાથી, જાણે ભગવદિચ્છાથી, મહંમદ તકી નામના અધિકારી પાસેથી એકદમ તેનો અધિકાર લઇ લીધો અને તેને સ્થાને વૈષ્ણવશ્રેષ્ઠ દુર્ગાદાસને નીમ્યો. વૈષ્ણવોનો દ્રોહ કરનારું તે યતિનું (સંન્યાસી) ચરિત્ર છે, એમ તેણે જાણ્યું ત્યારે ક્રોધ કરીને તેણે સિપાઇને કહ્યું કે આ પાપી દુરાત્માના માથા પર સો વાર જુતાં મારો. હુકમ થતાં સિપાઇએ તે સંન્યાસીના માથા પર ત્રણ વાર જૂતાં લગાવ્યાં, ત્યારે ત્રિકમ ભટ્ટે દયા કરીને તે મહાપ્રયત્ને છોડાવ્યો. આપણા વૈષ્ણવોના તેવા ઉત્તમ સ્વભાવને હું (કલ્યાણ ભટ્ટ) વંદન કરું છું, કે જે સ્વભાવથી દોડી આવીને પોતાના પ્રિય હોય તેમ દુશ્મનને પણ વિપત્તિમાંથી છોડાવે છે.

તે જ દિવસોમાં ગુર્જર દેશથી સમ્રાટ જહાંગીર પાછો પોતાના અતુલ્ય નગર આગ્રામાં આવ્યો. તે સમ્રાટ ધર્મપરાયણ અને બ્રાહ્મણ, ગાય, વૈષ્ણવ, સાધુ ને તીર્થની રક્ષા કરવાવાળો હતો. પરંતુ તે વંચક સંન્યસીને વશ થઇ ગયો હતો. તે તેનું મોટું દૂષણ હતું. તે દૂષણને અવગણીને લૌકિક રીત પ્રમાણે તે સમ્રાટનો ગુણનિધિ જગદીશ શ્રીગોકુલેશ આદર કરવા ઇચ્છા રાખતા. તેથી સ્વતંત્ર ઇચ્છાવાળા અને કોઇનીયે આજ્ઞા કે નિયોગને માટે અનુચિત એવા શ્રીગોકુલેશે પોતાના ધામ શ્રીગોકુલ પાસે સમ્રાટ આવ્યો ત્યારે તેને દુર્લભ આશીર્વાદ આપ્યો. તે સમ્રાટ સરલ માનસવાળો હતો, પરંતુ સંન્યાસાશ્રમની વિડંબના કરનાર તે પાપી અસુરની માયાથી તે મોહિત થઇ ગયો હતો.

તે પાપીએ દુર્બુદ્ધિપૂર્વક તેમને કંઇ કંઇ મનમાં ભરાવ્યું હતું અને ભગવદ્ ધર્મ વિરુદ્ધ કોઇક વાત તે સંન્યાસી જહાંગીર પાસે કરાવવા ઇચ્છતો હતો, પરંતુ પ્રભુ શ્રીગોકુલેશના પ્રભાવથી તેમનો કંઠ રુંધાઇ ગયો અને વિનયપૂર્વક માથું નમાવી તેમણે (સમ્રાટે) કહ્યું કે કોઇ વખત હું આપણી સાથે વાત કરવા ઇચ્છું છું, પરમેશ્વર શ્રીગોકુલેશે મંદમંદ હસતાં સમ્રાટને કહ્યું કે હું તેનો ઉત્તર આપી આપનું સમાધાન કરીશ. એ પ્રમાણેનાં વચનો વડે અમૃતના હજારો સાગરની ધારાઓને સતત રીતે વર્ષાવીને અને અનુગ્રહ કરીને તે પરમકૃપાળુ પોતાના ધામ શ્રીગોકુલમાં ગયા. પછી જહાંગીરે કાશ્મીર જવા માટે જ્યોતિષીઓ પાસે મુહૂર્ત જોવડાવ્યું. તે વાતની ખબર સતત વૈષ્ણવ દ્રોહી, નિર્દોષ ભક્તિમાર્ગનો દ્રોહ કરનાર દુષ્ટોએ લખેલા પત્ર દ્વારા તે પાપી અસુરને પડી. તેણે વિચાર કર્યો-ભગવદ્ ભક્તિનું ખંડન એટલે કે ભક્તિમાર્ગનો નાશ કરવાની મેં અશક્ય પ્રતિજ્ઞા કરી છે, તે કેવી રીતે સિદ્ધ કરવી ?

ગોકુલરત્ન શ્રીમહાપ્રભુ કરુણાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુ જ્યારે પ્રગટ બિરાજે છે અને પ્રિય ભક્તોને રક્ષે છે અને જ્યારે ભગવદ્ ધર્મના રક્ષણ માટે તેમણે કમર કસી છે, અને જ્યારે તેમનો પ્રતાપરૂપી સૂર્ય સર્વત્ર વિલાસપૂર્વક તપી રહ્યો છે, ત્યારે પાખંડધર્મરૂપી પોયણાં કેવી રીતે ખીલી શકે ? તો હવે હું શું કરું ? ક્યાં જાઉં ? હું હવે કોને શરણે જાઉં ? આ અત્યંત દુર્ઘટ એટલે મુશ્કેલ કામમાં મને એકદમ ઉપાય કોણ બતાવે ? વિના વિચારે હાથમાં લીધેલું આ કામ મારા દિલને ખૂબ બાળે છે. જો તે મૂર્ખ યવન-સમ્રાટ આ બાબતમાં મને મદદ કરે તો જ મારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય, બીજી કોઇ રીતે પૂર્ણ ન થાય. માળા દૂર કરાવવાના કામમાં મેં તેને પહેલાં અભ્યર્થના કરી હતી અને તેણે એકદમ અનુમોદન પણ આપ્યું હતું.

પણ સેંકડો રાજ્યકાર્યોમાં તેનું મન વ્યગ્ર છે, તો કયો આપ્તજન તેને તે વાતની યાદ દેવડાવે ? અરે, શ્રીમદ્ ગોકુલરાજે પ્રવર્તાવેલો, શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ અને પુરાણોએ કહેલો, સર્વત્ર સુપ્રસિદ્ધ, અત્યંત મંગલકારક અને ભગવાનને પ્રસન્ન કરનારો એવો તુલસીમાળા ધારણ કરવા રૂપ જે મુખ્ય ધર્મ છે, તે ધર્મ પ્રત્યે એના પિતા શુભનામધારી સમ્રાટ અકબરનો પક્ષપાત

છે; એટલું જ નહિ પણ તેના (અકબરના) સઘળા નોકરો, બુદ્ધિમાન રાજાઓ, સુબાઓ, જહાંગીર પોતે અને તેના સર્વ સેવકો શાહજાદા અને બેગમો પણ જન્મથી જ એટલે શરૂઆતથી જ એ ધર્મ પ્રત્યે પક્ષપાત રાખનારાં છે. અરે, મ્લેચ્છો અને તેમના કરતાંય વધુ ઘોર પાપી લોકો પણ સદ્ધર્મપરાયણ શ્રીગોકુલાધીશ પર પ્રેમ રાખે છે. તે બધા ડાહ્યાલોકો કોઇ પણ પ્રકારે મારા પાપી વિચાર સાથે સંમત થાય નહિ અને તે પ્રમાણે જરાય વર્તે નહિ.

વામમાર્ગના શાસ્ત્રોમાં વર્ણાવેલા તુચ્છ દેવોને વશ કરવાના અનેક મંત્રોનો મેં જપ કર્યો અને તે મંત્રોના પ્રયોગથી અરે, તે સમ્રાટ જહાંગીર વશ થયો. ત્યારે તેણે મારા તે મતને અનુમોદન આપ્યું હતું. હવે તે એકાંતમાં મળે તે સરળ ચિત્તવાળા તેને હું તે તે પ્રકારે વશ કરી, માયાથી લોભાવી અને તે તે સિદ્ધિઓ બતાવીને હું મારા સ્વાર્થ કાર્યમાં તેને પ્રવૃત્ત કરું અને સર્વ પ્રકારે ને સર્વ સ્થળે નિર્વિઘ્ને તેના હુકમનો પ્રચાર કરાવી મારી પ્રતિજ્ઞા પૂરી કરું. પણ હું તેને એકાંતમાં કેવી રીતે મળું? તે તો હવે જ્યોતિષીઓએ નક્કી કરેલા દિવસે પોતાના નગર આગ્રાથી નીકળી કાશ્મીર તરફ જવાનો છે. જો હું તે પહેલાં અહીંથી નીકળીને જલ્દીથી તેની રાજધાનીમાં પહોંચી કોઇ પણ પ્રકારે તેને મળવા પ્રયત્ન કરું, તો તેના સેવકો મારો નિરાદર કરશે અને એમ કહેશે કે આ તો વૈરાગી નથી. તેથી મારે મથુરાની યાત્રા કરવાને બહાને ત્યાં જલ્દી જવું અને નિ:સ્પૃહની માફક તેના માર્ગમાં રહેવું.

જ્યારે તે સમ્રાટ તે રસ્તે આવે, ત્યારે મારે ધૂર્ત સેવકો તેને મારા નિવાસસ્થાનની ખબર આપશે, ત્યારે તે પોતાના થોડા સેવકો સાથે મને ભક્તિપૂર્વક પ્રણામ કરવા આવશે. ત્યારે એકાંતમાં તેને મળીને સૌથી પહેલાં મારી ઈચ્છા તેને જણાવીશ અને મારા મનોરથની સિદ્ધિ માટે સમસ્ત યવનો અને અન્ય જનોમાં એના હુકમનો પ્રચાર કરાવીશ; અને તે હુકમના બળથી હું બધાં વૈષ્ણવોની, શ્રીવિઠ્ઠલેશ પ્રભુના પુત્રોની અને તેમના સેવકોની તથા સર્વ પ્રસિદ્ધ લોકોની અને શ્રીગોકુલનાથની માળા એકદમ ઉતરાવીશ; અને સદ્‌ભક્તિમાર્ગનો લોપ કરાવી મારી પ્રતિજ્ઞા પૂરી કરી, પાખંડમાર્ગનો પ્રચાર કરીશ; અને ધૂર્ત, પાપનો પ્રચાર કરનારા અને કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, અહંકાર અને પ્રવંચનામાં રાચતા મારા ક્ષુદ્ર શિષ્યો સાથે આનંદ કરીશ. વળી આ કલિકાલ પણ બળવાન છે, તે મારા કામમાં સહાયક થશે. ભગવદ્‌ભક્તિ રૂપ માર્ગ શ્રીગોકુલનાથના આધારે રહેલો છે. જો હું તેમને જ જીતી લઉં, તો હું બધાને જ બલપૂર્વક એકદમ જીતી શકીશ.

પ્રભુકી ઈચ્છાકી રુચિ જામેં નહિ એક લેશ, જાનિ કે અજાનિ જીયે કો લોં અબ ફિરિ હૈ;
જો પેં રુચિ ઈચ્છા હોય તાપેં એ સહજ હોય, એસે દિન ખોએ ચાહ કછુએ ન સરી હૈ;
જો જો તેં વિચાર્યો સો સો ભયો ઔર ભાંતિ, સેવા સંગ છૂટયો સુખ કૌન ગતિ કરિ હૈ;
વલ્લભ સુજાન કરિ હૈ સો જામેં તેરો હિત, તેરે હિત વિન નેક હૂ ન કહું ટરી હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો ત્રીજો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચોથો શરૂ થાય છે ।।

તરંગ ૪

એ પ્રમાણે વિચાર કરીને પછી તે મહાઅસુરે અતિ વેગે પ્રયાણ કર્યું. તે પાપીથી અત્યંગ ભય પામતા ત્યાંના વૈષ્ણવોએ તે વૃત્તાંત સહિત એક વિજ્ઞપ્તિપત્ર શ્રીમહાપ્રભુ શ્રીગોકુલનાથને લખ્યો. શ્રીગોકુલેશજીએ પોતે તે સઘળા વૃત્તાંતને જાણીને હસતાં હસતાં પોતાના સેવકોને કહ્યું કે, તમારે આ બાબતમાં કોઈપણ પ્રકારની ચિંતા કરવી તે યોગ્ય નથી; કેમકે ભગવાન શ્રીગોકુલનાથ (શ્રીગોકુલેશ પ્રભુના સેવ્ય શ્રીગોકુલનાથજી) પોતે સન્માર્ગનું રક્ષણ કરનારા છે અને સદૈવ તે રક્ષણ કરશે જ. તે વખતે ત્યાં ઉભેલા ભક્તોની આંખો અને કર્ણોમાં જાણે અમૃતના અનેક સમુદ્રોની વર્ષા થઈ; અને જ્યારે એવું વચનામૃત ઊગીને આવિર્ભાવ પામ્યું ત્યારે તે ભક્તોનાં પૂર્ણચન્દ્ર જેવાં મુખમાંથી જય જયકાર જેવા શબ્દરત્નો નીકળ્યાં.

તે પદોને વારંવાર વંદન કરનારાઓના અને શ્રીગોકુલેશજીના શ્રીચરણકમળના પરાગથી શોભાયુક્ત ભક્તના મુખને એટલે તેવા ભક્તોને હું ક્યારે જોઈશ કે જે ભક્તો વિનયના નિધિરૂપ અને ભક્તોને કહેલું પ્રિય વચનામૃત આ લોકમાં બીજા શ્રીગોકુલનાથ હોય તેમ કહી સંભળાવે. તે અસુર ઉજ્જૈનથી નીકળી રસ્તામાં ઠોકરો ખાતો, પડતો, આખડતો, નિંદિત માણસોના ઘેરથી ભિક્ષા લેતો અને તિરસ્કાર પામતો, વૈરાગ્યભાવથી દૂર રહેતો, અપકાર કરવામાં આનંદ મેળવતો, પાખંડ આચારમાં જ મનને રોકતો ધીરે ધીરે શ્રીગોકુલ પાસે બાદા નામના ગામે આવી પહોંચ્યો અને તે ગામના તળાવના કાંઠે તેણે મુકામ કર્યો. તે વખતે શ્રીગોકુલેશ પ્રભુ ભોજન કરી નિદ્રાવશ થયા હતા.

એટલામાં તેમના સેવક શ્યામદાસ જેટલીએ તેમને બાદામાં તે મહા અસુરના આગમનની ખબર આપી. શ્યામદાસને વિહ્વલ બનેલા જોઈને શ્રીગોકુલેશ પ્રભુ હસ્યા અને શિષ્ટાચાર ખાતર અને કેવળ સંન્યાસી વેશ ધારણકરનાર તે પાપીનો આદર કરવો જોઈએ એમ કોઈકને ઉપદેશ આપવાને બહાને, માર્ગમાં રહેલા કેટલાક જીવોનો ઉદ્ધાર કરવા, કુટિલ તરફ પણ નિષ્કપટતા, નમ્રતા, કરુણા, આદર વગેરે પોતાના સ્વાભાવિક ગુણવિશેષોને પ્રકટ કરીને વિશ્વમાં ફેલાવતા અને જગતને કૃતાર્થ કરતા અને સમસ્ત જીવોને પાવન કરનારી લીલાશક્તિથી પ્રેરિત થયેલા શ્રીગોકુલેશે ઘોડા પર અસવારી કરી બાદા તરફ પ્રસ્થાન કર્યું. તે સંન્યાસી બાદાથી નીકળી ગયો હતો. માર્ગમાં ગોપીનાથ વ્યાસે કહ્યું કે આ રહ્યોં એ સંન્યાસી. તેને જોઈને પોતાના મનમાં સંદેહ કર્યો કે આવા વેશવાળો આવું કરવા કેવી રીતે અભિલાષા રાખે ?

તેથી શ્રીગોકુલેશ પ્રભુએ તેની સાથે ચાલતા સેવકોને પૂછ્યુંઃ 'આજ આશ્રમ સમાજ ચિદ્રૂપ છે ?' એ પ્રશ્ન સાંભળીને તે ગર્વિષ્ઠ સંન્યાસીએ ભગવાનને કહ્યું, 'હા હું જ છું.' સર્વધર્મના પ્રચારક એવા ભગવાન શ્રીગોકુલેશ એના દોષોને ન ગણતાં સુશીલતાપૂર્વક ઘોડા પરથી ઉતર્યા અને તેને 'ભગવત્ નમો નારાયણ' એમ સ્પષ્ટ આદરપૂર્વક કહ્યું. પણ મૂર્ખ અને પાપી તે સંન્યાસીએ ગર્વને કારણે ભગવાનને પ્રણામ ન કરતાં કહ્યું, 'અહીં જે મનુષ્ય આવે છે, તેનું શું કર્તવ્ય છે ?' તે સાંભળી સકળ શાસ્ત્રોના જાણકાર ભગવાન શ્રીગોકુલેશે તેણે કહ્યું કે મથુરામાં વિશ્રામ ઘાટે જઈ તેણે સ્નાન કરવું, મુંડન કરાવવું અને ઉપવાસ કરવો. પછી શ્રીકેશવરાયજીનાં દર્શન કરી કેશિતીર્થ વગેરે ઠેકાણે જવું. પછી ગોવિંદદેવ અને ગિરિરાજનાં દર્શન કરવાં. શ્રીમદ્ ગોકુલમાં ભગવાન શ્રીકૃષ્ણની તે તે લીલાનાં સ્થાનોમાં ભક્તિપૂર્વક યાત્રા કરવી.

પછી કૃપાનિધિ શીલસાગર ભગવાન શ્રીગોકુલેશે તેના દોષો પ્રત્યે ન જોતાં તે પાપીને કહ્યું કે મારે ઘેર આવો અને ભિક્ષા લ્યો. તે સાંભળીને દુરાત્મા ભિક્ષુએ કહ્યું તે પ્રમાણે મારે વિશ્રામ ઘાટ વગેરે સ્થળે સ્નાન કરવું જોઈએ. તેથી આજે તો ત્યાં જાઉં છું. પછી શ્રીગોકુલેશ પ્રતિ યોગ્ય નમ્રતા, નમન, પ્રેમ, અનુમોદન, આજ્ઞાવિધાન આદિ ન કરતાં તે મૂઢ, કુટિલ, દુષ્ટ, ધૂર્ત,

પાપી, લુચ્ચો અને ક્ષુદ્ર અસુર મથુરા પ્રતિ ગયો; જ્યારે ભગવાન શ્રીગોકુલપતિ કે જે સદ્ધર્મના સ્થાપક છે અને જેમનાં શ્રીચરણની રજ કોટિ વૈકુંઠ માટે વંદ્ય છે તેમણે સુશીલતાપૂર્વક તે ક્ષુદ્ર પ્રત્યે સર્વ આવશ્યક શિષ્ટાચાર કર્યો અને પછી પોતાના શ્રીગોકુલ પધાર્યા. તે વખતે તેમના ગુણ અને શીલના ભક્તજનો સ્તુતિ કરતા હતા.

સં.૧૬૭૬ના આસો માસના શુક્લ પક્ષની દશમી એટલે વિજ્યાદશમીએ સમસ્ત ભક્તોએ શ્રીગોકુલાધીશને વિજય તિલક કર્યું. અને વિવિધ પ્રકારના વાદ્ય વગાડી, ગુણગાન કરી, મહારાત્રિને યોગ્ય એવાં સહસ્ર સુંદર દાન આપી પ્રેમપૂર્વક ઉત્સવ ઉજવ્યો. જેનો નાદ તે સંન્યાસીના કર્ણ દ્વારા હૃદયમાં પ્રવેશી તેને બાળવા લાગ્યો. કેટલા અસુરાત્મા બ્રાહ્મણોથી વીંટળાયેલા તે અસુરે મથુરા જઇ, સૂર્યકુંડ પાસે એક ગુફા બનાવડાવી ત્યાં નિવાસ કર્યો. તેને ત્યાં નિવાસ કરતો જોઇ અને વૃંદાવનના લોકો તેની પાસે આવી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યારે તે પાપીએ તેમને કહ્યું કે કંઠમાંથી તુલસીમાળા કાઢીને ફેંકી દ્યો અને રુદ્રાક્ષમાળા ધારણ કરો. એ પ્રમાણે અનર્થકારક મર્મભેદક વચનો તે અસુર કહેતો હતો છતાં તેની માયાથી વશ બનેલા નૃપાધીશ જહાંગીર પાસે તેઓ કશું કહી શક્યા નહિ અને ઉદાસ બની ગયા.

પ્રકટ પ્રમેય પ્રાણવલ્લભ સુખદ એસે, સ્વરૂપ સમીપ બિન, સુખ કો ન લેશ હૈ;
સબે દુ:ખદાયક, ન લાયક, ન સહાયક કો, લૌકિક અલૌકિક સે દુ:ખકે વિશેષ હૈ.
સેવા સુખ સંગ ભગવદીય કો આઠો જામ, મન વિરમાયવેકો, ઉલટોએ કલેશ હૈ;
જશ ગુન કથા ગ્રંથ પાઠ ભગવદ નામ; નેહીકે વિરામકું એ વૃથા ઉપદેશ હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો બીજો ચોથો પૂરો થયો ।।

।। હવે તરંગ પાંચમો શરૂ થાય છે ।।

તરંગ ૫

મથુરામાં રહેલા જીવોને કૃતાર્થ કરવા અને તે અસુરના અનેક દોષોને પ્રકટ કરી બતાવવાના બહાને, લૌકિક રીત-રિવાજનો આદર કરનારા મહાકૌતુકી અને અખિલ જગતને પાવન કરનારી પોતાની લીલાશક્તિથી પ્રેરિત થયેલા અતિ પ્રિય એવા ભગવાન શ્રીગોકુલેશ ભાઇ, ભત્રીજા અને મિત્રા સહિત તે અસુરની ગુફા પાસે પધાર્યા. તેમને આવેલા જોઇને દુરાત્મા એમ માનવા લાગ્યા કે તેઓશ્રી મારાથી ભયભીત થવાથી અહીં આવ્યા છે. એમ વિચારતો તે પાપી ગર્વપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુને કહેવા લાગ્યો, કે તમે શ્રેષ્ઠ બ્રાહ્મણકુળમાં જન્મ્યા છો, ધર્માત્મા છો, ગૃહસ્થોમાં શ્રેષ્ઠ છો, તો પછી આવશ્યક એવી પંચાયતન પૂજા કેમ કરતા નથી ?

રુદ્રાક્ષ, વિભૂતિ કેમ ધારણ કરતા નથી ? અને અધર્મ શુદ્રોને ભગવન્નામનો ઉપદેશ કેમ કરો છો ? અયોગ્ય એવા તે અધર્મો પાસે સેવા-ઉપયોગી કામ કેમ કરાવો છો ? તે મહામૂર્ખનાં એવા વચનો સાંભળીને શ્રીગોકુલેશ પ્રભુએ હસીને તે દુર્બુદ્ધિને કહ્યું કે અમારા આચાર્યશ્રીએ અને તાતચરણે જે કર્યું તે અમે કરીએ છીએ, એમણે જે છોડ્યું છે, તે અમે છોડ્યું છે. વેદો,

સ્મૃતિઓ, અરે સર્વ પુરાણો, શાસ્ત્રો અને આગમો તેમણે જે કહ્યાં છે, તે જ કહે છે. તે જાણવાની ઇચ્છાવાળાને અને વાદવિવાદ કરવા ઇચ્છનારને અમે તે બધું કહીશું. જો તમારી જિજ્ઞાસા હોય અથવા તમને વાદ કરવા ઇચ્છતા હો, તો અમે તમને તે બધું બતાવીશું. એ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુના વચન સાંભળી, તે ગર્વાંધ અસુરે કહ્યું કે નથી હું જિજ્ઞાસું કે નથી હું વાદવિવાદી, કે જેની આગળ તે બધાં શાસ્ત્રો તમે બતાવવા ઇચ્છો છો.

હું તો તમને વારંવાર એટલું જ કહું છું કે જો તમે ગોકુલમાં રહેવા અને સુખસંપત્તિ ભોગવવા ઇચ્છતા હો તો મારા મતને અનુસરો અને એકદમ ઊર્ધ્વપુંડ્ર વગેરેનો ત્યાગ કરો, અને તમે બધા નિ:શંક બની રુદ્રાક્ષ અને વિભૂતિ ધારણ કરો. જો તમે મારું કહ્યું નહિ માનો તો સાર્વભૌમ યવનેશ બાદશાહ જહાંગીર કે જે મારે વશ છે અને જે અતિ પ્રખર દંડ કરનાર છે, તે તમને બધું બળાત્કારે કરાવશે. એ સાંભળીને ભગવાન શ્રીગોકુલેશે પાસે બેઠેલા ભક્તોને જોઇને હસતાં હસતાં તે મહામૂર્ખને કહ્યું કે અમે જાતે તે વિવિધ પ્રકારના ધર્મ આચરીએ છીએ. અને અન્ય મહાપુરુષોના કહેવાથી પણ આચરીએ છીએ. પણ તમારા કે કોઇ મહાન પુરુષના કહેવાથી અમે પાપનું આચરણ નહિ કરીએ.

ફરી તે સંન્યાસીએ કહ્યું કે શ્રીકંઠભાષ્ય બહુજ પ્રસિદ્ધ ગ્રંથ છે, જેને નિલકંઠભાષ્ય પણ કહેવામાં આવે છે, તેની ઉપર માહાજ્ઞાની અપ્પય દીક્ષિતે 'શિવાકર્મણિદીપિકા' નામની મોટી ટીકા કરી છે; તેનો આંધ્રના શિષ્ટ પંડિતોએ આદર કર્યો છે, તમે પોતે પણ આંધ્ર પંડિત છો, છતાં તેનો નિરાદર કેમ કરો છો? આ પ્રમાણે તે અસુરનું વચન સાંભળી ભગવાને તેને કહ્યું: ભગવાન પરબ્રહ્મે વિશ્વના કલ્યાણ માટે વેદો રચ્યા, તેમનાં અર્થને પ્રગટ કરવા પુરાણો રચ્યાં છે. મુનિઓએ સઘળી સ્મૃતિઓ રચી છે. તે બધાના અર્થ પ્રકટ કરવા શ્રીભાગવત અને ગીતા પ્રકટ કરી છે. તે બધામાં પોતાનું સ્વરૂપ વર્ણવ્યું છે, વિશ્વના સર્જક, પાલક અને પલયકર્તા, અને પરમ મોક્ષદાતા પોતાને (પરબ્રહ્મને જ) કહ્યાં છે. એ ગ્રંથોમાં પરબ્રહ્મમાં અનેક વિભૂતિરૂપો કહ્યાં છે. તમે કહ્યું તે ગ્રંથમાં આનાથી વિરુદ્ધ કહ્યું છે અને શિવ ને જ વિશ્વના સર્જક, પાલક અને સંહારકર્તા માન્યા છે અને શિવનું સ્વતંત્ર ઈશ્વરત્વ માન્યું છે.

તેથી કેટલાક અજ્ઞાની તૈલંગોએ એ ગ્રંથનો આદર કર્યો હોવા છતાં અમે એનો આદર કર્યો નથી. તે લોકો શ્રીમદ્ ભાગવતમાં વર્ણિત શ્રીગિરિરાજધરણનો ઉત્કર્ષ જાણતા નથી. એ વિષયમાં કોઇ પણ માણસને ક્યાંય પણ સંદેહ થાય તો ગીતા, શ્રીભાગવત, ઉપનિષદો, સ્મૃતિ, વેદો અને વ્યાસનિર્મિત બ્રહ્મસૂત્રએ શાસ્ત્રોને તર્કપૂર્વક સમજાવવાને અમે કટિબદ્ધ છીએ. બધાં જ પુરાણો નિ:સંશય કહે છે કે શ્રીગિરિરાજધરણ જ સ્વતંત્ર છે અને શિવાદિ તો એમનું અનુસરણ કરનારા છે. શ્રીગોકુલેશનું એવું વચન સાંભળીને તે અસુર ઉત્તર આપવાને શક્તિમાન થયો નહિ અને ઝાંખો પડી ગયો.

પછી લજ્જાહીન તે અસુરે કહ્યું કે તમારા મોટાભાઇએ અગ્નિહોમનો સ્વીકાર કરીને પણ તેનો કેમ ત્યાગ કર્યો છે, તે કહો; શ્રુતિ તો કહે છે કે માણસે આજીવન અગ્નિહોત્ર કરવું જ. અસુરને સાંભળીને શાસ્ત્રાર્થમાં નિષ્ણાંત એવા પ્રભુ શ્રીગોકુલેશે કહ્યું કે અખિલ વેદો અને સ્મૃતિઓ કહે છે કે શક્તિમંગ શરીર જ ધર્મનું મૂળ છે. શક્તિહીન બની જતાં કોઇ કર્મનો ત્યાગ કરે તો તેમાં દોષ નથી. એ પ્રમાણે તેને ઝાંખો પાડી દઇને પોતે શ્રીગોકુલેશ સેવકો સહિત પોતાના ધામ શ્રીગોકુલ તરફ પધાર્યા. શ્રીગોકલની પાસે આવેલા કર્ણાવેલ ગામ પાસે જહાંગીરને આવેલો સાંભળીને નિરુપાધિક કૃપાના સાગર એવા શ્રીગોકુલેશજીએ તેને પ્રેમપૂર્વક આશીર્વાદ આપીને તેને કૃતાર્થ કર્યો.

તે સમ્રાટ સમજુ હોવા છતાં તે ભિક્ષુની માયાને વશ થઇ ગયો હતો, તેથી તેનાં વચનને અનુસરીને પ્રાણેશ્વર શ્રીગોકુલેશજીને કંઇક કંઇક કહેવાની ઇચ્છા રાખતો હતો. છતાં તેમના પ્રભાવથી તે કંઇ કહી શક્યો નહિ; માત્ર એટલું જ પૂછ્યું કે સંન્યાસીએ કહેલું તમે સ્વીકાર્ય કે નહિ ? શ્રીપ્રભુએ જહાંગીરનું તેવું વચન સાંભળી તેની પ્રત્યે જરાપણ ક્રોધ ન કર્યો, કેમ કે આ તો ધર્મિષ્ઠ છે, ગોબ્રાહ્મણોનો રક્ષક છે, આ વ્રજમંડલમાં પ્રજા પાસેથી કર લેતો નથી, વ્રજમંડલમાં તેનો આદર છે.

ભગવાનનાં મંદિરમાં દ્રોહ કરતો નથી, ગંગાદિ તીર્થોમાં પણ આદર રાખે છે, પણ ભિક્ષુની માયાથી મોહિત થયો છે, પોતે તો દીનજનોના મિત્ર છે, નિરુપાધિક કરુણા કરવાવાળા છે. એથી ઉલ્ટું, સુશીલતાના સાગર એવા પોતે હસીને કહ્યું કે તેણે કહેલું સઘળું અમે એકદમ સ્વીકારી લેત, જો તેણે વેદપુરાણ સ્મૃતિ વગેરેથી અવિરુદ્ધ એવું ધર્મ વચન અમને કહ્યું હોત. પણ તે સંન્યાસી હોવા છતાં શાસ્ત્ર-વિરુદ્ધ તુલસી-માળાનો ત્યાગ કરવાનું અમને કહે તો તે પાપ અમે કેવી રીતે કરીએ ? ત્યારે શ્રીપ્રભુના પ્રતાપથી અંજાયેલો તે યવનસમ્રાટ કશું બોલી શક્યો નહિ. પછી મનુષ્યરૂપે લીલા કરવાના ચિત્તવાળા અને કૌતુકપ્રિય તે પ્રાણેશ્વર ગોકુલેશ પોતાના ધામ શ્રીગોકુલમાં ગયા.

અહંકાર અભિમાન ઈર્ષા તૂ તજ સબ, ભજ ગોકુલેશ મેરી શીખ માનિ લીજીયે;
પાખંડ પ્રતિષ્ઠકો પ્રસિદ્ધ દોષ જાનત હૈ, આપ અપરાધ કહ્યો કૌન કામ કીજીયે;
જામેં હે પતન સો જતન કરિ નીકે કરિ, હિત હી સુ હિત કરિ ઔર છાંડિ દીજીયે;
જામેં પ્રાણવલ્લભકી રુચિ રસદાયક હે, તામેં મન સાનિ સાનિ એહી રસ પીજીયે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો પાંચમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ છઠ્ઠો શરૂ થાય છે ।।

તરંગ ૬

રાજાઓનો સમૂહ આદરપૂર્વક જેના શ્રીચરણમાં નમે છે, તેવા તે સમ્રાટે ોતાના નોકરો સાથે મથુરા પાસેના વિખ્યાત રાવણકોટિ નામે સુંદર સ્થળે તૈયાર કરેલા તંબુમાં નિવાસ કર્યો. પછી લોકવ્યવહારનો આદર કરનારા, કરુણાસાગર, સ્વતંત્ર ઇચ્છાવાળા, ત્રણે જગતને પાવન કરનારી પોતાની લીલાશક્તિથી પ્રેરાયેલા, મથુરાનગરીના મહદ્ ભાગ્યથી અને ત્યાંની મૃગાક્ષી સ્ત્રીઓના તે તે મનોરથોથી આકર્ષિત ચિત્તવાળા અને વાતચીત, અવલોકન, મંદસ્મિત અને દાનમાનાદિથી મથુરાવાસીઓને કૃતાર્થ કરનારા ભગવાન શ્રીગોકુલેશ કારતક વદ તેરસના દિવસે ફરી મથુરા પધાર્યા. તે વખતે તે અતિબળવાન અને અજેય માયાવાળા અસુર સાથૈ શ્રીગોકુલેશજી વાદ-વિવાદ કરે, તેમાં-પોતે તો પોતાના બળથી જ અખિલ જગતમાં સહાયવાળા સૌ પર જય મેળવે તેવા છે છતાં-પરમેશ્વર શ્રીગોકુલપતિને થોડું પણ ઉપયોગી થઇ શકાય અને તે રીતે પોતાના જન્મની કૃતાર્થતા અનુભવાય તે હેતુથી બધા વેદો, બધી સ્મૃતિઓ, શાસ્ત્રો, ઉપનિષદો, આગમો અને સર્વ પુરાણો ઘોડા પર સવાર થઇ પ્રેમથી વેગપૂર્વક પ્રભુની પાછળ ચાલ્યાં.

તે જ સમયે તે યવનસમ્રાટ અનેક રાજસેનાઓથી પૃથ્વીને ચારેબાજુથી ઘેરતો તે અસુરની ગુફા પાસે જાતે ગયો. તેની માયાથી જેનું ચિત્ત મોહિત બન્યું છે, તેવા તે સમ્રાટે પાપસમૂહરૂપ તે સંન્યાસીનાં ત્યાં દર્શન કર્યાં. ભક્તિપૂર્વક વારંવાર તને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને હાથજોડીને ઊભો રહ્યો અને પછી તેના કહેવાથી તેની પાસે બેઠો. પછી તે સમ્રાટે તેને વિનંતી કરી કે મને આજ્ઞા આપો, જેથી હું કૃતકૃત્ય થાઉં ને મારો જન્મ સફળ થાય.

એ સાંભળીને મહાસુર પાપી વંચક પ્રસન્ન થયો અને નિઃસ્પૃહ હોય તેમ તે સમ્રાટ પ્રત્યે બોલ્યો અને આજ્ઞા આપી. સર્વ પ્રજાનું મંગલ કરનારી, તારાં સ્વજનો અને નોકરોનું શુભ કરનારી એવી ''તુલસીમાળાનો ત્યાગ અને રુદ્રાક્ષ વિભૂતિ ધારણ કરાવો'' એ પ્રકારની આજ્ઞા મેં ઉજ્જૈનમાં આપી હતી. જો સર્વ પ્રકારે શુભ ઇચ્છતો હોય તો તે આજ્ઞાનું પાલન કરો, નહિ તો સ્વજનો, અમાત્યો, નોકરો અને પુત્રો સહિત તારો નાશ થશે. એ સાંભળી સમ્રાટે તે મહાપાપી અસુરને કહ્યુંઃ શ્રીવિઠ્ઠલેશકુમાર સાક્ષાત્ ભગવાન શ્રીગોકુલનાથ સદ્ધર્મની રક્ષા કરનાર અને ભગવદ્‌ભક્તિના પ્રવર્તક છે.

પોતાની લીલાથી કલિયુગના પાપને તેઓ દૂર કરે છે. અને વેદપુરાણાદિ સઘળાં શાસ્ત્રોમાં નિષ્ણાંત છે; તુલસીમાળા, કમળ, શંખ, ચક્ર, ગદા વગેરે મુદ્રાઓ અને ઉર્ધ્વપુંડ્રને ધારણ કરવારૂપ ધર્મને માને છે, આચાર પાળે છે; અમારા પિતા સાર્વભૌમ અકબરશાહ એ ધર્મનો સિદ્ધાંત અને સ્વભાવ જાણતા હતા. નિખિલ જગતના ગુરુ તે શ્રીગોકુલપતિ હાલ મથુરામાં છે, તેમની સાથે બેસી વિચાર કરી તે કર્તવ્ય હોય તે કરો; ધર્મમય એવા તે કદાપિ અનુચિત નહિ કરેઃ હું તેમને બોલવું છું; તેઓ ચાતુર્યનો ભંડાર છે; પ્રેમપૂર્વક બોલાવીએ તો કદી નિમંત્રણ નિષ્ફળ કરતા નથી, એટલે તેઓ એકદમ આવશે.

એ પ્રમાણે સમ્રાટનું વચન સાંભળી તે પાપી મહાસુરે કહ્યુંઃ તમે સાર્વભૌમ છો, તમે તેમને બોલાવો તે યોગ્ય નથી; પોતાના અનિષ્ટના નિવારણ માટે તેમને આજ્ઞા જ કરો, એ ઉચિત છે; તમે અખિલ શ્રેય એટલે બધાનાં કલ્યાણ માટે તત્પર છો; અખિલ ધરિત્રીના સ્વામી છો, એટલે તુલસીમાલા અને ઊર્ધ્વપુંડ્ર વગેરેનો ત્યાગ કરો. એવી આજ્ઞા જ આપો તે ઉચિત છે. તુલસીમાળા ધારણ કરવા રૂપી સમસ્ત પાપ તેઓ છોડી દેશે તો બધું જગત પણ છોડી દેશે. એ પાપનું મૂળ તેઓ જ છે. એ અસુરનું આવું વચન સાંભળી તે યવનસમ્રાટ મનમાં પશ્ચાતાપ કરવા લાગ્યો કે મેં પહેલાં તો એમ જાણ્યું હતું કે આ સંન્યાસી વિરક્ત છે અને મારા શ્રેય માટે સર્વ કાંઇ કરશે; તથા શ્રીગોકુલપતિ સાથે શાસ્ત્રાનુસાર સારી રીતે વિચાર કરીને જગતમાંથી અધર્મનો ઉચ્છેદ કરશે; પણ હવે તો આ સંન્યાસી ધર્માત્મા એવા શ્રીગોકુલપતિને અમાન્ય એવું બધું કરવા ઇચ્છે છે; વૈષ્ણવધર્મ વેદપુરાણોમાં પ્રખ્યાત છે, બધા પ્રાચીનો અને આધુનિક લોકો પણ તેને માને છે; રાજાઓ અને ચતુરશિરોમણિ મારા પિતા પણ તેને માને છે અને આજદિન સુધી મેં પણ સ્વયં તેને અનુમોદન આપ્યું છે.

એમના પિતા શ્રીગોસ્વામિજીએ (શ્રીગુસાંઈજી) અમારા પિતા અકબરશાય પાસે વેદસ્મૃતિ પુરાણાદિ સંમત વૈષ્ણવધર્મનું સ્થાપન કરેલું છે. વેદાદિથી વિરુદ્ધ એવો બીજો જે ધર્મ તેનું નિરાકરણ કરેલું છે. તો હું કેવી રીતે વિચાર કર્યા વિના તે શાશ્વતધર્મનું નિરાકરણ કરું? શ્રીગોકુલનાથની વિરુદ્ધ એવો ધર્મ હું સહસા કેવી રીતે ફેલાવું? હું શું કરું? કોનાથી મારું શ્રેય થશે? કોને શરણે જાઉં? અરે, આવી વિષમ અનર્થભરી સ્થિતિમાં મને કોણ સાચો માર્ગ બતાવે? અરે, જો હું એકદમ આ સંન્યાસીનું કહ્યું નહિ કરું, તો તે મને સહકુટુમ્બ પોતાની ક્રોધાગ્નિથી બાળી મૂકશે; જો તેનું કહ્યું કરું, તો ધર્મના જ પક્ષપાતી શ્રીગોકુલાધીશ મારા પર એકદમ અપ્રસન્ન થશે અને તેઓ અપ્રસન્ન થશે તો આખું જગત જ મારા પર નાખુશ થશે, અને અખિલ ભૂમંડલમાં મારી અપકીર્તિ ફેલાશે.

એમ મનમાં સંતાપ કરતાં અને મનમાં વિચાર કરતાં, તે સમ્રાટે આ પ્રમાણે નિર્ણય કર્યો : ''આ ગોકુલપતિ કરુણાના મહાસાગર છે, અખિલ જગતનું સંકટ સમજે તેવા છે, થોડુંક નમીએ તો પણ તે મારા પર ક્રોધ કરે તેવા નથી; તેઓ મારા દોષની ક્ષમા કરશે; સ્વભાવથી જ તેઓ દોષદ્રષ્ટા નથી; જ્યારે આ મહાક્રોધી સંન્યાસી તો મને બાળી મૂકશે. તો હમણાં આ સંન્યાસીનું કહ્યું કરું: પછી ગુણસાગર શ્રીગોકુલેશને હું પ્રસન્ન કરીશ.

વળી આ સંન્યાસી તેમનું અનિષ્ટ કરવા શક્તિમાન નથી; તેઓ તો પોતાના અને પારકા સૌ શરણે આવેલાનું પોતાના બળ વડે જ રક્ષણ કરશે; તે જ પ્રમાણે અખિલ વિશ્વના ધર્મનું અને સર્વવિધ ભગવદ્ભક્તિનું તેઓ રક્ષણ કરશે; તો પછી ઈશ્વરેશ્વર તેઓ પોતાની તુલસીમાલાદિનું રક્ષણ કરે તેમાં શી નવાઇ ? હઠી સંન્યાસી તેમની પો માલાદિનો ત્યાગ કરાવે તે શક્ય નથી અને તેમના બલ પર ભરોસો રાખનાર તેમના સેવકો પણ માલાદિ ત્યાગ કરે, તે પણ શક્ય નથી. એથી ઉલટું, હું મારા બધા નોકરો દ્વારા પ્રયત્નપૂર્વક માલાદિનો નિષેધ કરાવું અને મારી સત્તાના બળે આ યતિ પણ ત્યાગ કરાવે તે, પોતાના બલથી જ શ્રીગોકુલપતિ સૌને સ્થિર કરશે, બધાનું રક્ષણ કરશે અને તેથી તેમનો યશ ફેલાશે; અને તેમના યશગાનથી વિશ્વ કૃતાર્થ થશે અને હું પણ તેથી પવિત્ર થઇશ.

સોઈ ભગવદી ભગવદ ગુન ગાયક હે, સોઈ જ્ઞાન પૂરો શુરો પરમ ઉદાર હે;
સોઈ રસ લીન હે, કુલીન વિદ્યાવાન સોઈ, સોઈ પ્રેમપાનરૂપ ભાગ કે અપાર હે;
વેદ ભાગવત ભેદ ગીતા ગ્રંથ દોહનકો, જાન્યો જગમાંઝ તિન સારહુકો સાર હે;
ગોકુલેશજીકે પદરેનું સનમુખ રતિ, વાકી મતિ સમ કૌનકીએ અનુહાર હે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુર તિરસ્કારમય સાતમા કલ્લોલનો છઠ્ઠો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ સાતમો શરૂ થાય છે ।।

તરંગ ૭

ત્યાર પછી મનુષ્ય લીલા કરવામાં ચિત્ત આસક્ત હોવાથી, પરમ કૃપાસાગર હોવાથી, કૌતુકી હોવાથી, મ્લેચ્છોને પાવન કરવાની ઈચ્છા હોવાથી અને સ્વૈરવિહારી હોવાથી, પ્રભુ શ્રીગોકુલેશે તેને દર્શન આપ્યાં. તે વખતે તે સમ્રાટે કહ્યું કે આપ યતિ કહે તે પ્રમાણે શું નહિ કરો ? ભગવાન શ્રીગોકુલપતિએ સસ્મિત મુખકમલ વડે કહ્યું: યતિ ધર્મપૂર્વકનું જે આચરન કહેશે તે અમે કરીશું. જેનું વચન તમે સમ્રાટ માનો છો, તેનું વચન કોણ ઉલ્લંઘી શકે ? પછી યવનસમ્રાટે શ્રીગોકુલાધીશને કહ્યું કે તે કહે છે કે તુલસીમાલા અને ઊર્ધ્વપુંડ્ર વગેરે ધારણ ન કરવાં જોઇએ. ભગવાન શ્રીગોકુલેશે કહ્યું કે અમારી પાસે સર્વ વેદ-પુરાણો છે, જે ધર્મનું પ્રમાણ છે. એનાથી વિરુદ્ધ કહેનાર મૂર્ખ છે.

એણે કહેલું, હે નૃપેશ, સારા જગતમાં પ્રવર્તાવવું તે યોગ્ય નથી. યવનેશે મનમાં વિચાર્યું કે ભગવાન શ્રીગોકુલેશનું વચન તો અત્યંત યોગ્ય છે, પણ પેલા પાપી ધૂર્તનો ડર લાગ્યો હતો, તેથી ઈતબારખાન અને આસફખાન નામના મોટા અધિકારીઓને

બોલાવીને કહ્યું કે આ સંન્યાસી અને શ્રીગોકુલપતિ સાથે બેસી વિચાર કરીને નિર્ણય કરીને ભૂમંડલમાં ધર્મ ફેલાવો. (આવો હુકમ આપવાનું ને ભયનું કારણ કલ્યાણ ભટ્ટજી આ રીતે વર્ણવે છે.) ઉજ્જૈનમાં જ્યારે સમ્રાટ પલંગમાં સૂતો હતો ત્યારે તે અસૂરે પોતાની માયા વડે એવું બતાવ્યું કે અનેક વિકૃત આકારવાળા ભયંકર રાક્ષસો અને અનેક શાસ્ત્રો લઇને તેની પાસે આવે છે અને તે સમ્રાટ તેમનાથી ડરે છે; પણ તે સાથે બીજા પુરુષો અનેક શસ્ત્રો લઇને તે રાક્ષસોને રોકે છે અને કહે છે કે તે યતીન્દ્ર ચિદ્રૂપે આ રાક્ષસોથી તમારું રક્ષણ કરવા અમને મોકલ્યાં છે.

તારા રાજ્યમાં તુલસીમાલાદિ ધારણ કરવારૂપી પાપ ઘણાં વધ્યાં છે વગેરે. પછી ઊભો થઇને તે યવનેશ તે માયાવી અસુરની પાસે ગયો. ત્યારે અસુરે કહ્યું કે આજ રાતે કંઇ જોયું ખરું ? મારા માણસોએ તે રાક્ષસવૃંદોથી તારું મૃત્યું અટકાવ્યું છે. પછી યવનેશે કહ્યું કે હા, મેં ખરે જ તેવું જોયું છે. તમે સંક્ષેપમાં જે કહ્યું તે વિસ્તારથી મેં જોયું છે; મારું રક્ષણ કરો, જેથી મારું શુભ થાય. હે ગુરો, આજ્ઞા કરો, હું તે પ્રમાણે કરીશઃ હું સર્વથા તમને વશ છું. ત્યારે તે અસુરે ડરી ગયેલા તે સમ્રાટ પાસે વૈષ્ણવધર્મનો લોપ કરવાની પ્રતિજ્ઞા કરાવી.

એટલા માટે જ સમ્રાટ તેના કહેવા પ્રમાણે વર્તતો હતો, જો કે શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે તેનું ચિત્ત પ્રસન્ન હતું. સર્વજ્ઞશેખર શ્રીગોકુલાધીશ આ બધું જાણતા હતા. પોતે ગુણનિધિ હતા, પરમેશ્વર હતા, દૂષણ જોતા નહિ. અન્યના રંચમાત્ર ગુણને પણ ગ્રહણ કરવાવાળા અને સુશીલતાના સાગર હતા. તેથી તે ભગવાને તે સમ્રાટ પર ક્રોધ કર્યો નહિ. એટલે જ યવનેશના વચનનો અનુરોધ કરીને મહાપ્રભુએ અસુરને મૃદુ વચન કહ્યું કે શું કહો છો, કહો; અમે તે પ્રમાણે કરીશું. અમે કહો અધર્મ કરીએ છીએ, તે કહો; અમે તરતજ ત્યજીશું. અમે કયો ધર્મ પાળતા નથી, તે કહો; અમે તે આચરીશું. ધર્મ અને અધર્મ શાસ્ત્રથી પ્રમાણિત છે, તે સર્વ જનો જાણે છે, તે લૌકિક વસ્તુ નથી. તે લૌકિક વાણીથી માન્ય થતા નથી.

તેથી નિષેધશાસ્ત્ર કે વિધિશાસ્ત્રને અનુસરીને જે તમે કહેશો તે અમે માનીશું; કેવળ તમારા વચનથી અમે તે પ્રમાણે ચાલીશું નહિ. પણ તે અસુર મહાપ્રભુની પાસે શાસ્ત્રરીતિથી કશું કહેવાને શક્ત થયો નહિ; કેવળ યવનેશના બળનો આશ્રય કરવાને કારણે કહેવા લાગ્યો કે હું તમને કાંઇ કહેતો નથી, તમે બધાં અહીંથી પોતાને સ્થાને ચાલ્યા જાઓ અને ઇચ્છા હોય તે કરો, જેથી આ યવનસમ્રાટનું શ્રેય અને અનિષ્ટ નાશ થાય; આ ચક્રવર્તી જે આજ્ઞા આપે તેમ કરો. એ પ્રમાણે શ્રીગોકુલેશને કહીને તેણે યવનેશના કૃપાપાત્ર ઇતબારખાન અને આસફખાન નામના અમલદારોને કહ્યું કે તમારા સ્વામીને જઇને કહો કે તમારું કલ્યાણ થાય તે રીતે આજ્ઞા પ્રમાણે વર્તો. શાસ્ત્ર વિચાર તમારે માટે શ્રેયસ્કર નથી, પણ અનર્થકર છે. પછી તેમણે સમ્રાટને અસુરના કહ્યાં પ્રમાણે કહ્યું.

પછી ભયભીત થયેલા યવનેશે બધા લોકોના સાંભળતા કહ્યું કે કોઇને તુલસિમાલાદિ ધારણ કરવાં નહિ અને યતિનું વચન સર્વ કોઇએ માનવું. તેમ નહિ કરે કે તેને નહિ અનુસરે તેને હું મોટી સજા કરીશ. તે બે અમલદારો દ્વારા યવનેશે શ્રીગોકુલેશને કહેવડાવ્યું કે જે સંન્યાસીનું વચન હું ઉલ્લંઘતો નથી, તો તમે પણ મારો શ્રેયાર્થી તે સંન્યાસીનું વચન કદી ઉલ્લંઘશો નહિ, એવું લખી આપો. એ સાંભળીને નીતિજ્ઞ, મનુષ્યરૂપે લીલા કરનાર ચતુર શિરોમણિ ભગવાન શ્રીગોકુલેશે યવનેશને પત્ર લખીને આપ્યો કે એનું ધર્મ્ય વચન અમે કદી ઉલ્લંઘીશું નહિ; એથી મ્લેચ્છપતિ અત્યંત પ્રસન્ન થયો. તેની માયાથી હણાયેલા તે સમ્રાટે પોતાના બધઅ માણસોને કહ્યું કે મારી પ્રસન્નતા માટે અને પોતપોતાના શ્રેય માટે તમે સર્વે તે સર્વશક્તિના નિધિરૂપ યતિન્દ્રની પાસે જઇ તેમને નમસ્કાર કરો.

અકબરશાહના પુત્ર, અનુલંધ્ય આજ્ઞાવાળા, અખિલ ભૂમંડલના યવનાધિપતિ, પોતાના પ્રતાપથી સાર્વભૌમ પ્રબળ રાજાઓ પર વિજય પ્રાપ્ત કરનાર, કર્તુમકર્તુમન્યથાકર્તુમ્ સમર્થ, સહસ્ર અક્ષૌહિણી સેના જેના ચરણકમલને વંદે છે, જેણે બહુ સરળતાથી ચારે દિશાઓ પર વિજય મેળવ્યો છે, તેવા તે સમ્રાટની આજ્ઞા મળતાં તેના નોકરો, રાજાઓ, અમલદારો, દેશાધિપતિઓ, વિદ્યાચતુરજનો, અધિકારીઓ, કોશાધ્યક્ષો, ગજાધ્યક્ષો, સેનાપતિઓ, તુરંગસેનાના અધ્યક્ષો, વિવિધ સેવાઓમાં રોકેલા માણસો, સોનીઓ, ઝવેરીઓ, ખરીદ-વેચાણ કરવાવાળા, ગ્રામાધિપતિઓ, સામન્તો, માંડલિકો, ગુણીજનો, ગાયકો, પંડિતો, કવિઓ, વૈદ્યો, જોશીઓ, સચિવો, મૃગાધ્યક્ષો, શિકારે જતાં અનુસરણ કરનારા માણસો, વ્યાઘ્રાધ્યક્ષો, કાયસ્થો, વિદ્યાવિશારદો, વૈશ્યો, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વ્યાપારિયો, શુદ્રો, યવનો, મહાબલી પ્રખ્યાત શૂરવીરો, દિકપતિઓ અને તે સૌની સ્ત્રીઓ, માતાઓ, પુત્રીઓ પુત્રો અને તેમનાં પણ સંતાનો અને અન્ય સર્વે તે સંન્યાસી પાસે જઇને તેને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને તેના જરા જેટલા પણ કૃપાકટાક્ષની કામના કરવા લાગ્યા.

જહાંગીરને ખુશરુ નામનો મહાઉદ્ધત પુત્ર હતો. તેણે દુષ્ટો સાથે મળીને સમ્રાટનું રાજ્ય લઇ લેવાની ઈચ્છા કરી હતી અને તેના મહાન સેનાપતિઓ સાથે યુદ્ધ કર્યું હતું અને જે સમ્રાટને મારવા ઈચ્છતો હતો, તેવા વિદ્વેષીને સમ્રાટે કેદખાનામાં નાખ્યો હતો. તે દ્વેષી પુત્રને એ સંન્યાસીના વચનમાત્રથી જ તે સમ્રાટે છોડી દીધો હતો. વળી યવનેશે શેરખાન નામના સેનાપતિને હુકમ આપ્યો હતો કે તારે અને તારા સૈનિકોએ આ સંન્યાસીની આજ્ઞા માનવી. તેમની આજ્ઞાને મારી આજ્ઞા તુલ્ય ગણવી, મારી આજ્ઞાથી અધિક ગણવી, ઓછી તો ન જ ગણવી. અહીં રહેલા કે અન્યત્ર રહેલા અન્ય સર્વેએ જાણવું કે એને ક્રોધાયમાન કરવાથી મને ક્રોધિત કરશો અને સંતુષ્ટ કરવાથી મને સંતુષ્ટ કરશો.

એ પ્રમાણે તે સાર્વભૌમ જહાંગીર તે સંન્યાસી જહાંગીર તે સંન્યાસીને વશ થઇ ગયો હતો. તેને વશ એવા તે સમ્રાટને તેની સંગતિ દુઃખરૂપ બનશે, એમ વિચારી ભગવાન કૃપાસમુદ્ર વિલંબ કર્યા વિના પોતાના પ્રભાવરૂપ પવનના વેગથી પરિાર સહીત મથુરામાં સર્વ બિરાજી રહ્યાં હતાં, તે સર્વે શ્રીગોકુલેશ પ્રભુની નિજેચ્છાને માન આપી સર્વ પોતાના મુલ ઘર શ્રીમદ્ ગોકુલ આવવા માટે નીકળી ગયા. તેમની પ્રેરણાથી થોડાજ દિવસમાં યવનેશ કાશ્મીર પહોંચી ગયો; નહિ તો શું તે સંન્યાસીથી હણાયેલો સમ્રાટ બહુકાલ સુધી ત્યાં રહેત નહિ અથવા તો પોતાને અધીન કરેલા સમ્રાટને ત્યાં રોકી ન રાખત? કારતક માસની અમાવસ્યાના દિને પોતાના ભક્તો સહિત ભગવાન શ્રીગોકુલેશે ગોકુલ મધ્યે પોતાના નિવાસને અલંકૃત કર્યો.

જામેં ગોકુલેશજાુકે નામ ગુન લીલા નાહિ, સોઈ પદ અક્ષર સબ કોન કામ ગાઈએ ?
જેસે તૃષા આતુર તે આરત સમાયવે કો, કહા સચુ પાય મૃગજલ પાછે ધાઈએ ?
જાકે મન બચ ક્રમ ધેય પુરૂષારથ એ, સ્વરૂપ સુહાતો નાતો તાસો તાકે જોઈએ;
એઈ ફલ સાધન અરૂ ફલ સર્વાત્મકો, ગોકુલેશ નામ પ્રતિછિનું અબગાઈયે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો સાતમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ આઠમો શરૂ થાય છે ।।

તરંગ ૮

પછી પાપ બુદ્ધિવાળા તે અસુરે સમ્રાટની આજ્ઞા, સેના અને સહાય પ્રાપ્ત કરીને, મથુરામાં ભગવાનના ભક્તિમાર્ગનો લોપ કરવાનો પ્રારંભ કર્યો. કે જ્યાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના સમાન, સર્વશ્રેષ્ઠ તેમના ભક્તો વસતા હતા. બધા વૈષ્ણવોના કંઠમાંથી તુલસીકાષ્ઠની માળા તે સર્વથા દુષ્ટે શીઘ્ર ઉતરાવી, અને ભક્તોના તે તે શાસ્ત્રોક્ત અંગ પર શાસ્ત્રના તે તે વાક્યને અનુસરીને પ્રેમથી ધારણ કરાએલી શંખ, ચક્ર, ગદા અને કમળ વગેરેની કલ્યાણ પ્રદ, પાપનિવારક હરિમુદ્રિકાઓ તે પાપચિત્તવાળાએ દૂર કરાવી.

ભક્તજનોને ભાલમાં તથા બાહુ વગેરે અંગો પર શોભતું સુંદર ઊર્ધ્વપુંડ્ર તિલક કરતાં તે નારકી ધૂર્તે તેમને રોક્યાં. ઉપનિષદોમાં તથા વિશેષતઃ પુરાણોમાં ખૂબ વિખ્યાત માહાત્મ્યવાળું શ્રીગોપીચંદનનું તિલક ભક્તો ન કરે તેમ તેણે કર્યું. મહાન વૈષ્ણવોની ભક્તિને માર્ગના આચાર્યની ભક્તિ અને ભગવત્પ્રસાદ ભક્ષણનો આદર પણ તેણે સર્વત્ર લોપ્યો અને વૈષ્ણવ અને ગુરુશિષ્યોની નિંદાને સતત પ્રવર્તાવી. તે દુરાચારીએ દશમીવિદ્ધ એકાદશીમાં વ્રત કરવાનો આદેશ કર્યો, અને શુદ્ધ એકાદશીનું વ્રત કરવાનો નિષેધ કર્યો.

શ્રીભાગવતશ્રવણ, તેનું પ્રામાણ્ય, તેનું અર્ચન, કથન તેનો વિચાર અને તેનો આદર તે મૂઢે બલાત્કારથી નિવાર્યો. ભગવદ્ગાન, ભગવાનની પાસે નૃત્ય, કીર્તન, સવિશેષ તેમની લીલાનું અનુકરણ કરવાનો પણ તે ઉદ્ધત પાપિષ્ઠે નિષેધ કર્યો. રાજાધિરાજ રીતિ વડે ગ્રીષ્માદિ ઋતુઓને અનુરૂપ થતી ભગવાનની સેવા આ નરક-દોષમાં પડનાર યતિએ નિષેધી. વામમાર્ગીય આ પંડિતે સદ્શાસ્ત્રને દૂર કરી, અસદ્શાસ્ત્રનું ગ્રહણ કર્યું; મદ્યપાન અને માંસાદિ અભક્ષ્યનું ભોજન પણ શીઘ્ર પ્રવર્તાવ્યું. સંપૂર્ણ અવૈષ્ણવવ્રત, અત્યંત ક્ષુદ્ર દેવતાની ઉપાસના, અભિચાર વગેરે આચરણ, ભસ્માધારણ, અને ભગવત્પ્રસાદનો બહુધા ત્યાગ એવું બધું પણ તે પાપિષ્ઠે પ્રવર્તાવ્યું.

સુખથી પોઢેલા પ્રભુનું પ્રાતઃકાલ વગેરેમાં વેદઘોષ, વીણા વગેરે વાદ્ય અને બંદીજનોનાં સ્તવન વડે જગડવાનું, જયશબ્દો, નમસ્કાર, પછી મંગલાર્તી, આસન અને દાતણ, પાદ્ય, અર્ઘ અને આચમની પણ, પછી મધુપર્કાદિ આચમન, પાદુકાર્પણ, દુધ, દહીં, ઘી, મધ, શર્કરા અને મંત્રયુક્ત જલવડે અંગમાર્જન, અભ્યંગ, ઉદ્વર્તન, જલસ્નાન અને પછી અંગવસ્ત્ર, ઉપવીત, આચમનની અને અનુલેપન, આભૂષણ, પુષ્પ, ધૂપ, દીપ, નજર ઉતરાવી, નૈવેદ્ય, તાંબુલ મુખવાસ અને ઉત્તમશૈયા, દિવ્યકેશપ્રસાધન, વસ્ત્રો, મોટો મુકુટ, દિવ્યગંધાનુલેપ, કૌસ્તુભ વગેરે વિભૂષણ, વિચિત્ર દિવ્યપુષ્પો, પછી મંગલાર્તી, અરીસો, સુખયાનમાં (પાલખીમાં) મંડપાગમનોત્સવ, સિંહાસન પર બેસવું અને પાદ્યાદિથી પુનઃ પુજન, ફરી ધૂપ વગેરેના અર્પણ વડે પ્રથમની જેમ ઉત્તમ નૈવેદ્ય, પછી દિવ્યતાંબૂલ, મહાનિરાજન, ચામર, પંખો, છત્ર, ગીત, વાદ્ય અને નૃત્ય, પ્રદક્ષિણા, નમસ્કાર, શ્રીભગવત્ ચરણદ્વયની સ્તુતિ, મસ્તક પર ચરણદ્વયનું સ્થાપન, તીર્થનિર્માલ્યનું ધારણ, ઉચ્છિષ્ટનું ભોજન, પાદસેવાના ઉદ્દેશથી નિકટ બેસવું, વિવિધ દિવ્ય સાધન વડે રાત્રિશય્યાનિર્માણ, હસ્તપ્રદાન, શયનસ્થાનગમનમહોત્સવ, શ્રીમદ્ પ્રભુનું પાદપ્રક્ષાલનપૂર્વક શૈયામાં બેસવું, ગન્ધ, પુષ્પ, તાંબુલ અર્પણ, નિરાજન મહોત્સવ ક્રમથી આ ચોસઠ ઉપચારો કહેવાય છે.

વગેરે વચનસમુદાયથી વિખ્યાત, પુષ્ટિમાર્ગના શ્રેષ્ઠ અને મર્યાદામાર્ગાન્તરગત ઉપચારોનો તે અધમતમે નિષેધ કર્યો. તે યતિના હુકમથી સાર્વભૌમ સમ્રાટના સિપાઇઓ મથુરાપુરીની શેરીએ શેરીએ હંમેશાં ભમતા. વૈષ્ણવોના કંઠમાં શોભતી તુલસીકાષ્ઠમાંથી બનાવેલી માળા બલાત્કારે તે દુષ્ટો શીઘ્ર તોડી નાખતા; તેઓનાં દ્રવ્યને જબરદસ્તીથી રાજલોકગામી કરતા

(રાજાઓને આપતા); તે શીઘ્ર વૈષ્ણવોને પણ મારતા અને દુર્વચનથી પીડતા. કોઈની પતિવ્રતા પત્નિએ પતિના સંતોષ માટે વિવિધ વેશભૂષા ધારણ કરી, પોતાના ભાલમાં બે રેખાથી શોભતું નિર્મલ કુંકુમતિલક કરી, મધ્યમાં બિંદી કરી. તે સુરમ્યતિલક જોઈને દુષ્ટ બુદ્ધિવાળાએ દુષ્ટ બુદ્ધિથી તે પશુએ આ વૈષ્ણવ છે, એમ ચિત્કાર કર્યો અને સારી રીતે શીઘ્ર દંડ કર્યો. અનુકંપાથી પ્રસન્ન ભાગ્યવાળા યવનેશની જે પ્રિયપત્ની નૂરમહલ નામે હતી, તેનો બનેવી પાંચહજારના અશ્વસૈન્યનો સર્વસામાન્ય વડો હતો, તે હાકીમબેગ નામથી ખ્યાત હતો, તે મધુપુરીમાં આ સંન્યાસીને પાદવંદન કરવા આવી રહ્યો હતો.

તે તેની ગુફામાં જુતાં સાથે પ્રવેશ કરવા ઈચ્છતો હતો. તેના રક્ષણ માટે યવનાધીશે આસપાસ રાખેલા બહુ સિપાઈ લોકો વડે અટકાવવા છતાં તે ન અટક્યો. ઉલટું તેણે તેમને ધમકાવ્યા. તેથી તે ગુસ્સે થયેલાઓએ એની સાધનસજ્જ પાલખીને શીઘ્ર લૂંટી. આ બધું તેણે સહન કર્યું. પછી તે હાકીમબેગ દિલ્હીમાં યવનરાજને મળ્યો. ત્યાં તે યતિએ શીઘ્ર પત્ર મોકલ્યો. તેની દૃશ્યવૃત્તાન્ત જાણીને તે મ્લેચ્છ સાર્વભૌમે આજ્ઞા કરીઃ સંન્યાસીનું ઉલ્લંઘન કરનાર આ પાપીને શીઘ્ર મારી નાખો. ત્યારે એના ખુશરૂ નામના મોટા પુત્રે કહ્યું, આને દૃઢ બાંધીને તે સંન્યાસી પાસે જ મોકલવો જોઈએ. તે વિજ્ઞ યતિરાજ જ આનો સર્વથા ઉચિત દંડ કરશે.

આ સાંભળીને તે યવનાધીશે આવેલા પોતાના માણસો સાથે તેને તે સંન્યાસીની પાસે શીઘ્ર મોકલ્યો. તેણે તે રીતે આવેલા પોતાના માણસો વડે જુતાંથી મરાવી તેને માત્ર પ્રાણ બાકી રાખીને છોડ્યો. આ પ્રમાણે તે અસુરે પૃથ્વીપતિ યવનેશને વશ કર્યો હતો, તે જોઈને બધા મથુરા પુરવાસી, શ્રીવૃન્દાવનવાસી, શ્રીગોકુલવાસી ભક્તો ખૂબ ભયભીત બની ગયા.

ગોકુલેશ ગોકુલેશ ગોકુલેશ યહ નામ, રસના તૂ આઠો જામ અંતરમેં રટરે;
તર હૂ તે તર, પટતર નાહી આન કોઉ, જાને કૌન કૃપા હૂ તે આયો તેરે બટરે
સ્વરૂપ સહિત તૂ ઉચ્ચાર યેહી ભાંતિ કરિ, શ્વાસ આવાગમનમેં એસે દિન કટિરે;
સમય બિચારિ સાવધાન વ્હે સુરતિ કર, મનકે સ્વભાવકી તૂ છાંડિ ખટપટરે. ૪૬

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો આઠમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ નવમો શરૂ થાય છે ।।

તરંગ ૯

પછી યવનાધીશની દયાથી ગર્વિત થયેલા મૂઢચિત્તવાળા મહાસુર પાપીએ પોતાના મોઢજાતિના નિર્દય ગુર્જર બ્રાહ્મણોને અને ક્રૂર, અવૈષ્ણવ નાગરજાતિનાને જાસૂસ તરીકે શ્રીગોકુલરાજની તે રાજધાનીમાં મોકલ્યા. બધા ગોકુલવાસીઓએ માલાદિનો ત્યાગ કર્યો છે કે નહિં તે જાણવા ગયેલા તે બ્રાહ્મણોએ શીઘ્ર પાછા આવીને તે રાજધઅનીનું વૃત્તાન્ત તે સંન્યાસીને કહ્યું. અત્યંત સ્વતંત્રતાપૂર્વક બધા ગોકુકલવાસીઓ માલાદિ પહેલાંની જેમ નિ:શંક ધારણ કરે છે. જાસૂસોનું આ વાક્ય સાંભળીને તે અસૂરે

તેમને કહ્યું કે જઇને નિશંક શ્રીગોકુલનાથને કહો કે મારા વચનથી તથા યવનરાજની આજ્ઞાથી અહીંના બધા વૈષ્ણવોએ માલાદિકનો ત્યાગ કર્યો છે.

તે રીતનો પત્ર આપે સ્વહસ્તે લખીને સાર્વભૌમને આપવા છતાં શા માટે તેનો ત્યાગ કર્યો નથી ? તમારા તે માલાદિક ધઅરણ કરવાથી બધઅ ગોકુલવાસીઓ ધારણ કરે છે. જો તમે તમારું સર્વથા શુભ ઈચ્છતા હો તો તે માલાદિનો જલ્દી ત્યાગ કરો. નહિ તો તીક્ષ્ણ દંડવાળા, બલવાન યવનેશનો ખૂબ કોપ સ્વયં સપરિવાર સતત અનુભવશો. અત્યંત મૂર્ખ તે બધા ગુર્જર બ્રાહ્મણોએ શીઘ્ર જઇને પોતાના ધામ શ્રીગોકુલમાં શોભતા પ્રાણનાથને બહિર્મુખ, પાપબુદ્ધિવાળા આ અસુરે જે કહ્યું હતું તે કહ્યું.

પરંતુ શ્રીગોકુલનાથ તે મૂઢોનું તેવું વચન સાંભળીને પણ ગુસ્સે ન થયા, પણ હસતાં હસતાં કહ્યું : કે જઇને યતિને કહો, તમે પોતે કહ્યું છે કે બધાએ મારા વચનથી માલાદિકનો ત્યાગ કર્યો છે અને તમે પણ તેનો ત્યાગ કરો; બીજાએ ત્યાગ કર્યો હોય તો ભલે ત્યાગ કર્યો. તેથી સદા સ્વતંત્ર, સ્વધર્મરત અમે પણ તેનો શું ત્યાગ કરીશું ? ખરેખર, અમે કદાપિ ક્યાંય પણ કોઇના મતને અનુસરતા નથી. અમે પોતે જ શાસ્ત્રસમુદાયનો વિચાર કરીને જે યોગ્ય છે તે જણીએ છીએ. શ્રીગોકુલ સાર્વભૌમરાજનું આ વચન સાંભળીને તે બ્રાહ્મણોએ જઇને તે યતિને કહ્યું; અને તેથી તે ખૂબ ગુસ્સે થયો. પછી સર્વથા મનુષ્યલીલા કરતા શ્રીગોકુલેશજીએ મનમાં વિચાર્યું કે રખે કોઇને પરિવારમાં ભય પામીને લૌકિક દેખાય માટે સર્વને અહિં તેડાવ્યાં, પોતે સભા ભરી બેઠા પોતે કંઇ બોલ્યા નહિ.

પોતાનો ગુઢ આશય વિચારીને પુરુષોત્તમદાસ મહેરાના હૃદયમાં ધર્મસ્થાપન કરીને પોતે કહ્યુંઃ પુરુષોત્તમદાસ તમે ક્ષત્રિયમાં શ્રેષ્ઠ છો ને ન્યાય બધો સમજો છો. તમે ધર્મ સહિત વિદ્વાન જાણીને પૂછું છું. કે આ સમયમાં ઉચિત શું છે તે તમે કહો તે કરીએ. તુલસીમાલાધારણ વગેરે આ આપણો ધર્મ વેદ-પુરાણાદિ માન્ય છે. પિતાજી અને તાતચરણે પણ ઉપદેશેલો છે. વૈષ્ણવ પરંપરામાં પ્રસિદ્ધ, બહુ ફલવાળો અને પાપને દૂર કરનાર છે. મારો આશ્રય કરીને રહેલો તે ધર્મ કઇ રીતે છોડી શકાય ? પછી આ સંન્યાસી, અસુર પાપી માત્ર પાપને ફેલાવનાર છે.

યવનસમ્રાટને પોતાની માયાથી વશ કરીને તેના બલથી બલાત્કારે અમારો અને અમારા આશ્રિતોનો દ્રોહ કરે છે. તેનો વશ થયેલો, મહા બલવાન, તીક્ષ્ણ દંડવાળો યવન પણ યતિના વચન પ્રમાણે ન કરનાર આપણા પર શીઘ્ર ગુસ્સે થશે. તે પૃથ્વીપતિના ગુસ્સે થતાં સર્વ પૃથ્વી જ કુપિત થાય. આથી શું કરીએ ? ક્યાં જઇએ ? હે ધર્માત્મા ! કલ્યાણ કઇ રીતે થાય તે નિઃશંક કહો, હે ભગવદ્ભક્તોમાં શ્રેષ્ઠ ! તમે વિશાળ દૃષ્ટિવાળા, નીતિજ્ઞ, કુશલ છો.

આવા કૃપાસમુદ્ર સમાન પુરુષોત્તમોત્તમેશનું વચન સાંભળીને પુરુષોત્તમદાસે ઈશના પણ ઈશને ભક્તિથી બહુધા દંડવત્ પ્રણામ કરીને ખૂબજ વિનયથી હાથ જોડીને સુંદર વિજ્ઞપ્તિ કરી. દીવો લઇને સૂર્યને કોણ સ્પષ્ટ કરવા ઇચ્છે ? જલબિંદુથી સાગરને કોણ સ્નાન કરાવવા ઇચ્છે ? થોડીક હળદરથી સુમેરુને કોણ શોભાવે ? કોણ વિમૂઢબુદ્ધિવાળો માણેકના પર્વતને કાચથી પૂજે ? ખાખરાના પાનના ટૂકડાથી કોણ કલ્પદ્રુમને યોગ્ય બને ? સર્વજ્ઞોનાં શિરોરત્નમંજરી રંગાએલા શ્રીચરણવાળા તમને મહાપ્રભુને કાર્યાકાર્ય નિર્ણયમાં બોધ કરવા મારા જેવો કોણ તુચ્છ શક્તિમાન બને ? છતાં પણ હે ઈશ ! આપની અનુલંલઘનીય આજ્ઞાને પોતાના મસ્તક પર ધારણ કરીને હું કાંઇક કહું છું. તે બાલ-બોલને સાંભળો.

ઉછળેલા કૌતુકરસના સાગર ! નર દેવ ! પહેલાં કોઇ અતિ ઉગ્રદંડવાળા, ખુબ બલવાન, સર્વત્ર જેની આજ્ઞા પળાતી હતી તેવા, જેણે સર્વ રાજાઓને જીત્યા હતા તેવા મ્લેચ્છસમ્રાટનો કોઇ ક્ષત્રિય સેવક હતો. તેની કોઇ સુરૂપ, ગુણશાલિની,

સદ્બુદ્ધિવાળી પ્રિય કન્યા પોતાના દોષથી વિધવા થઇ. તેને યૌવારુઢ, સુંદર મુખવાળી, સુંદર હાસ્યવાળી જોઇને તે પિતા નિરંતર ખૂબ ક્લેશ કરતો. ખરેખર તે ખુબ પાપિષ્ટ પોતાની કન્યાનો પોતાની જ્ઞાતિ ન જાણે તેમ બીજો પતિ કરવા ઇચ્છતો હતો.

પછી પોતાની જાતે શ્રુતિસ્મૃતિ વિરુદ્ધ કરનાર મને આ ધર્મનિષ્ઠો સર્વથા નિંદશે, એમ પોતાના મનમાં બહુધા વિચાર કરીને તેણે આ વિધવા તેના પિતાને સંમત એવો બીજો પતિ ભલે કરે, તે અર્થનો સમ્રાટનો પત્ર તે દુબુદ્ધિવાળાએ વિજ્ઞપ્તિ કરીને તે સમ્રાટની મુદ્રાથી અંકિત કર્યો, અને તે લલ્લુ-જગધર નામના સર્વથા ઉત્તમ બે ક્ષત્રિયોને બતાવ્યો. તે અન્યોન્ય બે ભાઇઓમાં જગધર નામનો ભાઇ નાનો હતો. તે પત્ર જોઇને કેટલીક ક્ષણ ચિંતા કરવા લાગ્યો, કે કઇ રીતે આ યોગ્ય છે? ત્યારે તેની માતાએ કહ્યું, મારા પતિ મૃત્યુ પામ્યા છે. મારા માટે બીજો પતિ વિચારી કાઢો. પછી પત્ર આદરથી ગ્રહણ કરજો.

તેનું કહેલું આવું વચન સાંભળીને તે બન્ને ધાર્મિક ભાઇઓ ખુબ લજ્જિત થયા ને તેમનું મોં પડી ગયું. પછી લલ્લુ નામના ખૂબ ધર્મપરાયણ, સત્કાર્ય કરનાર મોટાભાઇએ સમ્રાટનો તે પત્ર સત્વરે ફાડી નાખ્યો. પણ તેનો મુદ્રાંકિત ભાગ પોતાના મસ્તકમાં સંતાડી રાખ્યો. પાપી ક્ષત્રિયે પત્ર ફાડવાની વાત સમ્રાટને નિવેદન કરી, ત્યારે તે ખૂબ ગુસ્સે થયો. દંડ કરવાની ઇચ્છાવાળા સમ્રાટે તેને પોતાના જાસુસ મારફતે બોલાવ્યો. નાના ભાઇ સાથે આવેલા લલ્લુને ક્રોધાવશ, લાલ નેત્રવાળા સમ્રાટે કહ્યું, કે હે ખૂબ દુર્બુદ્ધિવાળા! મારો પત્ર તેં ફાડી નાખ્યો? મારા પ્રતાપથી બધા રાજાઓ કંપે છે અને અચલ પર્વતો પણ ખુબ કંપે છે- તેવા મને તું ઉન્મત્તપણાથી ખરેખર તૃણ જેવો ગણે છે? તુ જેનાથી ડર્યો નથી, તેવો મારો કોપ હવે પુત્ર, પરિવાર, ભાઇ, સ્વજન, બાંધવ સાથે અનુભવ.

એ પ્રમાણે ક્રોધથી યવનરાજે ગર્જના કરી ત્યારે સર્વક્ષત્રિયો ખૂબ ડરી ગયા, કંપવા લાગ્યા; કાંઇ પણ બોલી ન શક્યા અને મરવા જેવા થઇ ગયા. પરંતુ ધર્માત્મા, ભય વગરના, સત્કાર્ય કરનાર એ લલ્લુએ મ્લેચ્છરાજાને વિવેકભરી રીતે વિનંતી કરી. કે હે મહાબલવાન! અને સાર્વભૌમ એવા તમારી મેં અવજ્ઞા કરી નથી. તમારી મુદ્રાથી અંકિત થયેલા પત્રનો ભાગ મેં સદા મારા માથે જ ધઅરણ કર્યો છે, હે સ્વામિન્! તે પત્ર કોઇ બીજાએ જ લખેલો, કોઇક મૂર્ખે લખાવેલો, અસંગત અર્થવાળો, પાપાચાર ફેલાવનારો, તમારી સંમતિ વગરનો જાણીને મેં ફાડ્યો છે. તેમાં લખેલું કે કુલિન વિધવાને બીજો પતિ કરવો, એ શ્રુતિસ્મૃતિ વગેરે વડે નિંદ્ય છે. તે સંપૂર્ણ પત્રાર્થના પ્રચારમાં ખરેખર પાપજ પ્રવૃત્ત થાત, અને તમારા યશનો નાશ કરત. હવે હે સમ્રાટ હું નિજ ધર્મમાં દઢ સ્થિત છું. અને મારો વા રક્ષો. હું ધર્મનો કદાપિ ત્યાગ નહિં કરુ.

ધર્મને છોડનારનું મરણ જીવનની શ્રેષ્ઠ છે. ખરેખર સદાચારમાં સ્થિત માનવ અત્યંગ શોભે છે. સદાચાર છોડનાર શોચ્ય છે, એમાં સંશય નથી. ગૃહસ્થે સદાચાર પાલન કરવું જોઇએ. આચાર વિહીનને અહીં અથવા અન્યત્ર સુખ નથી. સદાચારનું ઉલ્લંઘન કરીને જે વર્તે છે, તે પુરુષને યજ્ઞ, દાન, તપ આ લોકમાં ઉન્નતિકારક થતાં નથી. એમ કહીને તે લલ્લુ નામના ભાઇએ તે યવનાધીશ્વરને પોતાની પાઘડીમાં રાખેલો તે પત્રનો ટૂકડો, કે જે તે સમ્રાટની મુદ્રા વડે અંકિત હતો, તે બતાવ્યો. ત્યારે લલ્લુનું વચન સાંભળીને, તેની ધર્મનિષ્ઠા જાણીને તે યવનોનો રાજા પ્રસન્ન થયો.

અને તેને કહ્યું, તુ સજ્જન છે, ભાગ્યશાળીઓનો અગ્રણી છે, કે જેની ધર્મમાં આવી સુદૃઢ બુદ્ધિ છે. ઇશ્વર તારા પર પ્રસન્ન છે, એમ હું નિશ્ચયપૂર્વક માનું છું. તેણે મારી આજ્ઞાનો લોપ કરવા તને સમર્થ, ધૈર્ય આપ્યું. તેથી પહેલાંની જેમ તુ સર્વદા પોતાના ધર્મમાં દઢ રહે. ભગવાને આપેલા ધૈર્ય વડે હું તારાથી જીતાયો છું. બધા ક્ષત્રિયો પહેલાંની જેમ જ પોતાના સનાતન,

યશ આપનાર, સ્વર્ગ આપનાર ઉત્તમ ધર્મ પાળે. વિધવાનો બીજો પતિ ક્યારે પણ ન થાઓ. બીજો પતિ કરનારનો મારાથી વધ થશે.

હવે મારા રાજ્યમાં અન્ય પાપ ક્યારે પણ ન થાય પણ કરનાર મારો પુત્ર પણ વધ્ય જ બનશે. એમ કહીને તે પ્રસન્ન સમ્રાટે તેનો ખૂબ સત્કાર કરીને ધનાદિ સાથે તેને ઘેર મોકલ્યો. અને વિચક્ષણ સમ્રાટે તેવા પત્ર પ્રવર્તક તે પાપિષ્ઠ ક્ષત્રિયને સર્વના દેખતાં ખૂબ તિરસ્કાર્યો. ખૂબ ધૈર્યયુક્ત મહાત્મા લલ્લુએ બધા ક્ષત્રિયોને ધર્મમાર્ગમાં ખૂબ વ્યવસ્થિત કર્યા. આજે પણ તેનો યશ પ્રસરે છે. અને ખુબ ગવાય છે. પણ તે દુરાત્મા પાપી ક્ષત્રિયના કુલમાં જે જન્મ્યા, તે આજે પણ સર્વથા ખુબ નિંદાય છે. વધુ કહેવાથી શું ?

મહાત્મા લલ્લુનો જગદર નામનો નાનો ભાઈએ જેણે લલ્લુની જેમ તે પત્ર સત્વરે ન ફાડી નાખ્યો, પણ કાંઈક અચકાયો, તેથી ખૂબ ધાર્મિક હોવા છતાં તેણે ન્યૂનતા મેળવી. આજે પણ એના વંશમાં ઉત્પન્ન થનારને લલ્લુના વંશના વંશજો કરતા કાંઈક ન્યૂનતાથી જ વૃત્તાંત જાણનારાઓ ગણે છે. તેથી બધાએ સર્વાત્મવડે સ્વધર્મ રક્ષ્ય જ છે, જેથી સંપૂર્ણ કલ્યાણ અને ભુવન વ્યાપીની કીર્તિ થાય. તથા બીજી વાત પ્રહ્લાદને વિષે તે સર્વ કોઈ જાણે છે. વિશેષ કરીને જો તમારા જેવા સનાતન ધર્મ છોડે તો ધઅરણ કરનારના અભાવે સમગ્ર પૃથ્વી રસાતલમાં જાય. તેથી હે મહાપ્રભો ! તમે ધૈર્ય રાખીને ધર્મનું રક્ષણ કરો.

તમારાથી સારી રીતે રક્ષાએલો તે ધર્મ સર્વથઅ તમારું સેવન કરશે. તે જ યવનેશનો કોપ સમાવશે; બલાત્કારે એ બલવાનને ખૂબ પ્રસન્ન કરશે; અસુરનું પણ મુખ તે જ શીઘ્ર ભાંગશે, અને તમારી વિજયવંતી નિર્મલ કીર્તિ દિશાઓમાં ફેલાશે. આ પ્રમાણે કરુણા સિન્ધો ! શ્રીગોકુલેશ પ્રભો ! તમારી આજ્ઞાથી મેં જે વાચાળતા કરી છે તે ક્ષમા કરો. બધા અવતારો અને અવતારી મળીને પણ જેના શ્રીચરણકમલની રજના લેશને પણ નથી જ જાણતા, તે આપ શું મને મૂર્ખને કાર્યાકાર્ય નિર્ધારના ઉપદેશનું ચાપલ્ય કરાવો છો ? હે સુપ્રભો ! આપને સતત નમસ્કાર કરું છું. પુરુષોત્તમ શ્રેષ્ઠ ભગવાને પુરુષોત્તમદાસનું આવું વચન સાંભળીને તેને અનુમોદન આપ્યું, અને દરેક જણ દઢ થયા.

શ્રીવલ્લભચરણ પ્રતાપસે, ક્લેશ રહેત નહિ લેશ।

અપને સ્વકીય સમાજકુ જૈ જૈ શ્રીગોકુલેશ ।।

પૂરણ પ્રકટ પુરુષોત્તમ પ્રમેય જૈસે, તૈસો નિજ નામ સ્વપ્રતાપકે ઉમંગમેં;
જૈસે દિનમણી આપ કિરણ સહિત રાજે, પ્રગટ ઉદ્યોત જ્યોત આભા જૌં તરંગમેં.
સ્વરૂપ પ્રભાવ લીલા ગુન કૃત વાસ્તલ્યકે, નામ ધરે પ્રકટ પ્રમાણ કરે અંગમેં;
કાહુ નહીં કહ્યો કાહુ ધર્યો નાહીં નામ યહ, ગોકુલેશ નામ આપ લિયે આહે સંગમેં.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો નવમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ દશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૦

એક વખત મર્યાદાસાગર વિભુ પોતાના સંબંધીઓ પાસે ગયા અને તેમણે પ્રણામ કરીને ત્યાં બિરાજ્યાં. તેમણે ઈશ્વરેશ્વરને કહ્યું, પુરુષોત્તમદાસે આવીને સંન્યાસીના વચનથી અમારા માળા ત્યજવી ન જોઇએ, એ પ્રમાણે અમને કહ્યું. તે અમે સ્વીકાર્ય નથી જ. ખરેખર મહાયતિ અને યવનેશ સાથૈ અવશ્ય આપણો વિરોધ જ યોગ્ય નથી. વિરોધી બનતાં તે આપણું સર્વ શીઘ્ર જ નાશ કરશે; તેથી પોતાનું પ્રયોજન જોતાં; અમારે માલાદિકનો ત્યાગ કરવો જોઇએ. આપણા સર્વ સંબંધીઓએ અને સેવકોએ, તમારે પોતે પણ અને પોતાના વૈષ્ણવોએ સર્વથા માલાદિકનો ત્યાગ કરવો જોઇએ. નહિ તો મોટા અનર્થ થશે, એમાં સંશય નથી.

આ સાંભળીને દઢવ્રતવાળા ભગવાન શ્રીગોકુલેશે તેમને કહ્યું, અમારા પરમાર્થપરાયણ, મહાન, દઢ નિશ્ચયવાળા વૈષ્ણવો વડે આ માલાદિક ક્યારે પણ ત્યજાશે નહિ. પછી તેમણે કહ્યું, આપ માલાદિક તજશો તો આપના કહેવાથી તેઓ પણ શીઘ્ર ત્યજશે, એમાં કાંઇ સંશય નથી. પછી શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું, પણ તાદશી વૈષ્ણવોને ભગવદ્ધર્મનો ત્યાગ કરવાનું કઇ રીતે કહેવાય ? મારાથી કઇ રીતે થાય ? જે પોતાનાંઓને તારે છે તે જ શ્રીહરિ કલ્યાણ કરશે. એમ કહીને પોતે પોતાના સેવક સાથે ઘેર આવ્યા અને પોતાનું ઘર શોભાવ્યું.

હવે એક વાર મ્લેચ્છોના બળથી ફુલાયેલો ગર્વાન્ધ તે અસુર મથુરામાં શ્રીમહાપ્રભુને સંભળાવવા માટે બોલ્યો, જહાંગીર બાદશાહનું જ્યાં સુધી રાજ્ય છે, ત્યાં સુધી કોઇ માલાદિક ધારણ કરવા માટે શક્તિમાન થશે નહિ એ નિશ્ચય છે. એના ખુશરુ નામના મોટા દીકરાનું પણ જ્યાં સુધી તે રાજ્ય છે, ત્યાં સુધી કોઇ માનવ તે માલાદિક ધારણ કરવા શક્તિમાન થશે નહિ. એ પ્રમાણે જ્યાં સુધી બે રાજ્ય છે, ત્યાં સુધી મેં તે માલાદિકનો બલથી લોપ કરાવ્યો છે. પણ એ પ્રમાણે કહેતા તેને ઉદ્દેશીને તેના કેટલાક દુર્બુદ્ધિવાળા પાપિષ્ઠ અનુચરોએ કહ્યું કે, ભગવન્ ! બે રાજ્ય એમ તમે શા માટે કહો છો ? પ્રભૌ ! ત્રણ રાજ્ય સુધી એમ કહો. કારણકે ખુશરુનો પુત્ર પણ તમારો છે. યવનસમ્રાટ સ્વયં તમારો પાદકમલમાં ભક્તિવડે દંડવત્ નમ્યો છે; તે તમારી જ કૃપા ઈચ્છે છે. તેના પણ રાજ્યમાં તે માલાદિક ધારણ કરવા કયો મનુષ્ય શક્તિમાન થશે ?

એ સાંભળીને ખૂબ પ્રસન્ન થયેલા તે મૂઢ તેમને કહ્યું, સાચું, સાચું તમે સાચું જ કહ્યું. ત્રણ રાજ્ય એમ સ્પષ્ટ છે. મેં પોતે પ્રમાદથી બે રાજ્ય એમ કહ્યું. એ સાંભળીને પ્રાણેશ શ્રીગોકુલેશજી ફક્ત હસ્યાં; તેમણે જ તે અસુરનું મૂખ ભાંગીને એટલે કે તેના પ્રયત્નોને નિષ્ફળ બનાવીને સમ્રાટના રાજ્યમાં જ માળાની રક્ષા કરી છે. વળી તે સમ્રાટનો પુત્ર ખુશરુને મારીને રાજ્ય ગ્રહણ કરનાર શાહજહાંના રાજ્યમાં પણ માલાદિકની રક્ષા કરી છે, પ્રભુના એવા આશયને કેટલાક સેવકો જ જાણી શક્યા. એટલે કે પ્રભુના સ્મિત દ્વારા પ્રકટ થયેલો આશય કેવળ અમુક ભક્તો જ જાણી શક્યા.

એક વખતે મ્લેચ્છ સમ્રાટના કોઇ કાર્યમાં નિયુક્ત થયેલો વંશગોપાલ નામનો મહાન અધિકારી મથુરા ગયો. અસુર સંન્યાસીની ગુફામાં જઇને તે દુર્મતિ તેને નમ્યો. તેને સંન્યાસીએ કહ્યું, તમે પોતે રાજ્યાશ્રયથી પણ બલવાન છો. તો તમે પોતે અને સ્વજનો વડે તુલસીકાષ્ઠમાલા યથા-તથા સ્વીકારનાર, આપણા જેવા તાદશના સેવ્ય સમ્રાટને તૃણ પણ ન માનનાર, પોતાના મૂઢકલ્પિત વ્રતમાં સુદઢ એવા શ્રીગોકુલનાથને શીઘ્ર મારી પાસે લાવો. હું સ્વતઃ અને રાજસેવકો દ્વારા પણ તેમનો તિરસ્કાર કરીશ.

પછી આ દુષ્ટની આવી આજ્ઞા પોતાને માથે ચઢાવીને, તેને દંડવત્ નમન કરીને વંશગોપાળ ગોકુલ ગયો. ત્યાં સૂર્ય સમાન શોભતા શ્રીગોકુલેશ પ્રભુને જોઇને, દંડવત્ પ્રણામ કરીને દુષ્ટબુદ્ધિવાળો તે ભૂમિ પર બેઠો. ત્યાં પોતાને તથા તે અસુરનું ઉચિત વિવિધ બોલવા તથા કરવા ઇચ્છતો હતો પણ શ્રીગોકુલેશ પ્રભુના પ્રભાવથી પ્રતિહત તે કાંઇ પણ બોલવા શક્તિમાન ન થયો. સુશિલતાના સાગર વિભુએ પણ તેને સત્કાર્યો નહિ. પછી ઝાંખા પડી ગયેલા તે મૂઢે એકદમ ઊઠીને શીઘ્ર મહાવનમાં જઇને બલપૂર્વક પ્રભુને લાવવા માટે હાથી, અશ્વ, રથ, પદાતિથી સમૃદ્ધ, બહુવિધ શુરવીરોથી યુક્ત સેના સજ્જ કરી. એ જોઇને ત્યાંના કાર્યમાં લશ્કરખાન વડે નિયુક્ત તત્રસ્થ,નિપુણ, કાયસ્થ શ્રેષ્ઠ, સુપ્રભુના અનુભાવથિ પ્રેરિત રાયગદાધરે તેને કહ્યું, તું ક્યાંથી ? આ તું શું કરવા ઇચ્છે છે ?

તે સાંભળીને એણે કહ્યું, કાંઇક પ્રયોજન છે, તેથી આ પ્રમાણે કરું છું, હવે એણે તેને કહ્યું, મારો પણ અલ્પ રાજકીય અધિકાર છે, તો પછી મને જણાવ્યા વગર તું કાંઇ કરે એ યોગ્ય નથી. કયું કાર્ય કરવાનું છે તે શીઘ્ર કહે; જો તે યોગ્ય હશે તો હું તેમાં તને સહાય કરીશ; નહિ તો તને અટકાવીશ. આ સાંભળીને તે મૂઢ બુદ્ધિવાળા શુદ્રે તેને કહ્યું, સંન્યાસીના વચનથી શ્રીગોકુલેશને બલથી મથુરા લઇ જવાને હું સેના સજ્જ કરું છું, એ સાંભળીને પ્રભુના અનુભાવથી પ્રેરિત તે રાયગદાધરે એકદમ કહ્યું, હાથ વડે વાયુ દુર્ગાહય છે. ચન્દ્રનો હાથથી સ્પર્શ થઇ શક્તો નથી. મસ્તક વડે પૃથ્વી ધારણ કરાય નહિ.

તે શ્રીગોકુલેશ બલથી દુર્ગાહય જ છે. પછી તે અત્યંત મૂઢે પૂછ્યું, કહો, તેમનું સૈન્ય કેટલું છે ? કેટલા પદાતી વા અશ્વો છે ? કેટલા રથીઓ છે ? કેટલા હાથીઓ છે ? કેટલા યોદ્ધાઓ છૈ ? તે અત્યંત મુર્ખને રાયગાધરે કહ્યું, ત્યાં યુદ્ધોપયોગી કાંઇ સૈન્ય દેખાતું નથી. ત્યાં એવા હાથી નથી, સિપાઇઓ કે અશ્વ-રથાદિ નથી; અસ્ત્રો નથી, શસ્ત્રો નથી, બીજું કાંઇ પણ દેખાતું નથી. પણ તેમનું સ્વરૂપ જ સર્વથી બલવત્તર છે. સોસહસ્ર અગ્નિ, લક્ષકોટિસૂર્ય, અબજખર્વ પર્વત, હજારો અબજ વાયુ, કોટિલક્ષ મહેન્દ્ર, કરોડો વજા, પરાર્ધ બ્રહ્માસ્ર, શતાયુત અવતાર, શતાબ્જ સુદર્શન, અબ્જાયુત ગાંડીવના સમુદાય પણ જેની સામે તૃણતાને પણ સ્પર્શતાં ખૂબ ડરે છે, તથા સતત અતિ ઉગ્ર દંડવાળો, બલવાનમાં શ્રેષ્ઠ, યવનસાર્વભૌમ અકબર અને તેનો પણ પુત્ર, ઉગ્ર તેજવાળો સમ્રાટ, મહાપ્રતાપી, શ્રેષ્ઠ બલવાન, સપરિવાર જહાંગીર જેની પાસે વિવેક રાખિને સદા રહેતા, મોટેથી જરા પણ બોલી શક્તા નહિ એવા બહું અબ્જ સહસ્ત્રશત મહાપ્રલયને જીતનાર, તેમના તેજમાં હે દુર્બુદ્ધિવાળા ! તું પતંગિયું ન બન.

તેમનાં આ તથ્યયુક્ત અને પથ્યયુક્ત વચન સાંભળીને દુષ્ટમતિવાળો વંશગોપાલ ખૂબ જ ડર્યો. પછી બીજે દિવસે તે પોતાનાં થોડાં સ્વજનો સાથે શ્રીમહાપ્રભુના ધામ શ્રીગોકુલમાં ગયો. સ્વયં સત્તાધીશના સદનમાં પ્રવેશતાં તે ખૂબ ડર્યો. અલંકારને આગળ કરીને તેનાથી સમાશ્વાસન પ્રાપ્ત કરી તેણે ત્યાં પ્રવેશ કર્યો. ભગવાન શ્રીગોકુલેશ શ્રી...જીની રાજભોગ આરતી સુધીની સેવા સુંદર રીતે પૂર્ણ કરીને તેમનાં મંદિરમાંથી બહાર પધારી અને પોતે બેસીને હવેલીના સંપૂર્ણ ભાગને વિભૂષીત કર્યો. ડરતાં ડરતાં તે ત્યાં સંપૂર્ણ એકાંત જાણીને ગયો. સુશીલતાના સાગર ઈશે તે તેવો હોવા છતાં તેને અનુમોદિત કર્યો. ત્યાં તે બેની વચ્ચે અસુરની આજ્ઞઅ બાબતમાં વિવિધ પ્રશ્નો, સંશયો તથા તેના ઉત્તરો, નિરાકરણરૂપ અને તે તે સંશયનું વિચ્છેદન કરવામાં કુશલ, દૈન્યગર્ભિત, સમાધાન પરાયણ, દાસભાવસ્વીકારથી પ્રકાશિત, મહાપ્રસાદ દાનના પ્રયોજનયુક્ત બહુવિધ બહુ વાતો થઈ.

પછી તે ઈશ્વરના એ ઇશ્વર એવા શ્રીગોકુલેશજીના પદકમલમાં પ્રણામ કરી મથુરામાં યતિની ગુફામાં ગયો. સુશીલતા, અનુભાવ અને તાદશ સ્વરૂપ વડે બલાત્કારે પ્રેરાયેલો તે વંશગોપાળ મહાપ્રભુનાં આશય આ કર્મ ધર્મનિષ્ઠતા, સભા, લોક, સેવક અને ભક્તોની પણ સદા નિ:સંશય વારંવાર પ્રશંસા કરવા લાગ્યો. તેથી તે પાપી મનવાળો અસુર ખૂબ ગુસ્સે થયો; અને બોલ્યો કે, અરે ! દુર્બુદ્ધિવાળા તેમને તું અહીં ન લાવ્યો. આ તારો એક અપરાધ મારી આગળ હજાર અપરાધ માનવા જેટલો

મોટો બને છે. હે પાપ કરનારમાં શ્રેષ્ઠ! મારી આગળ પણ તેમની સ્તુતિ કરે છે, તે કરોડ ઘણો અપરાધ બને છે. પછી ડરી ગયેલા તેણે સંન્યાસાશ્રમનો દંભ કરનાર તે યતિને કહ્યું, શાસ્ત્ર પ્રમાણ આપનાર, સદ્ધર્મપરાયણ, સુશીલતાના સાગર, યશોદુગ્ધ મહાસાગર, ગુણમાણેકરૂપ પર્વત, સામર્થ્યસ્વર્ણપ્રસ્તર, સદ્‌ગુણાશ્રયમાં સુમેરુ, ચંડપ્રતાપસૂર્ય, હર્ષસાગરમાં ચંદ્ર, પ્રયોજનવાળાના કલ્પદ્રુમના વનરૂપ, એવા તે શ્રીગોકુલેશ પ્રતિ હું તમારું ઈચ્છિત કાંઇ કહેવા કરવા શક્તિમાન થયો નહિ.

સદા સારી રીતે જ, સર્વત્ર સર્વથા મન, કર્મ, વચન વડે સ્વયં સર્વ કોઇ આચરણ કરે છે. અમંગલ, અસદ્‌નિંદ્ય, પાપરૂપ, મલીન, દુઃખદ, લોકશાસ્ત્રવિરુદ્ધ અને ક્રોધ લોભમય તથા અશ્લીલ, અસત્ય, સ્વાર્થમય, તથા કામમય, ઈર્ષામય, લજ્જાકર અને સજ્જનો વડે નિંદ્ય, શોક આપનાર બંધુ જ સ્વતઃ, સદા અને સર્વથા બધાના ઉપર સ્ફુટ શોભતા શ્રીગોકુલેશને છોડીને અત્યંત દુષ્ટ, નીચ ક્ષુદ્ર, પાપ કરનાર, આત્મવિમુખ, મૂર્ખ, સંપૂર્ણ અધમ એવો કોણ એવી ધૃષ્ટતા કરે? આ પ્રમાણે તેનું વચન સાંભળીને પાપિષ્ઠ, મહા-અસુર, સંપૂર્ણ નિષ્ઠુરાત્મા તે યતિ બોલ્યો, જો તું પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય, તો તું શીઘ્ર જઈને તેમને લઇ આવ; અન્યથા-યવન સમ્રાટનો પ્રાણહારક ખૂબ ઉગ્રદંડ સહન કરવો પડશે. પછી ડરી ગયેલો તે વંશગોપાલ ફરીથી ગોકુલ ગયો.

પ્રભુને મથુરા આવવા માટે વિજ્ઞપ્તિ કરી. તે સ્વતંત્ર અને અત્યંત વિચક્ષણ પ્રભુએ તે માન્યું નહિ. પરાત્પર એવા તેમણે આગ્રહ કરનારા તેને તિરસ્કાર્યો. તેથી તે ઝાંખો પડી ગયો, અને ગુસ્સે થઇ, મહાઅસુરથી સંપૂર્ણ રીતે ડરતો ડરતો, પ્રભુના અનુભાવથી સંરુદ્ધ થઇ તે ખરાબ ઈચ્છાવાળો, હણાયેલા તેજવાળો ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારે ભગવાનના ભક્ત, સેવક અને અનુચરો, જ્ઞાતિજનો, બન્ધુ મિત્ર, સર્વે સંગતિવાળા પણ ભયભીત બની ગયા કે તે પાપી, ક્રોધી, પાપકર્મી યતિની પાસે જઇ શું ય કરશે? પણ આ બધો બનાવ આગ્રા નગરના રાજા અને તે મ્લેચ્છ સાર્વભૌમના કૃપાપાત્ર, વિચક્ષણ, ઈશ્વરના પ્રભાવથી પ્રેરાયેલા લશ્કરખાને પૂરેપૂરો જાણ્યો. મ્લેચ્છ સમ્રાટે તમે દેશનાં કાર્ય કરવા અધિકારી બનાવ્યો છે પણ હે દુર્બુદ્ધિવાળા! ગોકુલસ્થાનને પીડવા માટે નહિ. તેથી ત્યાં વૃથા વિલંબ કેમ કરો છો? અહીં મારી પાસે આવો. આ અર્થનો પત્ર શીઘ્ર તેના તરફ મોકલીને તેને આગ્રા નગરપ્રતિ બોલાવ્યો. પછી તે કુબુદ્ધિવાળો ઈશ્વરના બલવાન પ્રભાવ વડે ગળેથી પકડાયેલો મુંઝાયેલો શીઘ્ર આગ્રા નગરમાં આવ્યો.

પુષ્ટિ પુષ્ટિ મારગ સો પ્રકટ દિશ પ્રકટ, પ્રમેય સ્વરૂસોં જહાં રસકો વિલાસ હૈ;
સંભાષન ઈક્ષણ સ્પર્શ નિત હાવભાવ, સુરસ પરમ નિત નવીન હૂલાસ હૈ;
સાધન સ્વરૂપ અરુ ફલ હૂ સ્વરૂપ જહાં, વિરહ સંજોગ ભોગ અધરામૃત આશ હૈ;
યેહિ શુદ્ધ પુષ્ટિ, આન પૂજા મર્યાદા સબ, શ્રીમુખતેં બાત કહી બાત યે પ્રકાશ હે. ૪૮

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો દશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ એકાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૧

પછી એવું બન્યું કે શ્રીગોકુલમાં બીજા સંબંધીઓએ અને સેવકોએ પણ ડરી જઇને તે માયાવી દુર્જનશ્રેષ્ઠ સંન્યાસીને સંતોષવા માટે માલાદિનો ત્યાગ કર્યો. ત્યારબાદ તેઓ શ્રીગોકુલેશજી પાસે આવ્યા; તે સમય દિવસ એક પ્રહર બાકી રહ્યો હતો અને શ્રી...જીના ઉત્થાપનનો સમય હતો અને શ્રીગોકુલેશજી શ્રી...જીના સેવા વિનોદ માટે સ્નાન કરી રહ્યાં હતા. મર્યાદાના સાગર સમા શ્રીગોકુલેશજી તેમનો ઘણો આદર સત્કાર કર્યો, અને પૂછયું કે આવા બની ગયેલા તમે આવા અનુચિત સમયે કેમ પધાર્યા છો, તે સત્વર કહો. પછી તેમણે કહ્યું કે તમારી પાસે એક યાચના કરવા આવ્યા છીએ.

તેમના અભિપ્રાયને સમજીને હસતા વચન કમળથી અને વિનયપૂર્વક તેમ જ મૃદુતાથી ભગવાન શ્રીગોકુલેશજીએ કહ્યું કે અમે નિ:સંશય તમારી આજ્ઞા પાળવા તત્પર છીએ. પરમ પૂજ્ય શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ અને શ્રીમહાપ્રભુજીએ પણ જે કહ્યું છે, શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોએ જે આદેશ આપ્યો છે, તેનાથી જરાય ન્યૂન કે હીન કે વિરુદ્ધ અમે કર્યુ હોય ને જો તમે જોયું હોય તો આજ્ઞા કરો; હું નિ:શંક સત્વર તેમ કરીશ; પણ તેથી વિરુદ્ધ કશું નહિ કરું. ત્યારે તેમણે કહ્યું કે તે સંન્યાસી સ્વત: બલવાન છે અને વળી મ્લેચ્છ રાજાના આશ્રયને લીધે પણ તે બલવાન છે, અને તે દંડ, નિગ્રહ કે કૃપા કરવા સમર્થ છે. સમ્રાટનો અતિ પ્રિય છે; તેની આજ્ઞા પાળનારાઓનું તે શ્રેય કરે છે, અને આજ્ઞા ન માનનારાઓનું સર્વ પ્રકારે અનિષ્ટ કરે છે.

તેથી તમારે પણ માલાદિકનો ત્યાગ કરવો જોઇએ, એમ મારું માનવું છે. તમે ત્યાગ કરશો, તો તમારા બધા સેવકો નિ:શંક માલાદિનો ત્યાગ કરશે. વૈષ્ણવ ધર્મનું તમે મૂળ છો, પોષણકર્તા છો; તમે એમ કરશો તો તે સંન્યાસી અત્યંત સંતુષ્ટ થશે; તે આપણું અત્યંત કલ્યાણ કરશે. સાર્વભૌમ બાદશાહ તેને અધીન હોવાથી તેને માટે કશું અશક્ય નથી. તેમ નહિ કરો તો તે આપણને નિર્મૂલ કરી નાખશે. તેથી અમે માલાનો એકદમ ત્યાગ કર્યો છે. એટલે સંપત્તિની તેમજ સેવકો, વૈષ્ણવો અને ભક્તોની રક્ષા માટે અમે માલાત્યાગની યાચના કરવા આવ્યા છીએ. એ સાંભળીને દઢવ્રતવાળા હોવા છતાં વિનયપૂર્વક ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું, કે તમે હમણાં જાઓ. પછી હું ત્યાં આવીશ. પછી તેઓ ઘેર ગયા.

બીજી બાજુ શ્રીગોકુલેશજીએ સ્નાન કરી શ્રી...જીના મંદિરમાં જઇ શયન આરતી સુધી શ્રી...જીની સેવા કરી પછી બહાર આવી, સુશીલતાના સાગર એવા તેમણે તેમના ઘેર જવાની ઇચ્છા કરી; પરંતુ પોતાના ભાઇ શ્રીરઘુનાથજીના પુત્ર અને ભક્ત જયદેવે શ્રીગોકુલેશજીને તેવો શ્રમ કરતાં રોક્યાં અને કહ્યું કે તેમણે જે કહ્યું છે તે સદ્ધર્મની રક્ષા કરવાવાળા તમારે કરવું તે કોઇ પ્રકારે યોગ્ય નથી, તો તેમને ઘેર જવાનો શો અર્થ? શ્રીકલ્યાણ ભટ્ટ કહે છે કે પ્રાણાધીશ ભગવાનનો સ્વભાવ સર્વથા અત્યંત સુંદર છે; તેમને નમન કરનારા ભક્તોનાં ચરણકમલની રજ હું ક્યારે પ્રાપ્ત કરીશ? કેમ કે કૃપાસિંધુ ઈશ્વરેશ્વર શ્રીગોકુલેશજી પોતે, શ્રુતિ તથા સર્વ પુરાણો તથા સર્વ અવતારીઓ માટે વંદનીય એવું પોતાનું વાક્ય અન્યથા કરે છે.

પોતાની ઇચ્છા કે પોતાનું કથન ફેરવે છે પણ પોતાનો ભક્ત ગમે તેવો ક્ષુદ્ર હોય તો પણ તેનું વાક્ય અન્યથા કરતા નથી અર્થાત્ ભક્તની ઇચ્છાને અનુસરે છે. એટલે એ છે કે શ્રીરઘુનાથજી અને જયદેવજીની ઇચ્છાને માન આપીને શ્રીગોકુલેશજી તેઓને ત્યાં ગયા નહિ. પણ જ્યારે સંન્યાસીને એમ જણાવવામાં આવ્યું કે તૃણ સમાન માનતા શ્રીગોકુલેશે માળાનો ત્યાગ કર્યો નથી, ત્યારે સંસારસ્તાશ્રમની વિડંબના કરવાવાળો તે ભિક્ષુ અત્યંત ક્રોધ થયો અને તેણે શેરખાનને તથા મથુરાના સર્વકાર્યાધિકારી કતર્દીને, પ્રબલ કોષ્ઠપાલક વલી દાદાને અને મથુરાના ચૌધરીઓને, સારંગપાણિ અને એવા બીજાઓને

બોલાવીને હુકમ કર્યો કે મારા વચનથી સર્વેએ માલાદિકનો ત્યાગ કર્યો છે, પણ ગોકુલના પ્રાણનાથ શ્રીગોકુલનાથજી મને તૃણસમાન માને છે; તેઓ અને તેમના સર્વે સેવકો યવનોના સમ્રાટથી ય ડરતા નથી.

તો તમે સર્વે ત્યાં તેમની પાસે જાઓ અને સાંત્વનાપૂર્વક તેમને સારી રીતે સમજાવો; તેઓ માલાદિક ત્યાગ કરે તેમ જલ્દી કરો. એ પ્રમાણે તે યતિનો હુકમ મેળવી, તેની આજ્ઞા પોતાના મસ્તકે ધારણ કરી, તેને દંડવત્ પ્રણામ કરી, તેઓ બધા ગોકુલ આવ્યા. અને પ્રિયવર પ્રભુને વિનયપૂર્વક નમસ્કાર કરી તેમની આજ્ઞા થતાં બેઠા. પછી તેમણે પ્રભુને વિનંતી કરી કે મહારાજાધિરાજ, સાર્વભૌમ યવનરાજ તે સંન્યાસીને અધીન છે, તો તમે તેનું વચન એક વાર માનો. એમ જાણીએ છીએ કે આપ હંમેશાં ધર્મમાર્ગમાં જ રાચો છો; અને તે યતિ પોતે જે કહે છે, તે પાપ તમને ગમતું નથી; તેમ છતાં તેના દુરાગ્રહને માનો અને માલાદિકનો ત્યાગ કરો, અથવા માલાને માથાપર પાઘડીમાં છુપાવી રાખિને તેને મળો.

અમે સર્વ એને કહીશું કે ભગવાન શ્રીગોકુલેશજીએ માળાનો ત્યાગ કર્યો છે. પછી તે અત્યંત દુરાગ્રહી યતિ આપને ફરીથી એમ નહિ કહે કે માળા તજો કે પહેરો. અમે એ બાબતમાં જમીન થઇએ છીએ. અમે બધાં એક અનર્થની માગણી કરીએ છીએ, તેમ છતાં અમારા સૌનું વચન માનો. એ પ્રમાણે કહી રહેલા તે સૌને ભગવાન પુરુષોત્તમે આક્ષેપ કરતાં કહ્યું કે એ એવો કેવો છે કે સુંદર સનાતન ધર્મનો ત્યાગ કરીને હું તેના દુરાગ્રહને માનું ? અત્યારે તે સ્પષ્ટ કહે છે કે આજે માલાદિકનો, ત્યાગ કરો, કાલે તે દુર્મતિ કહેશે કે જનોઇનો પણ ત્યાગ કરો. તો શું હું તેનો પણ ત્યાગ કરું ? તે દુર્બુદ્ધિ ગમે તે બબડે હું કદીયે ધર્મનો ત્યાગ નહિ કરું.

હું મ્લેચ્છપતિ કે યતિથી ડરતો નથી; આ પાપ પ્રવર્તન કરવું એ આપ સૌને માટે ઉચિત નથી, કેમકે તમે પાપીને અનુસરો છો, નહિ કે ધર્મ અને ધાર્મિક પુરુષોને. જે ધર્મનું પાલન કરે છે અને ધાર્મિકોનું નિષ્કપટ ભાવે અનુસરણ કરે છે, તે ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરે છે. વિષ્ણુ પ્રસન્ન થાય તો કયું ઇષ્ટ એકદમ પ્રાપ્ત થતું નથી ? અને સર્વેના નિયંતા તેઓ પ્રસન્ન થાય તો અનિષ્ટ નિવારી શકાય છે. એ પ્રમાણે ભગવાનનું અમૃતશું સુંદર વાક્ય સાંભળીને અત્યંત પ્રસન્ન થઇને તે સર્વે સંન્યાસી પાસે ગયા તે પ્રેમભર્યો સર્વ વાર્તાલાપ તેને કહી સંભળાવ્યો; એથી તે મહાસુર પાપી અત્યંત ક્રુદ્ધ થયો.

આરત અસહી પ્રાણ વલ્લભકે દેખવેકી, દેખેહૂ ન ચૈન નૈન રૂપ રસ પાગ્યો હે;
જહાં જહાં પલક પસારૂં તહાં પ્રાણપ્રિય ભાવ ઉદ્બોધ રસમાંઝ અનુરાગ્યો હે.
એહી રસ આરતકો રૂપ ન કહ્યો પરત આવે ન, અક્ષરમેં, મનહી મન લાગ્યો હે;
એહી શુદ્ધ પુષ્ટિ, આન પૂજા મર્યાદા સબ, ગ્રથં મતિ ઔર કહો મેરે મન ત્યાગ્યો હે.

નખહૂતેં શિખલોં શૃંગાર સુખરૂપ કરિ, અંગ ઉપયોગ ભોગ હિત આગે ધરિયે;
અંતર રમણ મેં સ્વરૂપ સન્મુખ કરિ, ભાવકે તરંગ ઉપજાય અંક ભરિયે;
હઠ કરિ માન કરિ, પ્રતિઅંગ દાન કરિ, એઈ રસ પાન કરિ, રસવસ કરિયે;
વિનય દીનતા સોહાગ મદ સર્વાત્મના, એહી રચના સોં રચી આન પરિહરિયે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો એકાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ દ્વાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧ ૨

કેટલાક સુપ્રતિષ્ઠિત વૈષ્ણવો હતા, જેઓ વૈષ્ણવતા બતાવતા હતા અને વૈષ્ણવ તરીકેનો ભાસ કરાવતા હતા. કેટલાક પોતાને હંમેશા સ્વામી કહેવડાવતા હતા, કેટલાક પોતાની સ્વલ્પ બુદ્ધિ વડે પોતાને અનન્ય કહેવડાવતા. તો કેટલાક પોતાને રાધાવલ્લભી તરીકે મનાવતા હતા; વળી કેટલાક વિહારીના સેવક તરીકે પોતાને જણાવતા હતા. તો વળી કેટલાક પોતાને વ્યાસના અનુગામી કહેતા, તો વળી કેટલાક પોતાને તત્ત્વવાદી કહેવડાવતા. એ પ્રમાણે ભિન્ન ભિન્ન અને એવાં બીજાં નામો વડે પોતાને જેઓ ઓળખાવતા હતા, તે સૌએ ધૈર્ય તથા લાજ છોડી પોતાના કંઠમાંથી તુલસી માલા ઉતારી. તે સંન્યાસીના ચરણમાં અર્પી.

અને તેમણે રુદ્રાક્ષમાળા અને ત્રિપુંડ્ર ધઅરણ કર્યા. તદ્દુપરાંત તેમણે પંચાયતન પૂજા પણ શરૂ કરી. શ્રીમદ્ ભાગવતની કથા એ સંન્યાસીને અપ્રિય છે, એમ જાણી તેનો પણ તેમણે ત્યાગ કર્યો. પછી તેમણે તેની પાસે જઇને કહ્યું કે આજે અમે ખરા બ્રાહ્મણ બન્યા; કૃપાસાગર આપે અમને ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવ્યો. મૂર્ખોએ અમને અત્યારસૂધી વિષ્ણુની સેવા શીખવી હતી, તેથી અમારો જન્મ આજ સુધી વ્યર્થ હતો. નિરંજન અને નિરાકાર જે બ્રહ્મ છે તે બ્રહ્મ તમે જ છો, માયાથી શરીર ધારણ કરી બ્રહ્મ તમારા સ્વરૂપે પ્રગટ થયું છે. મનસા, વચસા, અને કર્મણા અમે તમારા જ સેવકો છીએ. પાખંડમાર્ગમાંથિ ઉદ્ધાર કરી તમે અમને ધર્મમાં પ્રવેશ કરાવ્યો છે.

ત્યારે તે પાપી સંન્યાસીએ તે મૂર્ખોને છેતરામણાં વચન કહ્યાં કે મ્લેચ્છપતિ પાસેથી હું તમને સૌને અગણિત ધન અપાવીશ, ગ્રામ, દેશ, દેશનું કાર્યાધ્યક્ષપણું, કોટવાલપણું, ચૌધરીપદ, દુર્લભ એવું ન્યાયાધીશનું પદ, હાથી, ઘોડા, રથ, સુવર્ણ, વસ્ત્રો, આભરણો વગેરે જે તમારું ઇચ્છિત હશે તે સર્વથા અપાવીશ. તમે સર્વ સાધુઓથી આદર પામેલા શૈવ માર્ગમાં સ્થિર રહેજો, તમે કદીયે વૈષ્ણવમાર્ગનો આદર ના કરશો અને પાપના અતુલ રાશિ જેવા વિષ્ણુનો તો હંમેશા દ્રોહ કરજો.

તે સંન્યાસીની આજ્ઞાથી મ્લેચ્છ સમ્રાટના સશસ્ત્ર લાઠીધારી સિપાઇઓ મથુરા, સુંદર વૃંદાવન, ગોવર્ધન પર્વત અને અન્યાન્ય સ્થળોએ ફરતા હતા અને સજ્જનોના કંઠમાંથી માલા તોડી નાખતા હતા, તથા મુદ્રાઓ અને ઊર્ધ્વપુંડ્ર તિલક ભૂંસતા હતા અને તે રીતે વૈષ્ણવોને પીડતા હતા. તેઓ તુલસીના છોડને ઉખાડી નાખતા, શ્રીહરિની સેવા કરવા દેતા નહોતા, શ્રીકૃષ્ણદેવની દ્વિભુજ મંગલપ્રદ શ્રીવિગ્રહ તથા કેશવને પણ જ્યાં ત્યાંથી ફેંકી દેતા હતા; વળી જેઓ તુલસીની માલા બનાવતા હતા, જેઓ વેચતા હતા અને જેઓ ખરીદતા હતા, તે સૌને તેઓ મારતા હતા.

વળી રાસલીલાનો મહોત્સવ જોયો હોય કે તે વિષે સાંભળ્યું હોય, તો તે કરનારાઓને, દેખનારાઓને, તેની પ્રશંસા કરનારાઓને અને તેમને સહાય કરનારાઓને તેઓ પ્રાણહારી દંડ દેતા હતા. જેઓ ઘંટા, મૃદંગ, શંખ વેણુના નાદથી શ્રીહરિની આરતી કરતા હોય, તેમને તેઓ ગધેડા પર બેસાડી ફેરવતા હતા; ત્રિપુંડ્ર કરવા માટે સહુને તેઓ આગ્રહ કરતા હતા. વળી જ્યારે જ્યારે તે કુબુદ્ધિ પાપી સંન્યાસી સ્નાનાર્થે કે ભોજનાર્થે કે કોઇ નિંદિત કાર્ય કરવા માટે ગુફામાંથી બહાર નીકળતો ત્યારે મ્લેચ્છપતિના અનેક શસ્ત્રધારી સિપાઇઓ તેની આગલ આગળ દોડતા, અને માર્ગમાંના કાંકરા-પત્થર દૂર કરતા. તેઓ લોકોને તથા વૈષ્ણવ સજ્જનોને પણ મારતા.

જ્યારે પોતાના જવાના માર્ગમાં કે કુમતિ ઢેફાં કે કાંકરા જોતા, ત્યારે ત્યારે તે ક્રોધ કરતો અને લાકડી તથા ચાબુકથી તે સિપાઇઓને પોતાના વશવર્તી રાજપુરુષો દ્વારા પીડા પહોંચાડતો. તે પાપી સંન્યાસી પોતાના જેવા કેટલાક પાપિષ્ઠ, મૂર્ખ,

દુરાત્મા, પાખંડી, વિષ્ણુદ્રોહી અને અતિલોભી અગ્નિહોત્રી ગુર્જરોને ત્યાં ભિક્ષા લેતો હતો; પાપી સ્ત્રીઓ તેની સુશ્રુષા કરતી હતી, તેજ પ્રમાણે કેટલીક સ્ત્રીઓ તેના પગ પખાળતી, તો કેટલીક સ્ત્રીઓ તેના પગ દાબતી, તો કેટલીક મૃગનયનીઓ પુષ્પ તેલથી તેને માલીશ કરતી હતી. તો વળી કેટલીક સ્ત્રીઓ અંગમર્દન કરી સુગંધી યુક્ત બહુ તપ્ત જલથી તેને સ્નાન કરાવતી હતી.

કેટલાક માણસો તેની આગળ વેણુ અને વીણા વગાડતા હતા, કેટલાક ગાતા હતા, તો કેટલાક બંદીજનો તેની સ્તુતિ કરતા હતા. તે પ્રમાણે કેટલીક મૃગનયની સ્ત્રીઓ કટાક્ષપૂર્વક તેની સાથે મધુર વાર્તાલાપ કરતી અને તેની આગળ મિષ્ટ વસ્તુઓ પીરસતી હતી. યથેષ્ટ રીતે તે તેમને ઘેર સેવા કરાવતો ભોજન કરતો, અને તે સ્ત્રીઓ પ્રત્યે અનુરક્ત થઇ લાંબો કાળ તેમને ઘેર જ સૂઇ રહેતો. એક વાર એક દુરાત્મા ગુર્જર બ્રાહ્મણને ઘેર તેની યુવાન સ્ત્રી તેને ભોજન પીરસી રહી હતી. અને પ્રેમપૂર્વક કટાક્ષ સહિત તેને વારંવાર જોઇ રહી હતી. ત્યારે લોભી માનસવાળા તે સંન્યાસીએ તે ઊંચી સ્ત્રીને પૂછ્યું કે હે મૃગેક્ષણા, સુશ્રેણી, સુમુખી, હે પ્રિયે, તુ આવી ટૂંકી, પગ સુધી ન પહોંચતી, સસ્તી અને અસુંદર સાડી કેમ પહેરે છે? ત્યારે મંદ મંદ હસીને વિલાસપૂર્વક તે સ્ત્રીઓ તેને કહ્યું કે હું તો ઊંચી છું, પગ સુધી પહોંચે તેવી સાડી વણકરો વણતા નથી, તો તેમને કહો.

પછી અત્યંત વિરક્ત અને ધાર્મિક એવાં તે સંન્યાસીએ મ્લેચ્છો તથા મ્લેચ્છપતિના નોકરોને મોકલીને બધા વણકરોને બોલાવ્યા. તે બધા જલ્દી જલ્દી આવ્યાં અને પ્રણામ કરીને તેમણે તેને કહ્યું કે મહારાજ! આપની શી આજ્ઞા છે? તે સાંભળીને તેણે તેમને પોતાની પ્રિય સ્ત્રી બતાવતાં કહ્યું કે હે પાપી મૂર્ખ લોકો, આ સાધ્વી સ્ત્રીના પગ ઢાંકે તેવી સાડી તમે કેમ વણત નથી? ત્યારે અત્યંગ ડરી ગયેલા તે લોકોએ કહ્યું કે એવું વસ્ત્ર બનાવવા માટે યોગ્ય વેમાદિક દીર્ઘ ઉપકરણો (સાધનો) અમારા ઘરમાં નથી, તેથી અમે તેવું લાંબુ વસ્ત્ર બનાવી શક્તા નથી. તેમનું એવું વચન સાંભળીને તે પાપી, દુર્મતિ અને સ્ત્રીલોલુપ સંન્યાસીએ ક્રોધપૂર્વક તેમને કહ્યું કે હે મૂર્ખાઓ, જરૂરી લાંબા ઉપકરણો એકદમ તૈયાર કરો અને પગને પૂરા ઢાંકે તેવી સુંદર સાડી એને માટે તૈયાર કરો. નહિ તો તમારો દંડ થશે. એમ કહી તે નિર્લ્જ્જ અસુરે તે સ્ત્રીનું પાનીથી માંડીને નાભિ સુધી પોતાના દંડ વડે માપ લીધુચ અને તેમને કહ્યું કે મેં બતાવેલા માપનું વસ્ત્ર એને માટે બનાવીને અહીં લાવો; નહિ તો તમારો વધ કરવામાં આવશે.

પછી ત્યાંથી તે બધા તેનાથી અત્યંત ડરતાં ડરતાં, પણ ક્રોધ કરતા, તેને ગાળો ભાંડતા ભાંડતા પોતાને ઘેર ગયા. તેમને બધાં સાધનો જલ્દી એક્ઠાં કરીને તેની પ્રિયાના પરિધાન માટે અત્યંત રુચિર અને કિંમતી વસ્ત્ર બનાવ્યું અને ભય લાગવાથી કિંમત લીધઅ વિના જ તે સ્ત્રીને આપ્યું. એ પ્રમાને તે પાપી મહાસુરે આચરણ કરવા માંડ્યું ત્યારે સાધુઓ, ધર્મિષ્ઠ પુરુષો અને ભક્ત વૈષ્ણવો અત્યંત પીડા અનુભવવા લાગ્યા. એ પ્રમાણે વૈષ્ણવોને વ્યાકુલ થયેલા જોઇને ભગવાન કૃપાસાગર શ્રીગોકુલેશજી અત્યંગ ખેદ પામ્યા. જેમનાં શ્રીચરણકમલની રેણુના અણુ પર સેંકડો કમલ પણ પ્રાણ ન્યોછાવર કરી દે છે, એવાં શ્રીગોકુલાધીશને ખિન્ન બનેલા જોઇને કોમલ ચિત્તવાળા પ્રયાગદાસ વગેરે ભક્તોએ તેમને વિજ્ઞપ્તિ કરી કે આપ હવે આજ્ઞા આપો, ભ્રષ્ટ, પાખંડી, લુચ્ચા, સદ્ધર્મથી વિમાર્ગી જનાર અને બ્રાહ્મણનો કેવળ આભાસ કરાવતા તે સંન્યાસી પર દયા કેવી?

આપ નહિં કહો તોય, અમે જાતે મથુરાં જઇને, કોઇક નિમિત્ત ઊભુ કરીને, તેની સાથે ઉત્કટ કલહ કરી તીક્ષ્ણ તલવાર વડે તેનું માથું કાપી નાખીશું. ત્યારે હરિદાસજી, કીકાભાઇ, નિહાલચંદ અને તારાચંદે કહ્યું કે તે તે અવસરે તે તે કાર્ય કરતા, તે તે યુક્તિ વડે, અતર્કિત ઉપાયો વડે તે યતિને એકાંતમાં મારી નાખીએ. ભેગા થઇને બધાએ કહ્યું કે કાંતો તેને પાણીમાં ડૂબાડી દઇએ કાંતો અગ્નિમાં ફેંકી દઇએ, તો કેટલાક એમ પણ કહ્યું કે ઊંઘતો હોય ત્યારે તેનો વધ કરી નાખીએ. બીજાઓએ કહ્યું કે તેને પત્થર પર પછાડીએ. મેઘજીએ કહ્યું કે તેને ઝેર આપીએ.

ત્યારે શ્રીગોકુલેશજીએ તેમનો એવા અભિપ્રાય જાણીને તેવા પાપી પર પણ કૃપા કરી તે સૌને તેમ કરતાં અટકાવ્યા અને કહ્યું કે તે પોતાના અપરાધથી જ મરશે. હવે બાઇ નામથી અત્યંત પ્રસિદ્ધ એવી શ્રીમહાપ્રભુજીની કોઇક મોટી ભક્ત સ્ત્રી હતી, સર્વ કાંઇ ત્યાગ કરીને શ્રીપ્રભુના સ્વરૂપમાં અત્યંત પ્રેમભરી નિષ્ઠા તેણે રાખી હતી. તેણે કહ્યું કે હે પ્રભુ! માલાનો ત્યાગ કરી દોને! સંકટકારી અને અનર્થકારીએ માલાને ધારણ કરવાથી શું? તેનો ત્યાગ કરવાથી આપને શી હાનિ થવાની છે? ધર્મરક્ષક શ્રીગોકુલપતિ ભગવાન તેની વાણીથી ગુઢ રીતે પ્રસન્ન થયા, પણ તેની વાતને માની નહિ.

શ્રીવલ્લભ ચરણ પ્રતાપ વિન મિથ્યા સબે વિચાર ।

બેઠે કાગદ નાવમેં ક્યોં ઉતરેંગે પાર ।।

સ્વકીય સમાજકો શૃંગાર સન્મુખ કરિ, પૂછયો પ્રાણવલ્લભ પ્રણયસર ભરિકે;
કહ્યો તુમ્હારે પુરુષારથ કહા હૈ, કહ્યો રાવરે ચરન યહ સ્વરૂપ અનુસરિકે;
યહ સુનિ કહ્યો તબ, તુમ તો હો અંગ મેરે, આંખ નાક મુખ કર હૃદયસો ધરિકે;
નિજ પુરુસાત્તમતા અરૂ નિજ પુષ્ટ રસઈ, જ્ઞાપન સ્વકીયનકું કહ્યો પ્રકટ કરિકે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો દ્વાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રયોદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૩

એ પ્રમાને કેટલાક દિવસો વ્યતીત થતાં માહ માસની શુક્લ પંચમી એટલે કે વસંતપંચમી આવી. ત્યારે તે અતિક્રોધી અસુરે સર્વ રાજકીય પુરુષોને આદેશ કર્યો કે તમે મારું કે મ્લેચ્છપતિનું કહેવું કરતાં નથી. તમે ઉગ્રદંડ કરનાર તે સમ્રાટથી બીતા પણ નથી? જો તમે તમારું કલ્યાણ ઇચ્છતા હો અને જીવવા ચાહતા હો, અને જો આપત્તિમાં આવવા ન માંગતા હો, તો મારું વચન તમે માનો. અહીંથી જલ્દીથી ગોકુલ જાઓ અને ગોકુલેશના અને તેમના સેવકોના કંઠમાંથી માલા સર્વથા ઉતરાવો. એની એવી આજ્ઞા મેળવીને કતર્દી, શેરખાં, સારંગપાણિ અને ઉદયરામ વગેરે પોતાના સંગીઓ સાથે ગોકુલ જઇને પડોશીને ઘેર જઇને બેઠા.

પછી કુબુદ્ધિ વૈદ્ય કોટવાલને લઇને શ્રીપ્રભુની બેઠકે ગયા અને ત્યાં છુપી રીતે પ્રભુને દેખાડીને તે પાછો ફરી ગયો. તેની દુષ્ટતા જોઇને શ્રીગોકુલેશજીના અંગ-સેવક માધવદાસે તે પતિત, પાપી દુરાત્માનું મોઢું કદી જોયું નહિ, તે સમયે પ્રભુ ભોજન કરીને તિબારીમાં મૂડા ઉપર બિરાજ્યાં હતા, આંગળીઓ વડે કેશ વિલાસપૂર્વક છુટા પાડતા હતા, અને તાંબુલ ભક્ષણની લીલાથી નિજ ભક્તોને આનંદ પમાડતા હતા, લાલ રંગવાળો રૂઇદાર નાનો કંચુક તેમણે પહેર્યો હતો, અંબર અને ઉપરણો ધારણ કર્યાં હતા.

તે વખતે કોટવાલ તેમને જોઇને, પ્રણામ કરીને ત્યાં બેઠો, પણ પ્રભુના કાઇક બલવાન પ્રભાવથી નિરૂદ્ધ થયેલો મંદમંદ પણ કશું બોલી શક્યો નહિ. સદા સ્વજ્ઞ શ્રીગોકુલેશ પ્રભુએ તેને પૂછ્યું કે ક્યાંથી આવ્યોા છો? કયા હેતુથી? કેવા પ્રયોજનથી આવ્યા છો? તેમની સામે પોતાના આશય સ્પષ્ટ કરવા તે સમર્થ નહોતા. તેથી તેણે કહ્યું કે હું કેવળ કૌતુક જોવા માટે આવ્યો છું. ત્યારે હસતાં હસતાં શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું કે અહીં કંઇ કૌતુક નથી; તમારે દર્શન કરવા યોગ્ય કૌતુક તો મથુરામાં છે. તે સમયે તુલસીમાલાથી શોભતાં શ્રીકંઠવાળા પીતાંબર નામે ભટ્ટ શ્રીગોકુલેશ પ્રભુ પાસે આવ્યાં.

તેને જોઇને તે દુષ્ટે કહ્યું કે કંઠમાં ધારણ કરેલી, મારી સામે જ શોભતી તુલસીમાલાને સુતરાઇ કંચુકથી શું કામ છુપાવે છે? એ પ્રમાણે અન્ય બહાના હેઠળ શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે જ તે દુષ્ટ કોટવાળે બકવાસ કર્યો. પરંતુ તેના હેતુને જાણવા છતાં શ્રીગોકુલેશ પ્રભુ તેના ઉપર જરાય ક્રોધ કર્યો નહિ; કેમકે કલિયુગ સંબંધી, પાપ હરનારી અને સર્વ જગતને પાવન કરનારી સુમધુર લીલાને સારી રીતે પૂર્ણ કરવા માટે જ આપનો આગ્રહ છે. એટલે જ તે પાપીને વિનષ્ટ કરવા માટે જે વજ્રાસમૂહ, કોટી પ્રલયાગ્નિ, હજારો કાલકૂટ અને તે તે બીજી ચીજો સહસા ઉપસ્થિત થઇ, તે સર્વે શાંત થઇ ગઇ.

પછી વાણીવિદોમાં શ્રેષ્ઠ એવા ભગવાનને તેને કહ્યું કે તુલસીમાલા પહેરવી તે લૌકિક કામ નથી, પણ શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોએ કહેલું છે. તે ધર્મનું આચરણ કરનાર કયો માણસ ધર્મને લજવે? તે માલાને છુપાવવી પડે, એવી રીતે કોણ ડરે? લજ્જાથી જેઓ ધર્મનું આચરણ કરતા હોય, તેમને જ એવો અત્યંત ડર લાગે, પછી વલીદાદા નામના તે કોટવાલે ફરીથી કહ્યું કે સાર્વભૌમ મ્લેચ્છપતિની આજ્ઞા ન હોવા છતાં તમે તે શા માટે પહેરો છો?

જો સમ્રાટની આજ્ઞા હોય તો અમને તેવો પત્ર બતાવો. ભગવાને તે મૂર્ખને કહ્યું કે અમે તો સદૈવ તે માલા ધારણ કરતા આવ્યા છીએ. તમારી પાસે તેનો નિષેધ દર્શાવતો પત્ર હોય તો તે અમને બતાવો, કે જે દ્વારા તમે અમને ધર્મમાંથી ચલિત કરવા ઇચ્છો છો. શ્રીગોકુલેશ પ્રભુનું એવું વચન સાંભળીને તે બહુ ઝંખવાણો પડી ગયો અને તેણે શ્રીપ્રભુને વિનંતી કરી કે પડોશીને ત્યાં શેરખાં અને કર્તદી વગેરે આવ્યાં છે, ત્યાં તુલસીમાલા પહેરવા કે ન પહેરવા સંબંધી વિચાર થશે. એટલે આપે સર્વથા ત્યાં પધારવું જોઇએ.

સંબંધીનો અનુરોધ માનવો ઉચિત છે, એમ માની ત્રિલોકમણિ ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ તેમને ત્યાં પધાર્યા. દૂરથી શ્રીગોકુલેશ પ્રભુને પધારતા જોઇને બધા રાજકીય પુરુષો અત્યંત આદરપૂર્વક ઊભા થયા. અનેક નક્ષત્રો સહિત પૂર્ણિમાનો ચન્દ્ર શોભે, તેવી રીતે તે બધાની સાથે તે સભામાં બેઠેલા ભગવાન અતિ શોભવા લાગ્યા. ત્યાં મથુરાના અધિકારી બાદશાહ સાથે હઠ કર્યા બરાબર છે. સંબંધીઓ અને અન્યત્ર સેવકોને જુઓ. તે સંન્યાસી અને મ્લેચ્છપતિની પ્રસન્નતા માટે તે સૌએ માલાદિકનો ત્યાગ કર્યો છે; અને તમે પોતે પોતાને અને પોતાના સેવકોકે જેમણે માલા ધારણ કરી રાખી છે, તેમને જુઓ, હે વિભો! એક જ સ્થળે બે માર્ગ ઉચિત છે?

ત્યારે ઇશ્વરેશ્વર ભગવાન શ્રીગોકુલેશે એકલા જ કહ્યું કે જ્યાં માલાદિનો સ્વીકાર છે, ત્યાં જ શાસ્ત્રસંમત માર્ગ છે, જો લોકો કામ, ભય, લોભ કે પ્રતિષ્ઠાની ઇચ્છાથી એ માલાને ત્યજે, તો ભલે ત્યજે; જો તે લોક તે ધર્મને ન સમજે, તો એમાં અમે શું કરીએ? એ સમયે ત્યાં હાજર રહેલામાંથી કોઇએ આંમના ઇશારાથી કર્તદીને કહ્યું કે શ્રીગોકુલેશજીના શ્રીકંઠમાં શોભતી તુલસીમાલા સત્વરે તોડી લ્યો. તે કર્તદી તે વાતને સ્મિતથી સમજ્યો એટલે તે વાતનો સ્વીકાર કર્યો, પણ તે તેમ કરી શક્યો નહિ.

જેમ સિંહની દાઢને શિયાળ લેવાને શક્તિમાન થાય નહિ, તેમ શ્રીગોકુલેશ પ્રભુના સ્ફૂરતા તેજને કારણે તે માલા તોડવા શક્તિમાન થયો નહિ. પછી તેણે શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી કે હે નાથ! જેણે મ્લેચ્છપતિને વશ કરી રાખ્યો છે, તેવા એ સંન્યાસી પાસે આપ એક વાર પધારો. ત્યારે શ્રીપ્રભુએ કહ્યું કે અત્રે માલાદિ બાબતનો વિદાર થવાનો છે, તે હેતુથી હું આવ્યોં છું. તે મૂર્ખ સંન્યાસી પાસે હું શું કામ જાઉં? તે ધર્મનું આચરણ કરતો નથી, નથી તે ધર્મનો વિચાર કરતો.

ત્યારે તેણે વિનંતી કરીકે સંન્યાસી મ્લેચ્છપતિની કૃપાથી સમ્રાટપદ જ ધારણ કરે છે, તેથી ય વિશેષ સત્તા ધારણ કરી રહ્યો છે; એટલે તમારી પાસે સત્વર માલાત્યાગ કરાવવા અમને મોકલે છે. અમે તો તે ઉગ્ર દંડકર્તા યવનાધીશથી ઘણા ડરીએ છીએ. આપ તો માલાનો ત્યાગ કરતા નથી, કે નથી તેની પાસે પધારતા! કે નથી અમને બતાવતા જહાંગીરની મુદ્રાવાળો પત્ર કે જેમાં પોતાની માલા ન ત્યજવીનું લખ્યું હોય. તો શું તમે અમને તે સંન્યાસી વડે મારી નંખાવવા ઈચ્છો છો?

આપતો કૃપાસિંધુ છો, આપના સ્વભાવને એવું કરવું ઉચિત નથી, એ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી, એ બધાનો ભય દૂર કરનાર કરુણાસિંધુ, સુશીલતાના સાગર સમા અને અનેક પ્રકારની કૌતુકભરી મનુષ્યલીલા કરનાર, નિર્મર્યાદ તથા અચિંત્ય આશયવાળા શ્રીપ્રભુ તેમની સાથે મથુરા પધાર્યા.

લહેર કાલ સમુદ્રકી, દેખત હે મુસકાય ।

જીવતમાં બુડત સબે શ્રીગોકુલેશ સહાય ।।

એઈ નામ નિરભય અભયદાન દાયક હે, એઈ નામ ધામ ધામ, રટે આઠો જામ હો,
એઈ નામ ઉદિત સુધારક પ્રભાકર હે, સાગર ઉજાગર જગત અભિરામ હે;
એઈ નામ ભક્તિરસ બોધક નિરોધક હે, પ્રણયરસ પુષ્ટિરસ પ્રબોધક ધામ હે;
અખિલ અલૌકિકકો સાર સુખ જીવન એ, ગોકુલેશ ગોકુલેશ ભજવેકો નામ હે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો ત્રયોદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચૌદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૪

તે કુબુદ્ધિ કર્તદીએ શ્રીપ્રભુને પોતાના ગૃહ તરફ ફરેલા જોયા; તે કર્તદી ભગવાન શ્રીગોકુલેશના ભક્ત રાય ગદાધરથી પરતો હતો, કેમકે અત્યંત પ્રેમને લીધે શ્રીપ્રભુનું દુષ્ટ યતિની પાસે જવું તે રાય ગદાધરને પસંદ પડે તેમ નહોતું. વળી પ્રભુમાં અત્યંત અનુરાગવાળા ભાગ્યવાન મોટા સેનાપતિ લશ્કરખાને મહાવનમાં સઘળાં કાર્ય કરવા માટે રાય ગદાધરને નીમ્યા તે રાય ગદાધર બળ, શૌર્ય, સહાયકો, બુદ્ધિ અને સેનાથી યુક્ત છે, એવું કર્તદીએ સાંભળ્યું હતું. કર્તદીને રોકવા માટે અને શ્રીગોકુલેશજીને લેવા આવનાર સૌને તે રાય ગદાધર મારી નાખવા આવી રહ્યો છે, એવું પણ તેણે સાંભળ્યું હતું. એટલે પોતાના ગૃહ તરફ જવાનો છે, એ માર્ગ તરફ આપ કેમ પધારો છો?

કૃપાનિધિ પુરુષોત્તમ તો વિવિધ ભાવવાળા ત્યાં રહેલા ભક્તોના મનનું સમાધાન કરવા ઇચ્છતા હતા અને મથુરામાં રહેલા ભક્તોને અનેકવાર આનંદ વરસાવનાર પોતાના વેશથી કૃતાર્થ કર્યા હતા અને હવે કોઇ વિશેષ વેશથી તેમને કૃતાર્થ કરવા ઇચ્છા રાખતા હતા, તેથી પ્રિયતમ પ્રભુએ તે કર્તદીને કહ્યું કે ઘેર જઇ અન્ય વસ્ત્રો પહેરીને હું મથુરા આવવા ઇચ્છું છું. ત્યારે અત્યંત ડરીને સુકાઇ જતા મુખથી શ્રીપ્રભુને તેણે કહ્યું કે વસ્ત્ર ધારણ કરવાને બહાને વિલંબ કરીને આપ, પોતાના મહાબળ વડે સેના લઇને આવતા રાય ગદાધર વડે તમે એમને સૌને મારી નંખાવવા ઇચ્છો છો કે શું ?

ત્યારે ભયભીતોનો ભય દૂર કરનાર પ્રભુ તેના વચનના અનુરોધથી બીજી જ રીતે શ્રીગોકુલસ્થ ભક્તોનું સમાધાન કરીને તથા બીજી જ રીતે મથુરાના ભક્તોની કૃતાર્થતા સિદ્ધ કરીને, પોતાનો ઘોડો લેવા દોડતા ગયેલા ભક્તોની પ્રતિક્ષા કર્યા વિના, તે ડરી રહેલા યવનોએ તૈયાર રાખેલા ઘોડા પર સવાર થયા અને ભવસાગરની પાર પહોંચાડનારા ગુણસાગર શ્રીપ્રભુએ શ્રીયમુનાજીની પાર ઊતરી શીઘ્ર પ્રસ્થાન કર્યું. તેમણે સહાયક ભક્તોની પ્રતિક્ષા ન કરી; સર્વોપરિ બિરાજમાન પોતાના પૂર્ણ સ્વરૂપના જ બલથી, અનેક મોટા સહાયક સૈનિકો અને સાર્વભૌમના ઇંગિત (સંકેત) પ્રમાણે ચાલનારા તેના અનેક મ્લેચ્છોથી યુક્ત તે કુટિલ દુષ્ટ મહાસુર યતિને જીતવાની પોતે ઇચ્છા કરી.

એ સમયે વિશ્વને કૃતાર્થ કરવા માટે શ્રીપ્રભુની એ પ્રકારની લીલા સંપાદન કરવા ઇચ્છા કરતી અને કૃપાશક્તિથી પ્રેરણા પામેલી લીલાશક્તિએ તે સર્વ મ્લેચ્છોમાં એવું બળ મૂક્યું કે પ્રભુના તે તે ભક્તોને તેઓ રોકી શક્યા. અને તે ભક્તો પોતાના અબજો પ્રાણોથી પણ અધિક પ્રિયતમની પાછળ જવા શક્તિમાન થયા નહિ, પણ જીવીબાઇનો ભાગ્યવાન પુત્ર દામોદર તો મ્લેચ્છોએ તેને બહુ માર્યો છતાંય શ્રીપ્રભુની પાછળ પાછળ ગયો. તે ધીર અને બુદ્ધિમાન પુરુષોમાં અગ્રણી હતો. વિશ્રામ પણ થોડોક દૂર રહીને એમની પાછળ પાછળ ગયો.

હવે શ્રીગોકુલમાં બધા માણસો ભેગા થઇ ગયા અને મ્લેચ્છો શ્રીગોકુલપ્રાણવલ્લભને બલપૂર્વક લઇ ગયા, એ સાંભળવાથી દુઃખ થાય એવો હાહાકાર ત્યાં સર્વત્ર ફેલાઇ ગયો. અત્યંત વ્યાકુલ થઇને કેટલાકોએ કહ્યું કે મોટો ઉત્પાત થયો, કેટલાકે કહ્યું કે મહાપ્રલય થયો, કેટલાકે કહ્યું કે વજ્રપાત થયો, કેટલાક રોવા લાગ્યા, કેટલાક મૂર્છિત થઇ ગયા, કેટલાક જાણે કશું ન સૂઝવાથી અંધ બની ગયા, તો કેટલાક જાણે કે મૂંગા બની ગયા, કેટલાક કાષ્ટ, ભીંત અને શિલા જેવા જડ બની ગયા, બીજા અંધકારમાં ડૂબી ગયા.

કેટલાક જાણે અગ્નિમાં પડી ગયા, કેટલાકને એવું લાગ્યું કે સર્વ અંગોમાં કાંટાં ભોંકાઇ રહ્યાં હોય, તો કેટલાક લોહના શસ્ત્રોથી જાણે શરીર ભેદાતું હોય તેવો અનુભવ કરી રહ્યાં હતા, કેટલાકને એમ લાગ્યું કે તેઓને પર્વત ઉપરથી ફેંકી દીધા છે, તો કેટલાક ને એમ લાગ્યું કે તેમનાં શરીર કરવત વડે વ્હેરી નાખવામાં આવ્યાં છે. જ્યારે કેટલાકને એમ લાગ્યું કે કાલરૂપી મહાસર્પે દંશ દીધા છે, અમુકને એવો ભાસ થાય છે કે મદોન્મત હાથીઓએ પોતાને ચગદી રહ્યાં છે, વગેરે એવા અનેક પ્રકારના કુંભીપાક નરકમાં શેકાઇ રહ્યાં હતા.

બીજી બાજુ રાયગદાધરે તો આ વાત સાંભળીને મોટી સેના લઇને પોતાના મહાવનમાંથી યવનોને હણવા માટે સત્વરે પરસ્થાન કર્યું. તેણે જોયું કે પોતાના શ્રીપ્રભુ શ્રીયમુનાજીની પેલી પાર જઇ રહ્યાં છે, ત્યારે મ્લેચ્છોને હણવા માટે શ્રીયમુનાજી પાર કરવા તેણે ઇચ્છા કરી. પરંતુ પ્રસ્થાન કરતાં પહેલા શ્રીપ્રભુના વદનકમળમાંથી શબ્દો નીકળેલા કે કોઇએ પાછળ આવવું નહિ. આ યવનોને દૂર કરવા કોઇએ તેમની સાથે યુદ્ધાદિક કાર્ય કરવું નહિ.

શ્રીગોકુલેશ સ્થાપેલા પોતાના તે આત્મબળે તે રાયગદાધરને બલપૂર્વક રોક્યો, જ્યારે મ્લેચ્છો તો તેને જોઇ ડરી ગયા. તે સમય એકદમ ક્યાંકથી નાના પ્રકારના વાદ્યોનો પ્રચંડ નાદ પ્રકટ થયો, જે નાદે મ્લેચ્છો પરના શ્રીગોકુલેશપ્રભુના વિજયને વર્ણવ્યો અને ભક્તોને આશ્વાસન આપ્યું. મ્લેચ્છોએ પ્રભુવરને કહ્યું કે આ વાદ્યોનો મહાનાદ આપનો સત્વર વિજય વ્યક્ત કરે છે. ત્યારે શ્રીગોકુલેશજીએ કહ્યું કે જે લોકો પોતાના ધર્મમાં વ્યવસ્થિત છે, વિશેષ કરીને જેઓ શ્રીભાગવત ધર્મમાં વ્યવસ્થિત છે, તેમનો કદીયે ક્યાંય પણ પરાજય થતો નથી. પરંતુ જેઓ એ ધર્મથી ચ્યુત થાય છે તેમનો સર્વત્ર પરાજય થાય છે, એ હકીકત છે.

જેમના હૃદયમાં નીલકમલ જેવા શ્યામ જનાર્દન ભગવાન બિરાજે છે, તેમને લાભ જ થાય છે. તેમનો જય જ થાય છે. તેમનો પરાજય ક્યાંથી થાય? પછી પોતાના નાનાભાઇ શ્રીઘનશ્યામજીની સાથે રથ પર આરૂઢ થઇને શ્રીગોકુલેશ પ્રભુ મથુરાપુરીમાં પ્રવેશ્યા અને ત્યાં સૂર્યકુંડ પાસેના સુંદર બગીચામાં બીરાજ્યાં. વિવિધ પ્રભાવોથી યુક્ત, યશ, પ્રતાપ, નાનાવિધ ગુણો, શ્રી, પુષ્ટિ, વાણી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, પૃથ્વીમાતા, ઊર્જા, શક્તિ, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયાથી નિષેવિત અને સર્વાંગ સુંદર શ્રીગોકુલેશ પ્રભુને ત્યાં બિરાજેલા જાણીને કૃષ્ણ પારેખ, સિંહજી વોરા, ભવાનભાઇ, સિંહગજી મેઘજી, ભાગ્યવાનોના વૃંદથી વંદિત તથા ગુણ અને કર્મથી પ્રખ્યાત એવા બીજા ભક્તો પ્રેમપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુની પાસે આવ્યા.

તે વખતે શ્રીગોકુલેશ પ્રભુની આજ્ઞા પ્રમાણે તે ભક્તો વડે સત્વર લગાયેલું જલ, દામોદર નામના ભક્ત સેવકે શ્રીગોકુલેશજીને કહેવા છતાં ન પીધું. કેમકે મ્લેચ્છોનો સ્પર્શ થવાથી સ્નાન કર્યા વિના જલપાન કરવું યોગ્ય નથી. એ બહાને દામોદરે જલ ન લીધું. પોતાના શ્રીગોકુલમાં રહેલા તે ભક્તોએ પોતાના પ્રભુના દર્શન ન થાય ત્યાં સુધી જલત્યાગ કર્યો હતો. તેમના પ્રત્યેના પ્રેમથી શ્રીગોકુલેશજી પણ જલપાન ત્યજીને બીરાજ્યાં હતા. એટલે શ્રીપ્રભુ પ્રત્યે પ્રેમથી અને વિનયથી તે દામોદરે પણ જલપાન ન કર્યું.

બોહોત ગઇ થોડી રહી, જીવડો વેગ સંભાળ।

શ્રીગોકુલેશને ચરણે તે, કયું નહિ બાંધત પાળ ।।

જામેં ગોકુલેશજીકે નામ ગુન લીલા નાહિ, સોઈ પદ અક્ષર સબ કોન કામ ગાઈએ ?
જેસે તૃષા આતુર તે આરત સમાયવે કો, કહા સચુ પાય મૃગજલ પાછે ધાઈએ ?
જાકે મન બચ ક્રમ ધેય પુરૂષારથ એ, સ્વરૂપ સુહાતો નાતો તાસો તાકે જોઈએ;
એઈ ફલ સાધન અરૂ ફલ સર્વાત્મકો, ગોકુલેશ નામ પ્રતિછિનું અબગાઈયે. ૪૩

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો ચતુર્દશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ પંચદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૫

હવે તે સમયે ત્યાં શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય સેવકો-ભક્તો તેમની ચારે બાજુ તુલસીમાળા અને શ્રીચરણાકાર તિલક ધારણ કરી શોભી રહ્યાં હતાં. તેમની વચ્ચે કેટલાક એવા પણ મૂર્ખ હતા કે જેમણે તે દુષ્ટ મહાસુર યતિના ભયથી કંઠમાં તુલસીમાલા ધારણ કરી નહોતી. તેમને જોતાં કરુણાસાગર શ્રીપ્રભુએ તેમની તરફથી પોતાની દૃષ્ટિ હટાવી લીધી અને સ્મિતપૂર્વક પોતાના ભક્તો તરફ જોયું. તે બધા નિપુણ ભક્તોએ શ્રીપ્રભુનો આશ્રય જાણી લીધો.

અને જાણકાર હોવા છતાં તેઓએ ભગવદ્ ધર્મનું માહાત્મ્ય પ્રકાશિત કરવા માટે પ્રણામ કરીને પ્રેમ તેમજ વિનયથી શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરીઃ હે કૃપાસાગર, તુલસીમાલા ધારણ કરવાનું ફળ તત્ત્વતઃ જાણવા માટે અમે આતુર છીએ, તો હે પ્રભુ તે કૃપા કરીને અમને કહો. વળી ભગવદ્ધર્મ જે સત્ય માહાત્મ્ય છે, તે શાસ્ત્રના પ્રમાણ સહિત સ્ફૂટ કરો કે જેથી અસુરથી વંચિત બધા લોકો નિઃશંક તે ધર્મમાં પ્રવૃત્ત થાય.

: શ્રીપ્રભુ માહાત્મ્ય :

ત્યારે શ્રીચતુરશિરોમણી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી : હે મહાપ્રજ્ઞ, કરુણાના સમુદ્ર એવા તમે લોકોનો પ્રતિઉપકાર કરવાના હેતુથી બહુ સારો પ્રશ્ન પૂછ્યો છે, તો હું કહું છું, તે સાંભળો. તે એટલા માટે કહું છું કે એ મૂર્ખ સંન્યાસી વડે વંચિત લોકો સન્માર્ગમાંથી પતિત થયા છે, તેઓ તે માર્ગે ફરી ચડીને કૃતાર્થ થાય. મનુષ્યજન્મ અનિત્ય હોવા છતાં પુરુષાર્થ સિદ્ધ કરાવનાર છે. અને અત્યંત દુર્લભ છે તથા બહુજન્મોને અંતે પ્રાપ્ત થાય છે. એટલે સાંસારિક વિષય તો સર્વત્ર હોય છે જ, છતાં ધીર મનુષ્યે મૃત્યુનો વિચાર કરીને નિઃશ્રેયસ કલ્યાણ મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ. તેથી પરમ શ્રેય જાણવા ઈચ્છાવાળાએ એવા શ્રીગુરુના શરણે જવું કે જે શ્રીગુરુ શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત હોય અને બ્રહ્મમાં સમાશ્રિત હોય.

પદ્મપુરાણમાં કહ્યું છે કે મહાકુલમાં જન્મ્યા હોય, સર્વ યજ્ઞોમાં દીક્ષા પામેલ હોય, હજારો વેદ શાખાઓના અભ્યાસી હોય, પરંતુ વૈષ્ણવ ન હોય તો તે ગુરુ થઈ શકે નહિ. અને વળી પદ્મપુરાણના વૈષાખ માહાત્મ્યમાં કહ્યું છે કે તે તે પુરાણો કે શાસ્ત્રો ચરાચર જગતનો મોહ કરવા માટે અમુક દેવતા શ્રેષ્ઠ છે, એમ કહે છે. અનેક કલ્પો સુધી ભલે કહ્યા કરે, પણ સિદ્ધાંત જોતાં અને સમસ્ત આગમોના વ્યાપારોનાં વિવેચન જોતાં નિશ્ચય થાય છે કે શ્રીકૃષ્ણ એક જ ભગવાન છે.

નૃંસિંહ પુરાણમાં કહ્યું છે કે હાથ ઊંચા કરીને સત્ય, સત્ય અને એકજ સત્ય કહેવામાં આવે છે કે વેદ સિવાય કોઈ શાસ્ત્ર નથી અને કેશવ સિવાય કોઈ મોટો દેવ નથી. સાથેજ વૈષ્ણવતંત્રમાં પણ કહ્યું છે કે જે પુરુષ નારાયણદેવને બ્રહ્મા અને રુદ્ર દેવતાઓની સમાન માને છે, તે હંમેશાં પાખડી થાય છે. સ્કંધ પુરાણમાં કહ્યું છે કે પુત્રક, કોઈ પુરુષ એકવાર પણ નારાયણ નામનો ઉચ્ચાર કરે, તો તે ત્રણસો કલ્પ પર્યંત ગંગાદિ સર્વ તીર્થોમાં સ્નાન કર્યા બરાબર થાય છે.

પદ્મપુરાણમાં કહ્યું છે કે હંમેશા વિષ્ણુનું સ્મરણ કરવું, કદીયે વિસ્મરણ ન કરવું. બધા વિધિનિષેધો એમના કિંકર છે. સર્વ શાસ્ત્રોનું મંથન કરીને અને વારંવાર વિચાર કરીને એકજ વાત નિષ્પન્ન થઈ છે કે હંમેશા નારાયણનું જ ધ્યાન કરવું. વળી ગોપાલ તાપની ઉપનિષદ્માં કહ્યું છે કે સુંદર કમલશા નયનવાળા, મેઘ શ્યામ સમાન, વિદ્યુત સમાન વસ્ત્રવાળા, દ્વિભુજ, મૌનમુદ્રાવાળા, વનમાલા ધારણ કરનાર, ઈશ્વર, ગોપ-ગોપી અને ગાયોથી આવૃત્ત, કલ્પવૃક્ષ નીચે નિવાસ કરનાર, દિવ્ય

આભૂષણોવાળા, રક્ત પંકજની મધ્યમાં રહેલા, કાલિંદીના જલતરંગો યુક્ત પવનથી સેવાયેલા શ્રીકૃષ્ણનું મનથી ચિંતન કરનાર પુરુષ સંસાર મુક્ત બને છે.

મૃત્યુંજય સંહિતામાં કહ્યું છે કે રમ્ય વૃંદાવનમાં હજારો ગોપકન્યાઓ છે. જેમની આંખો શ્રીપ્રભુના વદનકમલ તરફ ભમરાની જેમ મીટ માંડી રહી છે, જેઓ કામબાણથી વિવષ છે, જેઓ શ્રીપ્રભુના આશ્લેષ માટે ઉત્સુક છે, જેમની વેણીઓ શિથિલ છે, જેઓ મત્ત હોવાથી સ્ખલિત વાણી બોલે છે, દંતપંક્તિની પ્રભાથી ચળકતા, સ્પંદન કરતા જેમના અધર છે. વિવિધ ભાવગર્ભિત વિલાસો વડે જેઓ લોભાયમાન કરે છે, તેવી ગોપ કન્યાઓને મોહ પમાડનાર પુંડરીકાક્ષ શ્રીગોવિન્દનું સતત સ્મરણ કરવું.

પ્રફુલ્લ ઇન્દીવર જેવી જેમની કાન્તિ છે, ચન્દ્ર સમાન મુખ છે, મોરપીછનું કર્ણાભુષણ જેમને પ્રિય છે, શ્રીવત્સ જેમનું ચિહ્ન છે, તેજસ્વી કૌસ્તુભમણિ જે ધારણ કરે છે, જે પીતામ્બર છે, ગોપીઓના નયનકમલથી જેમનું તનુ પૂજિત છે, ગાયો અને ગોપસમૂહથી જ આવૃત્ત છે, જે સુંદર વેણુનાદ કરે છે અને દિવ્ય અંગો શોભાયમાન છે, તેવા સુંદર ગોવિન્દનું હું ભજન કરૂં છું.

શાસ્ત્રની એક મર્યાદા એ છે કે ગૃહસ્થ વૈષ્ણવે કોઇપણ સંન્યાસીને ક્યારે પણ ભગવદ્ સ્મરણ ન થાય, કેવલ નમો નારાયણાય કહેવા. દંડવત્ પણ ન થાય.

: તિલક માહાત્મ્ય :

પદ્મપુરાણમાં શ્રીભગવાનની ઉક્તિ છે કે મારી પ્રસન્નતા માટે, માંગલ્ય અને રક્ષા માટે, હે ચતુરાનન બ્રહ્મા, મારે પૂજા તથા હોમ કરવાના સમયની શરૂઆતમાં સાંજ-સવાર સાવધાન થઇને મારા ભક્તો હંમેશાં ભય દૂર કરનાર શ્રીચરણાકાર તિલક ધારણ કરવું. તો વળી નારદજી કહે છે કે શ્રીચરણાકાર તિલક ન કર્યુ હોય તો યજ્ઞ, દાન, તપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ એ બધું વ્યર્થ જાય છે. પદ્મપુરાણમાં ઉત્તરખંડમાં કહ્યું છે કે શ્રીચરણાકાર તિલક કર્યા વિના જો કોઇ કંઇ પણ કાર્ય કરે, ઇષ્ટકે આપૂર્ત કરે, તો તે નિષ્ફલ થાય છે, તેમાં સંશય નથી.

શ્રીચરણાકાર વિના જો સંધ્યાકર્માદિ કરે, તો તે સર્વ રાક્ષસ કર્મ થાય છે અને તેવો માણસ નરકમાં પડે છે. અન્ય સ્થળે કહ્યું છે કે ચરણાકાર પર જે નરાધમ ત્રિપુંડ્ર કરે છે, તો તે પવિત્ર વિષ્ણુમંદિરને ભાંગ્યા બરાબર થાય છે ને તે અવશ્ય નરકમાં જાય છે. પદ્મપુરાણમાં નારદજી કહે છે કે જો મનુષ્યનું શરીર ચરણાકાર વિનાનું હોય તો તે જોવું નહિ, તે સ્મશાન સમાન છે. તેમાં ઉત્તરખંડમાં કહ્યું છે કે વૈદિક બ્રાહ્મણે શુભ્ર મૃત્તિકા વડે ચરણાકાર તિલક કરવું, આપત્તિ આવી પડે તોય કદી વિદ્વાણ માણસે તિલક વાકું કે ત્રાંસુ ધારણ ન કરવું.

સ્કંધપુરાણમાં કહ્યું છે કે મરણ આવી પડે તો ય તિલકં પુંડ્ર ધારણ ન કરવું. કોઇપણ માણસે નારાયણ સિવાય અન્ય નામનો ઉચ્ચાર ન કરવો. વિષ્ણુની પ્રસાદીરૂપ, ધૂપશેષ, ચંદનપ્રસાદી, વિષ્ણુસંબંધી ગોપીચંદનનું શ્રીચરણાકાર તિલક કરવું. ત્યાં કાર્તિક પ્રસંગમાં પણ કહ્યું છે કે જે નરના લલાટમાં શ્રીચરણાકાર ન હોય, તેનું દર્શન ન કરવુંને તેનું દર્શન થઇ ગયું હોય તો તરત સૂર્યદર્શન કરવું. જે બ્રાહ્મણના કપાળમાં ત્રિપુણ્ડ્ર હોય ને શ્રીચરણાકાર ન હોય, તો તેને સ્પર્શીને કે જોઇને સદૈવ સ્નાન કરવું.

વૈષ્ણવે શ્રીચરણાકાર કરવું, ત્રિપુણ્ડ્ર ન કરવું, કેમકે ત્રિપુણ્ડ્ર કરનાર માણસની કોઇ ક્રિયા શ્રીહરિને પ્રસન્ન કરતી નથી. સ્કંધપુરાણમાં કહ્યું છે કે મૃત્તિકાથી કરેલું શ્વેત શ્રીચરણાકાર જેના કપાળમાં દેખાય છે, તે ચાંડાળ હોય તો પણ શુદ્ધાત્મા છે ને

પૂજ્ય છે. તેમાં સંશય નથી. શ્રીચરણાકાર તિલક કરવામાં લક્ષ્મી રહેલી છે, યશ રહેલો છે. મુક્તિ અને શ્રીહરિ પણ રહેલા છે. બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે અપવિત્ર, દુરાચારી અને મનથી પાપ આચરતો માણસ શ્રીચરણાકાર કરે તો નિત્ય પવિત્ર બને છે.

અરીસામાં કે જલમાં જોઇને મહાભાગ્યવાન પ્રયત્નપૂર્વક શ્રીચરણાકાર તિલક કરે છે, તે પરમ ગતિને પામે છે. પદ્મપુરાણના ઉત્તર ખંડમાં કહ્યું છે કે અંતરાલ વિનાનું (નિરન્તરાલ) શ્રીચરણાકાર જે નરાધમ કરે છે, તે ત્યાં રહેલા વિષ્ણુ અને લક્ષ્મીનો નાશ કરે છે. સ્મૃતિમાં કહ્યું છે કે બન્ને બાહુમૂલમાં શંખ અને ચક્રથી અંકિત થઇ નિત્ય શ્રીહરિનું પૂજન કરવું, તે વિના એટલે શંખચક્રનાં ચિહ્નોથી અંકિત થયા વિના પૂજન ન થઇ શકે. આદિત્યપુરાણમાં કહ્યું છે કે શંખ, ચક્ર અને શ્રીચરણાકાર વિનાના અધમ બ્રાહ્મણોને રાજાએ ગધેડા પર બેસાડી પોતાના રાજ્યમાંથી કાઢી મૂકવો જોઇએ.

પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહ્યું છે કે શ્રીહરિનું અતિપ્રિય એવાં શંખ, ચક્રાદિ ચિહ્નો વિનાનો વિપ્ર સર્વધર્મથી ચ્યુત થઇ નરકમાં પડે છે. જે માણસનું શરીર નિત્ય નારાયણનાં આયુધોથી અંકિત હોય અને તે કરોડો પાપ કરનારો હોય, તોએ યમ તેને શું કરી શકે ? શંખ, ચક્ર, પદ્મ, ગદા, મત્સ્ય અને કૂર્મનાં ચિહ્નો પોતાના શરીર પર જે કરે છે, તે હંમેશાં સો (૧૦૦) જન્મોનાં કરેલા પુણ્યોમાં વૃદ્ધિ કરે છે, અને પાપોનો ક્ષય કરે છે.

: તુલસી કાષ્ઠમાલા માહાત્મ્ય :

શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણ હવે શ્રીતુલસી કાષ્ઠ માલા ધારણ કરવાના શાસ્ત્રોક્ત પ્રમાણો સૌ સમક્ષ પ્રકટ કરતાં આજ્ઞા કરે છે. ગરુડપુરાણમાં કહ્યું છે કે : (ભગવાન કહે છે કે) જે માણસને નિત્ય તુલસી પ્રાપ્ત થઇ શકતી હોય અને એ તુલસી વડે જો એ મારું પૂજન ન કરે તો હું એની બીજી રીતે કરેલી સો વર્ષની પૂજા પણ ગ્રહણ ન કરું. વળી સ્કંધ પુરાણમાં કહ્યું છે કે : વૈષ્ણવના જેવું બીજું કોઇ ઉત્તમ પાત્ર નથી અને ગોદાન જેવું બીજું કોઇ દાન નથી, કાલિંદી સમાન બીજું કોઇ તીર્થ નથી, તથા તુલસી સમાન અન્ય કોઇ પત્ર નથી. વળી પદ્મપુરાણમાં કહ્યું છે કે : મણિ, સોનું, પુષ્પ અને મોતી વગેરે જે ભગવાનને અર્પણ કરવામાં આવે છે તેનું ફળ જે તુલસી પત્ર એમને અર્પણ કરવામાં આવે છે તેના ફળના સોળમાં ભાગ જેટલું પણ નથી.

સાથેજ પ્રહ્લાદ સંહિતામાં વાક્ય છે કે : જે પુરુષ ભગવાનની પ્રસાદી તુલસી કાષ્ઠની માલા ભક્તિપૂર્વક કંઠમાં પહેરે છે તેના શરીરમાં પાપ રહેતું નથી. અને સ્કંધ પુરાણમાં કહ્યું છે કે : તુલસી કાષ્ઠની માલા જોઇને યમરાજાના દૂતો દૂરથી જ, જેમ વાય–થી રજ ઊડી જાય છે તેમ, નાસી જાય છે. તથા એજ પુરાણમાં બીજું વાક્ય છે કે : તુલસીપત્રની મારી ઉતારેલી પ્રસાદી માલા જે કોઇ પહેરે છે તેને પાંદડે પાંદડે નિત્ય દશ અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે.

પદ્મપુરાણમાં કહ્યું છે કે : જેના કંઠમાં તુલસીની માલા તથા કમળકાકડીની માલા છે, જેના બાહુનાં મૂળ, શંખ તથા ચક્રથી શોભિત છે, અને જેના લલાટને વિશે ઊભું તિલક છે તે વૈષ્ણવો પૃથ્વીને પવિત્ર કરે છે. ત્રણ વેદ, ત્રણ દેવ, ત્રણ કાળની સંધ્યા તથા ત્રણ પ્રકારનો અગ્નિ એ સર્વે જે બ્રાહ્મણે તુલસીકાષ્ઠની માલા ધારણ કરેલી હોય છે તેનું સદા મંગલ કરે છે. વળી સ્કંદપુરાણમાં માર્ગશીર્ષમાહાત્મ્યમાં કહ્યું છે કે : કલિયુગમાં તુલસીની માળા પહેરીને જો પિતૃકાર્ય તથા દેવકાર્ય કરે તો એને કરોડગણું ફળ મલે છે.જે પુરુષો પાપબુદ્ધિથી તુલસીની માળા પહેરતા નથી તેઓનો નરકમાંથી છૂટકો થતો નથી અને શ્રીહરિના કોપરૂપી અગ્નિમાં એઓ બળ્યા કરે છે.

બ્રહ્મવૈવર્તપુરાણના પ્રકૃતિખંડના ૧૯માં અધ્યાયમાં કહ્યું છે કે : તુલસીકાષ્ઠની બનાવેલી માલા જે પુરુષ પહેરે છે તેને ચાલતાં એક એક ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ નિશ્ચય મળે છે. વળી ગરુડપુરાણમાં કહ્યું છે કે : જે બ્રાહ્મણ શ્રીકૃષ્ણનાં આયુધ (શંખ,

ચક્ર, ગદા, પદ્મ) ધારણ કર્યા હોય તથા જે તુલસીકાષ્ઠની શોભિત હોય તેને જોઇને એની જે નિંદા કરે છે તેને બૌદ્ધ જાણવો, પણ વૈષ્ણવ ન જાણવો. કંઠ, મસ્તક, અથવા હાથને વિશે તુલસીકાષ્ઠની માલા જોઇને એ ધારણ કરનારની જે મૂઢ લોકો નિંદા કરે છે તેમને મ્લેચ્છોથી ઉત્પન્ન થયેલા જાણવા, એમાં કાંઇ સંશય નથી.

આવી રીતે તુલસીમાલા ધારણ કરવા માટેનાં અને શ્રીચરણાકાર તિલક તથા શંખ ચક્રાદિ છાપાં કરવા ઉપર પુરાણોનાં અનેક પ્રમાણો આપ્યા પછી શ્રીગોકુલેશજીએ એ ઉપર કેટલીક વેદની શ્રુતિઓ કહીં સંભળાવી. (*શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વેદની શ્રુતિઓ જે પુસ્તક કે ચોપાનિયામાં છાપવાની મના છે, તેથી અહીં આલેખી નથી*).

જે પુરુષ તુલસી માલા ધારણ કરે છે તેના પર શ્રીદેવકીનન્દન શ્રીકૃષ્ણ સદાય પ્રસન્ન રહે છે. તેને પ્રાયશ્ચિત કરવું પડતું નથી, તેનું શરીર અપવિત્ર બનતું નથી. તુલસીકાષ્ઠની માલાથી ભૂષિત પુરુષ પિતૃસંબંધી કે દેવતા સંબંધી જે પુણ્ય કરે છે, તે કોટી ગુણ યુક્ત બને છે. તુલસીકાષ્ઠ માલાને દેખીને યમરાજના દૂતો પવનથી જેમ પર્ણ વિખરાઇ જાય, તેમ દૂરથી જ ચાલ્યા જાય છે. તુલસી માલાથી વિભૂષિત માણસ ગમે ત્યાં ફરે, પણ તેને ખોટું સ્વપ્ન આવતું નથી, કોઇ દુર્નિર્મિત અપશુકન થતું નથી કે નથી તેને કોઇ શસ્ત્રનો ભય સતાવતો.

યા જગમેં જગતીતલમાંઝ પ્રવીન તેઈ જેઈ નેહકો જાને;
નેહીસોં નેહ અનેહીસો ના હિત, નેહી જહાં હે તહાં મન માને;
લગે નહિ ચિત્ત અન્યત્ર, કહું બિનુ નેહ, રુચે નહિ નેકહુ આને,
ધીરે ધરે ન, અધીર રહે, બિન પ્રેમ પ્રિયારસકે રસપાને.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો પંચદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ષોડશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૬

: શ્રીકૃષ્ણચન્દ્રનું માહાત્મ્ય :

સ્કન્ધપુરાણમાં ભગવાન શ્રીગોકુલેશ આજ્ઞા કરે છે કે : વિવિધ ચિત્ર-વિચિત્ર લલિત ગીત, વાદ્ય અને નૃત્ય વડે માણસે જાતે શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા જોઇએ. હે મુને, ગાન, વાદ્ય, તથા નૃત્ય તથા શ્રીવિષ્ણુકથા જે પ્રભુ-પ્રીતિ અર્થે કરે છે, તે પુણ્યાત્મા ત્રૈલોક્યની ઉપર જઇ આનંદ પામે છે. શ્રીભાગવતના પ્રથમ સ્કંધમાં શ્રીનારદજી કહે છે કે જેમનાં શ્રીચરણ તીર્થરૂપ છે, અને યશ જેને પ્રિય છે, એવા ભગવાનનાં ચરિત્રોનું હું ગાન કરૂં છું. ત્યારે ભગવાન બોલાવ્યા હોય તેમ મારા ચિત્તમાં દર્શન આપે છે.

દ્વાદશ સ્કંધમાં કહ્યું છે કે ભગવાન અધોક્ષજની જે કથાવાર્તા નથી, તે મિથ્યા વાણી છે, તે અસત્ય કથા છે. પુણ્યશ્લોક ભગવાનની જે યશકથા ગવાય છે, તે જ સત્ય છે, તેજ મંગલ છે, તેજ પુણ્ય છે, તેજ રમ્ય છે, રુચિર અને તેજ નવો નવો મનનો મહોત્સવ છે. તેજ માનવોના શોકસાગરનો નાશકરનાર છે. સ્કંધપુરાણમાં કહ્યું છે કે જે માણસ બહુ દીવેટ પ્રગટાવીને ભગવાન કેશવની આરતી કરે છે, તે કોટિ કલ્પ સુધી સ્વર્ગમાં રહે છે.

ભક્તોસુધોદયમાં કહ્યું છે કે શ્રીપ્રભુના યશનું સ્તવન કરતો ઉન્નતિની કામના કરતો જે નિર્બલ છે, તેનો દયાળુ પ્રભુ પોતે ઉદ્ધાર કરે છે. જેમ સ્તનપાન કરવા પગમાં પડેલા બાળકને માતા લઇ લે છે, તેમ શ્રીપ્રભુ તેનો ઉદ્ધાર કરે છે. સ્કંધપુરાણમાં કહ્યું છે કે શ્રીકૃષ્ણના સ્તવનરૂપ રત્નસમૂહ વડે જેની જીભ અલંકૃત છે તે જીભ મુનિ, સિદ્ધ અને દેવો માટે પણ વંદનીય છે. વિષ્ણુધર્મ (ધર્મોત્તર ?)માં કહ્યું છે કે જે જીભ શ્રીહરિનું સ્તવન કરતી નથી, તેનો કંઠ કાંઠારૂપ છે, કે તે જીભ ચામડાની જીભ છે કે તે જીભ રોગયુક્ત છે. નારદ પુરાણમાં કહ્યું છે કે એક વાર પણ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા હોય તો તેની બરાબર દશ અશ્વમેઘ યજ્ઞનું સ્નાન પણ નથી કેમકે અશ્વમેઘ કરનાર ફરીથી જન્મ પામે છે, જ્યારે શ્રીકૃષ્ણને પ્રણામ કરનાર ફરીથી જન્મ પામતો નથી.

ભક્તિસુધોદયમાં કહ્યું છે કે વિષ્ણુને દંડવત્ પ્રણામ કરવા જે ભૂમિ પર પડે છે, તેનાં સર્વ પાપ ધરાશાયી થાય છે, તે પાપ તેની સાથે નાશ પામે છે. વિષ્ણુની પ્રદક્ષિણા જે જન કરે છે, તે એ એક જ વાર કરે છે, ફરીથી તેનો જન્મ થતો નથી. એકાદશ સ્કંધમાં કહ્યું છે કે જે માણસ બધાં કર્મો છોડી મને પોતાનો આત્મા નિવેદિત કરવાની ઇચ્છા કરે છે. તે સદા અમૃતત્વ પામે છે અને મારો આત્મા થઇને રહે છે.

: શ્રીપ્રભુ પ્રત્યે શ્રીભાગવતમાં બતાવેલ બત્રીસ અપરાધો :

આ શાસ્ત્રોમાં કહ્યું છે કે કોઇ વાહનમાં બેસીને કે પાદુકા પહેરીને ભગવન્મંદિરે જવું, ઉત્સવાદિની ભાગવત સેવા ન કરવી, ભગવાન્‌ને પ્રણામ ન કરવા, ઉચ્છિષ્ટ કે અશૌચમાં ભગવાનને વંદનાદિ કરવાં, એક હાથે પ્રણામ કરવા, ભગવાનની આગળ જ પ્રદક્ષિણા કરવી, ભગવાનની સામે પગ લાંબો કરવો, તથા ભગવાન સામે પર્યંક બંધન કરવું (ઊંધી પલાંઠી વાળીને બેસવું), શયન કરવું, ખાવું કે મિથ્યા બોલવું, મોટેથી બોલવું, પરસ્પર બકવાદ કરવો, રોવું, લડવું, કોઇને પકડવું કે કોઇ પર અનુગ્રહ કરવો, પરનિંદા કે પરસ્તુતિ કરવી, અશ્લીલ બોલવું, ક્રૂર વચન બોલવા, કંબલ ઓઢવી, અપાનવાયુ છોડવો, શક્તિમાન હોવા છતાં સામાન્ય ઉપચાર કરવો, નિવેદિત કર્યા વગરનું ખાવું. તે તે સમયે થતાં ફલ ભગવદર્પણ ન કરવાં, વાપરેલી વસ્તુમાંથી બાકી રહેલી વસ્તુ સામગ્રી મૂકવી, પીઠ કરીને બેસવું, અન્યને પ્રણામ કરવા, ગુરુ પાસે મૌન રાખવું કે પોતાની સ્તુતિ કરવી કે દેવતાની નિંદા કરવી આ બત્તીસ (બત્રિસ - ૩૨) અપરાધો વિષ્ણુ ભગવાનના થાય છે.

: શ્રીભગવદ્ પ્રસાદીનો ઉપયોગનો આદેશ :

શ્રીભાગવતનાં એકાદશ સ્કંધમાં ઉદ્ધવજી ભગવાનને કહે છે કે તમારામાં ઉપભોગ કરેલાં માલા, ગંધ, વસ્ત્ર, અલંકારથી શોભાયમાન તમારૂં ઉચ્છિષ્ટ લેનાર તમારા ભક્તો તમારી માયાને જીતે છે. પદ્મપુરાણમાં કહે છે કે હે અંબરીષ ! શ્રીહરિનું સ્નાન અવશેષ જલ જેના ઉદરમાં ગયું છે તેને પ્રણામ કરીને તેની ચરણરજ લેવી. બૃહન્નારદીયમાં કહ્યું છે કે શ્રીહરિનું ચરણોદક જે ક્ષણમાત્ર પણ ધારણ કરે છે, તે સર્વ તીર્થોમાં ન્હાયા બરાબર છે, ને વિષ્ણુને પ્રિય બને છે. સ્કંધપુરાણમાં કહે છે કે વૈષ્ણવોએ વૈષ્ણવોનું જ અન્ન પ્રાર્થના કરી ગ્રહણ કરવું, અવૈષ્ણવનું અન્ન અપવિત્ર ગણીને ત્યજવું.

બ્રહ્માંડ પુરાણમાં કહે છે કે પુત્ર, પુષ્પ, ફલ, જલ, અન્નપાનાદિ, ઔષધ વગેરે જે આહાર માટેહોય છે, તે નિવેદિત કર્યા વિના ગ્રહણ ન કરવું. જો માણસ નિવેદન કર્યા વિના લે તો તેને પ્રાયશ્ચિત કરવું પડે માટે સર્વ કોઇ શ્રીવિષ્ણુને નિવેદન કરીને ઉપભોગ કરવો. સ્કંધમાં કહ્યું છે કે ૬ (છ) માસના ઉપવાસથી જે ફલ મળે છે, તે ફલ કલિયુગમાં વિષ્ણુને કેવળ નિવેદન કરીને લીધેલા પ્રસાદથી મળે છે. હૃદયમાં ભગવાનનું સ્વરૂપ, મુખમાં નામ, ઉદરમાં ભગવાન્‌ને નિવેદન કરેલું અન્ન, પાદોદક અને મસ્તક પર નિર્માલ્ય-આ જેના સંબંધમાં હોય તે અચ્યુત જ છે.

: વૈષ્ણવનું માહાત્મ્ય :

બૃહદ્વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે ભગવાન જગદીશને અન્નપાન નિવેદન કર્યું છે, તેના ભક્ષણ-અભક્ષણ સંબંધમાં, હે બ્રાહ્મણો! વિચાર કરવો નહિ, તે તો બ્રહ્મસમાન નિર્વિકાર છે, જેવા વિષ્ણુ છે, તેવું જ તે છે. જે બ્રાહ્મણાદિ તેના ભક્ષણ કરવા સંબંધમાં વિચાર કરે છે, તેઓ કોઢ વગેરે વ્યાધિવાળા થાય છે. પુત્ર, પત્ની વગેરેથી વર્જિત થાય છે ને નરકમાં પડે છે ને ત્યાંથી તેમનો ઉદ્ધાર થતો નથી. સ્કંધપુરાણમાં કહ્યું છે કે દશમીનો જે દિવસે અંશ હોય અને તે દિવસે જેઓ ઉપવાસ કરતા નથી, તેઓ હે રાજા ઉત્તમ વૈષ્ણવો છે.

પ્રાણ જાય તો પણ દશમીવેધરહિત દિવસે એટલે કે એકાદશીએ જેઓ ભોજન કરતા નથી, અને તે દિવસે જેઓ જાગરણ કરે છે, તેઓ સદા વૈષ્ણવ જ છે. ઉપવાસ કરીને તથા રાત્રે જાગરણ કરીને જે માણસ શુદ્ધ દ્વાદશી અલ્પ પણ કરે છે, તે ખરેખર વૈષ્ણવ છે. જે માણસો ભાગવતશાસ્ત્રને જીવનથી ય અધિક માને છે, તેઓ શ્રીભાગવત શ્રેષ્ઠ રટલે શ્રેષ્ઠ વૈષ્ણવો જ છે. એમ વિષ્ણુએ કહ્યું છે. વૈષ્ણવની રુક્ષ અક્ષરવાળી વાણી સાંભળીને પણ પ્રણામ કરીને અને ક્ષમા કરીને જે બોલે છે, તે ખરો જ વૈષ્ણવ છે. જે જન વૈષ્ણવને યથાશક્તિ ભોજન વસ્ત્ર આપે છે તે ખરે જ વૈષ્ણવ કહેવાય છે.

ભગવાને કહ્યું છે કે જે મારી કથા કરે છે અને જે મારી કથા સાંભળે છે (શ્રીમદ્ ભાગવત સપ્તાહ જેવો પ્રકાર નહીં, પણ કેવળ રાત્રી સત્સંગમાં અન્ય વાર્તા પ્રસંગો સાથે શ્રીભાગવતજીનો પાઠ કરવો, તે કથા) અને જે મારી કથામાં આનંદ પામે છે, તે ઉત્તમ વૈષ્ણવ છે. એકાદશ સ્કંધમાં કહ્યું છે કે પરવશ થઇ કરેલાં પાપોના સમૂહને નાશ કરનાર શ્રીહરિ અને પ્રણય પૂર્વક જેનાં ચરણકમળ ધઅરણ કરાયાં છે, એવા શ્રીહરિ જેના હૃદયમાંથી દૂર થતાં નથી, તે વૈષ્ણવોમાં શ્રેષ્ઠ છે.

જાણતાં કે અજાણતાં, જેટલો જેવો કે જે પ્રકારે જેઓ અનન્યભાવે મને ભજે છે, તેઓ ઉત્તમ ભક્ત છે, એ પ્રમાણે ગુણ કે દોષ જાણીને, મેં કહેલાં બધા સ્વધર્મો છોડીને જે મને ભજે છે, તે સર્વશ્રેષ્ઠ છે. ચતુર્થસ્કંધમાં કહ્યું છે કે જીવાત્માઓ માટે આ ક્ષણભંગુર માનુષ દેહ દુર્લભ છે. તેમાંય વળી વૈકુંઠ જેને પ્રિય છે, તેવા વૈષ્ણવનું દર્શન પણ દુર્લભ છે. ગરૂડપુરાણમાં કહ્યું છે કે વેદ અને સર્વ શાસ્ત્રોના અંત સુધી જે પહોંચ્યો હોય, પણ જે સર્વેશ્વર પ્રભુનો ભક્ત નથી, તેને અધમ પુરુષ જાણવો.

પ્રથમ સ્કંધમાં કહ્યું છે કે હે રસિકભાવુકો, નિગમ રૂપી કલ્પતરુ પરથી ગળેલું અને શુકદેવજીના મુખમાંથી નીકળેલી વાણીરૂપ અમૃતવાળા રસના સાગરરૂપ આ શ્રીભાગવત છે, તે રસસાગરનું તમે આ પૃથ્વીપર વારંવાર પાન કરો. ત્રીજા સ્કંધમાં કહ્યું છે કે માનવોને જે વાચા મળી છે, તેનો એકાંત લાભ તે ઉત્તમ યશવાળા ભગવાનનું ગુણગાન, જે કાન મળ્યા છે, તેનો એકાંત લાભ વિદ્વાનોએ કરેલી કથાના અમૃતનું ગ્રહણ કરવું તે જ છે.

: વૈષ્ણવનું કર્તવ્ય :

કાશીખંડમાં દ્વારકા માહાત્મ્યમાં કહ્યું છે કે : હે કૃષ્ણ! આજ દિન સુધી મેં જે કર્તવ્ય સાંભળ્યું છે તે આછે કે બન્ને પક્ષની એકાદશીએ ભોજન ન કરવું. અત્યન્ત ભક્તિ પૂર્વક તમારૂં રોજ પૂજન કરવું જોઇએ. અને એક પલાર્ધથી પણ વિદ્ધ (એટલે દશમી વેધ) એકાદશી હોય તો ભોજન ન કરવું, તમારી પ્રીતિ માટે મારે આઠ બારસોએ વ્રત કરવું જોઇએ, અને પ્રાણ તેમજ ધનથી તમારી ભક્તી કરવી જોઇએ. નિત્ય મને પ્રિય એવાં હજાર નામોનો પાઠ કરવો જોઇએ, અને તુલસીપત્રથી સદૈવ તમારી પૂજા કરવી જોઇએ. તુલસી કાષ્ઠની માલા મારે હંમેશા ધારણ કરવી જોઇએ અને જાગરણ વખતે નિત્ય તમારું કીર્તન કરવું જોઇએ.

હું તુલસીકાષ્ઠના ચંદનથી તમને વિલેપન કરીશ અને તમારા ગુણોનું કીર્તન કરીશ. શ્રીમદ્ ગોકુલ મારે દરેક વર્ષે આવવું જોઇએ અને આપની કથાનું નિત્ય શ્રવણ કરવું તેમજ પુસ્તક વાંચન કરવું જોઇએ, મારે પ્રયત્ન પૂર્વક હંમેશાં આપનું પાદોદક (શ્રીચરણામૃત) મસ્તક પર ધારણ કરવું જોઇએ અને વ્રત કરી આપનો પ્રસાદ હું ગ્રહણ કરીશ. આપશ્રીનું નિર્માલ્ય આપને સમર્પણ કરેલી માલા હું શિર પર ધારણ કરીશ અને આપને ઇષ્ટ એવી વસ્તુ સમર્પિત કરેલનું સેવન કરીશ. આપશ્રીને સંતોષ થાય એવું મારે કરવું જોઇએ. હે કૃષ્ણ! મેં તમારી આગળ આ સત્ય કહ્યું છે.

સાતમાં સ્કંધમાં કહ્યું છે કે શ્રીગુરુની સેવા વડે ભક્તિ વડે જ જે કાંઇ લાભ થાય તે અર્પણ કરીને, સાધુજનોના સંગ વડે ઈશ્વરની આરાધનાથી, તેમની કથામાં શ્રદ્ધા રાખીને, તેમના ગુણકર્મોનું કીર્તન કરીને, તેમનાં શ્રીચરણકમલનું ધ્યાન ધરીને, તેમના શ્રીચિહ્નોનું દર્શન કરીને, શ્રીહરિ ઈશ્વર સર્વભૂતોમાં રહે છે. એમ મનમાં તેમજ કામનામાં વિચારીને સર્વભૂતોના જીવન તરફ યોગ્ય દૃષ્ટિથી જોવું.

એકાદશ સ્કંધમાં કહ્યું છે કે મનને પહેલાં નિઃસંગ રાખવું, સંગ સાધુઓનો કરવો, પ્રાણીઓ તરફ દયા, મિત્રતાને નમ્રતા રાખવી, શૌચ, તપ, તિતિક્ષા, મૌન, સ્વાધ્યાય, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા, સઘળાં દ્વંદ્વોમાં સમતા રાખવી, બધામાં ઈશ્વરને જોવા, કૈવલ્ય (એકલા રહેવું તે) ઘર ન બનાવવું, શુદ્ધ ચીર-વસ્ત્ર પહેરવું, ગમે તે વસ્તુ પ્રાપ્ત થાય તેમાંથી સંતોષ માનવો, ભાગવત શાસ્ત્રમાં શ્રદ્ધા, કોઇની નિંદા ન કરવી, મન-વાણી-કાયાનું નિયમન કરવું, સત્ય, મનોનિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, શ્રીહરિનાં અદ્ભુત જન્મ, ગુણ તથા કર્મોનું શ્રવણ-કીર્તન-ધ્યાન, તેમના માટે જ બધી ચેષ્ટા કરવી, ઇષ્ટ, દાન, તપ, જપ, પોતાને પ્રિયવ્રતનું પાલન, દારા-સુત-ગૃહ અને પ્રાણ શ્રીપ્રભુને અરૂપણ કરવા, એ પ્રમાણે શ્રીકૃષ્ણ જ જેમના આત્મા અને નાથ છે એવાઓની સાથે મૈત્રી કરવી, માહાત્માઓ અને સાધુઓની પરિચર્યા કરવી, પાવન ભગવદયશનું પરસ્પર કથન કરવું, પરસ્પર પ્રેમ અને સંતોષ અને એ રીતે પરસ્પરનું સુખ માનવું. આ ભક્તજનોના ધર્મ છે.

: શ્રીપ્રભુને પ્રસન્ન કરવાં અને ભક્તની લાક્ષણિક્તા :

શ્રીભાગવતનું વચન છે કે મારા સ્વરૂપ અને મારા ભક્તોનું દર્શન, સ્પર્શ, અને પૂજા પરિચર્યા તથા સ્તુતિ; નમ્રતાપૂર્વક ગુણકર્મોનું કીર્તન, મારી કથાના શ્રવણમાં શ્રદ્ધા, મારૂં ધ્યાન કરવું, સર્વ લાભ સમર્પિત કરવા, દાસ્યભાવથી આત્મનિવેદન કરવું. મારા જન્મ અને કર્મોની જ કથા કરવી, મારા ઉત્સવોમાં આનંદ પામવો, ગીત નૃત્ય અને વાદ્ય તથા ગોષ્ઠી વડે મારા ઉત્સવો ઉજવવા. સર્વ વાર્ષિક પર્વોમાં યાત્રા તથા બલિવિધાન કરવું, વેદ કે તંત્ર અનુસાર દીક્ષા લઇ મારૂ વ્રત ધારણ કરવું, મારી પૂજા સ્થાપનમાં શ્રદ્ધા તથા સ્વયં ઉદ્યમ કરવો, મારા ઉદ્યાન, ઉપવન, ક્રીડાગૃહ અને મંદિરના માર્જન, લેપન, સિંચન વગેરેથી મારા ઘરની દાસભાવે અને નિષ્કપટતાથી વ્યવસ્થા કરવી, માનત્યાગ, દંભત્યાગ, કરેલા કાર્યને કહી બતાવવું નહિ, નિવેદન કરેલા દીપકને પોતાના કામમાં ન લાવવો, લોકમાં જે અત્યંત ઇષ્ટ છે, અને પોતાને અત્યંત પ્રિય છે, તે મને નિવેદન કરવું. આવા લક્ષણવાળો ભક્ત અનંત કાળ સુધી મને પામે છે.

બીજે સ્થળે પણ ભગવાન કહે છે કે મારી અમૃત કથામાં શ્રદ્ધા, હંમેશા મારૂં કીર્તન કરવું, પૂજામાં અત્યંત નિષ્ઠા રાખવી, મારી સ્તુતિ કરવી, પરિચર્યા કરવામાં આદર રાખવો, સર્વાંગ વડે અભિવાદન કરવું, મારા ભક્તની પૂજા અધિક માનવી, સર્વભૂતોમાં મારો વાસ સમજવો, મારા નિમિત્તે જ બધી અંગચેષ્ટાઓ કરવી, વાણીથી મારૂં ગુણકીર્તન કરવું, મનથી સર્વ કામનું વિસર્જન કરી બધું મને અર્પણ કરવું. મારા માટે ભોગસુખનો ત્યાગ કરવો, મારા અર્થે ઇષ્ટ, દત્તા, હુત, જપ, વ્રત, તપ કરવાં આ ભક્તલક્ષણ છે.

અન્યત્ર પણ ભગવદ્વચન છે કે મારા અર્થે સર્વ કર્મો કરવાં, ધીરે ધીરે સ્મરણ કરતાં મન તથા ચિત્ત મને સમર્પણ કરવું, ભગવદ્ધર્મમાં જ આત્મા અને મનને લગાવવું. મારા સાધુ ભક્તોએ જ્યાં આશ્રય કર્યો હોય એવા પુણ્ય પ્રદેશમાં રહેવું, દેવ, મનુષ્ય અને અસુરોમાં મારા ભક્તોએ કરેલા ચરિત્રો સ્મરણ કરવાં, પૃથક સત્રથી કે મારા પર્વ નિમિત્તે યાત્રા અને મહોત્સવો મહારાજોના વૈભવ વડે અને નૃત્ય તથા ગાન વડે ઉજવવા, શુદ્ધ હૃદયવાળા ભક્તે સર્વાત્મરૂપ મને સર્વભૂતોમાં આકાશની જેમ અંદર બહાર વ્યાપક રૂપે દેખવો.

દશમ સ્કંધમાં કહ્યું છે કે તમારી કથારૂપ અમૃત તપ્ત આત્માઓનું જીવન છે, કવિઓએ તે ગાયું છે ને પાપનાશક છે, કાનને માટે સાંભળવામાં મંગલરૂપ છે, શોભાપૂર્ણ છે, ચારેબાજુ વ્યાપેલું છે અને જેઓ દાનવીર જનો છે, તે તમારી કથા આ પૃથ્વી પર ગાય છે. પદ્મપુરાણમાં ભગવાને કહ્યું છે કે મારૂં કાર્ય કરતા પુરુષોનો જો ક્રિયાલોપ થાય, તો તેમનાં કામ ત્રણ કરોડ મહર્ષિઓ કરે છે. એકાદશ સ્કંધમાં કહ્યું છે કે કાયા, વાચા, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ, આત્મા કે અનુકૂળ સ્વભાવથી માનવ જે જે કાર્ય કરે, તે સર્વ પરમ નારાયણને અર્પણ કરે. મોક્ષધર્મમાં કહ્યું છે કે આ બ્રહ્મા, ઋષિઓ, સ્વયંશિવ, અન્ય શ્રેષ્ઠ દેવો, દૈત્યો, દાનવો, રાક્ષસો, નાગો, ગરુડો, ગંધર્વો, સિદ્ધો તથા રાજર્ષિઓ વિધિપૂર્વક જે હવ્ય કવ્ય અર્પણ કરે છે. તે તે તે દેવતાઓના ચરણોમાં પહોંચે છે. એકાન્ત બુદ્ધિવાળા ભક્તો જે જે ક્રિયાઓ કરે છે તે સર્વ દેવ શિરસા અંગિકાર કરે છે.

તું જો અપેક્ષા કરત સ્વારથ કો હિત માન, વે ન હોય આવત પ્રભુ તેરી રક્ષા કરી હૈ;
તૂં તો હે અજ્ઞાન, હાનિ આપની ન જાનત હૈ, ઉપકાર માન પ્રભુ તેરી ચિંતા હરિ હૈ;
કૌન તૂ કહાંકો, કૌન ઠોર આનિ કહા કીયો, કૌન દાન દિયો બાત મનમાં જ ધરી હૈ;
ગોકુલેશજીકે અનુરાગ સોં બિલસ રસ, યહિ રસમાંઝ ભાંતિ ભાંતિ નિધિ ભરી હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો ષોડશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ સપ્તદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૭

: વૈષ્ણવનો માર્ગીય વ્યવહાર :

અન્ય સ્થળે ભગવાને કહ્યું છે કે જલ વડે શૌચવિધિ કરી, ચરણ ધોઇ, બે વાર આચમન કરવું. જગતપતિ વ્રજનાથ ગોપીપતિનું સ્મરણ કરવું અને અમૃતની વર્ષા જેવાં રાધાજીનાં વચનામૃતો સ્મરી, વસ્ત્ર વડે બન્ને પગને લૂછી શૈયા પર રાત્રે શયન કરવું. ચોથા સ્કંધમાં કહ્યું છે કે જેમ વૃક્ષના મૂળમાં સિંચન કરવાથી તેનાં થડ-ડાળી તૃપ્તિ પામે છે, તેવી રીતે પ્રાણને ભોજન આપવાથી ઈન્દ્રિયો તૃપ્ત થાય છે, તેવી રીતે અચ્યૂતની પૂજાથી સર્વ દેવોની પૂજા થઇ જાય છે.

સાતમા સ્કંધમાં કહ્યું છે કે અસુર પુત્રો, મુકુન્દ ભગવાનની પ્રસન્નતા માટે બ્રાહ્મણત્વ, દેવત્વ કે ઋષિત્વ ઉપયોગી થતું નથી, તે જ રીતે સારું ચરિત્ર કે બહુજ્ઞાન કે દાન, તપ, યજ્ઞ, અને શૌચ તથા વ્રતો પણ ઉપયોગી થતાં નથી. મુકુંદ પ્રભુ તો કેવળ

નિર્મલ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, અન્ય સર્વતો કેવળ વિડંબના છે. એકાદશ સ્કંધમાં કહ્યું છે કે વિરાટ પુરુષના મુખ, બાહુ, જાંઘ અને ચરણોથી આશ્રમો સહિત ગુણો સાથે વિપ્રાદિ ચાર વર્ણો જુદા જુદા સરજાયા છે.

: ભક્ત દ્વારા ભક્તિની અવસ્થા :

જે માણસો પોતાના કારણરૂપ એ વિરાટ પુરુષને એટલે ઈશ્વરને ભજતા નથી અને તેમની અવજ્ઞા કરે છે, તેઓ સ્થાન ભ્રષ્ટ થઇ અધોગતિને પામે છે. ત્રીજા સ્કન્ધમાં કહ્યું છે કે ગુણો જેમનું સૂચક ચિહ્ન છે, અને વેદ-શ્રૃતિ પ્રમાણે જેમના કર્મો છે, તેવા દેવોની જ સત્વમાં જે સ્વાભાવકિ મનોવૃત્તિ છે, અને નિરુપાધિક ભાગવતી ભક્તિ છે. તે મુક્તિરૂપ સિદ્ધિ કરતાં મોટી છે. સાતમા સ્કંધમાં કહ્યું છે કે ભગવાનનાં કર્મો, અતુલ્ય ગુણો, લીલાવપુ વડે કરેલાં પરાક્રમો સાંભળી ને જે અતિ હર્ષિત થઇ, રોમાંચિત થઇ અને ગદ્‌ગદ્ થઇ મુક્ત કંઠે જે તે ગુણ પરાક્રમો ગાય છે, આક્રંદ કરે છે અને નાચે છે, જાણે ગ્રહગ્રસ્ત હોય તેમ કદીક હસે છે, કદીક આક્રંદ કરે છે, ધ્યાન કરે છે કે માણસોને વંદે છે.

વારંવારે શ્વાસ લે છે અને હરે, જગત્પતે નારાયણ એ પ્રમાણે ભગવદ્‌બુદ્ધિ થઇ લાજ છોડીને ઉચ્ચારણ કર્યા કરે છે. તે માણસો બધાં બંધનોથી મુક્ત થાય છે, ભગવદ્ ભાવયુક્ત તેની આકૃતિને આશય બની જાય છે. તેની વાસના બળી જઇ નષ્ટ થઇ છે અને શ્રેષ્ઠ ભક્તિથી તે ભગવાન અધોક્ષજને પામે છે. એકાદશ સ્કંધમાં કહ્યું છે કે ચક્રપાણિ ભગવાનના આ લોકમાં જે મંગલ જન્મ અને કર્મ છે, તે અરૂથના ગીત અને નામ છે, તેમનું લાજ છોડીને અસંગ થઇને ગાન કરવું ને વિચારવું.

એવા વ્રતવાળો મનુષ્ય પોતાના પ્રિયતમનાં નામોના કીર્તનથી અત્યંત અનુરાગયુક્ત બને છે, તેનું ચિત્ત દ્રવિત થાય છે, તે હસે છે, રડે છે, મોટે અવાજે પુકારે છે, ગાય છે, જાણે લોક બાહ્ય થઇને નાચે છે. તેમાં અન્યત્ર કહ્યું છે કે પાપસમૂહનો નાશ કરવાવાળા શ્રીપ્રભુનું સ્મરણ કરતાં ને કરાવતાં અત્યંત ભક્તિ ઉત્પન્ન થતાં, તે ભક્ત રોમાંચયુક્ત શરીર ધારણ કરે છે. અચ્યુતની ચિંતા કે વિચારથી કે ક્વચિત્ રડે છે, ક્વચિત્ હસે છે, આનંદે છે, અલૌકિક વાતો બોલે છે, નાચે છે, ગાય છે, પ્રભુનું અનુકરણ કરે છે, મૂંગો બની જાય છે અને પરમ પ્રભુને પ્રાપ્ત કરી પરમાનંદ પ્રાપ્ત કરે છે.

જ્યાં સુધી રોમહર્ષ ન થાય, ચિત્ત દ્રવે નહિં, જ્યાં સુધી આનંદથી આંસુ ન વહે, શુદ્ધ ભક્તિ ન હોય, ત્યાં સુધી અંતઃકરણ શુદ્ધ કેવી રીતે થાય? ગદ્‌ગદ્ વાણીથી જેમનું ચિત્ત દ્રવે છે, જે વારંવાર રડે છે, ક્વચિત્ હસે છે, લજ્જા છોડી જે ગાય છે, ને નાચે છે, તેવો મારો ભક્તિવાળો પુરુષ જગતને પાવન કરે છે. શ્રીગીતાજીમાં કહ્યું છે કે સર્વ ધર્મો છોડીને મારે શરણે આવ. હું તને સર્વ પાપોમાંથી છોડાવીશ, શોક ન કર. એકાદશ સ્કંધમાં ભગવાન કહે છે કે હે ઉદ્ધવ! સર્વ યજ્ઞાદિ કર્મો, પ્રવૃત્તિ, નિવૃત્તિ તવ્ય અને શ્રૃત, જ્ઞાન છોડીને તુ સર્વાત્મભાવથી સર્વ આત્માઓના આત્મારૂપ એવા મારે શરઝે આવ. મારા બળથી તું નિર્ભય થઇ જઇશ.

બ્રહ્મવૈવર્તમાં કહ્યું છે કે દેવો પણ જેની ઇચ્છા કરે છે તેવો દુર્લભ મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જેઓ ગોવિન્દનો આશ્રય કરતાં નથી, તેમનો આત્મા ચિરકાળ સુધી વંચિત એટલે ભગવાનથી દૂર રહે છે. તૃતીય સ્કંધમાં કહ્યું છે કે આશ્ચર્યની વાત છે કે દુષ્ટ પૂતના ભગવાનને મારવાની ઇચ્છાથી સ્તનના દૂધ રૂપ ઝેર પાવા આવી હતી, તેને ધાત્રિને ઉચિત ગતિ પ્રાપ્ત થઇ, તો હું બીજા કયા દયાળુંને શરણે જાઉં?

: એકાદશી વ્રત માહાત્મ્ય :

પદ્મપુરાણમાં કહ્યું છે કે હે સુંદરી! બધાં પુરાણો વારે વારે રટના કરે છે કે શ્રીહરિવાસરે એટલે એકાદશીએ ભોજન ન કરવું. નારદપુરાણમાં કહ્યું છે કે જે જે બ્રહ્મહત્યા સમાન પાપો છે, તે એકાદશીએ બીજામાં આવીને વસે છે, એકાદશીએ ભોજન

કરનાર તે પાપોથી યુક્ત થાય છે. વાયુપુરાણમાં કહ્યું છે કે રાત્રે હવિષ્યાન્ન ખાવું, ભાત વિનાનું ખાવું, ફલ કે તલ કે દૂધ કે જલ કે ઘીનો ઉપભોગ કરવો, કે પંચગવ્યનો ઉપયોગ કરવો કે વાયુભક્ષણ કરવું-આમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે દશમીના વેધવાળી એકાદશીએ જે માણસ ઉપવાસ કરે છે, તે આ લોકમાં કે પરલોકમાં સુખ પ્રાપ્ત કરતો નથી. ગરૂડપુરાણમાં કહ્યું છે કે ઉદય પહેલાં બે મુહુર્ત એકાદશી હોય તો તે પુરી એકાદશી કહેવાય અને તેજ દિવસે ઉપવાસ કરવો. બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે જ્યાં પુણ્ય-નક્ષત્રવાળિ વિજ્યાશ્રવણનક્ષત્રવાળી જયંતિ પુનર્વસુ-નક્ષત્રીવાળી અને પાપનાશિની રોહિણી નક્ષત્રવાળી જે એકાદશી છે, તે પાપનો નાશ કરનારી છે અને ફલાકાંક્ષી માણસોએ તે કરવીં.

બ્રહ્મવૈવર્તમાં કહ્યું છે કે પુરાણજ્ઞાતાઓએ જ દ્વાદશ અને અષ્ટ પ્રહરની એકાદશીઓ કહી છે, તેમાં એક પણ ન કરે તો તેથી પહેલાં કરેલું પુણ્ય નષ્ટ થાય છે. સ્કંધમાં કહ્યું છે કે ઉન્મિલીની, વંજુલી અને પક્ષવર્ધિની એકાદશી જે તજે છે, તે ચૌદ ઈન્દ્રો સુધી નરકમાં વસે છે. ત્રિસ્પૃશા અને વિષ્ણુદયિત (એકાદશી ?) જેઓ આ પૃથ્વી પર કરતાં નથી, તેઓ નદી અને સાગરો હોય ત્યાં સુધી યમપુરીમાં વાસ કરે છે. અન્ય સ્થળે કહ્યું છે કે માહ સુદ પાંચમે નવાં પરવાલાં અથવા આમ્ર મંજરી પુષ્પો અને ખાસ કરીને ચંદનાદિથી મહાપૂજા કરવી જોઇએ.

: અન્ય વ્રત-ઉત્સવોની આજ્ઞા:

ભગવાન સમક્ષ નીરાંજન કરી, ભક્તિપૂર્વક વૈષ્ણવોનું સન્માન કરી અને વસંત રાગ કરીને ગીત ગાવાં તથા નૃત્ય કરવું. વસંત પંચમીએ શ્રીકૃષ્ણની પૂજાનો ઉત્સવ કરે તો વૃંદાવન વિહારીને વસંતની જેમ પ્રિય બને. જ્યારે ફાગણ સુદ પૂનમે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય, ત્યારે ભક્તોએ સર્વાત્મના શ્રીહરિનો દોલોત્સવ કરવો. બૃહન્નરસિંહ પુરાણમાં કહ્યું છે કે વૈશાખ સુદ ચૌદશના દિવસે પાપનો નાશ કરનારૂં મારા જન્મ નિમિત્તનું પુણ્યકારી વ્રત કરવું. એમાં વળી સ્વાતિ નક્ષત્ર હોય ને શનિવાર હોય ને સિદ્ધિયોગ હોય એવું નરસિંહ ચતુર્દશીનું વ્રત દૈવયોગે જ પ્રાપ્ત થાય છે.

મારા જન્મ દિને ફલાકાંક્ષી જનોએ કરોડો હત્યાનો નાશ કરનારૂં વ્રત સર્વેએ કરવું, વૈષ્ણવોએ સ્મરવિદ્ધા ચતુર્દશી ન કરવી. અન્યત્ર કહ્યું છે કે શ્રાવણ શુક્લ એકાદશીએ ભક્તોએ અતિ ભક્તિપૂર્વક ભગવાનને પવિત્રાં ધરાવવાં. ભાદરવામાં વદિ આઠમે ઉપવાસ કરીને ગીત-નૃત્ય સહિત ભગવાનનો જન્મોત્સવ વૈષ્ણવોએ ઉજવવો. વિષ્ણુરહસ્યમાં કહ્યું છે કે જેઓ શ્રીકૃષ્ણજન્મના દિવસે ભોજન કરે છે, તેઓ ભૂતકાળનાંને ભવિષ્યના ઈક્કોતેર(૭૧) કુળને નરકમાં નાંખે છે.

: જન્માષ્ટમી નિર્ણય :

હે મહાપ્રાજ્ઞ ! જેઓ જાણવા છતાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું વ્રત કરતાં નથી, તેઓ મોટા જંગલમાં મોટા સર્પ થઇને રહે છે. ભવિષ્યોત્તરમાં કહ્યું છે કે કુરુનંદન એક ઉપવાસ જન્માષ્ટમીનો પણ કર્યો હોય તો, સાત જન્મમાં કરેલાં પાપોથી મુક્ત થવાય છે, એમાં સંશય નથી. અન્યત્ર કહ્યું છે કે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના ઉપવાસના દિને રોહિણી નક્ષત્રે હોય તો તે મહાફળ આપે છે, અર્ધી રાત્રે તે નક્ષત્ર હોય અથવા સોમવાર હોય કે નવમીયુત હોય તે મહાફલ આપનાર બને છે.

બ્રહ્મવૈવર્તમાં કહ્યું છે કે સપ્તમી યુક્ત જન્માષ્ટમી પ્રયત્નપૂર્વક વર્જવી, રોહિણી નક્ષત્રવાળી હોય તો પણ સપ્તમીના વેધવાળી અષ્ટમી ન કરવી. સ્કંધમાં કહ્યું છે કે જન્માષ્ટમી પૂર્વવિદ્ધા હોય અને રોહિણીયુતા પુરી અષ્ટમી હોય તો તેને છોડીને શુદ્ધ નવમીએ વ્રત કરવું. સમગ્ર અષ્ટમી હોય, નક્ષત્ર સહિત હોય, નવમી વેધ હોય, પણ જન્માષ્ટમી પુર્વવિદ્ધા હોય તો તે ન કરવી. સપ્તમીનો એક પલનો પણ વેધ હોય તો અષ્ટમીનો ત્યાગ કરવો, જેમ સુરાના એક બિંદુના સ્પર્શવાળો ગંગાજલનો કલશ ત્યજીએ તેમ.

નક્ષત્ર વિનાની, નવમી વેધવાળી જન્માષ્ટમી હોય તો કરવી, પણ નક્ષત્રવાળી સપ્તમી વેધવાળી અષ્ટમી ન કરવી. એટલે સર્વ પ્રયત્નોથી અશુભ વેધનો ડાહ્યા માણસોએ ત્યાગ કરવો, વેધ હોય તો, જેમ સૂર્યોદય વખતે અંધારૂ નાશ પામે તેમ પુણ્ય નાશ પામે છે. ભવિષ્ય પુરાણમાં કહ્યું છે કે ભાદરવા સુદિ બારસ જો શ્રાવણ નક્ષત્રવાળી હોય તો તે દિને ઉપવાસ કરીને તો તે મહાદ્વાદશી છે ને મહાફલ આપનાર બને છે. તે દિવસે અચ્યુત ભગવાનનું ભક્તિપૂર્વક પૂજન કરીને દશવર્ષનું પુણ્ય પ્રાપ્ત કરવું. તે દિવસે દાન કે હવન કરે તો લાખગણું ફળ મળે છે.

સ્કંધમાં કહ્યું છે કે જન્મથી માંડીને પુણ્ય પુરુષે કર્યું હોય તે પુણ્ય પ્રબોધનીનું વ્રત ન કરે તો નાશ પામે છે. પ્રબોધિનીના દિવસે ઉપવાસ પણ માણસ કરે તો, હજાર અશ્વમેઘ અને સેંકડો વાજપેય યજ્ઞોનું ફલ પ્રાપ્ત કરે છે. બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે કાર્તક માસની સુદિ એકાદશીએ શ્રદ્ધા અને આદરપૂર્વક તથા ભક્તિપૂર્વક, અને નૃત્ય કરી, ગીતો ગાઇ, વાજાં વગાડી, પુરાણ શ્રવણ કરી, વીણા તથા મૃદંગ વગાડી હોય તેમ જ અન્ય વૈષ્ણવ સ્તોત્રો ગાઇ ભગવાનને જગાવવા.

સ્કંધપુરાણમાં કહે છે કે સહસ્ર પૂર્વજન્મોમાં જે પાપ કર્યાં હોય તે પાપ પ્રબોધિનીના દિને જાગરણ કરવાથી રૂનો ઢગલો બળી જાય, તેમ બળી જાય છે. હયશીર્ષ પંચરાત્રમાં કહ્યું છે કે ચિત્રમાં કાન્તિ, ભૂષણ વગેરે ભાવોસ્ફૂટ હોય તો તે ચિત્રમાં શ્રીહરિનું સાનિધ્ય અનુભવાય છે. માટે ડાહ્યા માણસોએ ચિત્ર એટલે સ્વરૂપનું અર્ચન શતગુણું પુણ્યકારક કહ્યું છે. ચિત્રમાં રહેલા વિલાસ ને વિભ્રમ સહિત કમળનયન ભગવાનનાં દર્શન કરતાં કોટિ જન્મોમાં સંચિત થયેલાં પાપોથી મુક્ત થવાય છે.

એકાન્તમાં રહેનારા માણસોના મનમાં શ્રીકૃષ્ણ ચરણકમલની ભક્તિ સ્વતઃ સ્ફૂરે છે. વ્રતાદિ વિઘ્નોથી શું ? શ્રીકૃષ્ણની પ્રેમાત્મિકા ભક્તિનાં જે ચિહ્ન છે, તે જ ચિહ્નો એકાંતી જનોમાં જ્ઞાપક છે, એમ ડાહ્યા માણસો કહે છે. સર્વ વસ્તુઓનો ત્યાગ કરવા છતાં પ્રતિષ્ઠાનો ત્યાગ કઠિન છે, તે સર્વ અર્થનું મૂળ છે. તેથી પ્રતિષ્ઠારૂપી વિષ્ટાનો સ્પર્શ ન થાય તે માટે પરમ પ્રયત્ન કરવો. એટલે જ એકાદશ સ્કંધમાં ભગવાને સ્વયં કહ્યું છે કે જ્ઞાનનિષ્ઠ, વિરક્ત અને અપેક્ષારહિત એવો મારો ભક્તો આશ્રયોનાં ચિહ્નો છોડી વિધિપૂર્વક વિચરણ કરે.

: ભક્તનું આચરણ કેવું ? :

બુદ્ધિથી પર થવાની ઇચ્છાવાળા સાધુજનોનું ચિત્ત સમત્વવાળું બને છે, તેવા મારા એકાન્ત ભક્તોમાં ગુણદોષથી ઉદ્ભવતા ગુણો નથી હોતા. વિષ્ણુરહસ્યમાં કહ્યું છે કે ઇન્દ્રિયોમાં આસક્તિ ન રાખવી. વિમલ મતિ જ સદા વિષ્ણુને પ્રસન્ન કરે છે. અસંયમી જનોના ઉપવાસ વ્રત વિષ્ણુને પ્રસન્ન કરતા નથી. જેણે વિષ્ણુમાં ચિત્ત પરોવીને ભયંકર ઇન્દ્રિયસમૂહ પર વિજય મેળવ્યો છે, તેણે બહુ તીર્થયાત્રા કરવાથી કે સ્નાન, હોમ અથવા જપથી શું મેળવવાનું ? જીતેન્દ્રિય, સદા શાન્ત, સર્વભૂતો પ્રત્યે દયાળું, વાસુદેવ પરાયણ એવો પુરુષ કદી ક્લેશ પામતો નથી.

જેઓ વિશુદ્ધ અંત:કરણથી શ્રીકૃષ્નનું સદા સ્મરણ કરે છે, જેઓ નિર્ભય બની વિશુદ્ધ કૃષ્ણલોકમાં જાય છે. પ્રભાતે, (અર્ધરાત્રીએ) મધ્યાહને, કે સંધ્યાકાળે જેઓ શ્રીહરિનું કીર્તન કરે છે, તેઓ ભવસાગરને તરી જાય છે. આનંદિત અથવા આર્ત, કૃદ્ધ કે શાન્ત એવો કોઇ પણ માણસ ભક્તિથી શ્રીહરિને ભજે છે, તે વૈષ્ણવપુરીમાં જાય છે. ગૌતમીય તંત્રમાં સદાચાર કથન કરતાં કહ્યું છે કે કરૂણાસાગર પ્રાણનાથનાં પ્રત્યેક અક્ષરમાં કરોડો સમુદ્રની વર્ષા કરતાં વચનો શ્રવણાંજલિ વડે પીને તેમના સેવકો આનંદ-વહેવા લાગ્યાં, તેઓ રોમાંચિત થઇ ગયા અને હાથ જોડીને સુંદરવર વિકસિત કમલનયન અધોક્ષજ ભગવાનને તેમણે કહ્યું કે ત્રિલોકીનાથનાં આવા વચનામૃત શ્રોતરૂપી મુખથી પીને અમે આજે ધન્ય અને કૃતાર્થ થયા છીએ, એવાં વચનામૃત ઇતર મોટા માણસોને દુર્લભ છે.

તે વચનામૃત તો સર્વ અર્થ આપનાર છે, સમસ્ત વેદ, ઇતિહાસ અને પુરાણોરૂપી ક્ષીરસાગરનું નવનીત છે, હે વ્રજાધીશ સર્વ અનિષ્ટોને ટાળનાર છે. હે ઈશ્વર, આવાં આપના વચનામૃત જે માણસો ભક્તિ અને પ્રેમથી સાંભળશે, તેઓ કૃતાર્થ થશે, અને સમસ્ત પુરુષાર્થો સિદ્ધ કરશે. સમસ્ત વેદશાસ્ત્રાદી જેનાં પદરજની અણુની સ્તુતિ કરવા શક્તિમાન નથી, એવા આપનાની આદર પામેલા આ વચનોનો અર્થ, હે પરાત્પર ભગવાન્, જેઓ હૃદયમાં ધારણ કરશે, જેઓ તેનો આદર કરશે, એનું અનુકરણ કે અનુમોદન કરશે, તેની સ્તુતિ કરશે ને કરાવશે, તે અર્થ જાણશે, સ્મરણ કરશે, સાંભળશે અને બીજાઓને કહેશે, તો તે સર્વ આપની કૃપા પરમ ફળ પ્રાપ્ત કરશે.

હે કૃપાસિંધુ! હે જગત્પતિ આ ધર્મો (નિયમો), જે પહેલાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને મુનિજનો પ્રત્યેના આદરથી મર્યાદામાર્ગમાં હતાં, તે આપના આદરને કારણે આપ તો કર્તું, અકર્તું અને અન્યથાકર્તું શક્તિમાન હોવાથી, વિશુદ્ધ પુષ્ટિમાર્ગીય અને ફલપ્રદ બન્યા છે. હે શ્રીગોકુલાધીશ! તે દુષ્ટ યતિના ભયથી જેઓ માલાનો ત્યાગ કરીને રહ્યાં છે, તેઓ આપના આવા વચનામૃતો સાંભળીને અત્યંત પશ્ચાતાપ કરે છે, તો હે દયાસાગર, તેમનું રક્ષણ કરો, જેથી હે કમલનયન જગદીશ્વર, તેઓ ભગવદ્ધર્મથી અને તેના ફલથી ભ્રષ્ટ ન થાય.

એ પ્રમાણે પોતાના દયાના સાગર જેવા જ્ઞાની ભક્તોથી વિજ્ઞપ્તિ કરાતા, ભગવાન શ્રીગોકુલેશે કેટલીક તુલસીમાલાઓ પોતાના સેવકો દ્વારા મંગાવી તેમનાં કંઠમાં પહેરાવી-દુષ્ટ અસુર યતિના ભયથી તુલસીમાલા વેચાવી બંધ થઇ ગઇ હતી, અને દુષ્પ્રાપ્ય હતી, પણ ક્યાંકથી શ્રીગોકુલેશજીએ મંગાવી, કેમકે પોતાના નિજ ધામ શ્રીગોકુલથી પોતે તે માલાના ઉદ્ધાર માટે પધાર્યા છે. પછી શ્રીગોકુલેશ પ્રભુએ અમૃતના સાગર વર્ષાવતાં સ્પષ્ટ આજ્ઞા કરી કે તમે કોઇ ડરશો નહિ, તમે બધા સુખેથી તુલસીમાલા પહેરો. હવે તમે મારી પાછળ ચાલો.

તે વખતે ભક્તવૃન્દે જય જય કારી કર્યો. જૈ જૈ શ્રીગોકુલેશ, જૈ જૈ શ્રીગોકુલેશ ઔર ન રહે કોઇ ક્લેશ. જૈ જૈ શ્રીગોકુલેશ, તેનો મધુર ધ્વનિ અખીલ ભુવનમાં વ્યાપી ગયો અને તે જૈ જૈ કાર વ્રજના અનેક ખડગ જેવા બનીને તે દુષ્ટ યતિના હૃદય તથા શ્રવણને સહસ્રધા છેદી નાખ્યું. તે જૈ જૈકારે જાણે શ્રીમદ્ ગોકુલનાથજીનું આગમન થયું તે. અને માલાવિનાના ભક્તોને માલાપ્રદાન કર્યું તે, તથા ભક્તોને હર્ષ થયો તે વાત સંભળાવીને તેના ઘામાં મીઠું ભભરાવ્યું.

મેરો મેરો કરત સબે, એસોહી દિન જાય,
બુડ્યો લોભસંસારમેં, કરત ફિરત જીહાય ।

સુખકી અપેક્ષા પ્રીત સ્વારથકો ભોગ અબ, મનોરથ કરિવેકો કૌન સમેં રહ્યો હૈ ?
પ્રીતમકી-પ્રીતમસુ પ્રીત કે અભાવ હુ તે, પ્રાન નિર્લજ તેં કૌન હઠ ગહ્યો હેં ?
તેરો અપમાન હાનિ આપ તૂ ન જાનત હૈ, અરે પ્રાન નિર્લજ તેં કૌન હટ ગહ્યો હેં ?
ગોકુલેશજીકે દર્શન વિણ અનુદિત તેં, જો આપ એતૌ દુ:ખ કાહે પર સહ્યો હે ?

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો સપ્તદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ અષ્ટદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૮

તે પછી વલીદાદા નામના કોષ્ઠપાલ અને મથુરાના કાર્યાધ્યક્ષ કર્તદીને અને હાથ જોડી પ્રણામ કરીને દૂર ઊભેલા અન્ય જનોને તે સંન્યાસીએ કહ્યું કે શીઘ્ર શ્રીગોકુલ જઇને શ્રીગોકુલાધીશના શ્રીકંઠમાંથી અને તેમના સેવકોની માલા બલાત્કારે પણ ઉતારીને તમે આવો, એવી મેં તમને આજ્ઞા કરી હરી. તો દુર્બુદ્ધિ એવા તમે લોકો શ્રીગોકુલનાથને અહીં કેમ લાવ્યાં? અત્યંત કોપથી બોલાયેલું તે સંન્યાસીનું તેવું વચન સાંભળીને તે સર્વે અત્યંત ડરી ગયા અને સ્વગત બોલવા લાગ્યા કે આ દુર્બુદ્ધિ મૂર્ખ મહા અસુર આપણને વારેવારે એમ કેમ આજ્ઞા આપે છે, કે શ્રીગોકુલેશ્વરના કંઠમાંથી અને તેમના સેવકોની માળા બલાત્કારે ઉતારી લાવો?

કયો માણસ તક્ષક નાગનો ચૂડામણિ પડાવી શકે? કોણ સાગરોનું પાન કરી શકે? કોણ પર્વતને ઉખાડી શકે? કયો માણસ પ્રલયાન્તના અગ્નિનું ભક્ષણ કરી શકે? વળી કોણ મહાપ્રલય સમયના ઝંઝાવાતને રોકી શકે? એમના સેવકોની પણ માલા ઉતરાવવા કોણ શક્તિમાન થાય? કયો બળવાન માણસ મહાસર્પની દાઢને દુર કરી શકે? જોકે આપણે સાર્વભૌમ સમ્રાટના અને તે દુર્બુદ્ધિના ભયથી શીઘ્ર તે પ્રભુની પાસે ગયા, પરંતુ તે કરુણાસાગર પ્રભુ આપણા સંકટને જાણે છે, તેઓ દૂષણ જોતા નથી, તે સુશીલતાના સાગર છે, ગુણ જોઇ અનુગ્રહ કરે છે. સર્વનું હિત ઇચ્છે છે, સર્વ શક્તિના નિધિ છે, સર્વ ધર્મોનું રક્ષણ કરે છે, તેથી સારૂ થયું કે આપણે પાપીઓ તેમની કોપદૃષ્ટિથી બળી ન મૂઆ.

જેમ કોઇ અતિથિ આવે અને તેના દ્વારા જ યજમાન આપને મરાવવા ચાહે, તેમ આ પાપી દુર્બુદ્ધિ આપણી પાસે આ પાપ કરાવવા ઇચ્છે છે. તે શ્રીપ્રભુ આપણી પાસે આવ્યાં હતા, નિશસ્ત્ર અને અસહાય હતા, તો પણ તેમના ગળામાંથી માળા ઉતારી લેવા આપણે શક્તિમાન ન થયા. તે શ્રીપ્રભુનું સ્વરૂપ જ બ્રહ્માસ્ત્ર છે. અને ભગવદ્ ધર્મોનાં શત્રુઓને બાળી નાખવા સમર્થ છે, પોતાના પ્રભાવ વડે અને આદેશની આકાંક્ષાવાળા અને શ્રીચરણારવિંદની રજની સેવા કરવાવાળા બધા ભક્તો સહિત, દૃષ્ટિની જેમ કમલશ્રેણી સમાન શ્રીમુખથી સર્વદા ચારે તરફ ભક્તો ઉપર શ્રીગોકુલનાથ અલૌકિક તેમજ લૌકિક લક્ષ્મિની વર્ષા કરે છે તેમને કેવી રીતે અનુસારાય?

અથવા આ યતિમહામૂર્ખ છે, આપણે શ્રીમાન્ શ્રીગોકુલેશને અત્રે લાવ્યા છીએ, તેમની પાસે ભયવિહ્વલ એવા આ બધા તૃણ સમાન પણ નથી, તેઓ વીરોના પણ વીર છે. શિયાળમાં સિંહ જેવા છે. તે ગુણબુદ્ધિએ આપણા પર સહેજ પણ ક્રોધ કર્યો નથી. શ્રીગોકુલેશજીએ એમ વિચાર્યું કે આ લોકો સંન્યાસી, બાદશાહ અને રાયગદાધરથી ડરે છે, આજીવિકા તૂટી જાય, એ ભયે સર્વથા કંપે છે, વળી અહીં રહેલા અમારા સેવક તથા સિપાઇઓ તથા રાયા વગેરે તે તે ગ્રામમાં રહેતા ગ્રામિણોથી પણ આ લોકો ડરે છે, એટલે આપણા પર અનુકંપા કરી તેઓ જાતે અહીં આવ્યાં છે.

તરંગમાં ઉછળતાં અનંત કમલોવાળા કૃપાસાગરને આપણે નિત્ય નમીએ છીએ, કેમકે એ કૃપાબ્ધિથી જ પ્રેરિત થઇને પ્રભુ ભક્તો, ચાકરો, નોકરો, સહાયકો, સેવકો, અશઆવો, રથ, વસ્ત્રો જ્ઞાતિ અને મંત્રીઓની ક્ષણમાત્ર રાહ જોઇ નહિ અને ડરી ગયેલા એવા આપણી વિજ્ઞપ્તિ માનીને પ્રિયતમે આ સ્થળને પાવન કર્યું છે. તો એ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીપ્રભુવિમુખતા રૂપી સંનિપાતના ક્રોધનો ભોગીએ જ બનશે, તો તે ભલે પ્રલાપ કરે, આપણે મૌન રાખવું એજ હિતાવહ છે.

એ પ્રમાણે સ્વગત કરીને તેઓએ તે સંન્યાસીને સારૂખોટું કશું ન કહ્યું ફક્ત શ્રીગોકુલેશજીની સ્તુતિ કરી. હવે કુટિલ, બહિર્મુખ, દુરાચારી, લોભી, દંભી, કૃતઘ્ન, નાસ્તિક, મૂર્ખ, વંચક, નીચ, દુષ્ટ એવા જે સંન્યાસી તરફી અધમ બ્રાહ્મણો પ્રાણનાથ પાસે બેઠા હતા. તેમણે નમન કરીને શ્રીગોકુલેશ પ્રભુ, જે શ્રીગોકુલના જીવનરૂપ પુરુષોત્તમશેખર ને વિનંતી કરી કે આપ

પોતાના ઘરથી આટલે દૂર સુધી આવ્યા છો તો સંન્યાસી પાસે જઇને તેની વાત પણ સાંભળો. તે જ વચન કહે છે તે આપને યોગ્ય લાગે તો કરો, અયોગ્ય લાગે તો ના કહેજો. તે વિરક્ત સંન્યાસી ધર્મમાર્ગનો પ્રવર્તક છે, તે અયોગ્ય કરશે નહિ અને એવું કરશે પણ નહિ.

અહિં આવ્યા પછીય ત્યાં ન જવું એ પણ ઉચિત નથી. ત્યારે શ્રીગોકુલેશજીએ સ્વયં હસતાં હસતાં તે વિપ્રોને કહ્યું કે અમે તે દુરાત્મા સંન્યાસીના વચનથી કે ગૌરવથી કે અન્ય કારણથી સત્વર નથી આવ્યા પણ અમે કોઇ મોટા હેતુથી આવ્યાં છીએ તેના કહેવાથી શું ? અમે જમીનદાર નથી, ખેડુત નથી, ગ્રામરક્ષક નથી, અને નથી અમે દેશ કાર્યના અધિકારી કે નથી કોઇના સેવક. અમે તો સદા સ્વતંત્ર છીએ. અને અમારા ઘરમાં રહી ધર્મમાર્ગે ચાલીએ છીએ. અમે કોઇની ઉપર આધાર રાખતા નથી, અને કોઇથી ડરતા નથી, અમે સતત શ્રુતિ, ભાગવત, પુરાણો, સ્મૃતિ, સર્વ ઉપનિષદો, વિષ્ણુધર્મોત્તર, ગીતા, પંચરાત્ર, આગમો, વ્યાસસૂત્રો, અને શ્રીઆચાર્યજીએ લખેલા ભાષ્યનો વિચાર કરીએ છીએ, તે પર ચિંતન કરીએ છીએ અને જે કોઇ નિષ્કપટ આસ્તિક અમારા શરણે આવે છે તો કરૂણાપૂર્વક ઉત્તમ ભગવદ્‌ભક્તિનો બોધ કરીએ છીએ.

એવા અમે કોની પાસે જઇએ ? શા કારણે, શા હેતુથી જઇએ ? અરે, સાર્વભૌમ બાદશાહ સ્વયં માલાદિના સ્વીકાર બાબત પૂછે, તો ધર્મપરાયણ તેમને પણ અને શાસ્ત્રાનુસાર બોધ કરીશું. અમે જાણી જોઇને એની પાસે આવ્યા છીએ, કેમકે લોકશિક્ષા માટે દુષ્ટ યતિની પાસે પણ કોઇ વખત જવું, પણ હવે અમે તે ભગવદ્ધર્મનો દ્રોહ કરનાર, પાપમા વૃદ્ધિ કરનાર, પાખંડ માર્ગની વૃદ્ધિ કરનાર પાસે જઇશું નહિં. કેમકે તુલસીમાલાદિ ધારણ કરવા રૂપી સદ્ધર્મનું ખંડન કરનાર તે અધમ છે. તેનું મુખ પણ જોઇને પતિત થવાય. એ પ્રમાણે સદ્ ધર્મોની સ્થાપના કરવાવાળું ભગવાનનું વચન સાંભળીને તે દુર્બુદ્ધિ સંન્યાસી પોતાના અનુચરો સહિત ખૂબ ખેદ પામ્યો કે શ્રીગોકુલેશ પૂર્ણ પુરુષોત્તમ માલાધઅરણ રૂપી વ્રતમાં દૃઢ છે, તો નિશ્ચય છે કે મારી પ્રતિજ્ઞા સત્ય નહિ થાય.

તેઓ માલા ઉતારશે, એ વાત દૂર જ રહી. તે શ્રીગોકુલેશ પ્રભુ, કરુણાસિંધુ, પોતાના ધર્મની વૃદ્ધિ કરનારા છે. ને મારી હાજરીમાં પણ નિર્ભય થઇ વર્તે છે. તે શ્રીમાન્ મેં જેમની માલા તોડી છે, તેમને સૌને સ્વયં આશ્વાસન આપી માલા પહેરાવે છે. બધાને વૈષ્ણવ બનાવે છે. અરે કષ્ટની વાત છે કે તેમણે મને એકદમ મિથ્યા પ્રતિજ્ઞાવાળો બનાવ્યો છે. અરે હું કેવી રીતે જીવી શકીશ. મારા પ્રત્યે હસતાં લોકોને મારૂં મોઢું કેવી રીતે હું બતાવીશ ? તેમનું મોઢું કેવી રીતે હું જોઇ શકીશ ? હું મોટો પાપી છું, નિર્લજ્જ અને દુર્બુક્કિ તથા ભ્રષ્ટ છું. આ પ્રમાણે પ્રલયકાલના અગ્નિ જેવી ચિંતાથી બળવા લાગ્યો.

એ વખતે વૈષ્ણવોથી ઘેરાઇને શ્રીગોકુલેશ પ્રભુ બિરાજ્યાં હતા. અને કંબો જાદવરાય નામનો અને યતિના સંસર્ગથી દુષિત થયેલી બુદ્ધિવાળો તેનો નોકર આવીને તેમને વિનંતી કરવા લાગ્યો કે હે શ્રીગોકુલાધીશ ! બળવાન અને મ્લેચ્છપતિના પ્રિય એવા સંન્યાસીની સાથે વિરોધ કરાવનારી તુલસીમાલાનો તમે ત્યાગ કરો. એ પ્રમાણે તેણે શ્રીગોકુલેશ પ્રભુને કહ્યું ત્યારે ઈશ્વરોના પણ સાર્વભૌમ સ્વયં ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ તેને કહ્યું કે તું અહીંથી યતિની પાસે જા, હે પાપી, તુ અમારી પાસે નોકર તરીકે પણ ઉભો રહેવા યોગ્ય નથી. તું અહીં બહુ વિલંબ કરીશ તો તે તારા પર ક્રોધ કરશે, તું નિરંતર તેની પ્રસન્નતા ઇચ્છે છે, તો તું જા, હે મૂઢ, તારૂં શુભ કાર્ય તે જ કરશે. અમારા હિતની ઇચ્છા કરવાવાળા તારા વિના અમે સ્વયં અમારૂં હિત કરીશું.

એ પ્રમાણે એમનાં વચન સાંભળીને તે મૂર્ખ જાદવરાય ખિસિયાણો પડી ગયો ને તેણે માથું નમાવી દીધું, ને મુંગો થઇ ગયો. ત્યાર બાદ મથુરાના મહાભાગ ચતુર્ભુજ નામનો ચોબો બહુ ભક્તિપૂર્વક પ્રણામ કરી અને વિનંતી કરી નિમર્યાદ કૃપાસાગર

શ્રીગોકુલેશ પ્રભુને પોતાને ઘેર પધરાવી ગયો. શ્રીગોકુલેશ પ્રભુ ત્યાં જઇ સ્નાન કરી આસને બિરાજ્યાં. ત્યારબાદ બ્રહ્માદિને દુર્લભ પણ ભક્તિશીલ ભક્તોને નિજચરણામૃત સુલભ કરી, વિમુખ જનો સાથે સંભાષણાદિરૂપ સંગ કરવો તે કરતાં સ્નાન જ ઉચિત છે. એ પ્રમાણે પોતાના જનસમૂહને શ્રીગોકુલેશ પ્રભુએ અત્યંત આનંદિત કર્યા.

પછી શ્રીગોકુલેશ પ્રભુએ વિચાર્યું કે શ્રીગોકુલમાં રહેલા મારા તે સર્વ ભક્તો મારાં દર્શન વિના પાણી પણ નહિ લે, તેથી પોતાના સુખમાં સુખી રહેનાર અને અલૌકિક ચિત્તવાળા તે ભક્તોની તૃષાનું દુઃખ શમાવવા માટે પ્રિયતમે ત્યાં જલગ્રહણ કર્યું. પોતાને થયેલા ક્લેશથી દુઃખી થયેલા ભક્તોનું દુઃખ દૂર કરવા તાંબૂલ (બીડું) લીધું, ત્યાં ગોપાલદાસના પુત્ર ગોકુલદાસે, જે જગતમાં પ્રસિદ્ધ હતા અને મહાન પદ્મસી સાહુએ મનસા, વાચા, અને કર્મણા શ્રીગોકુલેશ પ્રભુની સેવા કરી. એજ પ્રમાણે વિજ્ઞ ભક્તો, સભાજનો, સર્વોપરિ ભાગ્યથી શોભતા ભક્તોએ પણ શ્રીગોકુલેશજીની પરિચર્યા કરી.

રાત્રિ સમયે થોડી મધુર ભોજન લીલા કરીને સુંદર રૂથી બનાવેલા ઉત્તમ ગાદી, જે પલંગ પર બીછાવેલ છે, જેની ઉપર સુંદર ચાદર શોભી રહી છે, અને સુંદર તકીયો શોભી રહ્યો છે, તેવા પલંગ પર આપશ્રી પોઢ્યાં.

મેરો મેરો કરત સબે એસોહી દિન જાય ।
બુઢ્યો લોક સંસારમેં કરત ફીરત જીહાય ।।
ધન ધન મોહન ભાઇજી, તુમ દરશનકી આશ ।
દાન કરો મુજ મંદકો હોય બુદ્ધિ પ્રકાશ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો અષ્ટદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ નવદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૯

શ્રીગોકુલમાં સમસ્ત મૃગલોચના સ્ત્રીઓ અને નાના ભાવવાળા ભક્તોને શ્રીપ્રભુના વિરહને કારણે અને કંઇ સારા સમાચાર ન મળવાને કારણે જરાય ઊંઘ ન આવી. ત્યારે શ્રીરઘુનાથજીના આત્મજ, સદ્બુદ્ધિવાળા શ્રીમાન્ જયદેવજી સત્વર આગ્રા નગરમાં શ્રીગોકુલેશ પ્રભુનો આવો વૃત્તાંત નિષ્પાપ લશ્કરખાનને કહેવા માટે ગયા. એ સમયમાં વહેલી પ્રભાતે શ્રીગોકુલેશ પ્રભુએ મોકલેલો સેવક શ્રીગોકુલ આવ્યો અને શ્રીગોકુલની જનતાને શુભ સમાચાર આપીને તેમનું સમાધાન કર્યું. સવાર થતાં શ્રીગોકુલમાં રહેલા ભક્તો, નોકરો, મિત્રો, બાંધવો, હિતેચ્છોઓ, જ્ઞાતિજનો, અને સર્વ લોકો તથા સ્વજનો શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરવા મથુરા ગયા.

તે વખતે શ્રીગોકુલરાજ મહાભાગ્યવાન મથુરાના ચોબા ચતુર્ભુજના ઘરમાં પોતાના ભક્તો સાથે ઉત્કૃષ્ટ આસમ ઉપર બિરાજ્યાં હતા અને સઘળા અવતાર અને અવતારીઓની શોભા ધારણ કરી રહ્યાં હતાં. તે વખતે સત્ય, દયા, ક્ષમા, શુદ્ધતા, સરળતા, તપ, ઇન્દ્રિયનિગ્રહ, મનોનિગ્રહ, સંતોષ, શ્રુતિજ્ઞાન, તિતિક્ષા, ઉપરાંત (વિષયત્યાગ), સામ્યબલ, ઐશ્વર્ય, વિરક્તિ,

સ્મૃતિ, જ્ઞાન, તેજ, શૌર્ય, કૌશલ, સ્વાતંત્ર્ય, ઓજસ, પ્રગલ્ભતા, માર્દવ, ક્રાન્તિ, તે પ્રકારનું ધૈર્ય, પ્રશ્રય, ક્ષીલ (શીલ), ભગ, ગાંભીર્ય, સ્વૈર્ય, દક્ષતા, અનહંકાર, આસ્તિક્તા અને અન્ય કીર્તિમાન ગુણોથી સેવિત શ્રીગોકુલેશ પ્રભુ બિરાજી રહ્યાં હતા.

હવે શ્રીગોકુલાધિપતિની રાત્રિની પરિચર્યા જાણવા માટે મોટા પાખંડી અસુર દુષ્ટ યતિએ જે જાસૂસો નીમેલા, તેઓએ શ્રીગોકુલેશજીના સર્વ સમાચાર તે યતિની પાસે જઇને કહ્યાં. તે પાપી સંન્યાસી સર્વ કાંઇ સમજીને મનમાં સંતાપ કરવા લાગ્યો અને તેણે પોતાના પ્રિય, દુષ્ટ, પાખંડીઓમાં શ્રેષ્ઠ, પાપી, મૂર્ખ, પરમેશ્વરનો દ્રોહ કરવાથી નષ્ટ થયેલ શુભ ભાગ્યવાળા એવા નામ માત્રના બ્રાહ્મણોને કહ્યું કે મને નિશ્ચિત લાગે છે કે પ્રભુ શ્રીગોકુલાધીશ કદાચિત્ કોઇ પણ રીતે માલા ઉતારશે નહિ. છતાં પણ હું પ્રયત્ન કરું છું.

ધીર પુરુષો ઉદ્યમની પ્રશંસા કરે છે. જે આરંભ્યું છે, તેનો નિર્વાહ કરવા હું પ્રયત્ન કરૂં છું. તમે સતત મારૂં હિત ઈચ્છનારા છો, તો તમો છોડો, કોઇક રીતે પણ ક્ષણમાત્ર તેઓ માલા ઉતારે, તો હું મૂર્ખ જીવી જાઉં. કેમકે મેં બધા લોકોના સાંભળતાં તેવી્રતિજ્ઞા કરી છે કે હું માળા ઉતરાવીશ. પણ એમના સેવકોમાંથી કોઇ ક્ષુદ્રે પણ, મારા આટલા ઉદ્યમ છતાં, માલા ઉતારી નથી, હું પ્રતિજ્ઞા ભંગ થયો છું. મને સ્વયં મારૂં મરણ આવેલું દેખાય છે, અથવા પાપી અને દુર્બુદ્ધિ આચરનાર એવા મને આ વિપત્તિમાં મરણ ક્યાંથી આવે ?

સામ્રાજ્ય, મહાનિધિની પ્રાપ્તિ, મુક્તિ પરમપદ્નો લાભ એ બધું તો ભાગ્યશાળીઓને પ્રાપ્ત થાય. અરે, વિવિધ પાપ કરનારને તો મરણ અત્યંત દુર્લભ જ હોય. જો અગ્નિમાં પ્રવેશ કરૂં, તો મહાપાપી એવા મને અગ્નિ પણ નહિ બાળે, હું શ્રીયમુનાજીમાં પ્રવેશ કરૂં તો તે મને તરંગો વડે બહાર ફેંકી દેશે, કઠિન હૃદયવાળા મારા પર ઈન્દ્રનું વજ પડે, તો પણ તે બુઠ્ઠું થઇ જાય. શિવજી ત્રિશૂળ અને વિષ્ણુ ક્રોધ કરી મારા પર સુદર્શન ચક્ર ફેંકે તો તે ક્રોધથી મારી પાસે આવી, મને વધુ ને વધુ લાંબાકાળ સુધી પીડા આપવા માટે મને મારશે નહિ.

પણ મારા અલ્પ આયુને પણ વધારી દેશે. અબજોપર્વત મને પીસી નાખવાને આવે તો મારા દુર્ભાગ્યને લીધે તે ફૂલ કે રૂ બની જાય. આજે પણ મારા બળવાન દુર્ભાગ્યે મને બળજબરી કરી સંકટરૂપ કારાગારમાં નાખ્યો છે. મેં સતત સેવેલો વામમાર્ગ પણ મને હવે બચાવતો નથી. કપટપૂર્વક કરેલી ચતુરાઇ, ક્ષુદ્ર દેવતાઓના મંત્રો, મ્લેચ્છોને ખુશ કરવાની નિપુણતા, જાહેર કરેલો વૈરાગ્ય, માત્ર કૌપીન રાખવું, મ્લેચ્છ ભાષાનો અભ્યાસ, નાની ગુફામાં નિવાસ, કપટરૂપે ત્રણ વખત સ્નાન કરવું, હંમેશાં વૈષ્ણવ લોકોના છિદ્ર જોયા કરવાં તે તે વાત કહીને યવન સમ્રાટને છેતર્યા, તેના સૈન્યનો આશ્રય કર્યો, તે તે બળવાન લોકો સાથેનો પ્રેમ તે, તે સેનાપતિઓને વશ કર્યા તે, ખોટી રીતે બ્રહ્મપરાયનતા બતાવી તે આ બધાંમાંથી કંઇ પણ મને બચાવી શકતું નથી.

હું શું કરૂં ? ક્યાં જાઉં ? વીરોના પણ વીર એવા બળવાન શ્રીગોકુલેશ પ્રભુ સાથે મેં જે વેર બાંધ્યું, તે મારાં બધાં મર્મોને બાળી નાખે છે. લાખો મહેન્દ્રોને તૃણ જેવા બનાવે છે, કરોડો સુવર્ણપર્વતોને રજ જેવા બનાવી દે છે. કરોડો અમૃતસાગરોને બિંદુ જેવા બનાવી દે છે. સૂર્યને આગિયા જેવા કરી દે છે. હજારો ને લાખો ચિંતામણિઓને પત્થરના ટૂકડા બનાવી દે છે, કરોડો કલ્પવૃક્ષોને કરી (એક જાતનું કાંટાવાળું જાંખરૂ જે ઉંટ ખાય છે, તે અથવા વાંસ) બનાવી દે છે, કરોડો કામધેનુઓને ઘેટી બનાવી દે છે, અનેક પ્રલયાગ્નિ પણ ભસ્ક કરી દે છે, તે કહેવાતા અવતારો અને અવતારીઓના સમૂહનો પોતાના મહિમા વડે તુચ્છ બનાવી દે છે, એવા સ્વરૂપને જોવા માટે જાણવા માટેની શક્તિ કોની છે ?

બહુ સમય સુધી બહુ પ્રકારે વિચાર કરવા છતાં હું તે સ્વરૂપને સમજી શક્યો નથી. અરે એ સ્વરૂપને જોઇને સઘળા ગુણોએ એના આશ્રય કર્યો છે. સુંદર કર્ણવાળા, સૌમ્ય, પ્રિયંવદ, સર્વદા મનોહર, હસતા, સુંદર મુખારવિંદવાળા, પરમ ઉદાર, કૃપાસિંધુ, જેમનો અંગીકાર સુદૃઢ હોય છે, જેઓ આશ્રિતજનો પ્રત્યે પૂર્ણ વાત્સલ્ય બતાવે છે, તેવા શ્રીગોકુલેશ પ્રભુમાં દોષોએ કયો દોષ જોયો છે કે એકેય દોષ તેમનામાં પ્રવેશતો નથી ? અથવા મારી માફક આ પણ તેમનો સ્વભાવ છે, કે કદીય છોડવો શક્ય નથી ?

હું ચોક્કસ માનું છું કે મેં બહુ અપરાધો કર્યો છે, તો પણ જો હું તેમને શરણે હવે જાઉં, તો કૃતાર્થ થઇ જાઉં, પણ મારો દુષ્ટ સ્વભાવ મને સર્વથા તેમ કરતાં અત્રે રોકે છે. એવા અપરાધી મને અંગીકાર કરીને તેઓ પોતાના સદ્‌ગુણી સ્વભાવથી મને કૃતકૃત્ય બનાવે જ. પરંતુ મેં તેમના ભક્તોના બહુ અપરાધ કર્યા છે, અને અનેક અપરાધ કરી રહ્યોં છું. એટલે જ ક્રોધથી તેઓ મને કૃતાર્થ ન કરે. જોકે પોતા તરફ કરેલા અપરાધથી તેઓ કૃતાર્થ ન કરે એવું નથી. તેમના ભક્તો પણ તેમના જેવા જ કરૂણાસાગરોના સાગર છે. તેઓ સ્વયં મારો કરોડો અબજો અપરાધોની ક્ષમા કરીને દુષ્પ્રાપ્ય એવા નિષ્પાપ પદ્ સુધી મને પહોંચાડી છે.

પણ તેઓ તેમ કરતા નથી. તેમાં કારણરૂપ બીજ આ છે અબજો કરોડો પ્રાણથી ય તેમને અધિક પ્રિય ગુણસિન્ધુ શ્રીગોકુલેશજીના મેં અપરાધ કર્યા છે અને હજીય અપરાધ કરી રહ્યોં છું એટલે દયાનિધિ એવા તેઓ મારા પર ક્રોધ કરવાને કારણે દયા કરતા નથી. તેમાન પોતાના તરફ મેં કરેલા અપરાધોથી દયા નથી કરતા એવું નથી. એટલે હવે તો ધૈર્ય ધારણ કરીને મારો અનુલ્લંઘનીય સ્વભાવ જે સારૂ ખોટું કરાવે છે, તે કરવું અને સર્વ લોક સમક્ષ મેં જે પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા પૂરી કરવી, બીજું કાંઇ ન કરવું. એટલે મારા મિત્રો તમે એકદમ તેમની પાસે જાઓ અને સામ કે ભેદ વડે કે લોભ વડે કે ત્રાસ જન્માવીને પણ એકવાર ક્ષણ માટે પણ તેઓ તુલસીમાલા ઉતારે તેવું કરો, જેથી લોકો જાણે કે શ્રીગોકુલેશજીના શ્રીકંઠમાંથી ચિદ્રુપે માળા ઉતરાવી.

ત્યાર પછી તેઓ માલા પહેરે કે ત્યાગ કરે, એ વાતમાં એ સ્વતંત્ર છે. એમના સેવકો પણ પછી એમ કરે, એક વાર કોઇપણ પ્રકારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય, તો પછી હું એવો વિચાર કદિયે મનમાં લાવીશ નહિ અને એમનાથી ડરીને કાશીકે અન્ય સ્થળે પલાયન કરી જઇશ. અમે બધા તો પાખંડી છીએ, અને 'અન્ય જીવોને મારાથી વિમુખ બનાવો', એવા ભગવાનના આદેશથી પાખંડ માર્ગનો બરાબર પ્રચાર કરવા માટે લીધેલ નિયમવાળા તે રૂદ્રના અને પાખંડીગણોથી ભરેલા કાશીમાં અમે આનંદપૂર્વક રહીશું. ત્યાં પણ એમના ભક્તો જે રહેતા હોય તે અથવા અહીંથી ગયા હોય તે અને અગ્નિ પર વિજય મેળવનાર એમનો પ્રતાપ, મને પીડા નહિ કરે તો જ હું રહીશ.

શ્રીગોકુલેશજીએ શ્રીકૃષ્ણભક્તિ, શ્રીવલ્લભભક્તિ, શ્રીવિઠ્ઠલેશ ભક્તિ અને તે બધા પર બિરાજમાન પોતાની ભક્તિ અને પોતાના સેવક દાસાનુદાસ અને તેમને અનુકૂળ રહીને ચાલવાવાળાની ભક્તિનો આખી પૃથ્વીમાં પ્રચાર કર્યો છે. પણ અમારે માટે તો તે કાળરાત્રિ છે. અમે પાખંડમાર્ગમાં પડ્યાં છીએ, સદ્ધર્મથી વિમુખ થયેલા મૂર્ખો છીએ. જે પુરુષો શાસ્ત્ર, આગમ, પુરાણ, વેદ, સ્મૃતિ, ભાગવત, ધર્મ, ભક્તિ અને તે પ્રમાણે ચાલનાર મહાપુરૂષોને અનુસરે છે, તેમનાથી તો અમે અત્યંત ડરીએ છીએ.

શ્રીગોકુલેશજીના કૃપા કટાક્ષને મસ્તક પર ધારણ કરવા માટે પ્રતિક્ષા કરતાં એ બધાં (એટલે શાસ્ત્ર, આગમ વિ.) એ સ્વતંત્ર ભક્તોને અનુસરે છે. એવા શ્રીગોકુલેશજીના ભક્તોનાં દર્શન અમે કેવી રીતે કરી શકીએ ? અરે, એ તો શ્રીમુખારવિંદનું

સ્મરણ કોપ કરતાં ઈન્દ્રના વજ્રસમૂહની જેમ ક્ષણમાં જ મારા અંગોનો ચૂરો કરી નાખે અને મને પ્રાણહીન બનાવી દે, તો તેમનું દર્શન તો શું યે કરે ? તે શ્રીમુખારવિંદ કમલોના સમાન છે, અને સર્વ ભાગ્યશાળી ભક્તગણ આંખરૂપી ભમરારૂપે તેના સૌંદર્યરૂપ મધુસાગરને પીએ છે.

।। શ્રીઆચાર્ય કુલ ભૂષણ શ્રીવિઠ્ઠલેશ કુમાર શ્રીગોકુલેશો જયતિ ।।

ઉદ્યમ કરનો કહા તોહે લૌકિકકો અબ, અલૌકિક દિયો તોહે સોઈ લીએ રહિરે;
શ્રીમુખતેં બચન પ્રગટ કરિ કહ્યો જોઈ, સોઈ ઔર અંતરમેં નીકે કરી ગ્રહિરે.
ઉદ્યમ અલભ્ય વસ્તુહી કોં કરનો, હે જીય ! સુલભ તો સુગમ હૈ એહિ શિખ લહિરે;
ગોકુલેશજીનેં કીયો લૌકિકકો દૂર-સબ, સોઈ ચિત્ત આનિ, અબ ભૂલ જીન ગહિરે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો નવદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ વિશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૦

એ પ્રમાણે અત્યંત ઉછળતા અને ત્રાસ કરાવતા હજારો વમળવાળા શોકસમુદ્રમાં ડૂબી ગયેલા અને રડતાં રડતાં બોલતા તે સંન્યાસીનો એવો પ્રલાપ સાંભળીને તે દુષ્ટ બ્રાહ્મણો તેનું સમાધાન કરતાં કહેવા લાગ્યા કે તમે તો સાર્વભૌમ જહાંગીરને વશ કર્યો છે. તમારે આ પ્રમાણે કાયર થવું નથી. મ્લેચ્છલોકોને ખુશ કરવાની તમારી આતુરી પ્રસિદ્ધ છે. સત્સંન્યાસીને ઉચિત એવા વેશ વડે તમે સંપૂર્ણ સાધુજનોને ઠગ્યા છે. કૌપીન માત્ર પહેરવાથી તમારૂં નિઃસ્પૃહત્વ સુવિખ્યાત છે. નિપુણતાથી દંભ કરવાને કારણે સતત કરવામાં આવતાં તમારાં પાપ છુપાયેલાં રહે છે. કપટ કરવાથી ધૂર્તરાજ મૂલદેવને પણ તમે જીતી લીધો છે. પાખંડીઓના સમ્રાટ એવા તમારા શ્રીચરણોની પદરજનું અમારા જેવા સેવન કરે છે.

અખિલ ભૂમંડળમાં ફેલાયેલા ધર્મસમૂહને તમે લોપ્યો છે. નૃશંસ એવા તમે ભ્રૂભંગ માત્રથી જ ભગવદ્ભક્તિના માર્ગનો કોળીયો કરી ગયા છો. ભગવત્કથાના પાન રૂપી પરબનો તમે વિના પ્રયત્ને જ નાશ કરી નાખ્યો છે, સેંકડો યવન સેનાપતિઓ તમારા કૃપાકટાક્ષની પ્રતિક્ષા કરે છે, પ્રતિજ્ઞારૂપ મહાસાગરને બહુ સહેલાઈથી તમે ઓળંગી રહ્યા છો. શ્રીગોકુલનાથ પર માત્ર વિજય મેળવવાનો જ બાકી છે, એટલે તમારે કાયર બનવું યોગ્ય નથી. એમનો અપરાધ કરવાથી તમે જે ભય પામો છો, તે ખોટું છે, કેમકે તેઓ તો વિજય પ્રાપ્ત કરીને પણ વિપ્ર એવા તમને મારશે નહિ.

તેથી અમે એમની પાસે જઈએ છીએ અને નિપુણતાથી ચારે ઉપાયો વડે તેમને વશ કરીશું. અને તેવા શત્રુને મારા અભિષ્ઠમાર્ગમાં તેમને પ્રવેશ કરાવીશું. અને સમગ્ર વિશ્વમાં તમારો પ્રતાપ અને યશ વધારીશું. તમને સત્ય પ્રતિજ્ઞા કરી. સર્વ ઉચ્ચ લોકો માટે શું નમસ્કાર યોગ્ય બનાવીશું, તે સાર્વભૌમ જહાંગીર અને સર્વ લોકો સમક્ષ પણ તમને આદર યોગ્ય બનાવીશું અને તે રીતે અમે સુખી થઈશું. એમનું એવું વચન સાંભળીને તે દંભી સંન્યાસી અત્યંત ખુશ થયો, રોમાંચિત થયો અને તેણે એમને કહ્યું કે તમારૂં કલ્યાણ હો, જાઓ જલ્દીથી કાર્ય સિદ્ધ કરો, તમારી બુદ્ધિ, પ્રયત્ન, વાક્ચાતુર્ય, છલપૂર્વકનું તમારૂં પાંડિત્ય એ બધું તમારા કાર્યમાં સાધક બનશે, કલિપણ તમને અનુકૂળ રહેશે.

માયા, મોહ, ક્રોધ, પાપ, અતિલોભ, દંભ, મદ, માન વગેરે મુખ્ય બળવાન દોષો તે તે વખતે તમને સહાય કરશે. વામમાર્ગના પંડિત એવા મેં જે જે ક્ષુદ્ર દેવીઓની તથા દેવોની જે ઉપાસના કરી છે તે એમ મારા પરલોકનો નાશ કરીને ય ક્ષુદ્ર દેવતાઓના જે મંત્રો મેં કષ્ટપૂર્વક સાધ્યા છે, એ બધાં તમને સહાય કરશે. મારાથી પ્રેરાયેલો મ્લેચ્છસમ્રાટ તમારા આ કાર્યથી અત્યંત સંતુષ્ટ થશે. તમે બધા આ પ્રકારની મને પ્રિય એવી સેવા કરશો, એટલે તે જોઈને હું તેને અનુરૂપ એવી પ્રસન્નતા બતાવીશ કોઈને કોઈક નગરના, કોઈને કોઈક ગામના કે કોઈને કોઈક જનપદના મ્લેચ્છપતિના કાર્યનો અધિપતિ બનાવીશ. કોઈકને પંડિતનો અધિપતિ, કોઈકને ધર્માધ્યક્ષ, કોઈને પાપનીતિનો અધ્યક્ષ બનાવીશ. કોઈકને ન્યાયાધીશ, કોઈકને દાનાધીશ, કોઈકને વ્યપાધીશ, કોઈકને લાભાધીશ, તો કોઈકને વસ્ત્રભંડારના અધિપતિ બનાવીશ.

કોઈકને રત્ન અને સુવર્ણનો અધીશ, કોઈકને ગુણના (એટલે દ્રવ્યનો) અધીશ બનાવીશ. વળી બીજાઓને અશ્વપતિ બનાવીશ, તો અન્યને ગજાધીશ બનાવીશ તમે મારા મિત્રો છો, તમે જાઓ અને શીઘ્ર પરાક્રમ કરો. કપટ પ્રયોગમાં તમે નિપુણ છો, તમે સર્વ મને પ્રાણથી પણ અધિક પ્યારા છો. એ પ્રમાણે તે સંન્યાસીએ તેમને કહ્યું ત્યારે તે સર્વે ગુર્જર, મોઢે, નાગર, માથુર દુષ્ટ બ્રાહ્મણો તથા બુંદેલખંડના વીરસિંહદેવનો દાનાધ્યક્ષ મીતનમિશ્ર નામનો અતિદુષ્ટ બ્રાહ્મણ અને તે રીતે અન્ય દુર્જન ક્ષુદ્ર, પાપિષ્ઠ, કુટિલ, અદેખા, સર્વ મૂર્ખો તે સંન્યાસીની આજ્ઞા વિનયપૂર્વક માથે ચઢાવી તેને નમસ્કાર કરી, શ્રીગોકુલેશપ્રભુની પાસે આવ્યાં.

અને ત્યાં અનેક પ્રકારના ભક્તોથી બહુ પ્રેમપૂર્વક સેવા કરતા ઈશ્વરેશ્વરને જોઈ તેમના શ્રીચરણકમલમાં દંડવત્ પ્રણામ કર્યા. પછી શ્રીગોકુલેશ પ્રભુએ ભૃવિલાસથી આપેલા સૂચન પ્રમાણે તે તે સ્થાને આદરપૂર્વક બેઠા. ત્યાર બાદ તેમનામાંના કેટલાક અતિ નિપુણ બ્રાહ્મણો થોડીક વાર મૌન રહીને, પ્રેમ, વિનય, સુશીલતા વગેરે પ્રકટ કરીને, ફરીથી હાથ જોડીને નમસ્કાર કરીને મધુરતાથી શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. ''હે ઈશ્વરેશ્વર! અમે આપના દાસ છીએ, અમે હંમેશાં આપનું શુભ વાંછીએ છીએ. ઉદાર જનોના મસ્તક પરના મુકુટમણિઓનાં કિરણો વડે જેમનાં શ્રીચરણકમલ લાલ થયાં છે એટલા કે મોટા મોટા મુકુટધારીઓ આપને પગે પડે છે એવા આપે અન્નાદિ દાન વડે અમને દાસોને બહુ પ્રકારે રક્ષ્યા છે. સર્વત્ર જનોના મસ્તકના હે મુકુટમણિ! અલ્પ બુદ્ધિ ક્ષુદ્ર અમે આપને આપના હિત બાબત તો શી વિજ્ઞાપન કરી શકીએ?

પરંતુ હે ગુણસિંધુ! અમારા મનમાં જે વિવેક રહિત દૃઢ પ્રેમ વિશેષ છે, તે અમને બોલવા શીઘ્ર પ્રેરે છે. તો હે કૃપાસાગર! અમારા એ બોલને આપ ક્ષમા કરો. આપના જે પૂર્વ પુરુષો હતા તે બધાં સ્વધર્મપરાયણ હતા. નિખિલ પૃથ્વીમાં તેમની નિર્મલ કીર્તિ ગવાતી હતી, પોતાનાં દર્શન કરનાર, પોતાનું સ્મરણ કરનાર ભક્તોના શ્રીચરણકમલની રજનો સ્પર્શ કરનાર પવન વડે પણ તેમણે બધાને પાવન કર્યા છે. અનેકવાર તેમણે યજ્ઞો કર્યા છે. તેમાં સર્વ ગુણયુક્ત શ્રીલક્ષ્મણ ભટ્ટ પ્રવર હતા, કે જેમના ઘરે શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ્યા. જેમણે પ્રદક્ષિણા કરીને બ્રહ્માદિને પણ દુર્લભ એવા શ્રીચરણરજના સમૂહ વડે અખિલ ભૂવનને પાવન કરી છે.

જે કૃપાળુ શ્રીહરિએ બહુ પ્રકારે જનશિક્ષા કાજે સેવા કરી છે, જેમનો વિદ્યાનગરના રાજાએ કનકાભિષેક કર્યો, જેમણે તે સુવર્ણને ગ્રહણ કરવું તે ઉચિત ન માન્યું ને સ્નાનોદકની જેમ ત્યજી દીધું. જેઓ અત્યંત ઉદારાશય અને જ્ઞાની હતા, જેમણે શ્રીભાગવતનો નિગૂઢ અર્થ, પ્રકાશિત કરી બધાં દૈવી જનોને દુર્જ્ઞેય વિશુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ કરાવ્યો. જે કરૂણાનિધિએ તેનું ફલ પણ તેમને આપ્યું. તેમના પુત્રો શ્રીગોપીનાથજી-શ્રીવિઠ્ઠલનાથજી હતાં, જેમણે નિખિલ ધરણીને શ્રીગિરિધારીની ભક્તિમય કરી દીધી. તેમણે શરણે આવેલા જીવોને શ્રીગિરિધારીજીનું પદ (ધામ) પ્રાપ્ત કરાવ્યું. તેમણે આ સઘળી પૃથ્વી પર મહાન વૈષ્ણવ યજ્ઞ કર્યો અને વેદવિદ વિપ્રોને બહુ દક્ષિણા અને અન્નથી સંતુષ્ટ કર્યા હતા.

તેમણા પુત્રશ્રેષ્ઠમાં આપ પુરૂષોત્તમશેખર અને ભગવાન છો, આપ પોતાના સર્વ ગુણો વડે બધાને જીતી લઇને પૃથ્વીને વિભૂષિત કરી રહ્યા છો. સર્વ વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો, સકલ આગમો બધાં ઇતિહાસાદિ ધર્મ ગ્રંથો, ઉપનિષદો, તે તે ધર્મો, સુવિશુદ્ધિ પુષ્ટિભક્તિમાર્ગ, સર્વે વૈષ્ણવો, સર્વે અવતારો, લક્ષ્મી, સરસ્વતી, અતુલ તેજ, આચાર, વિદ્યા, ક્ષમા, શુદ્ધિ, ધૈર્ય, વિવેક, દક્ષતા, મર્યાદા, સત્ય, આનંદ એ સર્વે આપનામાં જ પોતાને પવિત્ર કરવા માટે, અરે પોતાને શોભાવવા માટે વસે છે. આપનાથી કોઇ શ્રેષ્ઠ, કે આપના સમાન કદિય કે ક્યાંય પણ શોધવા છતાં કોઇને ય જોયા નથી.

આ ચિદ્રુપ સંન્યાસાશ્રમ પાળતો, અનેક ગુણોથી યુક્ત છે. વૈરાગ્ય, જ્ઞાન, દયા, પ્રભાવ, સુશીલતા અને ધર્મવાળો છે. રાગદ્વેષ અને મત્સર રહિત છે. વિશુદ્ધ ચિત્તવાળો છે, તે આપની ધર્મનિષ્ઠાનું અને શ્રીહરિમાં આપની ભક્તિનિષ્ઠાનું, આપના અનુપન ઔદાર્ય, મહેશ્વરત્વ, સુશીલતા વગેરેનું અભિનંદન કરે છે. વિચક્ષણોનો શિરોમણિ અને ગુણસાગર તે આપ જેવા ગુનસાગરની પ્રીતિ ઇચ્છે છે. સર્વાત્મભાવથી જે તેનાં શ્રીચરણકમલની ભક્તિ કરે છે, તે બધાના શ્રેય માટે તે ધર્મ પ્રવર્તન કરે છે. તે મ્લેચ્છપતિ જહાંગીરના આરોગ્ય, રાજ્ય, અને સુખની અભિવૃદ્ધિ તે કરુણાસિંધુ સ્વયં ધર્મ આચરે છે. એ વિપ્ર છે, વિરક્ત છે, યતિશ્રેષ્ઠ છે, તે વેદાન્તવેદ્ય, નિર્ગુણ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર, શુદ્ધ બ્રહ્મની સતત ઉપાસના કરે છે,એ ટલે અખિલ સમાજ તેનાં ચરણકમલમાં વંદન કરે છે.

એથી એનું માહાત્મ્ય સુવિદિત છે. મ્લેચ્છો, મ્લેચ્છ અધિકારી, અખિલ રાજસમુદાય, બ્રાહ્મણો, બધા વૈષ્ણવો, શૈવો, સ્માર્તો, પૌરાણિકો, બાળકો, યુવાનો અને વૃદ્ધો, વૈશ્યો, ક્ષત્રિયો, ક્ષુદ્રો, આપના સંબંધીઓ અને અન્ય જનો વડે વધુ તો શું પણ મ્લેચ્છોનો સમ્રાટ અને સર્વ લોકના બાદશાહને તેના બુદ્ધિમાન પુત્રો વડે તેની આજ્ઞા મસ્તક પર ધારણ કરાય છે, એ કારણે ને અન્ય કારણોથી તે યતીન્દ્રવર સાથે આપ પ્રીતિ બાંધો એ આપના માટે શુભકર છે. હે પ્રભો ! આપ એક ક્ષણ પણ તુલસીમાળાનો ત્યાગ કરો, તો તે આનંદ પામશે, તેથી તેની પ્રીતિ પ્રાપ્ત થશે.

પછીથી તમે તે માલા સ્વેચ્છાએ ધારણ કરોં કે ત્યાગો, એ બાબતમાં એનો અનાગ્રહ છે, એમ હે ઇશ્વરેશ્વર, અમે જાણીએ છીએ. હે ગુણસાગર ! અમે તો આપના દાસ છીએ, અમારું એવું હિતકારક પ્રેમપૂર્વકનું પૂજનીય વચન આજે આપને રૂચે, એમ અમે પ્રાર્થીએ છીએ. તે યતીન્દ્ર સાથેનો એક સામાન્ય અલ્પ અર્થને કારણે કરેલો વિરોધ, સર્વલોકોના અધિકારીઓ સાથેના અને મ્લેચ્છસમ્રાટ સાથેના વિરોધનું કારણ બની જશે. તેવો દુરાગ્રહ આપને ન રૂચે, એમ અમે પ્રાર્થીએ છીએ. કેમકે એવો દુરાગ્રહ આપના સંબંધીઓએ સેવકો સહિત છોડી દીધો છે.

પ્રબલ પ્રતાપ મહારાજ ગોકુલેશજીકો, જાનિ ઉર આનિ ફિર વહત તૂ કિત હૈ;
લોક પરલોક ચિંતા કાહુ ભાંતિ કરે મતિ, એસો યહ બચન કહ્યો સો ભર હિત હૈ.
અપની અજ્ઞાનતાતેં હોય કે અધીર અતિ, કરત વિચાર ભૂલ્યો ડોલે જીત તિત હૈ;
કૌન તૂં હતો, કહા જૂ કીયો પ્રભુ તોહિ, અબ કરનો હે તેહી કર, સોઈ જો ઉચિત હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો વીશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ એકવીશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૧

એ પ્રમાણે એ લોકોએ શ્રીગોકુલેશ પ્રભુને સામવચન કહ્યું, ત્યારે પોતે મંદસ્મિત કરી, તેમનો મનમાં નિરાદર કર્યો. ત્યારે બીજાઓએ પ્રણામ કરીને કહ્યું કે હે સુપ્રભો! હે ગોકુલરત્ન! આ લોકોએ યોગ્ય વચનો કહ્યાં છે, તે સત્ય છે, તે હિતકર છે, યશકર છે. અને આપના પરિવાર સહિત આપને માટે ધર્મ્ય પણ છે. એ સંન્યાસી દેવ સાથે આપે પ્રીતિ કરવી ઉચિત છે, એ પ્રીતિ અત્યંત ધર્મકારી અને શ્રીહરિની સેવાને વધારનારી છે, બહુ પ્રકારના સુખને વધારનારી અને સતત્ નિશ્ચિંતતા કરાવનારી છે. યવનેશ જહાંગીર કે જે સંપૂર્ણ ભૂમંડલના રાજાઓથી સેવાતા ચરણ કમળ વાળો છે, તે એ સંન્યાસીના કૃપાકટાક્ષની પ્રતિક્ષા કરતાં રહે છે.

તેની તમારા પ્રત્યેની અને તમારી તેની પ્રત્યેની અતિ પ્રીતિ જોઇને તે સંન્યાસીના કહ્યાં વિના પણ તે સમ્રાટ સુવર્ણ, હીરા, વસ્ત્ર, મોતી, અસંખ્ય રત્ન, ચાંદી, વિવિધ ધાતુ, શ્રેષ્ઠ, પવન કરતાંય વેગીલા ઘોડા, મત્ત ગજરાજવૃંદ, અનેક સિપાઇ, રથ, ઉંટ, ગામ, દેશ, વિવિદ ઘર, માણેક, કંબલ, સ્ત્રી, દાસ, દાસીઓ, અપેક્ષિત તે તે પદાર્થો વડે આપને પરિપૂર્ણ કરી દેશે. બધા ભગવદ્ ભક્તિ વગેરે ધર્માદિ સંપત્તિ મૂલક છે. એવું ઐહિક અને પારલૌકિક સુખ સર્વથા આપને એ રીતે પ્રાપ્ત થઇ જશે.

જો સંન્યાસી તે જહાંગીરને આદેશ કરે, તો તે નિરંતર તમારો દાસ થઇને રહેશે ને મન, વાણી અને શરીર વડે તમારી સેવા કરશે અને દાસ થયેલો તે પોતાનું સાર્વભૌમત્વ પણ તમને ભેટ કરી દેશે. સર્વ બુદ્ધિમાનોના મસ્તકના મુગટના રત્ન સમાન આપ જો ક્ષણમાત્ર પણ માલાત્યાગ કરી તેના તરફ પ્રીતિ રાખશો, તો તે યતિન્દ્રવર્ય પોતે પણ તપથી, કૃપાથી, રાજાઓથી, મ્લેચ્છો અને મ્લેચ્છ સેનાપતિઓથી, પોતાના પ્રભાવથી, મંત્રોથી, આશીર્વાદના સમૂહથી અને જય વગેરે અન્ય વસ્તયથી આપનું સર્વ કાંઇ વાંછિત કરશે.

સુરતિકીયે તે રોમ રોમ સચુ પૈયત હૈ, સુરતિ કે માન લીએ દુઃખ પરહરીયે;
રંચ એક સન્મુખતામેં હિત કરીમાન લેત, હિત કરી સુખ કે સમુદ્ર પાર કરીયે;
માનસકી પ્રીત કૈસી મનકી ન જાને બાત, મનકી ન જાને, તાસોં કહા પચિ મરિયે;
યહ જાન જીય સમજાઉં તોકું વારંવાર, પ્રીતિ કરિએ તો ગોકુલશજીસોં કરિયે.

મનવૃત જાનવેકો, હિત પહિચાનવેકો, ગુનગાન માનવેકો ગોકુલેશ નિધિ હૈ;
યાકે સુખ બિના રંચ આન સુખ માનત હૈ, સોઈ દુઃખરૂપ એ તો અનુભવસિધ્ધ હૈ;
યાસોં હેત કરિ ધરિ ધીર તૂ નીડર રહી, યાહિસું જો હિત સોઈ હિત નિરવિધ હૈ;
છાંડિ તુ કલેશ લેશ મનમે ન આન કછુ, ગોકુલેશ ભજ ફલ આગે તેરો સિધ્ધ હૈ.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો એકવીશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ બાવીશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૨

એ પ્રમાણે તેઓએ શ્રીપ્રભુને દામવચન કહ્યું ત્યારે તે મૂર્ખોનો પ્રભુએ તિરસ્કાર કર્યો. તેમની વાત શ્રીગોકુલેશ પ્રભુએ સાંભળી નહિ, ત્યારે ભેદવચન કહેવાવાળા અન્ય દુષ્ટોએ પ્રણામ કરીને કહ્યું. ધર્મો અનેક પ્રકારના હોય છે, જેવા કે દેશના, કાળના, સંપત્તિના, અને વિપત્તિના, વર્ણોના તથા આશ્રમોના, બાળકોના, તરૂણોના, વૃદ્ધોના, સ્ત્રીઓના તથા પુરૂષોના ધનિક તેમજ ગરીબના અને એ રીતે અન્ય પ્રકારના અનેક ભેદ ધર્મ હોય છે. તેમ શ્રીહરિભક્તિ, શ્રીહરિપ્રેમ, શ્રીહરિની સેવાના પણ પ્રકારો છે. તે બધા સર્વ સમૂહ દ્વારા વંદિત ચરણકમળવાલા તમે જાણો છો.

અને કૃપા કરી અખિલ લોકોને તમે તેનો ઉપદેશ કરો છો, તેમાં કેટલાક ધર્મ લોકો પોતાના સામર્થ્ય, અસામર્થ્ય, દેશ, કાલ, હેતુ વગેરે જાણીને સ્વીકારે છે, કેટલાક ધર્મોનો ત્યાગ કરે છે, દેશકાળ પ્રકાણે કોઈને માટે કદીક ધર્મ પણ પાપ બને છે ને ક્યારેક પાપ પણ ધર્મ બને છે. એટલા માટે આપના દાસ અને મંગલ વાંછતા એવા અમારી એક વિજ્ઞપ્તિ હે મહારાજ! હે કૃપાસાગર! તમે સાંભળો, આપ એક ક્ષણમાત્ર તુલસીમાળાનો ત્યાગ કરો, તેમાં તમારું શું ઓછું થઈ જાય છે કે જેની રક્ષાને માટે હે પ્રભુ, તમે શાપ આપવા સમર્થ અને બળવાન યતિવર્ય સાથે વિરોધ વ્હોરી લીધો છે?

તે યતિ સર્વ ગૃહસ્થોને માટે પૂજ્ય છે, સર્વ પર કૃપા કરવા સમર્થ છે, યવનોનો રાજા પણ બહુ પ્રકારે તેના ચરણકમળની સેવા કરે છે, અખિલ રાજસમુદાય પણ તેને નમીને તેના પાદપીઠને મસ્તકના મણિ વડે રક્તવર્ણ બનાવે છે. પ્રબળ પ્રતાપ ગુણો રૂપી અગ્નિ જ્વાળાઓથી તેણે દુશ્મનોને ભસ્મિભૂત કર્યા છે. તેણે હાથી રથ, ઘોડા અને પેદલ સેનાના વ્યૂહથી આખી પૃથ્વીને આચ્છાદિત કરી છે. તેના અતિઉગ્ર દંડના ભયથી બધાં અપરાધીઓનાં હૃદય ત્રાસે છે. તે યતિસમ્રાટના કૃપાકટાક્ષની પ્રતિક્ષા કરતા, તેની કૃપા અને દંડનો અનુભવ પામેલા, વિજ્ઞવર્ય અને તેના અપરાધને પોતાનો અપરાધ માનતા અને પોતાની આજ્ઞા કરતાં તે યતિની આજ્ઞાને વધુ મહત્વ આપતા તેવા યવનસમ્રાટ જહાંગીર સાથે તમે શા માટે વિરોધ કરો છો?

તે આપનો દુરાગ્રહ બધાને ખરાબ લાગે છે, તે દુરાગ્રહથી આપ હે શ્રીગોકુલરત્ન! નિવૃત્ત થાઓ એટલે કે દુરાગ્રહ છોડો. હે કૃપાસાગર! આપ આપના મનમાં વિચાર કરો કે વિદ્વાનો પણ કહે છે કે જે લોકો વિરુદ્ધ હોય અને સ્વર્ગહાનિ કરનારું હોય તેવું આચરણ કરવું નહિ, કોઈપણ વિલક્ષણ પુરૂષે નિષ્ફળ ખરાબ પરિણામ લાવનારાં સમાન લાભહાનિવાળાં અને અશક્ય કાર્યનો પ્રારંભ કરવો જ નહિ. સ્વામીને અધીન રહેવાની ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો, આપત્તિ આવી પડે તેમ હોય તો હઠ છોડવી, સર્વત્ર અનાગ્રહ રાખવો અને ધર્મ-અધર્મ બાબતમાં આગળનો વિચાર કરવો.

: અનેક વૈષ્ણવો દ્વારા માલા-ત્યાગ :

આ પ્રમાણે વિદ્વાનો કહે છે. જો આપ આ પ્રકારના દુરાગ્રહને છોડશો, તો તમારૂં સકળ ધર્મકાર્ય વિશેષ ખરૂીને સિદ્ધ થશે. જો તેવો દુરાગ્રહ કરશો તો યતિચક્રવર્તીના, તે યવન સમ્રાટના, તેના ભટાધીશ, સુભટ, પુત્રો, તેમજ તેમના સગાંસંબંધી અને અન્ય જનોના ક્રોધથી તમારૂં ધર્મકાર્ય, હે ભગવાન! નાશ પામશે એમાં સંશય નથી. યતિરાજના આદેશથી મથુરાનિવાસી નાનાં મોટાંએ સહુએ માલાદિનો ત્યાગ કર્યો છે. જગતમાં પ્રસિદ્ધ અને અગણિત શિષ્યો જેમનું અનુસરણ કરે છે અને જે રામચન્દ્રજીના ચરણકમલ સંબંધી મકરંદનું પાન કરે છે અને જેઓ કાશીમાં રહે છે, તેવા તુલસીદાસે પણ તે યતિન્દ્રની આજ્ઞા મળતાં પહેલાં, તેના ડરથી કે તેને પ્રસન્ન કરવા માટે, સૌ લોકોના દેખતાં માલાદિનો ત્યાગ કર્યો છે, અને તેના ચરણોમાં નમસ્કાર કર્યા છે.

વળી હરિવંશજીના વંશજો અને તેમના શિષ્યોએ પણ માલાદિનો ત્યાગ કર્યો છે. તેજ પ્રમાણે રાધાવલ્લભની ભક્તિ પોતે કરે છે, એવું કહેનારા અને વૃંદાવનમાં રહી પોતાનું અનન્યભક્તત્વ ગર્વથી પ્રસિદ્ધ કરનારાઓએ પણ માલાદિનો ત્યાગ પહેલેથી જ કરી દીધો છે. શ્રીમદનમોહનજી, શ્રીગોવિંદજી, શ્રીગોપીનાથજી, શ્રીરાધારમણજી, શ્રીયુગલકિશોરજી, વ્યાસજી, વગેરે જેવા મહંતો અને ભક્તિપૂર્વક સ્થાપેલા શ્રીરાધાકૃષ્ણ અને જેમનું દર્શન અત્યંત વિરલ છે એવા શ્રીબિહારીજીના અન્ય અન્ય મંદિરોના જે સ્વામીઓ છે, તેમણે તથા તેમના સેવકોએ પોત-પોતાના સ્થાનથી આવીને તથા ડરીને યતિનાં ચરણકમળમાં નમસ્કાર કરીને માલાદિકનો ત્યાગ કર્યો અને શિવભક્તિનાં સૂચક ભસ્મ-ત્રિપુણ્ડ અને રુદ્રાક્ષનો સ્વીકાર કર્યો છે.

તેવી રીતે મથુરામાં કેશવરાયજીની પૂજા કરવાવાળા બધા લોકો તથા શ્રીનંદનંદન નામના ભગવાનની સેવા કરવાવાળા સઘળા લોકોએ તેના(યતિ) ચરણમાં માલાદિક અર્પણ કર્યા છે. સર્વત્ર લોકો વડે પોતાનું અનન્ય ભક્તત્વ પ્રસિદ્ધ કરાવનારાએ પણ પરિવાર સહિત તેનાં ચરણમાં માલાદિક અર્પણ કર્યાં છે. વળી શ્રીરામાનુજમતના સિદ્ધાંતોમાં જેમનું ચિત્ત આસક્ત છે એવા વૈષ્ણવ શ્રેષ્ઠ લક્ષ્મણ ભટ્ટ છે, તેમણે પણ માલા-ત્યાગ કરી તે યતિરાજનાં ચરણોમાં નમીને કહ્યું કે અમે માલા ધારણ કરીએ છીએ, તે અપરાધ કર્યો છે, તો ક્ષમા કરો, ક્ષમા કરો.

શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ વડે દામોદર ભટ્ટ જગતમાં પ્રસિદ્ધ છે, તેમણે બહુજ ધન એકઠું કરેલું છે, તેમણે કુટુમ્બ, ભૃત્ય અને શિષ્ય સમૂહ સહિત યતીન્દ્રનાં ચરણોમાં તુલસી-માલાદિક ફેંકી દઇને ભસ્મ, રૂદ્રાક્ષમાલા અને ત્રિપુણ્ડ્ર ધારણ કર્યા છે. તે દામોદર ભટ્ટ તેમના ચતુર સ્વજનો સહિત હવે ઓળખાતા પણ નથી. યશોદાનંદનમાં ભક્તિભાવનાના કારણે અને અન્યનો સંસર્ગ ત્યાગ કરવાના કારણે આ જગતમાં જે પ્રખ્યાત હતા તે શ્રીવર્ધમાન ગંગલી વંશના વંશજોએ પરિવાર સહિત યતિદક્રવર્તીના ચરણકમલની સેવાનો જ પુરુષાર્થ આદર્યો છે. તેઓએ ભસ્માદિ ધારણ કર્યાં છે અને હવે તેઓ તુલસીમાલા અને શંખચક્રગદાપદ્મ ચિહ્નોની નિંદા કરે છે.

અરે, શ્રીરામચન્દ્રજીનો જ ભક્ત જનાર્દન સ્વામી નામે ખ્યાત હતો, તેણે કુટુમ્બ, ભૃત્ય અને શિષ્ય સમૂષ સહિત તુલસીમાલાનો ત્યાગ કર્યો છે અને તે યતિન્દ્રનું પાદોદક ભક્તિપૂર્વક પાન કરે છે. અને તુલસીમાલા ધારણ કરનારાઓના કંઠમાંથી માલા વારંવાર તોડી નાખી, તે યતિન્દ્રને પ્રસન્ન કરે છે અને તે રીતે તેનો પ્રિય મિત્ર બન્યો છે. ગલવંશી મથુરાદાસનો અત્યંત માન્ય પૌરાણિક ગંગોદક મિશ્ર હતો અને જે ત્રિપુણ્ડ્ર ધારણ કરનારાઓનો દ્વેષી હતો, તે હવે નિખિલ લોકમાં પોતાનું વિખ્યાત તત્ત્વજ્ઞાન કહેવાનું છોડીને હવે તુલસીમાલા, મુદ્રા, ગોવિન્દમાં ભક્તિ અને મધ્વતંત્રની નિંદા કરે છે, અને તે સંન્યાસી સાર્વભૌમ આગળ કહે છે કે ભસ્મ અને ત્રિપુણ્ડ્ર ધારણ કરવા માટે ઉપદેશ કરી અને મારા કંઠમાંથી તુલસીમાલા તોડીને તમે મને પશુપતિના માર્ગમાં પ્રવેશ કરાવ્યો છે અને મને બ્રાહ્મણ બનાવ્યો છે.

પહેલાં જ કરોડો લોકો તુલસીમાલાદિ ધારણ કરી શ્રીહરિભક્તિ કરનારા ભક્તોની ચરણરેણુની ભક્તિપૂર્વક ઉપાસના કરતાં હતા, તેઓ હવે તેમને જોઇને મનમાં બળે છે અને તેમને જોવાથી પાપ થયું છે એમ માનીને નદીમાં પ્રવેશી સશૈલ સ્નાન કરે છે. આ રીતે જે અન્ય લોકો વડે અશક્ય છે, તેવું પરાક્રમ તે યતિન્દ્રની ચરણરેણુએ કર્યું છે. જેઓ મધુર શ્રીહરિની શ્રૃંગારલીલા રાસાદિનું અનુકરણ કરવાનું પ્રાણથી ય અધિક પ્રિય માનતા હતા, તેઓ હવે સર્વત્ર વિખરાઇ ગયા છે. તે રાસ લીલાનો પ્રતિબંધ અને સર્વથા તેની નિંદા એતો તે યતિસમ્રાટના ભ્રૃભંગનો વિલાસ માત્ર છે.

અરે પરમેશ્વની ભક્તિરૂપ વિત્તથી ભરેલા મોટા મોટા માહાત્માઓ હવે શ્રીભાગવતના કથામૃતથી મત્ત થયેલાં ક્યાંય જોવામાં આવતા નથી. હવે તો બધા લોકો રોમાંચિત થઇ ચારે બાજુ પ્રચલ્લિત થયેલું તે યતિન્દ્રનું માહાત્મ્ય ગાય છે. જે

બ્રાહ્મણોએ શ્રીહરિપ્રેમને કારણે તુલસીમાળા અને શંખચક્રાદિની મુદ્રાઓ કરવાનું છોડ્યું નથી, તેમના શીર યવનોએ કાપી નાંખ્યાં છે, અને તેમની સ્ત્રીઓ પ્રજ્વલ્લિત અગ્નિમાં પ્રવેશ કરી રહી છે. સર્વનું કલ્યાણ કરનાર યતિન્દ્રવર્યનો આ ધર્મ છે.

શ્રીહરિના જે શ્રેષ્ઠ ભક્તોનાકાન શ્રીહરિની રાસલીલારૂપી અમૃતસાગરથી ય મીઠા વેણુંનાદનો અનુભવ કરવા તૃષ્ણા રાખનારા છે, તે તો હવે એકદમ મરણ પામે છે. યતિશ્વરના પ્રતાપ સૂર્યને કોણ નમસ્કાર કરતું નથી ? બધાંજ કરે છે. હવે તો યતિરાજને પ્રસન્ન કરવા તેઓ ભસ્મ પણ લગાવશે. જે મ્લેચ્છપતિ જહાંગીર, તેમના પુત્રો, તેમના અમીર, ઉમરાવો છે, જે કૂર્મવંશી રાજાઓ, રાજપુત્રો, તેમના શૂરવીર બલવાન દ્રઢવ્રતવાળા સંબંધીઓ વગેરે છે, તે તે દેશના જે રાજાઓ અને રાજપુરૂષો છે, તે બધા શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ધર્મબુદ્ધિથી તુલસીમાલા ધારણ કરતાં હતા, તે સર્વ હવે તે યતિની આજ્ઞાનુસારે છે અને તેઓએ પીળા કે લાલ વર્ણથી શોભતી મનોહર તુલસીમાળાને હવે તેનાથી ડરીને કંઠાભરણ તરીકે પહેરતા નથી, કેમકે હવે તે દુ:ખ ભોગવે છે, અને નોકર-ચાકર ન મળવાથી મરી રહ્યાં છે.

: શ્રીગોકુલેશ પ્રભુના સમુદાય માલા-ત્યાગ કરશે ? :

તેમની સ્ત્રીઓ અને પુત્રો મુઠ્ઠીઓ વડે પોતાની છાતીઓ કુટે છે અને સતત રડે છે, તે બધા આ સંન્યાસીનો પ્રતાપ છે. અરે, આ સર્વ જગત માલાહિન બન્યું છે, શ્રીહરિભક્તિથી રહિત થયું છે, ભગવત્કથાથી વિરહિત થઇ ગયું છે. તે સર્વ એ સંન્યાસીના બાહુબલનો પ્રકાર છે. હવે શ્રીગોકુલેશ પ્રભુના જે સેવકો છે તેઓ આપે માલા નથી ઉતારી, અને તમારા અનુરોધથી માલા પહેરી રાખે છે, તેઓ સાર્વભૌમ જહાંગીરના અધિકારીઓના સમ્રાટના કે તે યતિન્દ્રના ભયથી ડરીને માલા ઉતારી નાખશે. માલા ઉતારી નાખીને તેઓ, અને પહેલાં કહેલા તે બધા ભેગા થઇને માલા ન ઉતારનાર એવો તમારો બહુ પ્રકારે દ્રોહ કરશે, અને હે ઈશ્વર ! તેઓ તમારો ત્યાગ કરશે.

પૃથ્વીપતિ જહાંગીરના આશ્રયથી અને સ્વત: તપશ્ચર્યાથી દંડ તથા કૃપા કરવા માટે અતિ સમર્થ એવા તે યતિસમ્રાટની જ સેવા કરશે. વિશેષ શું કહેવું ? એ પ્રકારે સર્વ લોકથી દ્વેષ પામતા અને તજાયેલા તમને તમારા સ્વજનો, સ્ત્રીપુત્રો વગેરે પણ તમને ત્યજી દેશે અને જેને તમે અધિક પ્રિય માનો છો, તે શ્રીનાથજીની સેવા તમે કેવી રીતે કરી શકશો ? એ બધું હાથમાંથી જશે. પછી રંચક ધન પણ તમારા હાથમાં ક્યાંથી આવશે ? પુરૂષાર્થ પણ ક્યાંથી સિદ્ધ થશે ? તો યુક્તિની વાત તો ફરજ રહેશે. આપ જે માનો છો કે માલા વિના એક ક્ષણાર્ધ પણ હું રહી શકું નહીં, તો તે તમારો ધર્મ, હે શ્રીગોકુલેશ પ્રભુ ! સમસ્ત સામર્થ્યવાળા તે સંન્યાસીના વિરોધમાં કેવી રીતે સિદ્ધ થશે ?

પૃથ્વીપતિ જહાંગીરના બળથી અખંડિત આજ્ઞાવાળો તે યતિ સમસ્ત ભૂમંડલમાં માલાનું ખરીદ વેચાણ બંધ કરાવી દેશે. વધું શું કહીએ ? સમસ્ત તુલસીને ઉચ્છેદશે, વાવવા અને ઉછેરવાનો તે નિષેધ કરશે. અરે, તે વખતે માલાનું દર્શન પણ દુર્લભ બનશે. એટલે હે પ્રભુ ! આપનું શુભ ઈચ્છતા સુજ્ઞ લોકોએ અને અમે આપને જે વિજ્ઞપ્તિ કરી છે, તે બાબત આપ સાવધાન બનશો. આપ એક ક્ષણ માટે માલાનો ત્યાગ કરો અને પછી સ્વેચ્છાએ વ્યવહાર કરજો. જેથી સંન્યાસી રાજની પ્રતિજ્ઞા પૂર્ણ થાય. એ પ્રમાણે દુષ્ટ હૃદયવાળા મૂર્ખોનાં પ્રલાપપૂર્ણ વચન સાંભળીને ભગવાન શ્રીગોકુલેશએ પોતાનું શ્રીમુખ ફેરવી લીધું અને તે મૂર્ખોની અવજ્ઞા યોગ્ય બનાવ્યાં.

શ્રીપરમ કૃપા તબ જાનીએ, છૂટે સબહી વિવેક ।
અંતર બહાર તન તપે, ચૈન નહિ પલ એક ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો બાવીસમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ તેવીસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૩

પછી નષ્ટ થયેલા મનોરથવાળા, ક્ષુદ્ર, મૂર્ખ અને પાપી લોકોએ ગુણસાગરને નમસ્કાર કરી વિનંતી કરી કે હે પ્રાણેશ! તુલસીમાલાનો ત્યાગ કરવામાં આપ લેશમાત્ર વિલંબ શું કામ કરો છો? તે યતિન્દ્ર યવનસમ્રાટનો પ્રતિનિધિ છે, મહાન પ્રભુ છે, તેનો પ્રાણ છે, તેના પ્રાણથી ય પ્યારો છે. તેની સેવામાં હાજર રહેનારાઓ પૈકી કર્તદી નામનો મથુરાનો કાર્યાધિકારી છે. નાનાવિધ શસ્ત્રોથી સજ્જ હજાર ઘોડે સ્વારો અને પદાતિ સૈનિકોથી તે સજ્જ છે. તે યતિના આદેશને ન માનનારાઓના દમન માટે તેઓ આજ્ઞાની રાહ જોતા ઊભાં છે. મ્લેચ્છ સમ્રાટના પ્યારા મહા ભટેશ્વર ઇતબારખાને જેને કોટવાલ બનાવ્યો છે, વલીદાદા પ્રતિષ્ઠિત છે, તેને અહીં મૂકવામાં આવ્યો છે.

તેની પાસે ઘણા ઘોડેસ્વાર અને સૈનિકોની પલટન છે. કવચ પહેરે છે, ને બલવાન છે. તે સંન્યાસીના વિદ્વેષી લોકો સાથે યુદ્ધ કરવા માટે તેમની પાસે જ રહે છે. વળી તેની સેવામાં હાજર રહેનારાઓ પૈકી બલવાન, અનુપમ મહાસેનાવાળો મહાન ભટાધીશ શેરખાન પણ છે, જે મથુરા-મંડલનો રક્ષાધિકારી છે, તેની પાસે હજારો મ્લેચ્છ છે અને જેઓ સંન્યાસીની આજ્ઞાનો આદર ન કરે તેમને દંડ દેવા માટે યવનનૃપતિરાજે તેને હુકમ કર્યો છે. વળી યુદ્ધમાં ચતુર અને પાંચહજાર શ્રેષ્ઠ ઘોડેસ્વારોવાળો જે લશ્કરખાન છે, તે આગ્રા નગરનો અધિકારી છે અને સંન્યાસીના કૃપાકટાક્ષને પોતાના જીવનની સફળતા માને છે.

વળી સારંગદેવ વગેરે જેઓ ખંડિયા રાજાઓ છે, તેઓ શૂર, યુદ્ધ-નિપુણ અને મ્લેચ્છપતિના પ્યારા ભૃત્યો છે. તે સૌને સંયાસીએ પોતાના અસંખ્ય ગુણોવડે દાસ બનાવી દીધા છે. અને તેથી તેઓ તેનું અનુકરણ ન કરનારાનું દમન કરવા કેડ બાંધીને તૈયાર ઊભા છે. તેજ પ્રમાણે અન્ય રાજાઓ અને જહાંગીર પણ તે સંન્યાસીની આજ્ઞાને વશ છે અને તેઓ રાત-દિન આદર તથા પ્રેમથી તેના હુકમ પાળવા ઇચ્છા રાખે છે. વળી દુષ્ટોમાં જે શ્રેષ્ઠ, કઠોર, શૌર્યવાળા અને પાપી માથુર લોકો છે, તે તો એ સંન્યાસીના સર્વદા દાસ જ છે. વળી, લાખ પદાતિ સૈનિકોનો અધિપતિ રાજા વીરસિંહ દેવ છે, તેને મીતેનમીશ્રે લખેલા પત્રો દ્વારા જાણ્યું છે કે સાર્વભૌમ જહાંગીરની સંન્યાસીમાં અત્યંત ભક્તિ છે.

તેથી તે પણ તેના પ્રત્યે અત્યંત અનુરક્ત બની જશે. વળી તમારા સંબંધીઓ અને સેવકો તે જ પ્રમાણે તે સંન્યાસીને અનુસરવું જોઇએ. વળી મ્લેચ્છ સમ્રાટ જહાંગીર રાજકાર્યવશાત્ અન્ય પ્રદેશ કાશ્મીરમાં ગયો છે, પણ તે તો શરીરથી જ, મનથી તો તે અહીં જ છે, તથા પોતાના પ્રતાપથી ભટેશ્વરો અને હજારો સેનાપતિઓ વડે તેની આજ્ઞા પ્રમાણે વર્તવા માટે પણ તે અહીં જ છે. વળી તે સમ્રાટનો જ્યેષ્ઠ પુત્ર, જે સુલતાન ખુશરૂ નામે પ્રખ્યાત છે, તેને અપરાધી જાણીને મહાક્રોધી સમ્રાટે બંદીખાનામાં નાખ્યો હતો, તે ખુશરૂને દયાપૂર્વક તે સંન્યાસીએ છોડાવ્યો હતો. તે ખુશરૂ પણ તેની આજ્ઞાની રાહ જોયા કરે છે.

આ પ્રમાને તે યતિસમ્રાટ અને મ્લેચ્છસમ્રાટની પરસ્પર પ્રીતિ પરાકાષ્ઠાએ પહોંચેલી છે. વળિ તે સમ્રાટની પ્રાણથીય અધિક પ્રિયતમા જે નૂરમહલ નામની પટરાણી છે, તેનો બનેવી હામિકબેગ છે, તે શૂરવીરોમાં શ્રેષ્ઠ છે, સમ્રાટને ય અધિક પ્રિય છે, પણ તેણે સમ્રાટનો એક અપરાધ કર્યો, તેથી ક્રોધથી યવનેશ્વરે તેનો મરણથી ય અધિક એવો તિરસ્કાર કર્યો. એ વાત જગતમાં પ્રસિદ્ધ થઇ ગઇ છે. એ દ્વારા સંન્યાસી અને સમ્રાટની પ્રીતિ જગતમાં પ્રસિદ્ધ થઇ છે. યતિ સમ્રાટનો જે કંઇ સ્વભાવ છે, તે યવનોને પ્રસંશા યોગ્ય લાગે છે અને તેમને ગમે છે. તેથી કરીને તે સંન્યાસી પોતાના દ્રોહ કરનારાઓ પ્રત્યે, પોતે વિરાગી હોઇ, ક્રોધ નથિ કરતા, તેથી તેનો તેવો સ્વભાવ જશ પામે છે.

પણ તુલસીમાલા ધારણ કરનારાઓ પ્રત્યે, તેને અધર્મ માનીને, તે ક્રોધ કરે છે. હે પ્રભો! આપ જે માનો છો કે અમારા અનેક સેવકો છે, તેઓ યવનોને બળપૂર્વક વારી શકશે, તો તેમ માનવું બરાબર નથી, કેમકે તેઓ યવનો સાથે યુદ્ધ કરવા

શક્તિમાન નથી. તમારા કેટલાક સેવકો સર્વ તરફ દયાભાવવાળા છે, કેટલાક દ્રોહરહિત છે, બીજા ક્ષમા રાખનારા છે, કેટલાક સત્યપ્રેમી છે, તો કેટલાક બધા પ્રત્યે મૈત્રી રાખનારા છે. બીજા કેટલાક તમારા પ્રેમમાં જ મગ્ન છે, કેટલાક તો પોતાના દેહ તરફ પણ અપેક્ષા રહિત છે, કેટલાક અપરિગ્રહી છે, કેટલાક અખિલ ભૂતસમુદાયમાં પોતાના ભગવદ્‌ભાવને જ જુઓ છે, તેઓ બધાં ભગવાનમાં જ આશ્રય કરીને રહે છે.

વળી કેટલાક પોતાની જેમ બીજાઓને પણ આપનામાં પરા પ્રીતિ રાખનારા તરીકે જુએ છે, કેટલાક આપનામાં પ્રીતિ રાખે છે, આપના ભક્તોમાં પ્રીતિ રાખે છે, કેટલાક અજ્ઞાનીઓ પ્રત્યે કરૂણા રાખે છે, કેટલાક બધા શત્રુઓ તરફ ઉપેક્ષા રખે છે, કેટલાક વળી પ્રાપ્ત થયેલા મોક્ષને પણ અવગણે છે, તો સ્વર્ગ કે અન્ય ફલની તો વાત જ શી કરવી ? તે સર્વ નિ:સ્પૃહ છે. કેટલાક તો વળી આપના દર્શનરસમાં જ નિમગ્ન છે. કેટલાક આપની પાદુકા વગેરેની સેવામાં જ આસક્ત છે. કેટલાક આપના પ્રસાદી વસ્ત્રની અથવા શ્રીચરણારવિંદની રજની જ સેવા કરે છે. વળી કેટલાક આપના સેવકો પાદુકાની સેવા કરે છે, કેટલાક વળી આપના શ્રીહસ્તથી લખેલા સુંદર અક્ષરસમૂહવાળા પત્રની સેવા કરે છે. તો વળી કેટલાક વીંટીની સેવા કરે છે, કેટલાક કેવળ નામકીર્તનની સેવામાં આસક્ત છે. તો કેટલાક પ્રસાદ અને ચર્વિત તાંબૂલ કે ચરણામૃતની આસક્તિ રાખનારા છે. કેટલાક નિરહંકારી છે, કેટલાક તમારા ધ્યાનમાં જ સુખ માનનારા છે.

કેટલાક તમારા શરણમાં જ રહી તમારાં શ્રીચરણકમલયુગલમની ભાવનામાં મસ્ત છે. તેમાંથી ક્ષણમાત્ર પણ વિરમતા નથી. કેટલાક પ્રેમરસરૂપ દોરીથી આપના શ્રીચરણકમલમાં દઢતાથી બંધાયેલા છે, કેટલાકના હૃદય આપનામાં જ દઢ છે, કેટલાક આપની કથામાં રસ રાખનારા છે, એવા આપના સેવકો ન તો ખડગ ધારણ કરે છે, ન તો ચર્મ ધારણ કરે છે, અને ન તો તેઓ કવચ પહરે છે કે ન તો તેઓ ધનુષ્ય-બાણ રાખે છે, તેઓ પરશુ, શક્તિ, તોમર કે લાઠી પણ રાખતા નથી. તમે પણ શસ્ત્ર કે અસ્ત્ર રાખતા નથી. માખણ કરતાંય કોમલ તમારું હૃદય છે, હંમેશા તમારું શ્રીમુખારવિંદ હસતું રહે છે, કોઇના ઉપર ક્રોધ નથી કરતાં, અસંખ્ય અપરાધ કરનારને પણ તમે મારતા નથી.

કોઇનું અશુભ વાંચ્છતા નથી, બધાનું શુભ ઇચ્છો છો ને કરો છો, કોઇનું છિદ્ર જોતા નથી, કોઇનું કપટ વિચારતા નથી. આપના રોમમાં અપાર, અગાધ, કરોડો તરંગો અને કરોડો આવર્તોવાળો નિ:સીમ શોભાવાળો કરૂણાસાગર ઉછળતો દેખાય છે. ગુણીજનોના મુકુટમણિથી જેમનું પાદપીઠ (શ્રીચરણચોકી) રક્તવર્ણું બને છે, એવા આપ હે પ્રાણેશ ! અગણિત અતિક્રૂર યવનો સાથે કેવી રીતે યુદ્ધ કરશો ? સદૈવ તેમના સાથે બાથંબાથ (ભુજયુદ્ધ) કરવામાં રુચિ ક્યાંથી હોય ? તો આપ પ્રસન્ન થાઓ, આપ આગ્રહ છોડી દ્યો. પછી બુંદેલખંડના રાજાનો દાનાધ્યક્ષ, અત્યંત દુષ્ટ એવા મીતનમિશ્ર પ્રાણનાથને ડરાવવાની ઇચ્છાથી પહેલાં બીજાઓએ કહ્યું હતું તે પ્રમાને કહેવા લાગ્યો. હે ભગવન્ ! આપના શ્રીમુખમાંથી નીકળેલા જૂઠા ઉત્તરનું પાન કરવાની ઇચ્છા રાખતા અમારા કાનોનો મનોરથ આપ પૂર્ણ કરો, પૂર્ણ કરો, પૂર્ણ કરો.

આ પ્રમાણે તે સૌ કુટિલ, મૂઢ, દુરાત્મા, મિથ્યા ભક્તિનું પ્રદર્શન કરતાં તે લોકોએ ફરીથી ભગવાનને વિજ્ઞાપના કરી ત્યારે પુરુષોત્તમ શેખર સુજાન શિરોમણિ ભગવાન શ્રીગોકુલેશએ કહ્યું તમે બહુ પ્રકારે શા માટે પ્રલાપ કરો છો ? તમે અહીંથી ચાલ્યા જાઓ. તે દુષ્ટ સંન્યાસીના ધર્મ વિરુદ્ધ વચન પ્રમાણે અમે કશું કરવાના નથી.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો તેવીસમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચોવીસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૪

: શ્રીગોકુલેશ પ્રભુનો જલત્યાગ :

હવે શ્રીગોકુલેશજીનું વચન સાંભળીને તે સર્વે ઝાંખા પડી ગયા અને વિષાદ અનુભવવા લાગ્યાં અને તેમનું કાળું મોઢું લઇને તે સંન્યાસીની પાસે ગયા. હવે શ્રીગોકુલમાં રહેલા ભક્તો તો શ્રીગોકુલેશ પ્રભુના દર્શનની પ્રાણથી પણ અધિક અપેક્ષા કરતા હતા, પણ તે દર્શન ન થવાથી તેમણે પ્રેમને લીધે જલપાનાદિનો ત્યાગ કર્યો. એટલે ભક્તવત્સલ શ્રીગોકુલરત્ને પણ સર્વે ભક્તો સહિત જલપાનનો ત્યાગ કર્યો. ત્યારે બીજી બાજું તે દુષ્ટ સંન્યાસી તો કોઇક દુષ્ટ, બ્રાહ્મણાભાસી, પાપી, પાખંડી પ્રેમીને ઘેર જઇ ઉદરપૂરણ કરી એટલે બરાબર જમીને પોતાની ગુફામાં આવીને બેઠો હતો.

તે અરસામાં જુદાં જુદાં સ્થાનેથી નગર તેમજ ગ્રામથી સુંદરવર ઈશ્વરેશ્વરનાં દર્શન માટે ભક્તો, વૈષ્ણવો, શિષ્ટ જનો, કૌતુકપ્રિયલોકો, વૈરાગીઓ, સ્ત્રીઓ, પુરુષો, વણિકો, સોનીઓ, નીચ જાતિના લોકો, મ્લેચ્છો, ચાંડાલો અને અધમ લોકો હજારોની સંખ્યામાં આવ્યાં હતાં. તેમણે જોયું કે નવનીત કરતાંય કોમલ, પ્રાણથી ય અધિક એવા શ્રીગોકુલરાજે પોતાનાં જ્ઞાતિજનો, બાંધવો, ભક્તો, સ્વજનોને ભૃત્યસહિત જલત્યાગ કર્યો છે અને તે પાપીએ સંન્યાસી હોવા છતાં ભોજન કર્યું છે, તે નિર્દય છે, ક્રૂર છે, એમ તે સૌએ મનસા તેમજ વાણી વડે વારંવાર ધિક્કાર કર્યો.

તે અસંખ્ય મ્લેચ્છો અને દુષ્ટ મથુરાવાસીઓથી વિંટળાઇને બેઠો હતો તે વખતે પેલા દુષ્ટ બ્રાહ્મણો આવ્યાં, પણ તેઓ તેને અહીંનો શ્રીગોકુલેશ પાસેનો વૃત્તાંત કરી શક્યો નહિ, તો પણ તેમના મુખ પર ફેલાઇ રહેલી કાળાશે તેને સઘળો વૃત્તાંત જણાવી દીધો. તેમજ તે ગુપ્તચરો પહેલાં તે દુષ્ટ યતિએ મોકલ્યા હતા, તેમણે સઘળી વાત જણાવી દીધી. હવે તે બહુ ઉદાસ થઇ ગયો, મનમાં ડરવા લાગ્યો, પણ નિડર હોય તેમ, તે પાપિષ્ઠે સભામાં બેઠેલા નિજજનોને કહ્યું કે મારા આદેશ પ્રમાણે વર્તનારા ઉગ્ર મ્લેચ્છ સૈનિકો વડે એમના કંઠમાંથી શીઘ્ર માલા ઉતરાવીશ.

એ અસુરનું વચન અતિ કાયર હૃદયવાળા શ્યામદાસ જેટલીએ સાંભળ્યું અને તરત જ શ્રીગોકુલેશ પ્રભુની સભામાં શીઘ્ર જઇને સંભળાવ્યું. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુના અગણિત શૂર અને પૂર્ણ ઉત્સાહી ભક્તોમાંથી કેટલાકે તલવાર, કેટલાકે ધનુષ્ય, કેટલાકે છરીઓ અને બીજાઓએ અન્ય-અન્ય શસ્ત્રો તે દુરાત્મા અને તેની આજ્ઞામાં રહેતા મ્લેચ્છોને મારવા માટે લીધાં. એ ભક્તોમાં અતિ પ્રશંસા યોગ્ય પ્રયાગદાસ નામે હતા. એની તલવાર ક્ષણમાત્ર અટકાવવા માટે એનો પરિવાર પણ સમર્થ થયો નહિ. પછી તો વૃદ્ધ, બાળકો, સ્ત્રીઓ, અંદો, પંગુ, અને હાથવિનાના માણસોનો પણ ઉત્સાહ એ લોકોને મારવા માટે વધી ગયો. જેઓ કાયર હતાં અને પોતાને અસમર્થ માનતા હતાં, તેઓ તેવા સમર્થ પ્રભુના વિષયમાં પ્રેમવિશેષના ઝેર ને કેટલાકે સર્પફેણ લીધું, કેટલાકે તુલસીની, પોતાનાં નેત્રોની, પોતાના કાનની, જન્મની, શરીરની, ભગવદ્ભક્તિ માર્ગની, ધર્મમાર્ગની, અને સમસ્ત વેદાદિની નિંદા કરી.

વિશેષે કરીને જે મૃગાક્ષી ભાગ્યવાન રસિકાઓ એ સ્વરૂપમાં દઢ નિષ્ઠા રાખનારી હતી, તેમણે તુલસીમાલાની નિંદા કરી, કે જે તુલસીમાલા માટે પ્રિયતમે તે દુષ્ટો સાથે વેર બાંધ્યું હતું. બુદ્ધિમાન ભગવાન શ્રીગોકુલાધીશે એ બધાનો નિશ્ચય વર્તી લઇને બધાનું સમાધાન કરીને કહ્યું કે તમે ચિંતા ના કરો, તમે કશું પણ કરશો નહિં. તમે સૌ ધીર અને બુદ્ધિમાન છો. જ્યાં સુધી તે સંન્યાસી અથવા તેના સેવકો મારો પરાભવ ન કરે, ત્યાં સુધી તમે મૌન રહેશો. આ વિષયમાં આ સમયે હું સાવધાન થઇને વર્તું છું. એ સમયે દુષ્ટ અને મૂર્ખ તથા ડરી ગયેલો શ્યામદાસ જેટલી બધા લોકોને ડરાવતો ડરાવતો શ્રીપ્રભુને કહેવા લાગ્યો કે યવનસમૂહ અને દુષ્ટ યતિના કોપ રૂપ મહાપ્રલાપ આવી લાગ્યો છે, એ વખતે આપ શું કરી શકશો ?

ત્યારે ગંભીર થઈને શ્રીપ્રભુએ કહ્યું કે બોલો, તમારો શો વિચાર છે, તે કહો. અમે સાંભળીએ. શ્રીગોકુલેશ પ્રભુની એ વાણી સાંભળીને શૂરતાના સાગર સમા અને મહાઉત્સાહવાળા પણ શ્રીપ્રભુના વચનના તાત્પર્યને ન સમજનારા કેટલાક ભક્તો બોલી ઉઠ્યા કે આપના તરફ દુષ્ટ આશય સેવનારા તે યતિને મ્લેચ્છો સહિત મારી નાખવા માટે, પ્રભો ! અમે શસ્ત્રો લઈને ઊભા છીએ, જો આપ ભગવદ્ધર્મથી વિમુખ અને કાયરતાના સાગર જેવા આ શ્યામદાસનો વિચાર સ્વીકારશો, તો અમારે જીવીને શું કામ છે ? અમે તો પહેલાં જ શસ્ત્રો વડે અમને પોતાને મારી નાખીશું. હે શ્રીગોકુલાધીશ ! આપની પ્રતિજ્ઞાનો ભંગ થયો, એ સાંભળવા અમે શક્તિમાન નથી. એ પ્રમાણે એ ભક્તોની વાણી સાંભળીને પ્રાણનાથ પ્રિયતમે પોતાનું કરોડો ચંદ્રની શોભાને જીતનારૂં મુખકમળ તે શ્યામદાસ બાજુથી ફેરવ્યું અને અતિ પ્રસન્ન થયા.

પછી કૃપાનિધીએ એ ઉત્સાહી લોકોને ધીરજરૂપ અગાધ સાગરમાં વિહરતાં કહ્યું કે એની કાયરતાનું વચન સાંભળવાની ઈચ્છાથી મેં તેમ કહ્યું, હું તેના કહેવા પ્રમાને કદાપિ કશું ન કરું. હે ભક્તો ! આકાશ ફાટી પડે, હિમાલય ચૂર્ણ બની જાય કે પૃથ્વીના ટુકડા થઈ જાય, કે સાગર સુકાઈ જાય, તો પણ મારૂં વચન મિથ્યા ન થાય. એ સાંભળીને તે બધાંના ચિત્ત હર્ષપૂર્ણ થઈ ગયાં અને તેમણે જૈ જૈકાર જૈ જૈ શ્રીગોકુલેશ મારો ધણી ગોકુલેશ, જૈ જૈ શ્રીગોકુલેશ કરી શ્રીપ્રભુને નમસ્કાર કર્યા. ત્યારબાદ તે કાયર શ્યામદાસ જેટલીએ શ્રીપ્રભુએ અંગીકાર કરેલા સ્વજ્ઞાતીય ભટ્ટોને ડર બતાવતાં કહ્યું કે તમે શ્રીપ્રભુની જ્ઞાતિના છો, શ્રીપ્રભુના માનનીય છો, તમારાં વચનનું સર્વથા તેઓ ઊલ્લંઘન કરતાં નથી. અર્થાત્ તમારાં વચન માને છે, તો તમે શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરો કે આ દુરાગ્રહ પોતે છોડી દે. મ્લેચ્છો તો અતિ બલવાન છે, અને તેથી હવે આ દુરાગ્રહનો આદર કરવાથી એટલે કે દુરાગ્રહ જ ચાલુ રાખવાથી તમારો અને અમારો સૌનો ચોક્કસ વિનાશ થવાનો.

ત્યારે તે ભટ્ટોએ કહ્યું કે અમે બધાં પણ શ્રીગોકુલેશ પ્રભુને એવી વિજ્ઞપ્તિ કરવા શક્તિમાન નથી. ધર્મરક્ષક શ્રીપ્રભુ માલાદિનો ત્યાગ નહિં જ કરે. તેઓશ્રી ધર્મપ્રવર્તક છે. પાખંડ ધર્મનું ખંડન કરનાર છે. શ્રીપ્રભુની ઈચ્છા વિરૂદ્ધની આવી તારી વાણી એમને કહેવા જતાં અમે તે સ્વતંત્ર શ્રીપ્રભુ વડે તિરસ્કાર પામીશું. અને બ્રહ્માદિને પણ દુર્લભ એવા પદથી દૂર થઈશું. તેથિ એ કાર્ય આપણે કરવું જોઈએ નહિં. આપણું કર્તવ્ય આજ છે કે જ્યાં શ્રીપ્રભુ પ્રવૃત્તિ કરે, ત્યાં જ આપણે પ્રવૃત્તિ કરવી. જે વિધાન આપશ્રી કરશે, તે પ્રમાણે અમે આચરણ કરીશું. એ સાંભળીને તે મૂર્ખ પલાયન કરી વેગથી શ્રીગોકુલ જઈ પહોંચ્યો, અને શ્રીપ્રભુના બાલક શ્રીગોપાલજીને કહ્યું કે તમારા નોકરો, સેવકો, વૈષ્ણવો અને ભટ્ટોએ સમયાનુસાર કાર્યુ શૂં કરવું તે ન જાણવાથી કાર્યનો નાશ કરી દીધો છે.

એ પ્રમાને વિવિધ વાત કરીને તે કારય શ્યામદાસે શ્રીપ્રભુએ જે ક્ષણે શ્રીગોકુલથી પ્રસ્થાન કર્યું, તે ક્ષણથી જલત્યાગ કરનાર વધૂ તથા બેટીઓને ભયભીત કરી દીધાં. શ્રીપ્રભુના દ્વિતીય બાલક શ્રીવિઠ્ઠલરાયજીની જે ચાર વર્ષની બેટી હતી, તેણે પણ જલપાનનો ત્યાગ કર્યો હતો. તે સમયે સકલ ગોકુલ ભયભીત અને અત્યંત દુઃખિત બની ગયું. બીજી બાજું મથુરામાં તે સમયે શ્રીગોકુલેશનો માલાત્યાગ ન કરવાનો દૃઢ નિશ્ચય જાણીને, મીતનમીશ્ર વગેરે બધાં મથુરાના બ્રાહ્મણોમાં મુખ્ય એવા જયચંદ ચોબો, ગોર જાતિમાં પ્રસિદ્ધ યદુનંદન, રઘુનાથ પંડ્યા, ગુર્જર જ્ઞાતિના માજી પંડ્યાં, હરજી મહેતા, ઉદયરામ કંબો અને મથુરાના બધા ચૌધરીઓ તથા તેવા બીજા બધાં તે સંન્યાસીની પાસે પહોંચ્યાં.

ત્યારે તેણે તેમને પૂછ્યું કે શ્રીગોકુલનાથ શું કરે છે ? ત્યારે તે બધાંએ કહ્યું કે અમે અમારા સેવકો સહિત તુલસીમાલા ધઅરણ કરવાનો ભગવદ્ધર્મ માનીએ છીએ, તેનો અમે કદીયે ત્યાગ નહીં કરીએ. તે વીરાધિવીરની સાથે સર્વે ભટ્ટો, ભક્તો, વૈષ્ણવો, ભૃત્યો, સંન્યાસીઓ, ગૃહસ્થો, વૈરાગીઓ, વિષયી લોકો, મથુરાના વૈપારીઓ તથા અન્ય માહાત્માઓ પણ સ્ત્રી-પુત્ર-પરિવાર સાથે છે અને તે તમને તથા તમારા અનુયાયીઓને મારી નાખવા માટે તૈયાર થયા છે. તે સર્વ મરણથી ડરતાં નથી અને

બહુ પ્રકારનાં શસ્ત્રાસ્ત્ર ધારણ કરીને બેઠા છે. તેઓએ સર્પફીણ અને વિષનો સંગ્રહ કર્યો છે. પ્રાણથી ય પ્રિય શ્રીગોકુલેશને કોઇ અનર્થ થાય તો તે અનંત લોકોનો ક્ષય કરનાર બને.

વળી તે વાત મ્લેચ્છસમ્રાટને પણ દુ:ખદાયક લાગશે. પોતાના સ્વરૂપથી જ બહુ ઊંચા કુલપર્વતોના વૃંદને પણ ઓળંગી જનાર તે વીરેન્દ્ર શ્રીપ્રભુને જીતવા માટે કોઇ સમર્થ નથી. તે સમે કેટલાક ભાગ્યશાળીઓએ કે જેઓ શ્રીગોકુલેશ્વરનાં ભક્તજનોનું મહાત્મ્ય જાણતાં હતાં, તેઓએ પોતાના મનમાં કહ્યું કે મહદ્જનોના ધૈર્ય નાશ થાય, એ જોવાની તમે ઇચ્છા રાખો છો, તે દુષ્ટ અધ્યવસાયથી (નિશ્ચયથી) તમે ત્યજો, એ દુષ્ટ પ્રયાસને છોડો. હે જડબુદ્ધિ પ્રલયકાલમાં પોતાની મર્યાદા તજનાર કુલપર્વતો જેવા એ લોકો નથી. કે નથી તેઓ તેવા સમુદ્રો. એટલે કે શ્રીગોકુલેશજીના ભક્તો ધર્મની મર્યાદા છોડે તેવા નથી. હે વ્રક્ષ, તુ મદ અભિમાન કરે છે કે મારૂ અથડાવાથી શું પરિણામ આવશે? એટલે કે તરંગોના મારથી નષ્ટ થઇ જશે. (આ છેલ્લા શ્લોકમાં અત્યોક્તિ અલંકાર છે, વૃક્ષને બહાને અભિમાની સંન્યાસીને કહ્યું છે કે તું વ્યર્થ અભિમાન કરે છે કે હું મજબૂત છું, અનેકોનો સહારો છું. પણ મૂળમાંથી જ તું ઉખડી જઇશ, તે નિશ્ચિત છે, તેનો તું વિચાર નથી કરતો. એ રીતે સંન્યાસીના કેટલાક સાથીઓ મનમાં વિચારતા હતાં.)

નેહતેં નવલ ગોકુલેશ રસ ઢરિ આવે, ભાવે જીય નેહ એસો ઉરમાંજ ધારિયે;
નિર્હેતુક નિરુપાધિ સાધનકો રૂપ આદિ, દેહ ગેહ પ્રાણ ધન નેહ પર વારીયે;
રૂપ ગુન ચાતુરી વિવેક ભાવ ભૂષન યેહ, દૂષન સમાન લાગે નેહ બિન જારિયે;
ગેહિ વિન ગેહ જેસો પ્રાણ વિન દેહ તેસો, નેહી બિન નાતો કૈસો હોતો કરિ ડારિયે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો ચોવીસમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ પચ્ચીસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૫

: યતિનો ભયથી જોર-જૂલમ:

હવે તે યતિ અતિશય ભય પામ્યો. પોતાના તેવા બલપૂર્વક ન ત્યજી શકાય તેવા સ્વભાવથી પ્રેરાયેલો તે સંન્યાસી સમજ્યો કે બીજા પ્રબલ ઉપાયોથી શ્રીગોકુલેશજીને હું જીતી શકીશ નહિં. તેથી યવનેશ્વરને તે માયાથી મોહિત કરેલો, તે માયા વડે, ક્ષુદ્ર દેવ-દેવીઓના સિદ્ધ કરેલા પ્રખ્યાત મંત્રો વડે, લોકપ્રસિદ્ધ વામમાર્ગીય પાંડિત્ય વડે તથા તે તે અન્ય ઉપાયો વડે તે શ્રીપ્રભુને વશ કરી, પોતાની ઇચ્છા પ્રમાણે તેમને પ્રવૃત્તિ કરાવવા તે પાપી મહાસુર ઇચ્છા કરતો હતો. એટલા માટે પોતાની પાસે એકાંતમાં તે શ્રીપ્રભુને મળવા તેણે ઇચ્છા કરી. તેથી તેણે ત્યાં ભેગા થયેલા બધા લોકોને એકાંતમાં કહ્યું કે તે શ્રીપ્રભુને સારું ખોટું કશું કહેતો નથી. તેઓ સ્વેચ્છાએ જેમ વર્તવું કે બોલવું હોય તેમ બોલે, હું તેમને અટકાવતો નથી.

તે બધા પોતપોતાને ઘેર જાય, પણ આ રસ્તે જાય, તમે માલા ત્યાગ કરો, એવું હું તેમને કહીશ નહિ અને હું કેવળ તેમને મળવા ઇચ્છું છું. મે તમને જે કહ્યું હતું, તે જ હું તેમને એકાંતમાં કહીશ. પછી તેના આ શબ્દો સાંભળી, તેઓ સર્વ

શ્રીગોકુલેશજીની પાસે આવ્યા અને હસ્તકમલ જોડીને શ્રીપ્રભુને વિનંતી કરી કે આપે ઠીક ઠીક સમય સુધી અહીં રહીને મથુરાને પાવન કરી છે. દર્શનરત્ન આપીને મથુરાના લોકોને, સર્વ યવનોને તથા અમને તથા અન્ય લોકોને આપે કૃતાર્થ કર્યાં છે. આપે આપનાં વચનામૃતો પાઇને સર્વ લોકોના કાનના મનોરથો પૂર્ણ કર્યાં છે. હવે આપ નિજ ધામ શ્રીગોકુલ પધારો અને તેને શોભિત કરો તથા કરોડો પ્રાણથી ય આપને અધિક માનતા એવા આપના લાંબા કાળના વિરહથી સંતપ્ત થયેલ સર્વ ભક્તજનોને આપ આનંદિત કરો.

શ્રીગોકુલ જતાં માર્ગમાં આવતી તે યતિની ગુફાને આપ આપનાં શ્રીચરણકમલ વડે સુરભિત કરો અને એક ક્ષણ માટે પણ આપ તેને દર્શન આપો, કે જે દર્શન હે પ્રભો! બ્રહ્માદિને પણ દુર્લભ છે, અને સમસ્ત પુરુષાર્થોથી અધિક છે. તે દીન સંન્યાસી કરુણાસિંધુ એવા આપની પાસે પોતાના અપરાધસમૂહની એકાંતમાં ક્ષમા માંગવા ઇચ્છે છે. અત્રે આપ આપના ભક્તો સાથે છો, અને એ સૌની સામે અપરાધી બનેલો તે પાપી પોતાનું મોઢું દેખાડતાં શરમાય છે. તે પાપી સંન્યાસીમાં અનુરક્ત અને કુટિલ હૃદયવાળા તે લોકોનું વચન સાંભળીને માથુર ચતુર્વેદી ભક્ત ચતુર્ભુજને તેમના પર વિશ્વાસ બેઠો નહિ. એટલે સદ્‌બુદ્ધિવાળા તેણે તેમને કહ્યું કે કરોડો પ્રાણથી ય અધિક પ્રિયતમ અમારા શ્રીગોકુલચિંતામણિ શ્રીગોકુલેશ પ્રભુને અહીંથી તે કુટિલ નૃશંસ પાપી પાસે લઇ જવા તમે ઇચ્છો છો, પણ જો અમારા પણ પ્રાણેશ તે એક પણ કટવું વચન કહેશે, તો હું અને મારા મથુરાના લોકો તેને તથા તેના સ્વજનોને મારી નાખીશું, અને અમે પણ મરશું.

ત્યારે તે લોકોએ શપથપૂર્વક કહ્યું કે તે તો અત્યંત ભયભીત થઇ ગયો છે, અને શ્રીપ્રભુના પ્રતાપથી તેનામાં જીવતાં છતાં મરેલો છું એવો ભાવ પેદા થયો છે. તે વખતે પરમ કારુણિક ભગવાન શ્રીગોકુલેશજીએ પોતાનાં વિચારેલાં સર્વ કાર્યોની સિદ્ધિનો વિચાર કરીને તથા ગોકુલવાસી પોતાનાં સ્વજનોના પોતાના વિરહથી થયેલા ક્લેશને દૂર કરવાની ઇચ્છાથી પોતે એકલા જ ત્યાંથી પ્રસ્થાન કર્યું. ત્યારે ભક્તો, ભૃત્યો, મથુરાવાસીઓ, બ્રાહ્મણો, શૂદ્રો, વૈશ્યો, ક્ષત્રિયો, નીચ જાતીય લોકો, વળી તે તે મહત્ત્વનાં સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, યુવાનો, સંન્યાસીઓ, ગૃહસ્થો, વૈરાગીઓ, અને વિષયી જનો, શૈવો, સ્માર્તો, બુદ્ધિમાનો, મૂર્ખ લોકો, શાસ્ત્રજ્ઞો, વૈષ્ણવો, ગુણજ્ઞો, દુષ્ટો, સંતો, કર્મઠ લોકો, વેદજ્ઞો, વણિકો, સોનીઓ, માલાકાર અને અન્યજનો, જેઓ બધાં શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપની માધુરીથી આકર્ષાયેલાં હતાં, તે બધાં અટકાવવા છતાં પ્રેમને લીધે શ્રીગોકુલેશ પ્રભુની પાછળ પાછળ ગયાં.

શ્રીગોકુલેશ પ્રભુએ તો પહેલાં મીતનમિશ્ર વગેરે લોકોએ જે વિજ્ઞપ્તિ કરી હતી તે વિજ્ઞપ્તિનું અનુમોદન કરીને માર્ગમાં આવતી તે યતિની ગુફા પાસેની ભૂમિને સર્વલોકના શિરોમણિરૂપ પોતાના સ્વરૂપથી વિભૂષિત કરી. શ્રીપ્રભુનો ત્યાં જવાનો શો હેતુ હતો તે બતાવવા ઇચ્છતા હતા. વળી નિરંતર વધતો તેનો ભય, અત્યંત ઉછળતો કંપ, ભાદરવાની કાળી રાતના અંધકારને પણ વટાવી દે તેવી તેના મુખની શ્યામતા, ગગનસ્પર્શી તેના ગર્વરૂપી પર્વતના શિખર પરથી તેનું પતન, મંત્રથી વશ કરેલા ક્રોધી કાળ નાગ જેવી તેની દશા, તે પ્રકારની પ્રસિદ્ધ તેની પ્રતિજ્ઞાના ભંગથી ઉછળતી લજ્જારૂપી નદીમાંથી ન નીકળી શકાય તેવી રીતે તેનું ડૂબી જવું, તેનો વધતો સંકોચ વગેરે પણ શ્રીપ્રભુ બતાવવા ઇચ્છતા હતા.

પોતાના ભક્તોને પોતાનું દર્શન આપવા ઇચ્છતા હતા, તે તે પ્રકારની બડાઇની વાતો નિષ્ફળ જવાથી અત્યંત હસતા મથુરાવાસી વિપ્રોએ તેના પ્રત્યેનો આદર છોડીને સંન્યાસીનો તિરસ્કાર કર્યો, તે પણ શ્રીપ્રભુ બતાવવા ઇચ્છતા હતા, તે સંન્યાસીનો જીવનમૃતક ભાવ એટલે કે જીવતો છતાં મરેલો છે, તેવી સ્થિતિ તથા ગર્વથી ઊંચા કરેલા મસ્તકને નીચું નમાવવું પડ્યું, તે બતાવવા અને અન્ય ઉદ્દેશો પૂરા કરવા અને વિશેષે કરીને પોતાના ભક્તોને હર્ષ આપવા શ્રીપ્રભુ ઇચ્છા રાખતાં હતા. શ્રીગોકુલેશ પ્રભુના પ્રભાવથી ખેંચાયેલો તે મહાઅસુર જાણે સ્વેચ્છાએ બહાર નીકળ્યો હોય તેમ શ્રીપ્રભુની સામે આવ્યો. તે

સંન્યાસીએ મૂર્ખ યવન અનેક પદાતિ સૈનિકોએ શ્રીપ્રભુના અનુચરોને અટકાવવા માટે પ્રયત્નો કર્યો, પણ શ્રીપ્રભુના બળવાન અનુચરોમાંથી કેટલાકે તેમને પોતાના ઉદ્દંડ ભુજદંડ વડે દૂર કર્યા.

કેટલાકને મારી, કેટલાકને પાડી નાખીને દૂર કર્યાં, કેટલાકને તલવારના ઘા કરી દૂર કર્યા અને શ્રીપ્રભુના અટકાવવા છતાં પ્રેમને લીધે શ્રીપ્રભુની સાથે જ તે ગુફામાં કે તે ગુફાની પાસેના પ્રાંગણમાં દાખલ થયા. એ બધામાં વળી એક પ્રયાગદાસ હતા, જેમણે તલવાર વપે પોતાના પરિવારનો નાશ કર્યો હતો, તેમણે તલવાર વડે બધા દુષ્ટોને અભિભૂત કરી ત્યાં દાખલ થયો અને અર્જુનની માફક શોભવા લાગ્યો. તે વખતે યતિના પદાતિ યવન સૈનિકો, કે જેઓ ભગવદ્ભક્તો વડે પીડા પામ્યા હતા, તેમનો આર્તનાદ ગગનવ્યાપી બની ગયો. તે સાંભળીને પોતાની પાસે રહેલા સેવકોને તે યતિએ પૂછ્યું કે આટલો કોલાહલ શાનો છે ? તે વખતે ભગવદ્ભક્તોમાં શ્રેષ્ઠ હરિદાસે બે વાર અત્યંત ક્રોધથી કહ્યું કે આ કોલાહલ ક્યાંથી આવે છે ? હરિદાસના આ શબ્દોએ તો તે સંન્યાસીના કાનમાં કારી ઘા કર્યો, અથવા તેના કાનમાં ક્ષાર, વિષ, અગ્નિ કે વજ્ર વારંવાર પડ્યાં હોય તેવું દુ:ખ તે શબ્દોએ કર્યું.

પછી શ્રીપ્રભુના કુપિત થયેલા ભક્તોએ તે સંન્યાસીના બગીચાના વૃક્ષો તોડી નાખ્યાં, આવરણ માટે જે ભીંત હતી, તેને પાડી નાખી. એ રીતે પોતાના લોકોને જે પીડા પહોંચી, તેમને મારવામાં આવ્યા, તેમને પાડી દેવામાં આવ્યા, તેમનો તિરસ્કાર થયો, તેમણે પલાયન કર્યું, તેઓ કાયર થઇ ગયા. એ બધું વિચારીને તે મૂઢ પાપી અસુરે વેદનિંદિત માર્ગમાં રહી, પોતાના આ લોક અને પરલોકનો નાશ કરી, જે જે ક્ષુદ્ર દેવ-દેવીઓની ઉપાસના કરી હતી, તે તે દેવ-દેવીઓનું આહ્વાન કરી શ્રીપુરુષોત્તમ શ્રીગોકુલેશ અને તેમના ભક્તો પર પ્રયોગ કરવા ઇચ્છા કરી. પરંતુ શ્રીપ્રભુથી ડરીને તે દેવ-દેવીઓ વારંવાર આહ્વાન કરવાં છતાં આવ્યાં નહિ, ઉલટું તે પાપીને જ બહુ પ્રકારે પીડવાનો તેમણે આરંભ કર્યો.

આથી તે અત્યંત ત્રાસ પામ્યો. શ્રીગોકુલેશ પ્રભુનો પ્રતાપ તો પ્રલયકાલના અગ્નિસમૂહથી ય વધુ તેજવાળો અને હજારો સૂર્યને આગિયા જેવો બનાવી દેવાવાળો અત્યંત મહાન છે. તે પ્રતાપથી તે યતિ અત્યંત પીડિત થયો, અત્યંત બળવા લાગ્યો, અરે પસ્તાવા લાગ્યો. તે પ્રતાપથી તેનું હૃદય મથિત થઇ ગયું, અત્યંત મર્દિત બન્યું, અરે કટકા થઇ ગયું. તે પ્રતાપથી તે જાણે મરેલાની જેમ ચેતનાહીન અને મૂંગાની જેમ મૌન બની ગયો. તે પ્રતાપથી જાણે તે ચક્ષુહીનની જેમ અંધ, જડની જેમ ચેતન વેનાનો બની ગયો. ભગવાન દેવકીનંદન નિ:શસ્ત્ર હતા, છતાં અનેક શસ્ત્ર-અસ્ત્રોના સમૂહવાળા અર્જુન દ્વારા અનેક સ્વજનો અને અસંખ્ય શૂરવીરો સહિત દુર્યોધનનો તેમણે પરાજય કર્યો હતો. તે જ પ્રમાણે શ્રીવિઠ્ઠલનંદને પણ શસ્ત્ર-અસ્ત્ર રહિત સ્થિતિમાં પોતાના બલવાન પ્રતાપ વડે તે અસુરને જીત્યો.

ભીમથી અત્યંત પીડાયેલા પાપી દુ:શાસનને સહસા આવેલા મૃત્યુએ બચાવી લીધો હતો એટલે કે મૃત્યુ તેને વશ હોવાથી, તે બચી ગયો હતો. પરંતુ શ્રીગોકુલેશ્વરના પ્રબલ પ્રતાપથી બળતો તે અસુર પોતાને બચાવી શક્યો નહિ. અરે વિપ્ર-આભાસ (વિપ્ર ન હોવા છતાં, બ્રાહ્મણનાં કર્મ ન કરવા છતાં પોતાને બ્રાહ્મણ કહેવડાવતા તે) રૂપે જે કવચ તે અસુરે પહેરેલું હતું, તે કવચને બહાને વીરાધિવીર અને શ્રીમદ્ ગોકુલમણિએ પોતે બ્રાહ્મણ શિરોમણિ હોવાથી બ્રહ્માસ્ત્રથી તેની રક્ષા કરી. તે યતિએ શ્રીગોકુલેશ પ્રભુના ભક્તોના અનેક અપરાધ કર્યા હતા, તેથી શ્રીગોકુલેશ પ્રભુના ક્રોધરૂપ તે બ્રહ્માસ્ત્ર સર્વત્ર સદૈવ અપરાજેય અને પ્રબલ હતું. તેવા બ્રહ્માસ્ત્રથી ય શ્રીગોકુલેશ પ્રભુએ તે યતિની, દેખાવમાં બ્રાહ્મણ હતો તેથી રક્ષા કરી.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો પચ્ચીસમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ છવ્વીસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૬

પછી તે યતિની મરણથી ય અધિક કષ્ટમય દશા અને તેનું વિવર્ણ થયેલું મુખ વગેરે પોતાના ભક્તોને દેખાડવા માટે ભગવાને પોતાનાં ચરણકમલથી તેની ગુફાને પાવન કરી, તે પાખંડી સંન્યાસીની ચેતના દૂર ચાલી ગઇ હતી, છતાં તેની કષ્ટમય દશા અને વિવર્ણતા શ્રીગોકુલેશજીના ભક્તોને બતાવવા અને પ્રિયતમ શ્રીપ્રભુનિ સેવા કરવા માટે તે ચેતના એકદમ પાછી આવી ગઇ. તે ચેતનાએ કેવળ શ્રીગોકુલરત્ન ભક્તોને જ કેવળ નહિં, પણ હસ્તા શ્રીમુખચન્દ્રવાળા, સર્વત્ર દાંતની જ્યોતિ ફેલાવતા, નિર્મર્યાદ કરુણાસાગર મહામત્ત ગજરાજ જેવા શ્રીગોકુલેશ પ્રભુને પ્રસન્ન કર્યાં. તે વખતે શ્રીગોકુલેશજીનાં બે રત્જમય કુંડલોનાં કિરણોની છટાઓ વડે, ચમકતા વાળની લટોરૂપી ઉલ્લાસિત યમુનાજીનાં અનેક મોજાં વડે, વિજયદત્ત ઉત્કર્ષથી પ્રફુલ્લિત વદનકમળ પર ગુંજતા ભ્રમરોના શબ્દરૂપ મુખથી પ્રશંસા કરાતા મુખ વડે, કામદેવના ધનુષરૂપી, શત્રુના વધથી થયેલા પાપથી ડરતાં અને શ્યામ બનેલાં શ્રીગોકુલેશ પ્રભુના ભવાંની શોભા છે તે વડે, નવ પલ્લવોરૂપી મરેલા શત્રુસમૂહના રુધિરમાં જાણે સ્નાન કર્યું હોય તેવી લાલ શ્રીગોકુલેશ પ્રભુના હોઠની કાંતિ છે.

તે વડે, સર્વના વિજયના મદથી ભૂમિ પર જાણે પગ જેના પડતાં નથી તેવાં નયનોના વિલાસ વડે, અભિમાનનાં મંદ હાસ્ય વડે ભુવનસમુદાયને શુભ્ર કર્યા છે, જેણે એવી મૂછોની શ્યામતાની ઊર્જસ્વિતા વડે, રસિક વનિતાઓનાં ચક્ષુઓના અમૃતના છંટકાવથી થયેલા રોમાંચ વડે, દર્પણની નિર્મલ શોભાને જીતનાર ગાલપ્રદેશની શોભાના સમૂહ વડે, જાગ્રત કુંકુમ અને ચંદનના શ્રીચરણાકારની કાંતિના સમૂહ વડે, ચિંતામણિસમૂહને પણ ટુકડા બનાવી દેતા ચક્ષુપાતની મધુરતા વડે, ક્ષીરસાગરની શ્વેતતાના અભિમાનસાગરને પી જનાર સદયશ રૂપી અગસ્ત્ય વડે, વડવાનલના સમૂહના પણ સેંકડો ટુકડા કરી નાખનાર જે ઉધ્ધત પ્રતાપસમૂહ છે, તે વડે, શ્રીકૃષ્ણગણ જેની અંતરમાં ભાવના કરે છે, એવા પદ્મસુવર્ણપર્વત જેવી શરીરકાંતિ છે, તે વડે, ઉલ્લાસપૂર્વક પહેલાં કાર્ય સાધનાર જેનો પ્રભાવ સમૂહ છે તે વડે, ઇચ્છિત શત્રુઓના દમનથી પ્રાપ્ત અનુરોધથી સાથે ચાલતાં અનુગો વપે, પ્રભાવરૂપી ચોકીદારો દ્વારા જનસમુદાયની ભીડને જે રીતે અટકાવી છે, તે વડે મંદહાસ્યથી સુંદર લાગતા મુખ પ્રતિ લોકોના અનુરાગ રૂપી જે મંજીષ્ઠાનો લાલ રંગ છે, તે વડે, હર્ષથિ ઉછળતા પ્રમોદના તાંડવથી જે ભાલપ્રદેશની શોભા ઉચ્છલિત થઇ રહી છે, તે વડે, વિકસતિ મુખકમલની ગજમૌક્તિકોના હાર જેવી તે તરલ શોભા છે, તે વડે પોતે કરેલા સિંહનાદથી કંપેલા શત્રુગણ સાથેના આલાપ વખતના વિલાસોન્મેષ વડે શોભાય છે.

હર્ષ સમૂહથી જગતમાં ન સમાતી ભૂજદંડની ચંડતાના ઉચ્છલન વડે, પ્રકોષ્ટના લાવણ્યસિંધુના વિસ્તાર વડે, વિશ્વજયરૂપી આસવથી દોડતી વખતે સુંદર તુલસીમાલાના થતા ચમત્કારો વડે ત્રિભુવનને સહેજ સુંદર બનાવનાર કરોડો સૌંદર્યસાગર વડે, પોતાની કૃશતારૂપ સિંહ વડે સિંહ તથા ગજેન્દ્રોની શોભા નાશ કરી દીધી છે, તે કૃશતા વડે. મર્યાદા તોડીને બહાર નીકળતી બે શ્વેત વસ્ત્રોની શોભા, જે સજસ્ત્રસ્વર્ગ ગંગાઓ જેવી છે, તે શ્વેત વસ્ત્રો કે તેમની શોભા વડે. ઉત્સાહથી ધારણ કરેલી માણેક જડેલી વીંટીનાં કિરણસમૂહ વડે, તટ પર ખોદીને રોપેલા વિજયસ્તંભને કારણે ઉત્પન્ન થતા સ્મિતની માધુરીના ઉલ્લાસો વડે, તૃણની માફક અન્યલાલ વર્ણને તુચ્છ કરી નાખતી સુખથી ધારણ કરેલી જે ચરણકમલ કે હસ્તતલની કાંતિ છે, તે વડે.

ઉપમાનોના વૃંદ જેવા ક્ષીરસાગરના જયરૂપ મંથનથી નીકળેલા કીર્તિરૂપી નવનીત વડે, સર્વ દિશાઓને સુગંધિત કરતા ચરણકમલની માધુરીના સમૂહ વડે, પોતાના તેજથી ડરીને પલાયન કરી ગયેલા શત્રુસમૂહને કારણે લુપ્ત થયેલી યુદ્ધ કરવાની ઇચ્છાવાળા પગની જે નખ શોભા છે, તે વડે. ચરણરજના કણો વડે કામદેવના અભિમાનરૂપી પર્વતો જેણે નષ્ટ કરી દીધા છે,

તેવા અંગલાવણ્ય વડે, સકલ જગતમાં નાચી રહેલા બંદીજનો વડે, વગેરે અનેકો વડે એ બધા વડે તેનાં નયન ભેદાયાં અને તે બધઅંએ તેના હૃદયમાં પ્રવેશી તેનાં મર્મોને છિન્નભિન્ન કરી નાખ્યાં. એથી જીવતા રહેવા ઇચ્છનાર તે દંભી સંન્યાસીએ અત્યંત આદરપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુના ઉદ્દંડ ભૂજદંડનું શરણ સ્વીકાર્યું.

તે અત્યંત ડરી ગયો હતો, મુંઝાઇ ગયો હતો અને તેથી તેણે શ્રીગોકુલેશજીને પ્રગટ પણે કહ્યું કે નારાયણ, નારાયણ, મેં આપને બોલાવ્યાં નથી, સર્વ પાપી યવનોએ ગોકુલ જઇ આપને અહીં લાવીને, આપને આ પ્રમાણે ક્લેશ આપ્યો છે. તો મારો એમાં કયો અપરાધ છે કે આ બધા અનુચરો વડે, આપના બલવાન પ્રતાપ અને અનુભવ વડે તથા આપના પ્રબલ સ્વરૂપ વડે અને તે તે પ્રકારો વડે હું પીડિત થાઉં છું? તો હે ગોકુલાધીશ! આપ પ્રસન્ન થાઓ, તે વખતે કંબો જ્ઞાતિના પાપી ઉદયરામે બહુ સોગંદ ખાઇને કહ્યું કે આ યતિએ આપને બોલાવ્યા નથી, ત્યાં ગયેલા મ્લેચ્છો જ શ્રીપ્રભુને અહીં બોલાવી લાવ્યાં છે. ત્યારે ભાગ્યવાનોમાં શ્રેષ્ઠ, પ્રભુવર્યમાં ઉચ્છલિત પ્રેમવાળા અને પ્રભુની જ્ઞાતિના વિઠ્ઠલ ભટ્ટે કહ્યું કે અરે શ્રીપાદ! તું સંન્યાસીઓને જુઠ્ઠું શા માટે કહે છે કે મેં શ્રીપ્રભુવર્યને નથી બોલાવ્યાં? જો તેં ન બોલાવ્યાં હોય તો શું તેઓ પોતે અત્રે આવ્યાં છે? અરૂ પાપી, લક્ષ્મી પણ જેનાં ચરણરજની સેવા કરે છે એવા શ્રીપ્રભુ આ ક્ષણે જલપાન છોડીને અત્રે આવેલા છે.

હે ક્રૂર! ચાંડાલથી ય અતિ દુરાત્મા, પ્રમત્ત, અતિ નીચ, એ ચોક્કસ છે કે તે યવનો વડે તેં જ આપશ્રીને બોલાવ્યાં છે. એ પ્રકારે ઘટના બની ત્યારે, તે દુષ્ટ આશાઓવાળો, દંભી સંન્યાસી, અસુર અને ધૂર્ત બધાંને સાર્વભૌમનો ભય બતાવતો કહેવા લાગ્યો કે માલાદિના ત્યાગ બાબત હું આપને કશું કહેતો નથી, પોતાની ઇચ્છા પ્રમાણે કે ત્યજો. જો યવનસમ્રાટ ઉગ્રદંડધારી જહાંગીર આપને કશું કહે તો આપ જ તેનો ઉત્તર આપજો. એ સાંભળીને શ્રીગોકુલેશજીએ કહ્યું કે તમે એ બાબતમાં ચૂપ રહો, તે સંબંધમાં શું કરવું, કેવી રીતે વર્તવું, તે સંબંધમાં અમે કુશલ છીએ. એ પ્રમાણે તે સંન્યાસીને જીવન મૃતક બનાવીને શ્રીમદ્ ગોકુલેશજીએ એકદમ પોતાના શ્રીગોકુલ તરફ પ્રયાણ કર્યું. જો કે તે અતિપાપી યતિએ પહેલાં શ્રીપ્રભુના જે બાહુનું શરણ સ્વીકાર્યું હતું, તે પરમ પ્રતાપી ગંભીર બાહુએ તેની રક્ષા તો કરી, તો પણ શ્રીપ્રભુના ભક્તો, ભૃત્યો અને અન્ય લાખો-કરોડો લોકોએ શ્રીપ્રભુના પ્રસ્થાન સમયે શ્રીપ્રભુનો જે જય શબ્દ પોકાર્યો, સદા દુષ્ટો પર હે શ્રીગોકુલ સર્વસ્વ જય મેળવો–જૈ જૈ શ્રીગોકુલેશ જૈ જૈ શ્રીગોકુલેશ રહે ન કોઇ દુજો ક્લેશ, જૈ જૈ શ્રીગોકુલેશ.

એવા ધ્વનિસમૂહે તે યતિની મરણથી ય અધિક દુર્દશા કરી. વળી હજારો કરોડો લોકોના મુખથી તેના તરફ જે ધિક્ ધિક્ શબ્દ નીકળ્યો, તે શબ્દસમૂહે તે યતિને પ્રલયકાલ લાખો અબજો અગ્નિ કરતાંય વધારે તપાવ્યો. એ પ્રમાણે ઉપમાનસમૂહરૂપ ધરણિ અને જયરૂપી મથન વડે જે અગ્નિ પ્રગટ્યો, તે અગ્નિ પ્રગટ્યો, તે અગ્નિની જ્વાલાઓ વડે શ્રીગોકુલેશજીએ તે યતિના મનોરથરૂપી પતંગિયાને બાળી મૂક્યાં. તે રીતે પોતેની પરમ પુરુષોત્તમતાને ઢાંકી દેનાર એ દુષ્ટોની જડતારૂપી અંધકારને પણ દૂર કર્યો. અને અનેક પ્રીતિપૂર્ણ ભક્તજનોના સાથમાં જેમનાં અપરિમેય પરાક્રમો બંદીજનો ગાય છે, એવા તે શ્રીગોકુલેશજી શ્રીમદ્ ગોકુલ પધાર્યાં. અને વિરહથી આકુલ બનેલી દષ્ટિવાળા ભક્તો પર અમૃતના હજારો કરોડો અને અબજો સમુદ્રો વરસાવ્યાં. પછી પોતે અનેક મંગલ ગીત અને નૃત્યથી સુંદર લાગતા પોતાના ગૃહમાં પ્રવેશ્યા.

ત્યારબાદ સ્નાન કરી, સંધ્યાદિક કાર્યનો આદર કરી, ચક્ષુ વડે શ્રીગિરિધરપ્રભુના શ્રીમુખારવિંદની શોભાનું પાન કરી, ભોજન તથા વિશ્રામ કરવા માટે ભક્તોને જવા માટે આજ્ઞા કરી, પછી સર્વ બાંધવો, જ્ઞાતિજનો અને અન્યજનો સાથે કૃપાસાગરે ભોજન કર્યું. એવા સુંદર સમયે તે યતિના પક્ષના યવનોના સમુહનો તિરસ્કાર કરનાર જયદેવ, જેઓ આગ્રા નગરમાં ગયા હતા, તેઓ લશ્કરખાનના પત્ર સહિત પાછા આવી ગયા, અને શ્રીપ્રભુની અત્યંત દુર્લભ કૃપાદષ્ટિ પ્રાપ્ત કરી. શ્રીગોકુલેશજીએ

સ્નિગ્ધ હૃદયથી જયદેવની સાથૈ કેટલીક વખત વાતચીત કરી. અને પછી તેમને ઘેર જવાની રજા આપી, પછી શ્રીગોકુલેશજી નિંદ્રાવશ થયા. પ્રાતઃકાલે યથાવિધિ ભગવાને નિત્યકર્મ કર્યાં અને ભક્તોનાં નયન કમલ પર સેંકડો અમૃતસમુદ્રની વર્ષા કરી.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલનો છવ્વીસમો તરંગ પૂરો થયો ।।

ગુનીગન જ્ઞાની કવિ પંડિત વિચારી દેખો, સુનો સીખ મેરી મેરો વચન નિદાન હૈ;
ગોકુલકેનાથ ગુનગાથ જો સુને પ્રસિદ્ધ, જાકી આદિ મધ્ય સિદ્ધ સદા એક બાન હૈ.
આદિહુ તે આદિ, અનાદિ જાસોં કહીયત હૈ, સોઈ એ સ્વરૂપ ઉપમા ન કોઉ આન હૈ;
ઉપમા અભૂત અદભુત ન કો ભાવી ભૂત, કાહુ ન સમાન ન કો ઈનકી સમાન હૈ.

રૂપ ગોકુલેશજીકો યથારથ જાન્યો અરુ, આન્યો ઉરમાં જ મન બચ કર્મ કિરકેં;
પ્રણય સહિત રસભાવ પરમાવધિ, સ્વરૂપરસપાન કીયો નૈન ભરિ ભરિકેં.
સોઈ મેરે મહદ, મહારસકે જાન સોઈ, વાકે ચરણાર્વિંદ રાખું ઉર ધરિકેં;
વાહીસોં આલાપ અરૂ મિલાપ મેરે વાહીસોં હૈં, એસી મતિ મેરી વાકે પદ અનુસરિ કે.

નિયામક ન ક્રતુ આદિ વ્રત આચરણ કછુ, સાધન સહાયકો નિયામક ન માનિયે;
નિયામક ન નેમધર્મ પીઠિકા પ્રસિદ્ધ સિદ્ધ, સોઉ કોઉકાજ આવૈ એસી મનમેં ન આનિયૈ;
નિયામક ન સંગ ન સુશીલતા ન ગ્રંથ પાઠ, ભાવ ભગવદ નામ નિયામક ન માનિયે;
નિયામક ઢરની એકમાત્ર ગોકુલેશજીકી, જેહી ભાંતિ ઢરી આવૈ, સોઈ પેં પ્રમાનિયે.

સાધનકી સાધના આરાધના અન્યહુકી, પરમ પવિત્રતા કો બલ ના વિશેષકે;
ગુનકો ન જ્ઞાનકો ન આન સન્માનકો, ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશકે;
કાહુકો ન ત્રાસહૈ ન આશ કાહુ ઔરનકી, સંસ્કારકે બલના ના ભરોસેં બેસકે;
મહદ કૃપાકે બલ ડર નહીં એક પલ, નીડર રહતહૈં ભરોંસેં ગોકુલેશકે.


જાહીકો સ્વરૂપ રુચ્યો તાહીકોં ન રુચે આન, આન રુચે તો તો એ સ્વરૂપ રુચ્યો નાહિયે;
પ્રથમ અનન્યતા, અનન્યતા તહાં હૈ સ્નેહ, સ્નેહ તહાં રસ એસી આવે મનમાંહી એ;
જાનિકે વિલંબ કિત કરત કુબુદ્ધિ ક્રુર, શુર વ્હૈ સ્વરૂપ દઢ કરિ અવગાહિયે;
ગોકુલકે નાથ નિજ હાથ દાન લિયે હે પે, જીયકી જા ઓર સન્મુખતા તો ચાહીયે.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં અસુરતિરસ્કારમય સાતમા કલ્લોલ પૂરો થયો ।।



।। श्रीगोकुलेशो जयति ।।





શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ

કલ્લોલ ૭

વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫-૬. ૨૦૬૬

માલા પ્રસંગનું પદ

राग मारू :- जयति धन्य विठ्ठलसुवन प्रकट वल्लभ बली प्रबल पनकरि तिलक माल राखी ।। खंड पाखंड दंडी विमुख दूर कर हन्यो कलिकालतम निगम सावी ।। १ ।। कपट सीपात जहांगीर वशकरि कह्यो धरत उर माल गोकुल गुसांई ।। नहि कही शास्त्र श्रुति दोष तोहि होतहे दूरकर वेगि यह देहु दुहाई ।। २ ।। कोप महिपाल उमराव ढिंग बोलिकें कह्यो सबदेश फरमान कीजे ।। तिलक शिर भाल ऊरमाल जो धरत हैं ताहि सब मूलतें काढि दीजे ।। ३ ।। तब सकल स्वामी दिल्लीश को कोड सुन डरपि ततकाल माला उतारी ।। नहिं कह्यो शास्त्र श्रुति वेद निज धर्म यह कह्यो श्रीवल्लभ बडे बिरद धारी ।। ४ ।। तव जाय काश्मीर जहांगीरसों यों कह्यो माल निजधर्म सब श्रुति बतावें ।। तजें नहीं ताही हम शीश घट प्राणलों छांड यह देश कहुं ओर जों ।। ५ ।। तब कह्यों शाह तुम मुलक मेरेवसो रजो निजगामके माल कंठी ।। वसे सोरम जाय सब वास गोकुल तज्यो तिलक अरु मालकों सुदृढ ग्रंथी ।। ६ ।। सलिल कालिंदी तट गांव गोकुल निकट नाव चढि शाह एक दिवस आयो ।। कह्यो वेरान सब महल क्यों देखियत तब असफखान सब कहि सुनायो ।। ७ ।। गाम गोकुल गोकुलेश बसत यहां जाय अब बास सोरममें कीनो ।। माल काढी नहीं तिलक मुद्रा रही पत्र पात्शाहको मन लीनो ।। ८ ।। राख अपुनी कान अकबर हुमायु आन जगद्गुरु प्रकट संसार चीन्हे ।। लीखो फरमान कहे शाह सन्मानकरि आय फिर बसो अपने ठिकाने ।। ९ ।। मिले स्वामी सकल संप्रदा चारके कंध सुखपाल धरी शीश नायो ।। दई प्रभुमाल तिहिं काल सन्मान करि पहेरे उर मुदित सब सुजस गायो ।। १० ।। धन्य गोकुलईश प्रगट जगदीश तुम कियो पन प्रबल जिन धर्म धार्यो ।। कोप महिपाल विकराल डर मेटिकें माल अविचल करी दुख निवार्यो ।। ११ ।। भयो जयकार विस्तार जस जगतमें आय फिर प्रथम गिरिधरण दरसे ।। बिरह परिताप संताप सब मिटिगयो सुखद शीतल चरन कमल परसे ।। १२ ।। लग्नदिन देखि शुभ आय गोकुल बसे प्रकट कीरत तिहुंलोक बाढी ।। नाथ विठ्ठल सुवन प्रकट वल्लभ भये गाय निजदासकोदास ढाढी ।। १३ ।।